
# ધર્મ મહેલના ૨૧ પગથિયા





સંપાદક : સાહિત્યોપાસક પ્રવર્તક
પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

"તત્ત્વબોધ પરીક્ષા-૧૭ માટે સ્વીકૃત પાઠ્યપુસ્તક"

# ધર્મ મહેલના ૨૧ પગથિયા

(વિજય શાંતિસૂરિજી કૃત ધર્મરત્ન પ્રકરણના આધારે)


★ લેખક તથા સંપાદક ★

સાહિત્યોપાસક, પ્રવર્તક

**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજ**

★ સાથી ★

પં. હરેશભાઈ એચ. ઝોટા • પં. રમેશભાઈ ડી. ડુંગાણી



★ પ્રકાશક ★

શ્રી નવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ, મુંબઈ

★ પ્રાપ્તિસ્થાન ★

**શ્રીનવજીવન ગ્રંથમાળા (ગારીઆધાર) ટ્રસ્ટ**
ડી/૧૦૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ. બી. શાસ્ત્રી માર્ગ,
ભાંડુપ (વે), મુંબઈ - ૪૦૦ ૦૭૮.

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ**
તત્ત્વજ્ઞાન ભવન, ૨૬૫, રવિવાર પેઠ, ગોડીજી દેરાસર સામે,
પૂના-૪૧૧ ૦૦૨.

**શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ - પૂના**
**આયોજિત**

# તત્ત્વબોધ પરીક્ષા-૧૭

માટે આ પુસ્તક પાઠ્યપુસ્તક રૂપે સ્વીકારાયું છે.
તેનો પૂર્ણ ઉપયોગ અભ્યાસીઓ વ્યવસ્થિત કરી જીવન સફળ કરે.
પરીક્ષાર્થીઓને પુસ્તક ભેટ આપવામાં આવશે.
શ્રુતસેવા કરવા તક મળી તે માટે આભાર
**પ્રકાશક**

સંવત ૨૦૬૧
પ્રત : ૨,૫૦૦ ઈ.સ. ૨૦૦૫

★ મુદ્રક ★
**ABC Publication**
ભરત જે. ચિત્રોડા
બંસી પાર્ક, ગ્રાઉન્ડ ફ્લોર, નર્સીંગ લેન, મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪.
ફોન : ૯૨૨૩૩૧૯૬૫૫ (ઘર) ૨૮૦૫ ૧૯૭૯

## ……. 'હીરા'ની ખાણ….

કોઈએ કહ્યું, હીરા આફ્રિકાની ખાણોમાં પ્રાપ્ત થાય છે. અમુક જાતના હીરા ભારતમાં પણ મળે છે. ગમે તે હોય પણ એ ખાણમાંથી નીકળેલા હીરા એટલે 'કાચાહીરા'.

કાચાહીરા ખાણમાંથી ખાણીયાઓ (મજુરો) બહાર કાઢે. નકામો ભાગ જ્યારે તોડી નાખે ત્યારે 'રફ હીરા'ના નામે માર્કેટમાં આવે. તેને હીરાઘસુ કારીગરો સૌથી પહેલા પેલ પાડે, ઘંટી ઉપર ઘસી તેમને સરસ આકાર આપે. પછી વેપારીઓ કારીગર દ્વારા તેમને નંબર પ્રમાણે છૂટા પાડી વજન કરી પડીકા બનાવી કેરેટના વજન મુજબ બજારમાં લાખો રૂપિયામાં વેચે. કોહિનૂરનો હીરો આજે પણ અલભ્ય કહેવાય છે.

હીરા–ઝવેરાતના ભાવતાલ પણ સંકેત મુજબ રૂમાલ ઢાંકી કરવામાં આવે છે. કારણ.. 'હીરા ના કહે લાખ હમેરા મોલ'' છતાં પૈસાની લેતી-દેતી થાય ને પડીકાની આપ-લે થાય. પ્રાયઃ ખાણથી લઈ માર્કેટ સુધીની આ પ્રક્રિયા ૧-૧।। વર્ષે પૂર્ણ થાય.

બસ... આવી જ 'શ્રાવક'ની કથા છે. તે થોડી વાગોળીએ.

શાસ્ત્રમાં એક સ્થળે શ્રાવકના ચાર પ્રકાર બતાડ્યા છે. (૧) માત્ર સંજ્ઞારૂપે કોઈ માનવી કે ઘર વિગેરેનું નામ શ્રાવક પાડ્યું તે નામ શ્રાવક. (૨) મુર્તિ-ફોટો કે ચિત્ર વિગેરેનું નામ શ્રાવક પાડ્યું હોય તે સ્થાપના શ્રાવક. (૩) કુલ-પરંપરાગત જે ઘરમાં જન્મ થયો હોય (વ્રતાદિ કાંઈ સ્વીકાર્યા ન હોય) તે દ્રવ્ય શ્રાવક. હકીકતમાં આ ત્રણે પ્રકારે ન તો શ્રાવકને શ્રાવક કહેવાય કે તેથી કાંઈ તેના દ્વારા વિશિષ્ટ પુણ્ય બંધાય. માત્ર (૪) ભાવ શ્રાવકને જ શ્રાવક કહેવાય અને તે કારણે એ પુણ્ય બાંધી કર્મરહિત થઈ સ્વજીવન ધન્ય કરે.

ભાવ શ્રાવક હળુકર્મી હોય, પાપભીરુ હોય, સમકિતવંત હોય, વ્રતધારી હોય, શરીર, સંસાર, લક્ષ્મી આદિને અનિત્ય માનનાર–સમજનાર હોય, અકષાયી, અમાની, અમાયાવી, અલોભી હોય, નિત્ય સર્વવિરતિનો અનુરાગી, મોક્ષ પ્રાપ્તિની ઝંખના રાખનાર હોય, કહેવું પડશે સમ્યગ્ દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગનો પથિક હોય, વીતરાગની વાણીને શ્રવણ કરી, જીવનમાં ઉતારી ધન્ય બનનાર હોય

તો પછી જે શ્રાવક નથી તેને શ્રાવક કહેવો ?

નિશ્ચય અને વ્યવહાર એમ બે નયમાંથી શ્રાવક કુળમાં જન્મેલી વ્યક્તિને વ્યવહારથી શ્રાવક કહીએ તો ખોટું નથી. ઉપરાંત જીવની લેશ્યા-પરિણામ હંમેશ માટે અયોગ્ય રહેશે તેવું પણ કહેવાય નહિં. જીવનો ઉપયોગ ગમે ત્યારે સુધરી-બગડી શકે છે. તેથી એ શ્રાવક શ્રાવકપણાનો અનુરાગી થાય તેવી અમર આશાએ

પણ શ્રાવક કહેવું અયોગ્ય નથી. રત્નત્રયીના આરાધક માટે શ્રાવક દર્શન આરાધક રૂપ છે. જ્ઞાન ઉપદેશરૂપ છે અને ચારિત્ર આલંબનરૂપ છે.

આ ગ્રંથમાં સંકળાયેલા એકવીશ ગુણોને પ્રાસાદ–મહેલ–મંજીલના પગથિયાં સ્વરૂપ કહ્યાં છે. સંસારમાં બાહ્ય રીતે સુશોભનીય આકર્ષક મહેલ જોઈ ઘણા લલચાઈ જાય તે સ્વાભાવિક છે. પણ આ મહેલની નીચે પાયામાં જે ગુણોનું આરોપણ થયું છે તે જ મહત્વનું છે. તેના જ કારણે આ મહેલ સુશોભિત આવકારદાઈ છે. દીર્ઘકાળ સુધી ટકી શ્રાવકને મોક્ષ–ફળ આપી શકે છે. માણસ બનવા માટે માર્ગાનુસારીના ૩૫ ગુણો જોઈએ અને શ્રાવક બનવા માટે આ ૨૧ ગુણો જોઈએ.

ટૂંકમાં આ ગ્રંથ અવનવી વાતો લઈને તમારી સામે આવે છે એમ કહીશું તો ખોટું નથી. એક પક્ષે દ્રવ્યધર્મી આત્મા છે જ્યારે બીજી તરફ ભાવધર્મી આત્મા છે. બેની વચ્ચે ૨૧ વિચારોની સાંકળ છે. એ નિશ્ચિત છે કે, દ્રવ્યધર્મીએ ધર્મીપણાને સુશોભિત કરવા ભાવધર્મી થવું જ પડશે અને આ માટે આ ગ્રંથના વિચારો વાગોળવા વિચારવાને ચિંતનથી સમજવા પડશે. અપેક્ષાએ આ મોક્ષનગરીની ગાડી જ છે.

વધુ શું કહીએ ? દર્શનથી વિચારમાં, જ્ઞાનથી ઉચ્ચારમાં અને ચારિત્રથી આચારમાં માધુર્ય પ્રગટે છે. એક વાત નિશ્ચિત છે કે – આત્મા અનંત ગુણોનો ભંડાર છે. આરાધક આત્માઓ એ ગુણો પ્રાપ્ત કરે એજ અભ્યર્થના...

★

શ્રાવક = શ્રા – શબ્દથી સાંભળવાની ઈચ્છા રાખનાર (સમ્યગ્દર્શન), વ – શબ્દથી વિવેકમાં અનુરાગ રાખનાર (સમ્યગ્જ્ઞાન) અને ક – ક્રિયામાં રુચિ રાખનાર વ્યક્તિને (સમ્યગ્ચારિત્ર) પણ શ્રાવક કહી શકાય. 'સુરતરુ કલ્પવૃક્ષ'ની ઉપમા પણ વ્રતધારી શ્રાવકને શાસ્ત્રમાં કહી છે.

(૧) રતનત્રયી માટે શ્રી સિદ્ધચક્ર મહાપૂજનની અંદર મંત્રોચ્ચાર આ મુજબ છે.

ૐ હ્રીँ શ્રીँ તત્ત્વરુચિ રૂપાય સમ્યગ્ દર્શનાય નમઃ સ્વાહા
ૐ હ્રીँ શ્રીँ તત્ત્વાવબોધ રૂપાય સમ્યગ્ જ્ઞાનાય નમઃ સ્વાહા
ૐ હ્રીँ શ્રીँ તત્ત્વપરિણતી રૂપાય સમ્યગ્ ચારિત્રાય નમઃ સ્વાહા

**"ચૌદહ ચૂકા બારહ ભૂલા, છ કાયકા ન જાના નામ,**
**સારે ગાંવમેં ઢંઢેરા પીટા, શ્રાવક હમારા નામ."**

સિદ્ધચક્રમાં દેવ–ગુરુ–ધર્મ :

દેવ – અરિહંત, સિદ્ધ　　　ગુરુ – આચાર્ય, ઉપાધ્યાય, સાધુ
ધર્મ – દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ

દેવ કરતાં ગુરુ નજીક – ગુરુ કરતાં ધર્મ નજીક. માટે જ દેવના બે, ગુરુના ત્રણ, ધર્મના ચાર પદો છે. દેવ દર્શન આપે, ગુરુ જ્ઞાન આપે, ધર્મ ચારિત્ર આપે.

અંતે આ પુસ્તકનું સંપાદન પૂ. આ. શ્રીમદ્ વિજય શાંતિચંદ્રસૂરિ મ. કૃત 'ધર્મરત્ન પ્રકરણ'ના આધારે કરેલ છે. અજ્ઞાનતાથી કે શરત ચૂકથી અર્થનિર્ણય, વિચારો વ્યક્ત કરતાં કાંઈ શાસ્ત્ર વિરુદ્ધ લખાયું હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં.

પુસ્તક પ્રકાશનમાં પ્રગટ-અપ્રગટ સાથ સહકાર આપનાર સર્વે નામી-અનામી ગુણવાનોને અભિનંદન.

પોષ દશમી - નવી મુંબઈ — **પ્રવ. મુનિ હરીશભદ્ર વિજયજી**
૨૦૬૧ ★ ૨૦૦૫

| | | | |
|---|---|---|---|
| ★ | ધર્મ | – | ફરજ. દુર્ગતિમાં જતા આત્માને અટકાવી સદ્ગતિમાં મોકલે તે. |
| ★ | ધર્મી | – | ઘરેથી દેરાસર, ઉપાશ્રયે જાય<br>પણ ઘર-સંસારને સાથે લઈને ન જાય. |
| ★ | કર્મી | – | ઘરેથી દેરાસર, ઉપાશ્રયે જાય<br>પણ સંસારના વિચારોને સાથે લઈને જાય. |

## સમ્યગ્જ્ઞાનના વિવિધ કાર્ય માટે
## ભક્તિ કરનારા ભાગ્યશાળી

| | |
|---|---|
| ૧૧,૦૦૦/- | શ્રી લુહારચાલ પ્રિન્સેસ સ્ટ્રીટ જૈન સંઘ – મુંબઈ |
| ૭,૫૫૫/- | શ્રી કોલડુંગરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – અંધેરી |
| ૫,૦૦૦/- | શ્રી મિલન પાર્ક જૈન સંઘ નવરંપુરા – અમદાવાદ<br>પૂ. સાધ્વીજી શ્રી મધુકાંતાશ્રીજી મ.ના સ્મરણાર્થે<br>પૂ. સાધ્વીજી શ્રી રાજરત્નાશ્રીજી મ.ના ઉપદેશથી |

## તત્ત્વબોધ પરીક્ષા-૧૭ના આયોજનમાં શ્રુતજ્ઞાનની ભક્તિ કરનારા ભાગ્યશાળી

| | | | |
|---|---|---|---|
| ૫,૦૦૦/- | ★ | શ્રીમતી પી. બી. શાહ | મુંબઈ |
| | ★ | શ્રી વિજયભાઈ એફ. દોશી - શાર્લોટ USA | બોરીવલી |
| | ★ | શ્રી હીરાચંદ કેસરીચંદ શાહ. હ. શ્રી સપનાબેન | ઘાટકોપર |
| | ★ | શ્રી રમેશચંદ્ર વલ્લભદાસ શાહ | મુલુન્ડ |
| | ★ | એક સદ્‌ગૃહસ્થ, પૂ.સા.શ્રી પદ્મરેખાશ્રીજી મ.ના ઉપદેશથી | |
| ૨,૫૦૦/- | ★ | શ્રી સપનાબેન ચંદ્રકાંતભાઈ | ઘાટકોપર |
| | ★ | શ્રી વૈશાલી, ભાવિક, પરમ, અજીત નાગડા હસ્તે : શ્રી ભાનુબેન | માટુંગા (સે.રે.) |
| | ★ | શ્રી કસ્તુરબેન શાંતિલાલ | માટુંગા (સે.રે.) |
| | ★ | શ્રી એક સદ્‌ગૃહસ્થ તરફથી | માટુંગા (સે.રે.) |
| | ★ | શ્રી આરાધનાધામ જૈન ટ્રસ્ટ (પૂ. મુ. શ્રી ભુવનહર્ષવિજયજી મ.ની શુભ પ્રેરણાથી) | ગોધરા |
| | ★ | શ્રી સુશિલાબેન મહાસુખલાલ બગડિયા | ભાંડુપ |
| | ★ | શ્રી પન્નાબેન ચંદ્રકાંત કાપડિયા | મુલુન્ડ |
| | ★ | શ્રી કલાવતીબેન ગજાનન મંગેલા | ભિવંડી |
| | ★ | શ્રી કુમુદબેન - હસ્તિકાબેન - પ્રવિણાબેન | દાદર |
| | ★ | શ્રી ધીરજબેન રસિકલાલ શાહ | પારલા |
| ૧,૦૦૦/- | ★ | શ્રી જયલતાબેન પ્રવિણચંદ મણિયાર | પારલા |
| | ★ | શ્રી કુસુમબેન જયેન્દ્રભાઈ | મલાડ |
| | ★ | શ્રી પદ્માબેન પ્રવિણચંદ્ર પાટણવાલા | પારલા |
| | ★ | શ્રી ઉમાબેન સુનિલભાઈ | ગોરેગામ |
| | ★ | શ્રી રેખાબેન અરવિંદભાઈ તુરખીયા | કોલ્હાપુર |
| | ★ | શ્રી સુમીર-સાહીલ સુધીરભાઈ ઝવેરી | મુંબઈ |
| | ★ | શ્રી એક સદ્‌ગૃહસ્થ (ઝવેરી) | બોરીવલી |
| | ★ | શ્રી ઉર્મિલાબેન પ્રફુલચંદ્ર ઝવેરી | પારલા |
| | ★ | એક સદ્‌ગૃહસ્થ બેન, હસ્તે : ડી. જે. શાહ | ચુનાભઠ્ઠી |
| | ★ | શ્રી કાંતાબેન પુરુષોત્તમદાસ | અંધેરી |
| | ★ | શ્રી મેઘદૂત જૈન પાઠશાળા | બોરીવલી |

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-પૂના

દ્વારા આયોજિત

# તત્ત્વબોધ પરીક્ષા-૧૭

: વિષય :

# ધર્મ મહેલના ૨૧ પગથિયા

ધ્યાનથી વાંચો — ટૂંકમાં લખો

## પરીક્ષા માટે વિશેષ જાણકારી

★ બહુમાનને પાત્ર (૧) પૂ. સાધુ-સાધ્વીજી (૨) શિક્ષક-શિક્ષિકા (૩) પ્રૌઢ વર્ગ (૪) શ્રાવક વર્ગ (૫) શ્રાવિકા વર્ગ

★ આકર્ષક ઈનામો

| | | | |
|---|---|---|---|
| ★ પ્રથમ | – રૂા. ૧૦૦૧/- | ★ દ્વિતીય | – રૂા. ૯૦૧/ |
| ★ તૃતીય | – રૂા. ૮૦૧/- | ★ ચોથું | – રૂા. ૭૦૧/ |
| ★ પાંચમું | – રૂા. ૬૦૧/- | ★ છઠ્ઠું | – રૂા. ૫૦૧/ |
| ★ સાતમું | – રૂા. ૪૦૧/- | ★ આઠમું | – રૂા. ૩૦૧/ |
| ★ નવમું | – રૂા. ૨૫૧/- | ★ દશમું | – રૂા. ૨૦૧/ |
| ★ અગ્યારમું | – રૂા. ૧૫૧/- | | |

★ પ્રોત્સાહન ઈનામ બીજા પેપરમાં ૫૦ % ઉપર માર્ક મેળવાનાર બધાને અપાશે.

★ પરીક્ષા – ૧ પેપર ઘરે બેઠા – ૧ પેપર કેન્દ્ર ઉપર – પાસિંગ માર્ક ૫૦ %

★ પ્રવેશ ફી – રૂા. ૫૦/- : પાઠ્યપુસ્તક ભેટ.

★ જવાબ – ઉત્તરપત્રમાં જ લખવા. અલગ પેપર પરનું લખાણ સ્વીકારાશે નહિં.

★ ઘર બેઠા પરીક્ષાનું પેપર તા. ૨૮-૮-૨૦૦૫ સુધીમાં જ પ્રચારકને પહોંચાડવું. તારીખ પસાર થઈ ગયા પછી સ્વીકારવામાં આવશે નહિં. ફાઈનલ પરીક્ષા તા.૦૨-૧૦-૦૫ ના રોજ કેન્દ્ર પર લેવાશે.

★ પરીક્ષાર્થીઓએ પોતાના સ્વહસ્તે જ ઉત્તરો લખવા, બીજા પાસે ન લખાવવા.

★ પરીક્ષા આયોજન, પાઠ્યપુસ્તક, ઈનામ યોજનાના રૂા.૨,૫૦૦/- ભરી મેમ્બર બનો. સમ્યગ્જ્ઞાનની – જ્ઞાનના પ્રચારની અનુમોદના કરો.

★ પત્ર વ્યવહારનું સરનામું : જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, ફોન : ૨૫૬૧ ૯૦૬૪
D/૧૦૨, કુકરેજા કોમ્પ્લેક્ષ, એલ.બી.શાસ્ત્રી માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૭૮.

**પરીક્ષાર્થીઓને ખાસ સૂચના :**

- **તા.ક. : નીચેના સૂચનો ધ્યાનથી વાંચી અને ફોર્મ ભરો.**

★ પુસ્તકમાં આપેલ ફોર્મ જ માન્ય રહેશે. ઝેરોક્ષ ફોર્મ સ્વીકારાશે નહિં.

★ જે નામથી ફોર્મ ભરેલ હશે તે જ વ્યક્તિ પરીક્ષા આપી શકશે. બીજા નામે લખેલ પેપર સ્વીકારવામાં આવશે નહિં. નામમાં ફેરફાર ન કરવો.

★ ૧૫ વર્ષથી ઉપરની ઉંમરના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા કોઈપણ વ્યક્તિ પરીક્ષા આપી શકશે.

★ બન્ને પરીક્ષા આપી બન્નેમાં ૫૦ % માર્ક મેળવનાર દરેક પરીક્ષાર્થીને પ્રોત્સાહન ઈનામ તથા અભિનંદન કાર્ડ અપાશે.

★ એક પેપર લખનાર પરીક્ષાર્થીને ઈનામ આપવામાં આવશે નહિં.

★ પ્રથમ પરીક્ષાના પેપર તા. ૨૮-૮-૨૦૦૫ શ્રાવણ વદ-૯ સુધીમાં જે પ્રચારક દ્વારા તમે ફોર્મ ભર્યું હોય તેને જ પહોંચાડશો. તારીખ વિત્યા પછી પેપર સ્વીકારવામાં આવશે નહિં.

★ ફાઈનલ પરીક્ષા કેન્દ્ર ઉપર તા. ૦૨-૧૦-૨૦૦૫, ભાદરવા વદ-૧૪, રવિવારના બપોરે ૧.૦૦ થી ૪.૦૦ કલાકે લેવામાં આવશે. વેસ્ટર્ન લાઈનમાં પ્રાયઃ પ્રિમિયર હાઈસ્કૂલ, જ્ઞાનમંદિર રોડ, દાદર, પારલા, મલાડ, બોરીવલી, ભાયંદર તથા સેન્ટ્રલ લાઈનમાં ઘાટકોપર, ભાંડુપ, કલ્યાણ કેન્દ્રોમાં લેવાશે. નિશ્ચિત વિગતો બીજા પેપરમાં અપાશે.

★ સંજોગોવસાત બાકી રહેલા પરીક્ષાર્થીઓની પરીક્ષા તા. ૦૯-૧૦-૦૫, આસો સુદ-૬, રવિવારના રોજ બપોરે ૧-૩૦ થી ૪-૩૦ ફક્ત દાદર જ્ઞાનમંદિરમાં જ રહેશે.

★ પ્રોત્સાહક ઈનામ તથા અભિનંદન પત્ર પરિણામ જાહેર થયાના ૮ દિવસ પછી પ્રચારક પાસેથી ઈનામી કાર્ડ આપી મેળવી લેવા.

★ કાર્ડ હશે અને બીજા પેપરમાં ૫૦ % માર્ક મેળવેલ હશે તો જ ઈનામ આપવામાં આવશે. ઈનામના કાર્ડ બીજા પેપરમાં પરીક્ષાર્થીને કેન્દ્ર ઉપર આપવામાં આવશે.

★ પરીક્ષાર્થી જો શિક્ષક-શિક્ષિકા હોય તો જવાબ પેપરમાં ખાસ ઉલ્લેખ કરવો. પરીક્ષાર્થીએ પોતાનું નામ-ગામ વિગેરે પૂર્ણ લખવું.

★ પરીક્ષા સંબંધીના અંતિમ નિર્ણયો આયોજકોને સ્વાધિન રહેશે.

★ પરીક્ષા તમે આપો. બીજાને આપવા માટે ખાસ પ્રેરણા કરો.

**પરીક્ષાર્થી માટે પ્રવેશ ફી રૂ. ૫૦/- : પુસ્તક ભેટ**


યુગદિવાકર શાસન પ્રભાવક

તીર્થસ્વરૂપ જિનમંદિરના પ્રેરણાદાતા

**પૂજ્યપાદ આચાર્યદેવ**

**શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.ને**

**જન્મ શતાબ્દિ પ્રસંગે**



## કોટી કોટી ભાવભરી વંદના

પૂ. સાધ્વીજી શ્રી જ્યોતિર્ધરાશ્રીજી મ.ની શુભ પ્રેરણાથી

**શ્રી જીવદયા લેન જૈન શ્વે. મૂ. સંઘ, ઘાટકોપર**

ઘોર તપસ્વી, ત્યાગી

**પ.પૂ.આ.મ. શ્રીમદ્ વિજય અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.ના**

**આજ્ઞાવર્તીની**

**પૂ. વિદુષી સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી મ.ના શિષ્યા**

સરળ સ્વભાવી પૂ. સાધ્વીજી શ્રી જયપ્રભાશ્રીજી મ.ના શિષ્યા

વાફગામ (પૂના) નિવાસી



**પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રયશાશ્રીજી મહારાજ**

(સાહિત્યોપાસક, પ્રવર્તક પૂજ્ય મુનિરાજ
શ્રી હરીશભદ્ર વિજયજી મહારાજના સંસારી માતુશ્રી)

**પાર્શ્વ-પ્રજ્ઞાલય, તળેગામ (પૂના)માં**


નવકાર મહામંત્રની વિવિધ પ્રકારે થયેલી

**અગ્યાર દિવસીય આરાધનાની અનુમોદના નિમિત્તે**

શ્રી લબ્ધિ-પ્રવિણ-મહિમા શિશુ

સાહિત્યભૂષણ, સંયમ સ્થવીર

**પ. પૂ. મુનિરાજ શ્રી જિતેન્દ્ર વિજયજી મ.સા.ને**



**ભાવભરી કોટીશઃ વંદના**

શ્રી સુમતિલાલ ભાગચંદ શહા
સ્વ. કમલબેન અનિલભાઈ શહા
શ્રીમતી પ્રમિલાબેન રવિકાંત શહા
શ્રીમતી સુવર્ણાબેન પ્રકાશચંદ્ર શહા
શ્રીમતી સુષમાબેન શતિષભાઈ શહા

**શહા પરિવાર – ઘોડનદી (પૂના)**

સાહિત્યોપાસક, પ્રવર્તક

**પૂજ્ય મુનિરાજ શ્રી હરીશભદ્ર વિજયજી મ.સા.**

**૬૯મો જન્મ - ૫૭મી દીક્ષા તિથિ નિમિત્તે**

જનારું જાય છે જીવન, જરા જિનવરને જપતો જા.

**પાટણ નિવાસી**

: જન્મ :
૧૯૪૬



: મૃત્યુ :
૨૦૦૪

**સ્વ. શ્રી સુરેશભાઈ કાંતિલાલ પટવા**

વિદ્યા વિનયેન શોભતે.
વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.
સા વિદ્યા યા વિમુક્તયે.
જ્ઞાનેન હીના પશુભિઃ સમાનાઃ

આમ અંતરમાં જ્ઞાનના દીવા પ્રગટે એજ શુભકામના...

શ્રી ચેતનાબેન સુરેશભાઈ પટવા
શ્રી શાલિની આશિષભાઈ પટવા
શ્રી અંજુ ગૌતમભાઈ પટવા
જશ, તનય, પરીધિ, ગણેશ, મધુસુદન
**પટવા પરિવાર - દાદર, મુંબઈ.**

સુપુત્રી – શ્રીમતી સોનલ મનિષ માલાની

રાધનપુર નિવાસી



ગં.સ્વ. ચંદ્રાબેન નટવરલાલ શાહ - મુંબઈ

ચૈત્ર વદ-૧૩, વી.સં. ૧૯૮૩

સુપુત્રો - વિજયભાઈ
અજયભાઈ

પુત્રવધૂઓ - નિલાક્ષીબેન
પન્નાબેન

✣ સુપુત્રીઓ ✣

નયનાબેન દિનેશભાઈ શાહ

ચેતનાબેન સુરેશભાઈ પટવા

જયશ્રીબેન ગૌતમભાઈ દેસાઈ

અંજુબેન મુકેશભાઈ શાહ

નટવરલાલ નેમચંદભાઈ શાહ પરિવાર

**વિજય જ્વેલર્સ - મુંબઈ**

પાટણ નિવાસી



પિતાશ્રી
શ્રી કીર્તિલાલ બાબુલાલ શાહ



માતુશ્રી
સુશિલાબેન કીર્તિભાઈ શાહ

જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કર્મનો છેહ.

પઢમં નાણં તઓ દયા.

જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ

**પૂજ્ય માત-પિતાના પવિત્ર ચરણે ભાવભરી વંદના.**

શ્રી હિમાંશુ કીર્તિલાલ શાહ

શ્રીમતી ઉષાબેન હિમાંશુભાઈ શાહ

સુપુત્ર
શ્રી ચિંતનકુમાર હિમાંશુભાઈ શાહ

સુપુત્રી
શ્રીમતી ભૂમિકા શેતલભાઈ શાહ

કાંદિવલી - મુંબઈ.

સુરત નિવાસી

વીશા ઓશવાલ જ્ઞાતિના ધર્મપ્રેમીને

સ્મરણાંજલિ



શ્રી માનચંદ મગનભાઈ ઝવેરી
સુરત



શ્રી સરસ્વતીબેન માનચંદ ઝવેરી
સુરત

દેવ - ગુરુ - ધર્મની ઉત્તરોત્તર
ભક્તિ કર્યા કરીએ
તેવી શુભ ભાવના...

પૂજ્ય માતા-પિતાના ચરણોમાં ભાવભરી વંદના.

સુપુત્રો - નિતીનભાઈ ઝવેરી
મહેશભાઈ ઝવેરી
પંકજભાઈ ઝવેરી


પુત્રવધૂઓ -
શ્રીમતી ઉર્વશીબેન
શ્રીમતી મીનાક્ષીબેન

સુપુત્રીઓ - ભદ્રાબેન ઝવેરી ❁ અંજનાબેન ઝવેરી

શ્રી કોકીલાબેન પ્રવિણચંદ ઝવેરી
શ્રી પન્નાબેન જીતેન્દ્રભાઈ ઝવેરી

## આરાધકો કરજો રૂડી આરાધના...

**પૂના નિવાસી**



**શ્રી લીલાવતીબેન હરખચંદ મણિયાર**

પૂજ્ય માત-પિતાના પવિત્ર ચરણે ભાવભરી વંદના.

**❖ કૃપાકાંક્ષી ❖**

શ્રીમતી આશાબેન કચુભાઈ મણિયાર

શ્રીમતી ઉષાબેન શશિકાંત મણિયાર

શ્રીમતી પુષ્પાબેન અશોકભાઈ મણિયાર

શ્રીમતી રેખાબેન રમેશભાઈ મણિયાર

સુરેશ મણિયાર તથા મણિયાર પરિવાર

**પૂના**

પૂ. સાધ્વીજી ચંદ્રયશાશ્રીજી મ. સંસારી માસીની પ્રેરણાથી જે કાંઈ શુભ કાર્ય થયા છે તેની ભૂરી ભૂરી અનુમોદના...

# ★ તત્ત્વબોધ પરીક્ષા-૧૭ના માનવંતા પ્રચારકો ★

**ઓપન બુક પરીક્ષાના ઉમેદવારી ફોર્મ, જેઓની પાસે મેળવ્યા (ભર્યા) હોય તે પ્રચારકને જ 'ઘર બેઠા પરીક્ષા'ના ઘરેથી લખેલા ઉત્તરપત્રો પહોંચાડવા.**

| ગામ | નામ | ફોન |
|---|---|---|
| ભાયંદર | પં. રમેશભાઈ ડી. ડુંગાણી | ૯૮૨૧૧૦૯૮૯૬ |
| | પં. નરેશભાઈ એસ. શાહ | ૨૮૧૪ ૬૩૯૫ |
| | શ્રી શકરીબેન પી. શાહ | ૨૮૧૯ ૫૪૫૪ |
| બોરીવલી | પં. રજનીભાઈ કે. દોશી | ૨૮૮૨ ૪૩૬૩ |
| | શ્રી જેમિનીબેન આર. શાહ | ૨૮૬૨ ૧૫૯૮ |
| | શ્રી જ્યોત્સનાબેન એમ. શાહ | ૨૮૦૧ ૨૬૧૪ |
| | શ્રી ચેતનાબેન એન. પરીખ | ૨૮૦૬ ૯૦૩૪ |
| | શ્રી દિલીપભાઈ સી. શાહ | ૨૮૯૧ ૮૬૪૮ |
| કાંદિવલી | શ્રી હિંમતલાલ એ. શાહ | ૨૮૦૭ ૦૬૬૦ |
| | પં. સુનિલભાઈ બી. શાહ | ૨૮૬૪ ૯૬૫૬ |
| | શ્રી જ્યોત્સનાબેન કે. સલોત | ૨૮૮૭ ૫૦૨૮ |
| મલાડ | પં. મુક્તિભાઈ કોરડિયા | ૨૮૪૯ ૦૩૩૧ |
| | પં. વિરેન્દ્રભાઈ આર. શાહ | ૨૮૮૩ ૮૮૩૦ |
| ગોરેગામ | પં. ચંપકલાલ પી. મહેતા | ૨૮૭૩ ૬૭૫૭ |
| | શ્રી ઉમાબેન એસ. શાહ | ૨૬૮૬ ૨૨૧૮ |
| અંધેરી (ઈસ્ટ) | શ્રી મંજુલાબેન ડી. ગાંધી | ૨૬૮૩ ૨૧૬૮ |
| પાર્લા | શ્રી મુક્તાબેન આર. વોરા | ૨૮૨૦ ૬૪૧૩ |
| | શ્રી લલિતાબેન જે. શેઠ | ૨૬૧૧ ૮૩૭૪ |
| સાંતાક્રુઝ | શ્રી અનિલભાઈ શેઠ | ૨૬૪૮ ૦૮૩૯ |
| દાદર | પં. હરેશભાઈ એચ. ઝોટા | ૨૪૧૬ ૧૫૧૫ |
| | શ્રી ગોવિંદભાઈ ગઢવી | ૨૪૨૨ ૭૨૨૩ |
| | શ્રી ઉર્મિલાબેન ડી. શાહ | ૨૪૩૬ ૧૦૦૪ |
| મુંબઈ | શ્રી સુશીલાબેન વખારીઆ | ૨૨૪૨ ૩૮૪૮ |
| મસ્જિદ બંદર | શ્રી લીલતાબેન - રેખાબેન | ૨૩૭૭ ૬૨૧૦ |
| સાયન | શ્રી હંસાબેન આર. શાહ | ૨૪૦૧ ૦૩૮૪ |
| ઘાટકોપર | શ્રી મધુબેન કે. શાહ | ૨૫૦૦ ૪૦૫૧ |
| | શ્રી ચંદનબેન કે. શાહ | C/0. ૨૫૧૦ ૬૨૨૯ |
| | શ્રી સંજયભાઈ જે. શાહ | C/0. ૨૫૬૮ ૦૦૮૨ |
| ભાંડુપ | શ્રી નિર્મળભાઈ વી. શાહ | ૫૫૯૭ ૯૮૪૦ |
| મુલુન્ડ | પં. જિતુભાઈ જે. શાહ | ૨૫૬૯ ૦૧૬૯ |
| કલ્યાણ | શ્રી રવિભાઈ શાહ | ૦૨૫૧-૨૩૧૯૧૧૯ |
| પૂના | શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ | (૯૫-૨૦) ૨૪૪૪ ૫૬૮૧ |
| સુરત | શ્રી ભદ્રાબેન એમ. ઝવેરી | (૦૨૬૧) ૨૪૩ ૦૪૫૪ |
| જામનગર | શ્રી મોહન વિજયજી જૈન પાઠશાળા | (૦૨૮૮) ૨૬૭ ૦૮૦૫ |

**નોંધ : પરીક્ષાર્થીઓએ જરૂર હોય તો જ વિવેકપૂર્વક પ્રચારકને ફોન કરવો.**

# પાણી પહેલા પાળ બાંધીએ....

વૈશાખનો મહિનો હતો. ગરમ આગ ઝરતી લૂ વહેતી હતી. માનવ, પશુ-પક્ષીના ગળા સૂકાઈ રહ્યા હતા. પરસેવાથી શરીર ભીંજાઈ ગયું હતું. પાણી ને છાયાની શોધમાં સૌ આમ-તેમ ફરી રહ્યા હતા. મૃગલાઓ પણ મૃગજળને જોઈ હરણફાળે એક શ્વાસે દોડી રહ્યા હતા.

પણ.... ન મળ્યું પાણી ન મળ્યો છાંયડો.

શું કરવું ? એ વિચારે એક માનવ ઉગમતી પ્રભાતે પત્થરની શિલા ઉપર વિચારમગ્ન બેઠો હતો. અનેકાનેક માનવોને, જીવોને પાણી અને છાયા આપવાની તેની તમન્ના હતી. મેઘકુમારે પૂર્વના વિંધ્યાચલ પર્વત ઊપરના લાલ વર્ણવાળા હાથીના ભવમાં જેમ એક વિશાળ કુંડાળું (મેદાન) બનાવી અગ્નિ-દાવાનલથી પશુ-પક્ષીઓને બચાવ્યા, બચાવવા પ્રયત્ન કર્યો તેમ એ માનવ ઉપાયની શોધમાં ચિંતાના સાગરમાં ડૂબી ગયો હતો.

વિચાર કરતાં કરતાં માનવને તરસ કેમ લાગી ? આવા સંયોગોમાં તરસ્યા એવા અમે બધા કેમ આવી ભરાયા ? જ્યાં અમર્યાદીત પાણી ને છાયા છે. ત્યાં (નદી કિનારે) અમારો જન્મ કેમ ન થયો ? *જ્યાં પાણીની કોઈ ઉણપ નથી, કમી નથી, ભરતી-ઓટના સહારે સૌને આનંદ કલ્લોલ કરાવતો, આનંદ ને વિયોગને સમજાવતો સમુદ્ર છે. ત્યાંનું એક પાણીનું ટીપું પણ આસ્વાદન કરવું ગમતું નથી. અનિચ્છાએ જળપાન કરીએ તો પરિણામ સારું આવતું નથી. એવી વિચારોની પરંપરાથી માનવી મુંઝાઈ ગયો. વિના કારણે આ ઉપાધિ મેં ક્યાં કરી એવું મનમાં થયું.

ત્યાંજ આંધી ને તોફાનમાંથી, સુખ-દુઃખ કે પુણ્ય-પાપમાંથી બચવાનો મંત્ર માનવીને જડ્યો. અઢી અક્ષરના એ મંત્રની જે જે પુણ્ય–પુરુષોએ સાધના, આરાધના, ઉપાસના કરી છે, મીઠા મધુરાં ફળ ચાખ્યા છે તે વાત યાદ આવી. સાધનાના સત્રમાં તે ભાગ્યશાળીઓએ શું કર્યું ? કેવી રીતે સાધના કરી ? તન-મન કેવા હતા ? હૃદય મંદિરમાં કોનો વાસ હતો ? એ શોધવા હવે માનવીનું મન અધીરું થઈ ગયું.

જે શિલા ઉપર મેં સાધના શરૂ કરી એજ શિલા ઉપર અનેક આત્માઓએ પણ સાધના કરી છે. ફરક એટલો જ છે કે – એ લોકો માર્ગ ઉપર આરુઢ થયા અને હું હજી ત્યાંનો ત્યાંજ છું. એટલે કાંઈક મારામાં ખામી હોવી જોઈએ. એ ખામી શોધવા માટે બીજા સાધકને મળવું પડશે. એ દ્રષ્ટિ-ભાવનાથી માનવી ત્યાંથી જ્યાં ઊભો થયો ત્યાંજ એક સાધકના દર્શન થયા. સાધકને જોવાથી માનવનું મન નાચી ઊઠ્યું. તળાવે

---

★ અંગારમર્દકે તરસ છીપાવવા સંસારના સારા ખરાબ બધા જ જળ પી ગયો. પણ જીવને શાતા ન મળી. હવે મને પીવું નથી એ ભાવના જાગતાં હાથમાં રહેલું ખારું પાણી પણ મીઠું થઈ ગયું. તૃપ્તિ પણ પૂર્ણ થઈ ગઈ.

જઈ હવે તરસ્યા કેમ પાછા ફરાય ? એ ભાવથી માનવીએ સાધકને પોતાની મુંઝવણ કહી ઉપાય બતાડવા જાત અનુભવ વર્ણવવા વિનંતી કરી.

ઉપકારી સાધકે ટૂંકા ને જરૂરી શબ્દમાં નીચે મુજબ સાધનાની પૂર્વ ભૂમિકા કહી –

ભાગ્યશાળી ! સાધના એ બહારની વસ્તુ નથી. જાત અનુભવનો એક સાક્ષાત્કાર છે. તે માટે મન-વચન-કાયાની સર્વપ્રથમ એકાગ્રતા જરૂરી છે. મનને પ્રસન્ન રાખવું, વચનને નિર્મળ રાખવા અને કાયાને પવિત્ર રાખવાની જરૂર છે. તો જ સાધકને સાધનામાં મેળ જામે.

ઉદા. – સંગીત એ સાત અક્ષરોની સાધનાનું ફળ છે. એ અક્ષરો મધુર સ્વરમાં, ષડરસમાં, જરૂર પડતી સમાન માત્રામાં જો બોલવા–ગાવામાં આવે તો ગાનાર સૃષ્ટિ ભૂલી જાય. સાંભળનાર આનંદની ઉદધિમાં નાચી ઉઠે તેમ આત્મસાધના સાધકને લક્ષ સિદ્ધ કરી આપવા સમર્થ છે. માત્ર 'મને સાધના દ્વારા સાધ્ય પ્રાપ્ત કરવું છે' એવી ઉત્કૃષ્ટ તમન્ના–લાગણી જોઈએ.

બીજી વાત – સંગીત વીતરાગીને રીઝવવા જો ગાવામાં આવે તો રાગીના રાગ-દ્વેષના સંબંધો તેટલો સમય વિસ્મૃત થઈ જાય. અને જો સંસારીને ખુશ કરવા માટે પીરસવામાં આવે તો તેથી નશ્વર એવા શરીરને પોષવા-નિભાવવાનું કાર્ય કરી જરૂર ધન મેળવી તૃપ્ત થવાય. હકીકતમાં વીતરાગ પાસે રજુ થતું સંગીત વિકાસ પામે.

સાધના ચીકણા કર્મ ખપાવવા માટે જ જો કરાય તો તેથી આત્માની ઘણી પ્રગતિ થાય, શુદ્ધિ થાય. આત્મા નિર્મળ બની સત્વરે પરમપદનો ભોક્તા બને. એટલું જ નહિં પણ જ્યાં સુધી એ પરમપદનો અધિકારી થયો નથી ત્યાં સુધી તેની દરેક ક્ષણ પ્રગતિના પથિક જેવી કર્મ ખપાવનારી આદર્શ થાય.卐

પરંતુ જો સંગીત શુષ્ક હોય, રાગદશા વધારનારું હોય, સમયને પસાર કરવા માટે કે અહંને પોષવા માટે ભગવાનના બદલે ભક્તને શ્રવણ કરનારને પ્રસન્ન કરનારું હોય તો તે સંગીત કર્મ–સંસારવૃદ્ધિકારક છે. એના ગીતમાં પ્રભુ સાથેની પ્રીત નથી.

ત્રીજી વાત – સાધક પવિત્ર જોઈએ, તેના વિચાર, પરિણામ સુવિશુદ્ધ જોઈએ. કર્મક્ષયના લક્ષથી પોતે વિમુખ ન થઈ જાય તેવી કાળજી રાખવી જોઈએ. મંત્રોચ્ચાર શુદ્ધ, સંપુર્ણ, શાંતીમય, ભાવનાત્મક હોવા જોઈએ. જેમ જેમ સાધનાની વૃદ્ધિ થતી જાય તેમ તેમ ઉત્તમ અનુભૂતિ મંત્ર સ્મરણની થતી જાય. પ્રગતિની સાથે સાથે સાધકે ગંભીર શાંત લાગણીવાન પણ બનવું જોઈએ.

એક વાત નિશ્ચિત સમજવી કે, સાધના – બજારું બીજાને આકર્ષવા કે બીજાનું ભલું કરવા માટે કરવાની નથી. આવા અશુભ ઉદ્દેશ્યોથી જે કરે તેણે ૫૦% પણ

卐 રાવણે સંગીત દ્વારા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું જ્યારે શૈયાપાલકના જીવે સંગીતમાં ભાન ભૂલી ત્રિપુષ્ટ વાસુદેવનો કોપ (ક્રોધ) વધાર્યો.

સફળતા ન મળે. બીજાનો સંસાર વધારવા-પોષવા સાધનાને વહેંચવાની કે નિયાણું કરવા-બાંધવા માટેની નથી. પૂર્વકાળના સાધક આત્માઓએ આ વાતને બરાબર અપનાવી હતી તેથી અલ્પકાળમાં પ્રગતિના શિખરો સર કરતા હતા.

પ્રાચીન કાળમાં (૧) પૂ. માનતુંગસૂરિ મહારાજે ભક્તામર સ્તોત્રની, (૨) પૂ. માનદેવસૂરિ મહારાજે લઘુશાંતિની, (૩) પૂ. ભદ્રબાહુસ્વામી મહારાજે ઉવસગ્ગહરં સ્તોત્રની, (૪) વજ્રસ્વામીજી, હેમચંદ્રાચાર્ય, વિજય હીરસૂરિજી અથવા ઉપાધ્યાય યશોવિજયજી, ઉપાધ્યાય શાંતિચંદ્રજી આદિ ઉપકારી મહારાજે જે કાંઈ કર્યું છે તે બધું જિનશાસનની પ્રભાવના અને જિનશાસનમાં આવા મહાન લબ્ધિના જ્ઞાતા-ઉપાસક છે તે દર્શાવવા માટે જ નિષ્કામ બુદ્ધિથી કરેલ.

ચોથી વાત, સાધના – હું અને મારો આત્મા, હું અને મારા ઉપકારી વીતરાગી ભગવાન સાથેનો અભેદ્ય સંબંધ બાંધવા-વધારવા-કેળવવા માટેની હોય છે. જે દિવસે આવો સંબંધ સ્થીરતાપૂર્વક બંધાઈ જાય તે દિવસે સાધકનું આધ્માત્મીક આત્મોન્નતિનું કાર્ય સિદ્ધ થઈ ગયું તેમ સમજવું. આ સંબંધ અખંડિત વૃદ્ધિ પામે તો આત્મા આત્માની સાથે વાતો કરતો થાય. અનંત જ્ઞાનમાંથી આત્માને પ્રગતિના પંથના માર્ગો પ્રાપ્ત થતા જાય. અને આ રીતે 'સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષ માર્ગઃ'ના માર્ગે પ્રવાસ કરી મોક્ષ નજીક પહોંચી જવાય.*

માનવી ! એક વાત સ્પષ્ટ કરી દઉં કે, સાધક બનવાની ઈચ્છા ઘણા કરે છે. હું સાધક થયો છું વગેરે માન્યતા જીવનમાં જલદી પ્રવેશી પણ જાય છે. પરંતુ સાધક સર્વ કામનાથી પર હોવો જોઈએ. સંસારને ભૂલ્યા વગર સાધના થવાની નથી. એટલે સાધના સમયે પોતે પોતાના શરીરથી પણ પર હોવો જોઈએ. તે લક્ષ હોતું નથી. આત્મ ગુણની વૃદ્ધિ જે સ્થળેથી પ્રાપ્ત કરવી જોઈએ, થવી જોઈએ તે સ્થળે જનરંજન-લોકરંજનની પ્રવૃત્તિને વેગ મળે છે. આવકારવામાં આવે છે અને તેથી આત્મા આત્માનંદી ન બનતાં પુદ્ગલાભીનંદી બને છે.

આટલું વર્ણન કર્યા પછી છેલ્લે એક વાત સમજવા માટે થોડાં અનુભવીઓના વચનો સંભળાવી દઉં. ધર્મસાધના કરતાં ધીરે ધીરે સાધકે આ મુદ્દાઓને આત્મસાત કરવા પડશે. પોતાના જીવનમાં તેણે સ્થાન આપવું પડશે.

(૧) સાધકે ૨૨ પરિષહો સહી લેવા આત્માને કેળવી લેવો.
(૨) સાધના પૂર્વે મૈત્રી આદિ ભાવના દ્વારા કલુષિત મનને વશમાં રાખવું પડશે.
(૩) પાંચ યા બાર વ્રતોને જીવનના દ્રષ્ટિ પથમાંથી દૂર રાખવા નહિં.
(૪) માર્ગાનુસારીનો પાયો મજબુત આચાર, વિચાર, વર્તનમાં નાખવો.

---

★ મયણાસુંદરીને અમૃત ક્રિયા કરતાં પોતાને અનુપમ અનુભવ થયો હતો. (શ્રીપાળ રાસ)
અધમ માણસ પોતાની પ્રશંસા કરે, મધ્યમ માણસની પ્રશંસા મિત્રો કરે જ્યારે ઉત્તમ માણસોની પ્રશંસા તો શત્રુ પણ કરે.

(૫) અઢાર પાપસ્થાનકો જે દર્શન-જ્ઞાન-ચારિત્રને મલિન કરનારા છે તેઓથી દૂર-સુદૂર રહેવા પ્રયત્નશીલ રહેવું.

(૬) જીવનમાં કરવા-આચારવા-સ્વીકારવા યોગ્ય કાર્યો, આરાધનાઓ કરવા પાછી પાની કરવી નહિં.

(૭) આઠ કર્મમાં મુખ્યત્વે ૪ ઘાતીકર્મોના બંધનથી દરેક ક્ષણે જાગ્રત રહેવું. ઈચ્છાએ કે અનિચ્છાએ બંધાઈ ન જાય તેની કાળજી રાખવી.

(૮) બાંધેલા કર્મો સમભાવે ભોગવવા પુરુષાર્થ કરવો.

(૯) પુણ્યાનુબંધી પુણ્ય બંધાય તેવી ઓછી પણ મન-વચન-કાયાથી ઉત્તમ કોટીની સાધના કરવી જોઈએ. પુણ્ય પણ ત્યાજ્ય સમજવું.

'બંધ સમયે જીવ ચેતિએ, ઉદયે શો સંતાપ.'

માનવી ! ઉપર દર્શાવેલા વિચારોનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. તે ક્ષેત્રમાં રહી મર્યાદા ઓળંગ્યા વગર સાધનામય જીવન જીવવા આ વિચારોને સાથે પ્રતિસ્પર્ધી નહિં પણ લાલ લાઈટ જેવા બીજા વિચારો પણ જાણી લેવા જરૂર છે. માટે કહું છું –

(૧) જે દિવસે જે ક્ષણે સાધના કરવા બેસીએ તે અવસરે સાત પ્રકારની શુદ્ધિ જાળવવી.■

(૨) અસમતા–અસ્થિર કરનારા રાગ-દ્વેષ, વિષય કષાયથી અલિપ્ત રહેવું.

(૩) જૈન શાસ્ત્રોમાં આરાધના, સાધના, પૂજા વિ. જે સંયોગોના કારણે ન કરવા સૂચના અપાઈ છે. તે બધાને તત્સ્વરૂપે સ્વીકારવા, માનવા જેવા કે – (અ) અંતરાયના સમયે આભડછેટ ન થાય તેવી રીતે, પાલન કરવું. (આ) જન્મ-મૃત્યુના સુતકને યોગ્ય રીતે સ્વીકારવા-માનવા-પાળવા. (ઈ) દેવની-૮૪, ગુરુની ૩૩ આશાતનાઓ ન લાગે તે રીતે પૂર્ણ સાવધાની રાખવી. (ઉ) આયંબિલ એકાસણાદિ તપ પ્રસંગે ઉણોદરી આદિ કરવા, વાપરવાના દ્રવ્ય, સમય અને જીભ ઉપર કાબુ રાખવો. (એ) સામાયિક, પૌષધ, જાપ, પૂજા આદિ અનુષ્ઠાનો પ્રમાદરહિત, દોષરહિત કાળજીપૂર્વક કરવા. (ઐ) વ્રતોનું પાલન, ધર્મ પ્રવૃત્તિ, ક્રિયા-અનુષ્ઠાન બીજાને દેખાડવા માટે ચંચળતાથી કે વેઠ ઉતારવા રૂપે ન કરવી. (ઓ) આરાધના શરૂ કરતાં આનંદ અને પૂરી કરતાં ફરી ક્યારે કરીશ તેવી ભાવના ભાવવી. (અં) એઠા મોઢે, અશુચિના સ્થાને, અશુદ્ધ કપડામાં કરેલી સાધના સિદ્ધિના શિખરે જલદી પહોંચાડતી નથી. (અઃ) સાધના આર્ત-રૌદ્ર ધ્યાનરહિત શુદ્ધ અધ્યવસાયે, કાળાદિ સમયને છોડી, પૂજ્યભાવે, વિનય-વિવેકપૂર્વક, કલ્યાણની કામનાથી કરવી. અંતે ક્વોલિટી (સારાપણાં)નો આગ્રહ રાખવો, સંખ્યાના લોભમાં દોડવું નહિં.

■ અંગ[1] વસન[2] મન[3] ભૂમિકા[4], પૂજોપકરણ[5] સાર, ન્યાયદ્રવ્ય[6] વિધિ[7] શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર.

માનવી ! તમે જે કાંઈ જાણવાની ઈચ્છાથી પૂછ્યું તે અલ્પ રીતે કહ્યું છે, બાકી 'કામ કામને શીખવાડે છે' એ ન્યાયે સાધના કરતાં સાધકને આત્મા જ પ્રેરણા આપતો જાય છે અને એ પ્રેરણા જ મહત્વની પ્રગતિ માટેની પગદંડી છે.

સાધકે, મને કલ્પનાતીત વિચારો ટૂંકમાં ઘણાં કહ્યાં અને એજ વાતને આપણે સૌને સમજવાની વર્તમાન સમયે ઘણી આવશ્યકતા છે. તેથી અહીં ક્રમશઃ પ્રાચીન મહાપુરુષોએ ઉપકારની દ્રષ્ટિથી પ્રરૂપેલા એકવીસ વિચારો બતાડવામાં આવશે.

મુખ્યત્વે જીવની પ્રગતિનો પંથ અવ્યવહાર રાશીમાંથી વ્યવહાર રાશીમાં પ્રવેશ કર્યા પછી શરૂ થાય છે. તેમાં ૧ થી ૬ ગુણસ્થાનક સુધી મિથ્યાત્વદશા–માર્ગાનુસારીપણું, સમક્તિ, દેશવિરતિપણું અને સર્વવિરતિપણા સુધી દ્રવ્ય પ્રવૃત્તિ ત્યજી ભાવપ્રવૃત્તિ ક્રમશઃ કરવાની છે અથવા અજ્ઞાન છોડી સમ્યગ્‌જ્ઞાનના સહારે ત્યાગ ભાવનાનો સમજદારીનો વિકાસ કરી આત્મહિતની પ્રવૃત્તિને અપનાવવાની છે.

આ જીવે દરેક સ્થળે દ્રવ્યમાર્ગ અપનાવ્યો છે. ત્યાંજ પોતાની પૂર્ણતા સમજી છે. પણ પૂર્ણતા માટે ભાવમાર્ગ અત્યંત જરૂરી છે. દ્રવ્યક્રિયા કાયાથી કરાય છે, જ્યારે ભાવક્રિયા કાયા ઉપરાંત મન, વચનથી થાય છે. દ્રવ્યક્રિયા કદાચ પાપ ક્ષય માટે પૂર્ણ રૂપે મદદરૂપ ન બને પણ ભાવક્રિયા અલ્પ સમયમાં અનેક ભવના પાપોનો ક્ષય કરવા માટે જીવને મદદરૂપ થઈ શકે છે. આવા પ્રસંગે માત્ર 'નિકાચીત કર્મ' બંધાયેલ હોવું ન જોઈએ.* અથવા સમભાવે એ ભોગવી લેવાની તૈયારી જોઈએ.

એક વાત નિશ્ચિત છે કે, ધર્મ આત્માને ધર્મધ્યાનમાં સ્થિર કરે છે. માત્ર સાધકની ધર્મક્રિયા ગુણોની વૃદ્ધિ કરનારી હોવી જોઈએ. દશવૈકાલિકાદિ ગ્રંથમાં ચાર વસ્તુ દુર્લભ વર્ણવી છે. ૧. મનુષ્ય જન્મ, ૨. શ્રુત (સાંભળવાની ઈચ્છા), ૩. શ્રવણ કરેલા ધર્મોપદેશ ઉપર અતૂટ શ્રદ્ધા અને ૪. સંયમાદિમાં પુરુષાર્થ. આ ચારેનો સાર એજ કે, જીવન ગુણવાન બનાવવા માટે અથવા ગુણવાન થઈ ધર્મમાં પ્રગતિ-વૃદ્ધિ કરવા માટે છે. જે આત્મા અલ્પગુણી હોય તે ક્રમશઃ પૂર્ણ ગુણી થવા ઉદ્યમ કરે અર્થાત્ પોતાના જીવનમાં આચાર, વિચાર, વર્તનમાં જે દુર્ગુણો–ઉણપો છે તેનો ત્યાગ કરે. અવગુણથી ભરેલા કર્મ પુદ્‌ગલોથી મલિન થયેલા આત્માને સિદ્ધિના શિખરો જો સર કરવા હોય તો એક જ ઉપાય 'ગુણવાન બનતા જાઓ, ધર્મમાં આગળ વધંતા જાઓ.'

બસ, હવે પછીના પ્રકરણો દ્વારા આ ગુરુમંત્ર–સાધના મંત્રને સિદ્ધ કરીએ...

卐

---

★ શ્રીકૃષ્ણ મહારાજાનો નરકગતિનો બંધ કાયમ રહ્યો પણ સાતમી નરકના સ્થાને ત્રીજી નરકે જવું પડ્યું. પ્રસન્નચંદ્ર ઋષિનો આયુષ્યનો બંધ થયો નહોતો તેથી તેઓ નરકના બદલે મોક્ષે ગયા.

# -: અનુક્રમણિકા :-


**પ્રાથમિક :**

★ હીરાની ખાણ...

★ સહાયકો...

★ પાણી પહેલાં પાળ બાંધીએ...

| ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|
| ૧. | અખુદ્રો (ભાવિ ત્રણ વિદ્યાર્થીઓનું) | ૦૧ |
| ૨. | પ્રશસ્ત રૂપ (સ્વરૂપ કે સ્વ-રૂપ ?) | ૦૮ |
| ૩. | સૌમ્ય-શાંત પ્રકૃતિ (આજ્ઞાપાલક શિષ્ય) | ૧૪ |
| ૪. | લોકપ્રિય (લોકપ્રિયતા અત્તરની) | ૧૯ |
| ૫. | અક્રુર (મન.... નિર્મળ-મલિન) | ૨૫ |
| ૬. | પાપભીરુ (પાપના ભાગીદાર) | ૩૦ |
| ૭. | અશઠ (શઠ-અશઠ) | ૩૬ |
| ૮. | દાક્ષિણ્ય (પરોપકારી) | ૪૨ |
| ૯. | લજ્જાળુ (પાપ ઘટાડો, પુણ્ય વધારો) | ૪૬ |
| ૧૦. | દયાળુ (વ્યસન-અંજન) | ૫૧ |
| ૧૧. | મધ્યસ્થ (વચ્ચેનો માર્ગ) | ૫૭ |
| ૧૨. | ગુણનો રાગી (બાદબાકી) | ૬૨ |
| ૧૩. | સત્કથી (કથાકાર) | ૬૮ |
| ૧૪. | સુપક્ષ (એક વાક્યતા) | ૭૬ |
| ૧૫. | દીર્ઘદર્શી (ચશ્મા) | ૮૧ |
| ૧૬. | વિશેષજ્ઞ (જ્ઞાની) | ૮૭ |
| ૧૭. | વૃદ્ધાનુગ (પીપળાનું પાન) | ૯૨ |
| ૧૮. | વિનય (જીવનવૃક્ષ) | ૯૭ |
| ૧૯. | કૃતજ્ઞ (પસંદગી કરો) | ૧૦૩ |
| ૨૦. | પરહિતાર્થકારી (તફાવત) | ૧૦૮ |
| ૨૧. | લબ્ધલક્ષ્ય (ટીપે ટીપે સરોવર ભરાય) | ૧૧૪ |
| ★ | ઉપસંહાર : (પતંગ અને દોરો) | ૧૨૨ |
| ★ | પરિશિષ્ટ... | ૧૨૭ |


卐

# અખુદ્દો...

**શ્લોક :**

(૧) ખુદ્દોત્તિ અગંભીરો, ઉત્તાણમઈ ન સાહએ ધમ્મં ।
સપરોવયારસત્તો, અક્ખુદ્દો તેણ ઈહ જોગ્ગો. ॥૮॥

**ભાવાર્થ :**

જેનું જીવન ગંભીરતા વગરનું એટલે બુદ્ધિની નિપૂણતા વગરનું હોય તે સમ્યગ્ ધર્મ સાધી (આરાધી) શકતો નથી. અર્થાત્ જે અખુદ્દો-વિચારોમાં ઉદાર છે અને સ્વ-પરનો ઉપકાર કરવામાં શક્તિશાળી છે. તે જીવ સદ્ધર્મ માટે યોગ્ય છે. [ધર્મ આવકારદાયક અને પ્રશંસા પાત્ર કરશે.] (૮)

**વિવેચન :**

શબ્દકોશમાં ક્ષુદ્ર શબ્દના તુચ્છ, ક્રુર, દરિદ્ર, અસ્પૃશ્ય વિગેરે અર્થો દર્શાવ્યા છે. આપણે તો ક્ષુદ્રનો 'તુચ્છ' એવા અર્થના આધારે અહિં વિચારણા કરીશું.

ધર્મનો ઉદ્ગમ યા વિકાસ 'સમ્યગ્' નિપુણ બુદ્ધિવાળી વ્યક્તિમાં જોવા મળે છે. જ્યારે બાળબુદ્ધિ-કાચી બુદ્ધિવાળા જીવો સારા-સારનો વિચાર કરી ન શકે. એટલે તેવા જીવો તેવી વ્યક્તિ સત્ સ્વરૂપે ધર્મ કરી કે આરાધી-પાળી શકતી નથી. આ કારણે સુખ-દુઃખનો વિભાગ પાડી ન શકવાથી તે ધર્મના સંપૂર્ણ ફળને પામવા યોગ્ય નથી.

દર્શનશાસ્ત્રીની અપેક્ષાએ ધર્મ સૂક્ષ્મ, સૂક્ષ્માતિસૂક્ષ્મ છે. 'ધારયતિ ઈતિ ધર્મઃ'નો અર્થ તેથી વ્યાપક થાય છે. ઉપલક દ્રષ્ટિએ દ્રવ્યથી ધર્મનો સ્વીકાર કર્યા પછી જો જીવનમાં મંદતા, જડતા કે ઉપેક્ષા આવી તો તે વ્યક્તિ ભાવધર્મ સુધી પહોંચી ન શકે. તેથી આરાધકે નિરંતર સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ સમજવો, જાણવો, આચરવો કે વિચારવો જોઈએ.

કહેવાનું તાત્પર્ય એજ કે – 'માંદા સાધુની હું વૈયાવચ્ચ કરીશ-દવા આપીશ' એવો કોઈ સેવાધર્મનો સ્વીકાર કરે (આગ્રહ રાખે) પણ ઉભયના ભાગ્ય યોગે કોઈ સાધુ બિમાર જ જો ન મળે તો, એ સેવાવ્રતીને આનંદ થાય કે દુઃખ ?

તેમાં સાધુની અશાતા ઈચ્છનાર અવિવેકી છે. જો શાતા જાણી આનંદ પામે, તો ચિંતવશે કે – શાતાપૂર્વક ધર્મધ્યાન કરી કર્મ ખપાવશે. આ રીતે અનુમોદના કરે તો સમજવું કે પોતાના અને પરના હિતના વિચારો કરવા એ જીવ સમર્થ છે. અક્ષુદ્ર છે. સ્વાર્થમય વિચાર કરનારો સ્વાર્થી નથી.

હકીકતમાં ક્ષુદ્રતા જીવનમાં ઘણા દોષોને નિમંત્રે છે. જ્યારે અક્ષુદ્ર (અખુદ્દો) સત્યનો પક્ષપાતી છે. પરંપરાએ પરમપદ મોક્ષ પ્રાપ્ત કરવાની યોગ્યતાવાળો છે.

ધર્મનો પ્રારંભ શ્રદ્ધાથી એટલે દર્શનથી, વિકાસ સમ્યગ્જ્ઞાનથી, પરિણામ ચારિત્રથી અને ઉત્તમ ફળ તપથી મળે છે.

દુનિયામાં બધા જ ધર્મ કરે છે પણ સ્વાર્થમય. હકીકતમાં ધર્મ સંસાર તરવા માટે પાપ ખપાવવા માટે કરવાનો છે.

ધર્મસ્થાનોમાં જે કમ ખાય, ગમ ખાય અને નમ જાય તે બધું જ પામી જાય.

**સુવાક્યો :**

★ ક્ષુદ્રતાનું મૂળ સ્વાર્થ છે.

★ ક્ષુદ્રતા ઉભયને દુઃખી કરે છે.

★ ક્ષુદ્ર ભલે ધનથી અમીર હોય પણ મનથી તો ગરીબ જ હોય.

★ અક્ષુદ્ર ગંભીર ને ઉદાર હોય. ઉત્તમ ભાવના ભાવે.

★ અક્ષુદ્ર અનેક ગુણ લાવે છે.

★ અક્ષુદ્ર ધર્મી જીવન માટે યોગ્ય છે.

**પદ :**

★ **દામ વિના નિર્ધન દુઃખી, તૃષ્ણાવશ ધનવાન,**
**કુછ ન સુખ સંસારમેં, સબ જગ દેખ્યો છાન.**

★ **સ્વાર્થની આ દુનિયા કેવી, સુખમાં ભાગ પડાવે,**
**કોઈક દુઃખમાં દૂર થાય તો કોઈક વધુ રીબાવે.**

**ચિંતન :**

## ભાવિ ત્રણ વિદ્યાર્થીઓનું...

ગંગા ને સિંધુ જેવી પવિત્ર નદી શક્તિમતિ નગરીની કિનારે વહેતી હતી. નાના-મોટા મહેલો ને મકાનોથી નગરી શોભતી હતી. અઢારે કોમ (જાતિ) પોતપોતાને યોગ્ય આવાસોમાં રહેતી અને ઉદરપૂર્તિના કાર્યો કરતી.

એક દિવસ મુખ્ય માર્ગ ઉપરથી ઈર્યાસમિતિનું પાલન કરતાં બે જ્ઞાની, ધ્યાની, ત્યાગી, વૈરાગી મુનિ શુદ્ધ ગોચરીની ગવેષણા કરવા નગરીમાં પ્રવેશી રહ્યા હતા. મુનિના આચાર ઉચ્ચ વિચારની સાક્ષી પૂરતા હતા. અંત-પંત ભીક્ષા ગોચરી પ્રાપ્ત કરી નગરીની બહાર ઉદ્યાનમાં શરીરને ભાડું આપવા જવાના હતા. મુનિને આહાર મળે તો સંયમવૃદ્ધિ અને ન મળે તો તપોવૃદ્ધિ. તપ કરવો આત્મધર્મ. એમ એ સમજતા.

મુનિએ એક ઘરમાં ધર્મલાભ આપ્યો. અચાનક તેઓની નજર ઘરમાં ગોચરી વહોરતાં વહોરતાં વિદ્યાભ્યાસ કરતાં ૩ વિદ્યાર્થીઓ ઉપર પડી. એ અભ્યાસીઓ ક્ષીરકદંબક બ્રાહ્મણની અધ્યયન શાળામાં અધ્યયન કરતા હતા. અતિશય જ્ઞાનવંત મુનિએ બીજા સાથી મુનિને સ્વાભાવિકપણે કહ્યું, ગુરુભાઈ ! આ ત્રણ વિદ્યાર્થીઓ-

માંથી (બે નરકગામી જીવ છે અને એક સ્વર્ગગામી આત્મા છે) શું આપને એમ નથી લાગતું?

બે મુનિ વચ્ચે થયેલો આ વાર્તાલાપ ભીંતને અડીને ઊભેલા પંડિત ક્ષીરકદંબકે સાંભળી લીધો. એ પોતે પાપથી ડરનારા, નિર્મળ સ્વભાવવાળા, સજ્જન અને પ્રાજ્ઞ હતા. વેદ વેદાંતના જ્ઞાતા હતા. ઉપકાર ભાવે વિદ્યાદાન આપતા હતા.

મુનિની અપ્રગટ ભવિષ્યવાણી સાંભળી એક ક્ષણ માટે પંડિતજી વિચારમાં પડી ગયા. આ ત્રણ વિદ્યાર્થી એટલે એક પોતાનો પુત્ર પ્રવર્તક, બીજો વિદ્યાભ્યાસ માટે આવેલ ધર્મપુત્ર નારદ અને ત્રીજો રાજાનો પુત્ર વસુ. ત્રણે સૂક્ષ્મ બુદ્ધિશાળી ને જ્ઞાન પિપાસુ છે. 'પહેલા પૈસા પછી ભગવાન'ના સ્થાને 'પ્રથમ જ્ઞાન પછી ભોજન'માં માનનારા છે. શું તેમાં નરકગામી જીવ સંભવે ?

નરકગતિમાં જનાર રૌદ્રધ્યાની, ક્રુર પરિણામી, હિંસક, ક્લેશી, રોગી, અતિ આરંભ સમારંભી ને કષાયી હોય. આવાં લક્ષણ તો ત્રણેમાં ક્યાંય જોવા જડે તેમ નથી. તો શું મુનિએ સ્વાભાવિક રીતે ઉચ્ચારેલી ભવિષ્યવાણી ખોટી ? મુનિ તો રાગ-દ્વેષ વિનાના સમતાના સાગરમાં ઝુલતાં ને જીવમાત્રનું કલ્યાણ કરવાની મનોકામના રાખનારા છે. ખોટું ન બોલવાની પ્રતિજ્ઞાવાળા છે.

પંડિતજીને ચેન પડતું નથી. મારા શિષ્ય મારા સમાગમ-સહવાસથી જો ભવિષ્યમાં નરકગતિને પામતા હોય તો મારું નામ–જ્ઞાન અભડાઈ જાય. જ્ઞાન તારક, ઉદ્ધારક હોય ડૂબાડે નહિં. તો પછી શું કરું ? કોઈ પણ હિસાબે મુનિની ભવિષ્યવાણી જે શિષ્યોને આશ્રયી ઉચ્ચારી છે તે નરકગામી બન્ને શિષ્યને શોધવા, દુર્ગતિમાંથી બચાવવા જોઈએ. મારી એ ફરજ છે.

સ્મૃતિ આદિ ગ્રંથોમાં કહ્યું છે – "૧. ભાર્યા (પત્ની) જો પાપ કરે તો તે તેના પતિને લાગે, ૨. શિષ્ય જો અયોગ્ય આચરણ-પાપ કરે તો તેનું કારણ ગુરુ એમ સમજી તેને લાગે. ૩. પ્રજા જો પાપ બુદ્ધિવાળી થઈ હોય તો તેનો ભાર રાજાના શિરે આવે"* એટલે મારે કાંઈક કરવું જરૂરી છે.

હજી રાત્રીનો એક પ્રહર પૂરો થયો નથી. વિચારોમાં અટવાયેલા ક્ષીરકદંબક પંડિત નરકગામી વિદ્યાર્થીની શોધનો રસ્તો શોધતા હતા. ત્રણેની ઉંમર સરખી છે પણ સ્વભાવમાં અને સુખ-દુઃખ ભોગવવામાં ફરક છે. શું કરું ? કેવી રીતે નરકગામીને શોધું એ ચિંતા તેઓને સતાવતી હતી.

અચાનક શાસ્ત્રોની વાત યાદ આવી કે, ક્રિયાએ કર્મ પરિણામે બંધ – "જેના પરિણામ ખરાબ એ પાપી." એ સૂત્ર ઉપરથી તેઓએ લાખના ત્રણ કૃત્રિમ બકરા બનાવ્યા. અને તેને અશુભ ભાવે મારી નાખવા કોણ તૈયાર થાય છે તે શોધવાનું નક્કી કર્યું.卐

---

* યથા રાજા તથા પ્રજા. 卐 બકરાના સ્થાને કુકડાનો પણ ઉલ્લેખ આવે છે.

કર્મબંધની પદ્ધતિમાં લખેલા અક્ષરવાળા કપડાને પીલવાથી અક્ષર પીસાઈ જાય છે. તેથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. ચિત્રવાલા વસ્ત્રો ધોતી વખતે તેના ઉપર જો ધોકા મરાય, વસ્ત્રને પત્થર પર ઘસાય, પછાડાય તો ચિત્ર જે જીવનું હોય તે જીવને માર્યો, કિલામણા આપી તેમ માનવું પડે. તેથી આ બકરા દ્વારા દુર્બુદ્ધિવાળો વિદ્યાર્થી જૂદો તરી જશે.

સવાર થઈ, પંડિતજીએ ધર્મપુત્ર નારદને પાસે બોલાવ્યો. સામાન્ય વાત કરી છેલ્લે લાખના બનાવેલા બકરાને આપી કહ્યું... 'ગામ બહાર જઈ જ્યાં કોઈ ન જૂએ ત્યાં આ બકરાનો વધ કરી (મારી નાખી) પાછો આશ્રમે આવજે.'

નારદ પંડિતજીની વાત સાંભળી વિચારમાં પડ્યો. ફરી પૂછાય નહિં, કારણ સમજાય નહિં, આજ્ઞા ઉત્થાપાય નહિં. એવી પરિસ્થિતિમાં ગુરુને ચરણે પ્રણામ કરી એ નગરીની બહાર ગયો. માર્ગમાં એક એક ડગલે નારદ ગુરુની આજ્ઞા ઉપર મનન ચિંતન કરવા લાગ્યો. 'મારવાનું કહ્યું પણ જ્યાં કોઈ ન જુએ ત્યાં' એનો અર્થ શું ?

જિજ્ઞાસુ નારદે અભ્યાસ કાળમાં ચર્ચાયેલા અનેકાનેક પ્રસંગોને સ્વાધ્યાયરૂપે યાદ કર્યા. 'મારવું એ પાપ છે' તેમાંથી એ તારવી શક્યો. અને ન જુએ ત્યાં મારવાની પ્રવૃત્તિ માયાસહિત મિથ્યાત્વ છે. આમ આજ્ઞા પાળું તો હિંસા અને માયા વિ. પાપનું સેવન થાય અને આજ્ઞા પાળ્યા વગર પાછો જાઉં તો મારી વિવેક દ્રષ્ટિની પરીક્ષા થાય. મારે શું કરવું ? ક્ષુદ્ર વ્યક્તિ તેવો લાંબો વિચાર જ ન કરે.

છેવટે નારદે નિશ્ચય કરી એ બકરાને માર્યા વગર પાછો આશ્રમ જઈ ગુરુજીને આપ્યો. તરત ગુરુજીએ પૂછ્યું, આજ્ઞાનું પાલન ન કર્યું ?

નારદને ખબર જ હતી કે આવો પ્રશ્ન આવશે. વિનયપૂર્વક ગુરુજીને જવાબ આપતાં કહ્યું, ગુરુદેવ ! ચૈતન્ય રહિત બકરાને મારવો એટલે જીવંત બકરાનો વધ કરવા જેટલું પાપ થાય તેમ મને લાગ્યું. તેમજ કોઈ ન જૂએ ત્યાં આ કુકર્મ કરવાનું હતું પણ સંસારમાં એવી જગ્યા જ ન મળી. દરેક સ્થળે હું તો જોનારો હાજરા હજુર હતો જ એટલે આપની આજ્ઞા ન પાળી ક્ષમા કરો.

ક્ષીરકદંબક પંડિતે નારદની જેમ રાજપુત્ર વસુ અને પોતાના પુત્ર પ્રવર્તકને પણ બકરો આપેલો. તેમાં વસુ તો ક્ષત્રિય હતો, રાજપુત્ર હતો. કાંઈપણ વિચાર કર્યા વગર હિંસા કરવી, લડાઈ ઝઘડા કરવા એના લોહીમાં વણાયું હતું એટલે ગામ બહાર જઈ આ કુકર્મ કરી ગુરુદેવની આજ્ઞા પાળી ગુરુદેવને સમાચાર આપ્યા.

હવે રહ્યો પ્રવર્તક. થોડો મંદબુદ્ધિવાળો હતો. બુદ્ધિનો ઉપયોગ કર્યા વગર પિતાએ કહ્યું છે એટલે કાર્ય કરવું એમ માની જંગલમાં એક ગુફામાં જ્યાં કોઈ ન દેખાય ત્યાં કુકર્મ કરી પાછો ફર્યો. ન વિચાર કર્યો જીવહિંસાનો કે ન વિચાર કર્યો બ્રાહ્મણ જાતિનો !

ક્ષીરકદંબક પંડિત ત્રણે વિદ્યાર્થીઓએ કરેલી પ્રવૃત્તિ જાણી-સાંભળી નક્કી કરી ચૂક્યા કે, ધર્મપુત્ર સ્વર્ગગામિ છે અને રાજપુત્ર• તથા પોતાનો પુત્ર નરકગામિ છે. હવે તેમાંથી બચવા-બચાવવાનો ઉપાય શો ? મારો પુત્ર કે રાજપુત્ર નરકે જવાના જ કાર્યો ભવિષ્યમાં કરશે તો તેથી મારી આબરૂનું શું ? એ પુત્રોને દુર્ગતિમાંથી વારવા માટે અવશ્ય કાંઈક કરવું જોઈએ.

અચાનક પંડિતજીને યાદ આવ્યું કે, પાપ કરનાર તો પાપી જ છે. પણ તેમાં સાથ આપનાર કે આવા કાર્યથી પાછા ન વાળનાર પણ પાપી છે. આ રીતે સર્વપ્રથમ મારે પુત્રોને શુભ (સ્થૂલ) વિચારમાંથી આગળ વધી સૂક્ષ્મ વિચારો કરવામાં પ્રવિણ કરવા જોઈએ. કદાચ એમાં સફળ ન થાય તો ?

બસ, તે દિવસથી પુત્રોને વિવેકબુદ્ધિનું જ્ઞાન આપ્યું. સારાસારની સમજણ આપી. પુણ્ય-પાપની અને તેના ૧૦-૨૦-૧૦૦ ગણા પરિણામો ભોગવવા પડશે તે વાત શાસ્ત્રની રીતે સમજાવી. પણ પરિણામ શૂન્ય. જાતિ સ્વભાવ સુધરે નહિં તેમ એ બન્ને પુત્રો અશુભ પ્રવૃત્તિ કરવામાં મગ્ન હતા.

ઉપાય શોધવા ક્ષીરકદંબક પંડિત જે મુનિએ પુત્રની ભવિષ્યવાણી ઉચ્ચારી હતી, ત્યાં ગયા. કરુણાસાગર એવા ઉપકારી મહારાજને જૂની વાત યાદ કરાવી પુત્રની પાછળ મારી પણ દુર્ગતિ થતી હોય, થવાની હોય તો મારે એ કાર્યથી મુક્ત થવા, બચવા શું કરવું ? એ પૂછી લીધું.

મુનિરાજ તો જ્ઞાની હતા. સ્વાભાવિક રીતે શુદ્ધભાવે પુત્રોનું ભવિષ્ય ભાખ્યું હતું. હવે 'કરણ, કરાવણ અને અનુમોદન સરીખા ફળ પાવે' એ ન્યાયે પંડિતજીને મનનું સમાધાન કરવા વિચારીને કહ્યું, પંડિતજી ! આ નશ્વર સંસારમાં પિતા-પુત્ર આદિ સંબંધ આ જીવે ઘણા અનુભવ્યા. કોઈપણ સ્થળે સાક્ષી ભાવે જીવન જીવ્યા નથી. તેથી કર્મ બાંધી બીજા ભવે પણ ઋણાનુંબંધના કારણે એવી જ દયાજનક પરિસ્થિતિમાં સૌ ફસાય છે. પુત્ર વેરી પણ થાય ને સુખ અપાવનારો પણ થાય ને દુર્ગતિમાં પણ જાય.■ (શ્રેણિક–કોણિક વૈરી, શ્રેણિક–અભય સુખદાતા)

જો આ પરિસ્થિતિમાંથી બચવું હોય, મુક્ત થવું હોય, આત્માને અહિતકારી પ્રવૃત્તિથી છૂટો કરવો હોય તો દ્રવ્ય ને ભાવથી આ સંબંધો છોડવા-ત્યજવા ઘણા જરૂરી છે. એથી ખોટી અનુમોદના, અનુમતિ, અનુજ્ઞાદિના કાર્યો બંધ થશે. જ્યાં સંબંધ ઘટ્યો ત્યાં એ વ્યક્તિ દ્વારા થતી-થનારી પાપમય પ્રવૃત્તિની અનુમોદના પણ ઘટશે.

એકંદરે હે ભાગ્યશાળી ! સંસારથી વિરક્ત થઈ દીક્ષાને સ્વીકારવી એ સર્વોત્તમ માર્ગ છે. છેવટે જ્યાં સુધી આ કલ્યાણકારી માર્ગે ન જવાય ત્યાં સુધી સંસારમાં પણ વૈરાગ્યભાવે વિષય, કષાયની પ્રવૃત્તિ ઓછી કરી બચી શકાય છે. વ્રત, નિયમો સ્વીકારી સંસારમાં જળ કમળવત જીવી શકાય છે.

---

• ''રાજેશ્વરી તે નરકેશ્વરી''. ■ દીવા પાછળ અંધારું, છતે દીવે અંધારું, દીવાની નીચે અંધારું.

ઉપકારી ગુરુદેવની વાતો સાંભળી ક્ષીરકદંબક પંડિત જાગી ગયા. વૈરાગ્યવાન થઈ પાપભીરુ આત્મા જેમ પાપથી છૂટો થાય તેમ આત્મકલ્યાણ-સંયમના માર્ગે પ્રયાણ કર્યું. પુત્ર પરિવાર, સંસારીઓ, પડોસીઓ પંડિતજીના ન કલ્પેલા વિચાર જાણી-સાંભળી આશ્ચર્ય પામ્યા. મનોમન પંડિતજીના ત્યાગની અનુમોદના કરવા લાગ્યા. પંડિતજીએ 'જ્ઞાનસ્ય ફલં વિરતિ' એ સૂત્રને યથાર્થ કર્યું.

ક્ષીરકદંબકના સ્થાને પંડિતપુત્ર પ્રવર્તક હવે પોતાના શિષ્ય-વિદ્યાર્થીઓને સંસ્કૃત ■વિદ્યા ભણાવતા હતા. એક પ્રસંગે પોતાના વિદ્યાર્થીઓને તેણે 'અજૈર્યષ્ટમ્' આ વેદ વાક્યનો અર્થ 'બકરાવડે (બકરાનું બલિદાન કરી) યજ્ઞની ક્રિયા કરવી' એવો મનગમતો અર્થ કર્યો. યોગાનુંયોગ તે દિવસે ધર્મપુત્ર નારદ પણ પાઠશાળામાં ઊભા ઊભા આ ચર્ચા સાંભળતા હતા.

પ્રવર્તક પંડિતપુત્ર દ્વારા જે રીતે શબ્દનો અર્થ કરાયો છે, તે ખોટો હોવાથી નારદે મિત્રભાવે પ્રવર્તકને 'અજૈર્યષ્ટમ્' શબ્દનો સાચો અર્થ બતાડ્યો કે – 'જૂની (સાત વર્ષ પૂર્વેની)★ વ્રીહી દ્વારા યજ્ઞની ક્રિયા કરવી.'

નારદનો અર્થ વાસ્તવિક રીતે સાચો હતો. પણ પોતાના મુખે બોલાઈ ગયા પછી પાછા ફરી જવું એ પ્રવર્તકને ન ગમ્યું. *તેથી બન્ને મિત્રો વચ્ચે વાદવિવાદ* થયો. અંતે સહઅભ્યાસી જે અત્યારે વસુ રાજા તરીકે છે તે રાજપુત્રને લવાદરૂપે અર્થના સાચા-ખોટાપણા માટે નક્કી કર્યો. સાથે સાથે જેનો અર્થ ખોટો તેની જીભ ખેંચી કાઢવી તેવી શિક્ષા પણ નક્કી કરી.

આ વાત પ્રવર્તકની માતાને ખબર પડી. બન્ને પાસેથી ગંભીરતાપૂર્વક અર્થને પણ જાણી લીધા. માતાએ સ્વીકારી પણ લીધું કે, પુત્રનો અર્થ ખોટો છે, નારદ સાચો છે. પરંતુ જો રાજપુત્ર વસુ પુત્રના વિરુદ્ધ અર્થને ખોટો કહે તો ?

માતૃહૃદય ખળભળી ઊઠ્યું. પુત્રના રાગે-મોહે જોર કર્યું. ગમે તે પ્રકારે વસુરાજા નારદના અર્થને ખોટો અને પ્રવર્તકના અર્થને સાચો કહે તો પુત્ર ઉપરનું સંકટ ટળે. તેને જીવતદાન મળે. અન્યથા ?

માતાને વિચાર સ્ફુર્યો. એ વસુરાજા પાસે પહોંચી ગઈ. પંડિતજીના પત્નીને ઘણા સમયે જોવાથી વસુરાજા પણ આનંદીત થયા. ઘરના ક્ષેમકુશળ પૂછી રાજાએ કાંઈ કામ હોય તો જણાવવા કહ્યું.

માતાએ કહ્યું, પ્રવર્તક પુત્ર અને નારદ વચ્ચે થોડો વાદવિવાદ એક શબ્દના અર્થ બાબત થયો છે. તેઓ શબ્દનો સાચો અર્થ ક્યો તેનો ન્યાય કરવા આપની પાસે આવવાના છે. પૂર્વકાળમાં આપે એક વચન મને આપેલું તે આજે હું પૂર્ણ કરવા

---

■ વિનયેન વિદ્યાગ્રાહ્યા, પુષ્કલેન ધને નવા । અથવા વિદ્યયા વિદ્યા ચતુર્થં નૈવ કારણમ્ ॥

★ એક જાતનું જૂનું અનાજ. તે અચિત્ત જેવું હોવાથી ફરીથી ઉગવાનું નથી માટે 'અજ' કહેવાય છે.

આવી છું. મારા પુત્રનો અર્થ ખોટો છે, છતાં આપ જો સાચો કહેશો તો મારા પુત્રની જીભ સુરક્ષીત રહેશે, અન્યથા એ મરી જશે.

રાજા પંડિતજીના પત્નીની વાત સાંભળી મુંઝાઈ ગયા. પોતાની સત્યવાદી હરિશ્ચંદ્ર જેવી છાપ છે. તેથી સૌને મારું સિંહાસન અદ્ધર આકાશમાં છે તેવો અનુભવ થાય છે. હવે જો ખોટા અર્થને સાચો કહું તો ?

રાજાએ યોગ્ય થશે તેવો ટૂંકો જવાબ આપીને પંડિતજીના ધર્મપત્નીને ચિંતાથી મુક્ત કર્યા. પરંતુ જવાબ આપવામાં રાજદ્રોહ, ન્યાયદ્રોહ, પંડિતદ્રોહ, સત્યવચન દ્રોહ નજર સામે આંટા મારવા લાગ્યા. લાકડી તૂટે નહિં ને ભેંસ (સાપ) મરે નહિં' એવો જવાબ શોધવા લાગ્યા.

બે દિવસ બાદ પ્રવર્તક અને નારદ બન્ને અધ્યયન કાળના ગ્રંથો લઈ રાજસભામાં હાજર થયા. વસુરાજાને પ્રથમ સર્વવૃત્તાંત કહી સંભળાવ્યું. જે શબ્દનો અર્થ કરવો છે તે પણ લખી આપ્યો. ખોટો અર્થ કહેનારની જીભ કાઢી નંખાશે એ શિક્ષા પણ કહી. બસ, હવે રાજા જવાબ આપે તેટલી જ વાર હતી.

વસુરાજા આજે ઘણો ચિંતામાં હતો. ખોટું બોલે તો આબરુ જાય. સાચું બોલે તો પ્રવર્તકના પ્રાણ જાય. એક ક્ષણ સાચું બોલી પ્રવર્તકના પ્રાણને જોખમમાં મૂકી પછી રાજાજ્ઞા દ્વારા શિક્ષાને કેન્સલ પણ કરવાનો વિચાર કર્યો. પણ જે રીતે રાજાજ્ઞા અમલી થવી જોઈએ તે રીતે અમલી ન થાય તો ? મૃષાવાદનું પાપ પણ નજર સામે આવ્યું. હવે શું કરવું ? તે પ્રશ્ન હતો.

છેવટે આંખ બંદ કરી ઈષ્ટદેવનું સ્મરણ કરી રાજા જુઠું બોલ્યા. પ્રવર્તકનો અર્થ સાચો છે. રાજાના જવાબ સામે નારદને કાંઈ દલિલ કરવા જેવું ન રહ્યું. શિક્ષા અસત્યના ન્યાયે ભોગવવા એ તૈયાર થયો. પણ...

જે ક્ષણે રાજાએ જુઠું બોલી સત્યાસત્યનો ચુકાદો આપ્યો તેજ ક્ષણે રાજ્યની અધિષ્ઠાયીકા દેવીએ રાજાના સિંહાસનનો નાશ કર્યો. જે સિંહાસન આજ સુધી અદ્ધર દેખાતું હતું તે મટી ગયું. સાથોસાથ અયોગ્ય કાર્ય, સ્વાર્થ અને પ્રાપ્ત કરેલા જ્ઞાનની વિકૃતીના કારણે રાજાનું કમોતે મરણ થયું ! રૌદ્રધ્યાનથી મરી નરકે ગયા.

પ્રવર્તકનો આનંદ અલોપ થઈ ગયો. નારદ પણ એક ક્ષણ ન્યાય-અન્યાય, સાચું-ખોટું, યોગ્ય-અયોગ્યના વિચારમાં બીજાના દુઃખે દુઃખી થયો.*

પ્રજાને જ્યારે આ ઘટના સત્ય સ્વરૂપે સમજાઈ ત્યારે તે પણ સ્વીકારી બેઠી કે, ક્ષુદ્ર સંકુચિત વિચાર દુઃખદાઈ છે. માનવીએ જીવન સફળ કરવા અક્ષુદ્ર (વિશાળ વિચાર) વિચારવાળા બનવું જોઈએ.

---

* પ્રસન્નચંદ્રને મસ્તક ઉપરના મુગુટને શોધવા જતાં પોતાની ભૂલ સમજાઈ. બાહ્યરીતે કરેલા ધ્યાનને ધર્મના ઊંડાણમાં લઈ જવા તક મળી. યાવત્ કેવળી થઈ મોક્ષે પણ ગયા.

# પ્રશસ્ત રૂપ...

**શ્લોક :**

**સંપુન્નંગોવંગો પંચિંદિયસુંદરો સુસંઘયણો ।**
**હોઈ પ્રભાવણદેઉ ખમો ય તહ રુવવં ધમ્મે ॥૯॥**

**ભાવાર્થ :**

જેના અંગોપાંગ સંપૂર્ણ હોય, ઈન્દ્રિયો સપ્રમાણ ને સુંદર હોય, સંઘયણ ઉત્તમ હોય તેને રૂપવાન–સ્વરૂપવાન કહેવાય. અને તેવો જ (ભાગ્યવાન) પુરુષ ધર્મને દીપાવી શકે છે. ધર્મ પાળવામાં શક્તિમાન થઈ શકે છે. (૯)

**વિવેચન :**

ધર્મના દ્વારે પ્રવેશ માટેની યોગ્યતાના વિચારો અહીં રજૂ કરીએ છીએ.

શરીર વિજ્ઞાનની દ્રષ્ટિએ જે જીવને મસ્તક, છાતી, ઉદર (પેટ), પીઠ, બે સાથળ અને બે હાથ એમ આઠ અંગો સપ્રમાણ હોય, આંગળી વિ. ઉપાંગો પ્રમાણોપેત હોય અર્થાત્ ૩૨ લક્ષણવંત માનવી હોય તે યોગ્ય સ્વ-રૂપી કહેવાય.*

જેના શરીરમાં ખોડખાંપણ (ઉણપ) હોય, વિકલાંગ હોય, નામકર્મના પ્રભેદમાં (શરીર નામકર્મ) ક્ષતિ હોય, સંઘયણ સંસ્થાનમાં ખામી હોય, જન્માંધ કે રતાંધ હોય તેવા જીવોને છોડી બાકીના પંચેન્દ્રિય સુંદર સુશોભિત (બાહ્ય-અભ્યંતર) શરીરવાળા જીવોને પુણ્યવાન કહેવાય છે.

કર્મના કારણે યા ઉંમરના કારણે મનુષ્ય જન્મ પામ્યા પછી અશાતાવેદનીય કર્મના ઉદયે રોગી હોય, બોબડો, પ્રજ્ઞાચક્ષુ, મૂંગો કે બહેરો વિગેરે દોષવાળો હોય તો તેવા જીવે આર્તધ્યાન ન કરતાં શાંતિથી ધર્મારાધના કરવી હિતાવહ છે. સુકૃત્યની અનુમોદના પણ પુણ્ય બંધાવે, કર્મ ખપાવે છે, જ્યારે દુષ્કૃત્ય નવા પાપ બંધાવે એ વાત ભૂલવી નહિં.

સ્વરૂપવાનમાં રૂપ–બે પ્રકારના જો કલ્પવામાં આવે તો સહેલાઈથી ગુણ+રૂપ એવો એક વિભાગ ધર્મી તરીકે પ્રસિદ્ધિ પામે. કદાચ જીવનમાં ગુણ હોય અને પ્રશંસાપાત્ર રૂપ ન હોય તો પણ એવા આત્માને ધર્મની શ્રેણીમાં મૂકી-ગણી શકાય. પણ જે નિર્ગુણી હોય તેવો રૂપવાન કે કદરૂપો આત્મા સદ્ધર્મનો અધિકારી થવા યોગ્ય સમજાય નહિં. એટલા જ માટે રૂપવાનના સમકિતી અને મિથ્યાત્વી એવા ભેદ દર્શાવ્યા છે. ટૂંકમાં સ્વરૂપવાન સદ્ગુણના કારણે ધર્મી બની પ્રશંસાપાત્ર બને છે.

* સંપૂર્ણ શુદ્ધ શરીરધારીને અંજનશલાકા આદિ વિશિષ્ટ વિધિ-વિધાન કરવા માટે યોગ્ય કહેલ છે. બલિ માટે પણ ૩૨ લક્ષણવંતા બાળકની (અમરકુમારની જેમ) શોધ થાય છે.

કહેવાનું તાત્પર્ય એજ કે, ધર્મ માટે શરીર સ્વરૂપવાન જોઈએ તેવો વિચાર કરવાને બદલે વિધિ-વિધાન વખતે અંગ સુવિશુદ્ધ હોવું જોઈએ એ વાત સમજવા જેવી છે. વિકૃત કે અશુદ્ધ શરીર શુદ્ધ-પવિત્ર ક્રિયા માટે બાધક છે. મન, વચન, કાયા ઉપર જો કાબૂ હશે તો દરેક ક્રિયામાં સફળ થશો.*

જીવનમાં કર્મરહિત થવા માટે શીલ-તપ અને ભાવ અવશ્ય જોઈએ. શીલથી શરીર બળવાન થાય, તપથી કંચનવર્ણી કાયા થાય અને ભાવથી શરીર દ્વારા સિદ્ધિના શિખરે પહોંચાય. ટૂંકમાં ધર્મ જ શિવમંદિરે પહોંચાડે છે.

હિંસક, ક્રૂર, ચાંડાલ જેવા જીવોના રૂપ જોઈશું તો તરત અયોગ્ય છે તેમ ખ્યાલ આવશે. માટે દરેક ગુણવાન, સ્વરૂપવાન જીવ ધર્મના આલંબનથી કર્મરહિત, રૂપરહિત બની ક્રમશઃ શાશ્વત સુખનો ભોક્તા બને એજ ભાવના...

**સુવાક્યો :**

★ બાહ્યરૂપ છેતરે છે, અભ્યંતર રૂપ સન્માને છે.

★ રૂપનો કર્મ તથા શરીર સાથે સંબંધ છે પણ શરીર ક્ષણિક-નાશવંત છે.

★ રૂપ સારું મેળવવાની નહિં સારા થવાની ઈચ્છા રાખો.

★ જીભ-નાક-આંખ-કાનનો ઉપયોગ સારા સ્થળે કરો.

★ મનથી રૂપનું નહિં ગુણનું ચિંત્વન કરો.

★ રૂપ–ગુણ=૦, ગુણ+રૂપ=૧૦૦ ગણિતને સમજો.

**પદ :**

વગર ધોઈ તુજ નિર્મળી, કાયા કંચનવાન,
નહિં પ્રસ્વેદ લગાર, તારે તું તેહને જે ધરે તાહરું ધ્યાન...

**ચિંતન :**

## સ્વરૂપ કે સ્વ-રૂપ ?

'જર, જમીન ને જોરુ એ ત્રણે કજીયાના છોરૂ' તેમ 'રૂપ અને રૂપૈયા' પાછળ આજે દુનિયા ગાંડી થઈ છે. એ વાતને થોડી તટસ્થ બુદ્ધિથી તપાસીએ.

એ બાળકનું નામ વજ્ર. માતાનું નામ સુનંદા અને પિતાશ્રીનું નામ ધનગિરિ. જ્યારે વજ્રનો જન્મ થયો તેના ૧-૨ મહિના પૂર્વે પિતા ધનગિરિએ દીક્ષા લીધી હતી. હવે પુત્રોત્સવ કરવા ઘરમાં બીજું કોઈ ન હોવાથી બધો જ ભાર માતા સુનંદા ઉપર આવી પડ્યો હતો.

દયાળુ એવા અડોસી-પડોસીઓએ પુત્ર વજ્રના જન્મની ખુશાલી તો જરૂર મનાવી પણ સાથે સાથે ચર્ચા પણ ઊભી કરી કે, આજે જો પુત્રના પિતા હોત તો

---

★ સામાયિકના ૩૨ દોષમાં ૧૦ મનના, ૧૦ વચનના અને ૧૨ કાયાના દોષ છે. શ્રીપાળ રાજાએ તેથી જ સર્વપ્રથમ ભાવપૂજા કરી સિદ્ધચક્રની આરાધના કરેલ.

અનેરો આનંદ આવત. પણ શું થાય ? પિતાએ તો દીક્ષા લીધી. સાધુ થઈ આત્મ-કલ્યાણ કરે છે.

બાળ વજ્ર જ્યારે જન્મ્યો ત્યારે તેની જન્મ કુંડલીમાં ઉત્તમ ગ્રહ-નક્ષત્રો ભાવિની ચાડી ખાતા ચમકતા હતા. પિતા અને દીક્ષા એ બે શબ્દ વારંવાર તેના કાને પડતાં એ સ્વરૂપવાન–પુણ્યવાન બાળકને એ શબ્દોના કારણે, વિચારોના સહારે જાતિસ્મરણ જ્ઞાન થયું. હવે વજ્ર પણ આ જ્ઞાનના પ્રતાપે દીક્ષા શબ્દનો અર્થ સમજી ગયો.

"હા, જો મારા પિતાએ મને છોડી દીક્ષા લીધી છે, તો પછી મારે આ ઘરમાં રહી ફાયદો શો ?" એવા વિચારોના કારણે તેણે પણ દીક્ષા લેવાનું નક્કી કર્યું. માતાની રજા મેળવવા અપ્રગટ રીતે માતાનો પોતાના પ્રત્યેનો મોહ ઘટાડવા જ્યારે માતા ઘરે હોય ત્યારે આખો દિવસ રડવાનું શરૂ કર્યું. બાળક હોય કે મોટા હોય, સૌને રડવાથી પ્રાયઃ મનગમતું મળે છે. જો કે રડવાના ઘણા પ્રકારો સુપ્રસિદ્ધ છે.

માતા સુનંદાએ રડી રહેલા પુત્રને છાનો કરવા ઘણાં રમકડાં ભેગા કર્યા. અનેક વૈદ્યોને, જ્યોતિષીઓને પણ પૂછી આવી. પણ કાંઈ જ ફાયદો ન થયો. હકીકતમાં શરીરમાં રોગ હોય તો તે દવાથી મટે. સંસારમાં રહેવું હોય તો તેવા રમકડામાં મન પરોવાય પણ આ તો જુદું જ હતું. બીજી રીતે મનમાં રોગ હતો.

એક દિવસની વાત. ધનગિરિ મુનિ વિચરતા વિચરતા ગામમાં પધાર્યા. ગુરુની આજ્ઞાથી ગોચરી લેવા માટે મુનિ પોતાના ઘરે પણ આવ્યા. ગોચરી જતાં શિષ્યને ગુરુએ ગંભીર ભાષામાં કહ્યું કે, "મુનિ ! જો આજે તમને 'સચિત્ત ગોચરી' મળે તો તે પણ જરૂર લેતા આવજો."

ધનગિરિ મુનિ ગુરુની વાત તરત સમજી ન શક્યા પણ સમયવર્તે સાવધાન એમ નિર્દોષ ગોચરીની ગવેષણા કરતાં કરતાં પોતાના ઘરે પહોંચી ધર્મલાભ આપ્યો. સુનંદાએ પતિદેવને આવકાર આપી યોગ્ય ગોચરી વહોરાવી લાભ લીધો. સાથે સાથે બાળક ચોવીશે કલાક રડ્યા જ કરે છે, હું તો કંટાળી ગઈ છું. માટે ગોચરીમાં તેને પણ લઈ જાઓ તેવી વિનંતી કરી.

મુનિ એક ક્ષણ વિચારમાં અટવાઈ ગયા. ત્યાંજ યાદ આવ્યું ગુરુનું વચન ! તેઓ પણ સમજી ગયા કે, સચિત્ત ગોચરી મળે તો લાવજો એનો અર્થ આ જ છે. મુનિએ બીજી અડોશ-પડોશની પાંચ વ્યક્તિઓને બોલાવી બધાની સાક્ષીમાં બાળકને સ્વીકારી લીધો.

રડતું બાળક શાંત થયું. સુનંદા પણ જવાબદારીથી મુક્ત થઈ. મુનિ પણ એક આત્માનો ઉદ્ધાર થશે એમ સમજી આનંદીત થયા. મુનિ ગોચરી લઈ ઉપાશ્રયે ગુરુના ચરણે પહોંચી ગયા. ભાત-પાણી આલોવીને ગુરુદેવને સચિત ગોચરીના દર્શન કરાવ્યા. બાળકનું વજન સારું હોવાથી તરત ગુરુના શ્રીમુખે બાળકનું નામ પણ 'વજ્ર' પડી ગયું.

બાળક નાનું હતું તેથી તેનું લાલન-પાલન સાધ્વીજીના ઉપાશ્રયમાં શ્રાવિકાઓ સુવ્યવસ્થિત કરતી હતી. સાધ્વીજી પ્રસંગે પ્રસંગે શ્રુતજ્ઞાન ભણતાં અને રાત્રે મધુર અવાજે સ્વાધ્યાય કરતાં. આ રીતે સાધ્વીજીના શ્રીમુખે અગ્યાર અંગનો સ્વાધ્યાય વજ્રસ્વામી માટે પૂર્વકાળના જ્ઞાનને જાગ્રત કરનારો થયો. ત્રણ વર્ષની નાની ઉંમરમાં અગ્યાર અંગ કંઠસ્થ કરવાની તક ઝડપી લીધી.

શ્રીમતિને હવે પોતાના બુદ્ધિમાન, સમજદાર પુત્રને પાછો પ્રાપ્ત કરવાનો મોહ જાગ્યો. રાજસભામાં પ્રયત્ન કર્યો. રાજાએ પુત્રની જ્યાં ઈચ્છા હોય ત્યાં જવા છૂટ આપી. પરંતુ તેમાં શ્રીમતિને સફળતા ન મળી. હવે બધાની સંમતિથી વ્યવસ્થિત દીક્ષા શ્રીમતિએ અને બાળકે લઈ જીવનનું પ્રભાત ખોલ્યું.

વજ્ર માંથી બાળમુનિ વજ્રસ્વામી થયા. હવે તેઓ જ્યાં વિચરે ત્યાં તેઓના સુકુમાળ વદનને, તેજસ્વી લલાટને, રૂપ અને લાવણ્યને નિરખવા ટોળેટોળા આવતા થયા. અને મુક્ત મને કામદેવને ભૂલાવે તેવા રૂપના અને ગુણવંતોની બરાબરી કરાવે તેવા ગુણના ગુણગાન ગાતા. એક તો તીક્ષ્ણ–સૂક્ષ્મ બુદ્ધિ, બીજું બાળ નિર્દોષ ઉંમર પછી જોઈએ શું ? સૌના એ વ્હાલા થયા.

એક દિવસ ઉપાશ્રયમાં ધનાવાદ શેઠ આવ્યા. તેઓએ વજ્રસ્વામીના રૂપ-ગુણની ઘણી પ્રશંસા સાંભળી હતી. તેઓની એકની એક કોડભરી કન્યા રૂક્ષ્મણીએ પણ મનોમન નક્કી કર્યું હતું કે, આ ભવમાં પરણીશ તો વજ્રસ્વામીને. તેથી શેઠ વજ્રસ્વામીનું માગું કરવા આવેલા. લાખો સોનૈયા ચરણે ધરીશ કોડભરી કન્યા સ્વીકારો. ખાલી હાથે પાછો નહિં જાઉં. મારા ઉપર ઉપકાર કરો, મારી વાત સ્વીકારો.

પણ... આ તો ત્યાગી, વૈરાગી, જ્ઞાની, ધ્યાની, બ્રહ્મચારી બાળમુનિ હતા. શેઠની માગણી કેમ પૂર્ણ કરાય ? કન્યાને સમજાવવા બીજો માર્ગ અપનાવવા સામાન્ય રૂપની પાછળ પાગલ ન થવા વજ્રસ્વામીએ પ્રયત્ન શરૂ કર્યો. તેઓએ કહ્યું...

ભ. વાસુપુજ્યસ્વામીના પુત્રની પુત્રી રોહિણીએ જીવનભર દુઃખને જોયું નહોતું. કારણ... પૂર્વના દુર્ગંધિના ભવમાં એ જીવે ગુણસાગર મુનિના ઉપદેશથી કાયાથી, સ્પર્શથી, ગંધથી, રૂપથી અસહ્ય એવા ઉપસર્ગોને સમભાવે સહન કર્યા હતા. રોહિણી તપની ઉત્તમ પ્રકારે આરાધના કરી હતી. બીજા મને દુઃખ આપે, અપશબ્દ બોલે કે તીરસ્કાર કરે તો પણ મારે પ્રતિકાર કરવો નહિં. સમભાવ રાખવો. એવા નિર્ણયથી જે શાતાવેદનીય કર્મ બાંધ્યું તેના કારણે આ ભવે સુંદર સ્વરૂપવાન થઈ. જીવનમાં દુઃખી ન થઈ. દુઃખ શું છે તે સ્વપ્નમાં પણ ન જોયું.

જ્યારે મૃગાલોઢીયો રાજપુત્ર હતો, છતાં આ ભવમાં અશાતા ભોગવતો હતો. હરિકેષી અને મેતારજ મુનિ નીચ કુળમાં જન્મ્યા પણ ઉચ્ચ કુળને શોભે તેવા

તેઓમાં વિચાર પ્રગટ્યા. સગરચક્રવર્તિ પુણ્યથી છ ખંડના સ્વામી થયા. ઇન્દ્રે ઐશ્વર્ય અને રૂપની પ્રશંસા કરી તેના કારણે દેવતા જોવા આવ્યા. ત્યારે અચાનક ભાન ભૂલી રૂપનું મદ-અભિમાન કરતાં ૧૮ રોગોના શિકાર બન્યા.

તીર્થંકર પરમાત્મા ગણધરાદિના રૂપની તુલનાએ આ જગતમાં બધા રૂપ ક્ષણિક છે. ભરતચક્રીના હાથની આંગળીમાંથી વીંટી પડી જવાથી એ અનિત્યાદિ ભાવના ભાવતા કેવળી થયા. માટે ભાગ્યશાળી રૂપ ક્ષણિક છે, ક્ષણભંગુર છે. એ વાત ભૂલતા નહિં. એક વાત યાદ રાખજો કે, ગુણવાનના જીવનમાં અલ્પ પણ ગુણ હોય તો તેનું રૂપ તેને ધર્મમાં સ્થિર કરે છે, તે પ્રશંસા પામે છે. પ્રાયઃ જે ગુણવાન હોય તે પુણ્યવાન હોય અને જે પુણ્યવાન હોય તે સ્વરૂપવાન પણ હોય.*

રૂપને પુણ્ય સાથે ઘણો નજીકનો સંબંધ છે. જ્યારે પુણ્યને ધર્મધ્યાન, ધર્મલેશ્યા કે શુદ્ધ પરિણતિ સાથે ગાઢ મૈત્રી છે. જો પુણ્યવાન આત્મા ધર્મધ્યાન કરે તો પ્રાયઃ અલ્પ કે મહદ્ અંશે બાહ્ય કે અભ્યંતર રીતે રૂપવાન થાય. હકીકતમાં વિવેકી આત્મા રૂપને નહિં ગુણને જુએ છે. રૂપવાન હોય અને જીવનમાં ધર્મ ન હોય તો તે સર્વત્ર અનાદર, અપમાન પામે છે. અશાતા ભોગવે છે. જ્યારે એજ શરીર ઉપર જો કોઈની દયાનો વરસાદ વરસે, રોગી-નિરોગી થાય તો બધા તેના ઈચ્છીત કામ શરૂ કરી ધન્યતા અનુભવે. જેનામાં નીતિમત્તા હોય, પરમાર્થ કરવા માટે તૈયારી હોય તેના મુખ ઉપર અનેરું તેજ દેખાય છે.

સ્વરૂપની સાથે ઋણાનુબંધની પણ ક્યારેક સીધી કે આડી અસર હોય છે. મયણાસુંદરી રાજપુત્રી, રૂપ રૂપનો અંબાર છતાં કર્મ સિદ્ધાંતે કોઢીયા ઉંમરરાણા કુંવરને પરણી. સદ્ભાગ્યે કુંવર રાજપુત્ર નીકળ્યો. જે રોગી હતો તે કંચનવર્ણી થયો. તેમાં પણ ઊંડે જોઈશું તો પૂર્વભવનું, વર્તમાન ભવનું ધર્મનું શરણું જ કામ કરે છે, અસર થાય છે. જ્યારે તેની બેન સુરસુંદરી દુઃખી દુઃખી થઈ. ભાગ્યને સુધારવા જેમ ધર્મ જરૂરી છે તેમ રૂપને વ્યક્ત કરવા માટે પાવડરની નહિં પણ મધુર હાસ્ય કે સદ્ગુણની જરૂર છે.

વર્તમાન કાળમાં ઘણા કદરૂપા પોતાના કુરૂપને છૂપાવવા, સ્વરૂપવાન દેખાવા વિવિધ પ્રયત્ન કરે છે. ચારે બાજુ વલખા મારે છે. પણ કર્મના સંયોગે જે રૂપ મળ્યું છે તેમાં કાંઈ સુધારો થવાનો નથી. પૂર્વભવમાં જીવદયાનું ઉત્તમ પાલન કરનાર આ ભવે શાતાવેદનીય કર્મ ભોગવે છે. સ્વરૂપવાન થાય છે. જીવનમાં સુખ-દુઃખ, તડકા-છાંયડા આવ્યા જ કરવાના છે. માટે સુખમાં ઘેલા ને દુઃખમાં ઢીલાં થવાની જરૂર નથી. બન્ને અવસ્થામાં પ્રસન્ન રહો. હસતા રહો.

શાસ્ત્રમાં એક મહિયારણની વાત આવે છે. મટકી ભરી તે ગામમાં દહીં વેચવા

---

* કોકીલકંઠી બહેનો પ્રાયઃ સ્વરૂપવાન ન હોય. કાનધેનુ ગાય કાળી હોય છતાં આંખોને ગમે તેવી હોય.

જતી હતી. એવામાં ચાલતાં ઠોકર વાગવાથી તે મટકી ફૂટી ગઈ અને દહીં ઢોળાઈ ગયું. દુઃખી દુઃખી થઈ પણ તે હસતી હતી. વટેમાર્ગુઓએ નુકસાન થયું છતાં કેમ હસે છે ? એમ પૂછ્યું. મહિયારણે કહ્યું, શું કરું ? રાજાની રાણી હતી. રાજા ગયો તો શેઠને નોકરાણી થઈ. આ રૂપે ત્યાં પણ સુખ ન આપ્યું એટલે હવે મહિયારણ થઈ. મારો રોટલો આ દહીંમાં છૂપાયો હતો તે પણ આજે ઢોળાઈ ગયું. હવે તમે જ કહો, આ કર્મે શરમ નથી રાખી તેથી દુઃખની સામે રડું કે હસું ?

ગમે તે હોય પણ રૂપને પચાવનાર, સુખની વૃદ્ધિ કરનાર, પ્રીતિ-મૈત્રીના માર્ગે ચઢાવનાર જો કોઈ હોય તો તે ધર્મ છે.

ધર્મનું બીજું પગથિયું સ્વ(આત્મા)રૂપ (ઓળખાણ)ને પ્રાપ્ત કરી સૌ જીવનને સુશોભિત કરે એજ ભાવના...

જીવનના ઉત્થાન માટે ચાર ચીજો –

(૧) સમજદારી – જ્ઞાન

(૨) ઈમાનદારી – દર્શન

(૩) જવાબદારી – ચારિત્ર

(૪) બહાદૂરી – તપ.

卐



# સૌમ્ય-શાંત પ્રકૃતિ

**શ્લોક :**

**પયઉસોમસહાવો, ન પાવકમ્મે પવત્તઈ પાયે**
**હવઈ સુહસેવણિજ્જો, પસમનિમિત્તં પરેસિંપિ. ॥૧૦॥**

**ભાવાર્થ :**

જે સ્વભાવથી શાંત પ્રકૃતિવાળો હોય, તે પ્રાયઃ પાપપ્રવૃત્તિમાં પ્રવર્તતો, રમતો આનંદને પામતો નથી. તેથી તે જીવ સુખ ભોગવવાલાયક પુરવાર થાય છે. ઉપરાંત બીજા જીવોના કર્મને પણ ઉપશમન (શાંતિથી ભોગવી લેવાની દ્રષ્ટિ) કરવા નિમિત્તરૂપ (પ્રેરણારૂપ) બને છે. (૧૦)

**વિવેચન :**

આ જીવને શાતાવેદનીય કર્મના ઉદયે ક્ષમા-સમભાવાદિ કારણે સૌમ્ય–卐શાંત સ્વભાવ પ્રાપ્ત થાય એમ કહીશું તો તે કાંઈ ખોટું નથી. તેજ રીતે જે બીજાને દુઃખ આપે, વિચારો ખરાબ કરાવે, આર્ત–રૌદ્રધ્યાની થવા નિમિત્તરૂપ બને એ અશાતાવેદનીય કર્મ નવા બાંધે છે એમ કહી શકાય. સુખ આપે સુખ, દુઃખ આપે દુઃખ મળે.

મુખ્યત્વે સુખ ભોગવવાની લાયકાત–યોગ્યતા જેણે બીજાને આ ભવમાં કે પરભવમાં સુખ–શાંતિ સદ્‌ભાવના આપી છે તેવી વ્યક્તિમાં છૂપાઈ છે. જેના મન-વચન-કાયા શાંત છે, ગંભીર છે તેજ ધર્મ આચરવા માટે સાચો અધિકારી છે. પાપનો બંધ ચંચળ મન, વચન, કાયા, વિષય, કષાય વિગેરેથી થાય છે. જીવ આ રીતે અશાંત મનાદિના કારણે ઈચ્છાએ કે અનિચ્છાએ કારણસર કે વિનાકારણ પાપથી દંડાય છે. નિકાચિત કર્મ પણ બાંધી લે છે.

સુજ્ઞ પુરુષોએ તેથી જ કહ્યું છે કે, જીવનમાં શાંત–સૌમ્ય પ્રકૃતિ (સ્વભાવ)ને સ્થાન આપો. જે શાંત છે તે બીજાને શાંત કરે. જે તામસ છે તે બીજાને તામસ કરે. જેવું વાવશો તેવું લણશો–મેળવશો.

જગતમાં પ્રસિદ્ધ છે કે, ધર્મ-મંગળ કરનાર છે, કલ્યાણ કરનાર છે. તેમજ સર્વત્ર સર્વોત્તમ સ્વરૂપે પ્રસિદ્ધ છે.★ આવો ધર્મ જીવનમાં ક્યારે આવે ? જીવનમાં ક્યારે પરિણમે ? જ્યારે જીવનમાં ધર્મને શોભે તેવા આચાર વિચાર હોય. ધર્મસ્થાનકોમાં જઈએ પણ જિનમંદિરની આશાતનાથી ન બચીએ તો જ્યાંથી મેળવવાનું છે ત્યાં ખોઈ બેસીશું.

---

卐 ક્ષમાના પાંચ પ્રકાર છે. (૧) ઉપકાર ક્ષમા, (૨) અપકાર ક્ષમા, (૩) વિપાક ક્ષમા, (૪) વિચાર ક્ષમા, (૫) સ્વભાવ ક્ષમા.

★ 'કેવલી પન્નત્તો ધમ્મો મંગલં' આદિ.

યાદ રાખો ખોઈ બેઠાં પછી મેળવવા અનેક જન્મ ઓછા પડશે.

આજ કારણે અશાંત પ્રકૃતિનો નિર્માણદાતા યા પાપના દ્વારો મન, વચન, વર્તન, જીવન આદિને ઓળખી લો. ચંચળ વૃત્તિ જે નુકસાનકારક છે, તેને ત્યજી દો. તેજ રીતે જો ધર્મવાસિત થવું હોય તો ગુણવાસિત થાઓ. સૌમ્ય–શાંત, સરળ સ્વભાવી જીવના જીવનમાં જ ધર્મનો વાસ છે એ વાતને સ્વીકારો.

**સુવાક્યો :**

★ શત્રુ કે મિત્ર પર ક્ષમા રાખવી તે સાધુનું ભૂષણ છે. પણ અપરાધી પર ક્ષમા રાખવી તે રાજાનુ દૂષણ છે.

★ ધર્મ–આત્માને પવિત્ર થવા મદદરૂપ થાય છે.

★ સૌમ્ય સ્વભાવ, કટુવાણી, વિષય કષાયોને ઠારશે.

★ જડ પદાર્થોની અજ્ઞાનતા જીવનમાં સૌમ્યતાને આવવા ન દે.

★ આત્માને મલિન થવા માટેનું કારણ આર્ત-રૌદ્ર ધ્યાન છે.

★ જીવનમાં જો કકળાટ કે ઉકળાટ હોય તો શાંતિ ન હોય.

★ ભૂમિ ને પ્રકૃતિ બન્ને સારાં-નરસાં અનુભવ કરાવે છે.

**પદ :**

મનુષ્યનું આભૂષણ રૂપ છે, રૂપનું આભૂષણ ગુણ છે,
ગુણનું આભૂષણ જ્ઞાન છે, જ્ઞાનનું આભૂષણ ક્ષમા છે.
મારો નિશ્ચય બસ એક જ સ્વામી બનું તમારો દાસ,
તારા નામે ચાલે મારા શ્વાસોશ્વાસ....

**ચિંતન :**

## આજ્ઞાપાલક – શિષ્ય...

**વિદ્વત્વં ચ નૃપત્વં ચ, નૈવ તુલ્યં કદાચન ।**
**સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે ।**

આ જગતમાં સ્વભાવની દવા નથી.

જે નગરીમાં બારમા તીર્થપતિ શ્રી વાસુપૂજ્ય ભ.ના ક્ષેત્રસ્પર્શનાના કારણે પાંચે કલ્યાણકો થયા હતા તે ચંપાપુરી નગરીના ઉદ્યાનના શાંત વાતાવરણમાં કૌશિકાર્ય ઉપાધ્યાય પોતાના અંગર્ષિ અને રૂદ્રક નામના શિષ્યો સાથે રહેતા હતા.

*વિદ્યાભ્યાસનો વ્યસની અંગર્ષિ સ્વભાવે શાંત, મિલનસાર, ન્યાયપ્રિય,

★ વિદ્યાભ્યાસીના આઠ ગુણો. (૧) હાસ્ય નહીં કરનાર, (૨) ઈન્દ્રિય દમન કરનાર, (૩) શ્રેષ્ઠ આચાર પાળનાર, (૪) મર્મ ન બતાવનાર, (૫) અખંડિત આચાર ધરનાર, (૬) રસમાં આસક્ત ન થનાર, (૭) ક્રોધ ન કરનાર, (૮) સત્યમાં રક્ત રહેનાર.

જિજ્ઞાસુ અને વિવેકી હતો. વિદ્યાગુરુના વચનનું કોઈપણ દિવસ ઉત્થાપન કરતો ન હતો. કષ્ટ પડે તો પણ સંપૂર્ણ પાલન કરવાના સ્વભાવવાળા હોવાથી વિદ્યાગુરુનો પ્રીતિપાત્ર બન્યો.

રૂદ્રક – જડબુદ્ધિવાળો અને અંગર્ષિથી વિરુદ્ધ સ્વભાવવાળો હતો. બીજા શબ્દમાં એક પાણી જેવો નિર્મળ તો બીજો અગ્નિ જેવો જ્વલન ! આવી વિરુદ્ધ પરિસ્થિતિના કારણે દરેક વખતે રૂદ્રક નબળો પડતો. ઈર્ષા–અદેખાઈથી હરહંમેશ અંગર્ષિના છીદ્રો–દોષો શોધ્યા કરતો. ફળ સ્વરૂપ એનું મન અધ્યયનમાં ચોટતું નહિં. કરવા યોગ્ય પ્રવૃત્તિ એ કરી શકતો નહિં. ભૂલી જતો.

એક દિવસ ઉપાધ્યાયે બન્નેને વહેલી સવારે જંગલમાં ઈંધણ લેવા મોકલ્યા. અંગર્ષિ તો પ્રાતઃકર્મ કરી ઉતાવળે જંગલની વાટે પહોંચી ગયો, પણ રૂદ્રક આળસુ હોવાથી જવામાં વિલંબ કર્યો.

આ સંસારમાં પ્રમાદિ જીવો પ્રવૃત્તિ કરે ખરી, પણ * પ્રમાદ-આળસના કારણે સમય અને શક્તિને વેડફીને. આખો દિવસ ખાવામાં, જોવામાં, ભોગવવામાં અને ઉંઘવામાં સમય બગાડે. રૂદ્રકે પણ ગુરુની આજ્ઞા ભૂલી જઈ ઈંધણ લેવાને બદલે રસ્તામાં દૂતાવાસ અને નાટક જોવામાં મધ્યાહ્ન સુધીનો સમય પૂરો કર્યો.

અચાનક ગુરુની આજ્ઞા યાદ આવી એટલે ઊભા પગે દોડતો દોડતો જંગલમાં પહોંચ્યો. કુદરતી રીતે અંગર્ષિને માર્ગમાં લાકડાંનો મોટો ભારો ઉપાડી આવતો જોઈ રૂદ્રકને શરમ આવી. હવે શું કરૂં ? એ વિચારતા નદીના કિનારે નાના છોડવાની આડમાં છૂપાઈ ગયો. જ્યારે અંગર્ષિ આગળ વધી ગયો ત્યારે નદીના કિનારે લાકડાં વિણવા રૂદ્રક આગળ વધ્યો.

નદી કિનારે એક વૃદ્ધા પોતાના પંથકનામના પુત્રને ભોજન આપી, લાકડાં લેવા આવેલી. ભેગા કરેલા લાકડાંનો ભાર ઉપાડી નગરી તરફ જતી હતી. લાકડાંના ભારના કારણે, ઉંમરના કારણે વૃદ્ધા કમરથી વળી ગઈ હતી. ચાલવામાં પણ તકલીફ થતી હતી. પણ શું કરે ? માંડ માંડ જીવનનો પંથ પૂર્ણ કરતી હતી. તેવી દયાનજક જ્યોતિર્યશા વૃદ્ધાને રૂદ્રકે જોઈ મનમાં કરૂણા–દયા લાવવાને બદલે તે વૃદ્ધાની સાથે

---

★ **ધર્મ શ્રવણાદિમાં અંતરાયભૂત ૧૩ કાઠિયા :**

(૧) **આળસ** – સંસારમાં અપ્રમત, ધર્મમાં પ્રમાદ લાપરવાહી સેવનાર. (૨) **મોહ** – સંસારના આકર્ષણથી ધર્મમાં ઉપેક્ષા કરનાર. (૩) **અવજ્ઞા** – અવર્ણવાદી, નિંદક, જિનાજ્ઞાની ઉપેક્ષા કરનાર. (૪) **સ્તંભ** – ગુણીનો આદર-બહુમાન ન કરનાર. (૫) **ક્રોધ** – કડવા ફળ ક્રોધના છે, જાણે છતાં ન ત્યજનાર. (૬) **પ્રમાદ** – ચાર વિકથાઓનો અનુરાગી. (૭) **કૃપણતા** – સાંસારીક કાર્યમાં ઉદાર, ધર્મમાં કૃપણતા રાખનાર. (૮) ભય – લજ્જા, નિંદા, શત્રુ આદિથી બહાર ન જનાર. (૯) **શોક** – પ્રિયજનોના મોત આદિથી વિયોગ. (૧૦) **અજ્ઞાન** – મૂઢતા, અશ્રદ્ધાવાન. (૧૧) **વ્યાક્ષેપ** – વિચારોમાં ચંચળ, અસ્થિર. (૧૨) **કુતુહલ** – કોને શું થયું ? કોણે શું કહ્યું ? (૧૨) **રમણ** – રમતો જોવામાં, ખેલવા-કૂદવાના વ્યાયામમાં સમય પૂરો કરે.

ઝઘડી પડ્યો. એટલું જ નહિં પણ વિના કારણે વૃદ્ધાને માર મારી તેનો ભાર ઉપાડી ઉતાવળે પગલે ટૂંકા રસ્તે આશ્રમની વાટે ચાલી નીકળ્યો.

રૂદ્રકને ડર હતો કે જો અંગર્ષિ મારી પહેલા આશ્રમમાં પહોંચી જશે તો મારી બાજી બગડી જશે એટલે એક શ્વાસે જલદી પંથ કાપતો એ આશ્રમે પહોંચ્યો. ત્યાં જઈ થાક ઉતારે તે પહેલાં જ ઉપાધ્યાયજીને ઘબરાતા નાટકીયા સ્વરે કહ્યું...

‘‘ઉપાધ્યાયજી, ઉપાધ્યાયજી, ભારે થઈ છે. તમારા માનીતા, લાડીલા અંગર્ષિ શિષ્યે લાકડાં કાપવાના બદલે એક જ્યોતિર્યશા વૃદ્ધાનું જીવન જંગલમાં ટૂંકુ કરી નાખ્યું છે. તેને માર મારી તેનો લાકડાંનો ભારો ઝૂંટવી–ઉપાડી થોડીજ વારમાં આપની પાસે આવશે. આવું કાળું કૃત્ય કરતાં એને સહેજ પણ શરમ ન આવી. તેથી હું તમોને સમાચાર આપવા ઉતાવળે આવ્યો છું. હાથીના દાંત બહારના જૂદા અંદરના જૂદા, જે બહારથી સારા હોય તે અંદરથી કેવા કાળા હોય તેનું આ ઉદાહરણ છે.’’

ઉપાધ્યાયજી રૂદ્રકની વાત સાંભળી એક ક્ષણ અવાક થઈ ગયા. શું અંગર્ષિએ સાચે જ આવું કર્યું હશે ? જો એમ જ હોય તો તેવા અયોગ્ય શિષ્યને આશ્રમમાં રખાય જ કેમ ? તેટલામાં જ અંગર્ષિ લાકડાંનો ભારો ઉપાડી આશ્રમમાં આવ્યો. તેનું મુખ તડકાના કારણે લાલચોળ થઈ ગયું હતું. આખું શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું હતું. શાંતિનો શ્વાસ લેવા ભારાને જમીન ઉપર મૂકી એક ક્ષણ ઊભો રહ્યો ત્યાંજ ઉપાધ્યાયે ક્રોધાવેશમાં આવી કહ્યું...

‘‘પાપી, અહિંથી નીકળી જા. મારી નજર ન પડે ત્યાં સુધી દૂર દૂર ચાલ્યો જા. તું પાપી છે. તારા કારણે મારુ અને આશ્રમનું નામ કલંકિત થશે. કુકર્મ કરનારનું મોઢું જોવામાં પણ પાપ લાગે. આવો મનનો મેલો હોઈશ તેવી કલ્પના પણ મને નહોતી.

ઉપાધ્યાયે કઠોર વચન કહી કાંઈપણ પૂછ્યા–સાંભળ્યા વગર અંગર્ષિનો હાથ પકડી આશ્રમની બહાર કાઢી દરવાજો બંધ કર્યો. હવે ઉપાધ્યાયજીને મનમાં શાંતિ થઈ. અસત્ય વચન બોલનાર રૂદ્રક પણ વેરની વસુલાત બરાબર થઈ તેથી મનમાં ને મનમાં આનંદીત થયો.

વગર વાંકે શિક્ષા પામેલ અંગર્ષિ સમતાભાવે પોતાના કર્મને દોષ આપતો નગરીની બહાર ધીરે ધીરે પહોંચી ગયો. કડકડતી ભૂખ લાગી હતી, ગળું સુકાઈ ગયું હતું. ક્યાં જવું ? કોની પાસે ખાવાનું માગું ? એ વિચારે એક ઝાડની નીચે પત્થર પર બેઠો.

એક ક્ષણ આંખો બંધ કરી વિચાર્યું કે, જે ચંદ્ર હંમેશાં શિતળતા જ આપે તેમાંથી અંગારાની વૃષ્ટિ કેમ થાય ? તેમ આજે પ્રિયવાદી, હિતકારી, મીઠાં મધુર શબ્દ ઉચ્ચારનારા ગુરુદેવના શ્રીમુખેથી આવો અગ્નિનો વરસાદ મારા ઉપર કેમ થયો ? શું તેમાં ગુરુદેવની સમજફેર છે ? ના... ના... એ તો બધું મારાજ પાપકર્મોનો ઉદય છે. ઉપાધ્યાયજી તો નિમિત્તરૂપ છે.

અંગર્ષિ શાંત ચિત્તે પોતાનાથી થયેલા જાણ્યા અજાણ્યા અપરાધને શોધવા લાગ્યો. મનમંદિરના બારણાં ખખડાવી મલિનતાના ડાઘને પ્રાયશ્ચિત્તથી શુદ્ધ કરવા પાપની આલોચના મન-વચન-કાયાથી કરવા લાગ્યો. આજ સુધી પ્રાપ્ત કરેલા જ્ઞાનને અનુપેક્ષાની સહાયથી ખૂબ ઉંડે ચિંતન-મનન કરી પાપની બંધાયેલી ગાંઠોને ખોલવા લાગ્યો. આ પ્રસંગે જો આર્તધ્યાન કર્યું હોત તો રૌદ્રધ્યાન સુધી આત્માના પરિણામ પડી જાત. પણ ધર્મધ્યાનનું શરણું લીધું તો આત્મા અવશ્ય શુકલધ્યાન સુધી પહોંચી જશે તેવો અંગર્ષિને અનુભવ થવા લાગ્યો.

જ્યાં પાપની કાલિમા જ નથી ત્યાં શુદ્ધિકરણને અવકાશ ક્યાં ? અરિહંત પરમાત્માની સાક્ષીએ, સિદ્ધ પરમાત્માની સાક્ષીએ, ત્યાગી-તપસ્વી-જ્ઞાની ગુરુઓની સાક્ષીએ મન-વચન-કાયાથી જાણતા અજાણતાં કરેલી-કરાવેલી-અનુમોદેલી વિરાધના માટે અંગર્ષિએ બે હાથ જોડી ક્ષમા માંગી, પાપનું સાચું પ્રતિક્રમણ કર્યું.


ભોજન કરવાથી ભૂખ ભાંગે, પાણી પીવાથી તરસ છીપાય અને સ્નાન કરવાથી શરીર ઉપરનો મેલ દૂર થાય તેમ અનંત શક્તિશાળી આત્માની સાક્ષીએ પ્રાયશ્ચિત્તના માધ્યમથી અંગર્ષિ પવિત્ર જ નહિં પણ કેવળજ્ઞાની થઈ ગયા. ઘાતીકર્મ સર્વથા દૂર થયા. જે કલ્પ્યું ન હતું એ જીવનમાં પ્રાયશ્ચિત્તથી પ્રાપ્ત થયું.

નજીકના ક્ષેત્રદેવતાદિદેવો કેવળજ્ઞાનીનો ઉત્સવ કરવા દોડી આવી કેવળીનો મહિમા વધાર્યો. ઉચ્ચસ્વરે સ્તુતિ–સ્તવનાદિ કરી. શંકાના સમાધાન રૂપે કેવળીને કેવળજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થયું અને તેઓની ઉપર મૃષાવાદથી રૂદ્રક દ્વારા કરાયેલા આક્ષેપ-આરોપ અયોગ્ય, અસત્ય, અનુચિત છે તેવી ઉદ્‌ઘોષણા પણ ક્ષેત્ર દેવતાએ કરી.

કૌશિકાર્ય ઉપાધ્યાયે જ્યાં આકાશવાણીના વચનો સાંભળ્યા, ત્યાં સત્ય-અસત્ય સમજવા પ્રયત્ન કર્યો. ક્રોધાવેશમાં આ જીવે વિનાકારણે તપાસ કર્યા વગર અંગર્ષિને ઠપકો આપી આશ્રમની બહાર કાઢી તેની વિડંબણા કરી તે માટે ઘણાં દુ:ખી થયા. જે સ્થળે અંગર્ષિને કેવળજ્ઞાન થયું હતું ત્યાં ઉતાવળે પગલે લોકોની સાથે જઈ કેવળજ્ઞાનીની કરેલી આશાતના માટે ખરા અંત:કરણથી ક્ષમા માંગી ધન્ય બન્યા.

બિચારા રૂદ્રકની સ્થિતિ ઘણી દયાજનક થઈ. ચોતરફથી અપમાન, ફીટકારને મુંગા મોઢે સહન કરતો, શરમાતો અંગર્ષિઋષિ પાસે આવી પોતાના અયોગ્ય સ્વભાવના કારણે થયેલી અવહેલના–આશાતના માટે માફી માગવા લાગ્યો. લોકો દ્વારા થતી નિંદાનો પ્રતિકાર કર્યા વગર આંખમાં પશ્ચાતાપના આંસુ લાવી પવિત્ર થવા આત્મનિંદા કરવા લાગ્યો.

અને... સ્વભાવ બદલાતા પરિણામ બદલાયા. ક્રમશઃ સમતાનો સાગર થયો. ધર્મના દ્વારે ગયા પછી દુર્ગુણને નિમિત્ત મળવાથી ત્યજી દીધા. કાળક્રમે કેવળી પણ થઈ ગયા. ધન્ય છે અયોગ્ય સ્વભાવને જાકારો આપી વિજયની વરમાળા પહેરનાર આત્માને ! ●





# લોકપ્રિય...

**શ્લોક :**

**ઈહપરલોયવિરુદ્ધં ન સેવએ દાનવિણયસીલડ્ઢો ।**
**લોઅપ્પિઓ જણાણં જણેઈ ધમ્મંમિ બહુમાણં ॥૧૧॥**

**ભાવાર્થ :**

**જે આલોક અને પરલોકમાં લોક વિરુદ્ધ કાર્ય હોય તેવું કરતો–સેવતો ન હોય તથા દાન, વિનય, શિયળાદિ ધર્મથી–ગુણથી યુક્ત હોય, તેને 'લોકપ્રિય' કહેવાય છે. તેથી (તેના ઉત્તમ આચરણથી) બીજા માણસોને પણ તે ધર્મ પ્રત્યે આકર્ષ–બહુમાન ઉત્પન્ન કરાવે છે. (૧૧)**

**વિવેચન :**

સદ્‌ગુણ એ દર્પણ છે, સુગંધ છે, પ્રગતિનો પંથ અને દીવાદાંડી છે.

માનવ (જીવ) માત્ર પ્રવૃત્તિ–કાર્ય કરવાની ટેવવાળો છે.* જો એ પ્રવૃત્તિ પ્રસંશા-પાત્ર કરે તો લોકપ્રિય બને અને નિંદનીય પ્રવૃત્તિ કરે તો ટીકા-નિંદાને પાત્ર થાય. ખરી રીતે બીજાની ટીકા-નિંદા-આલોચના કરવાનો આપણને અધિકાર નથી. દરેક જીવ કર્મવશ છે, એમ સમજી ધર્મના દ્વારે જ્યાં આત્મકલ્યાણ, સાધના કરવાની છે ત્યાં કલ્યાણવાંછુ જીવે સ્વાર્થ કે ઈર્ષાદિકારણે નિંદનીય કાર્યથી અલિપ્ત રહેવું જોઈએ. સંસારી આત્મા (૧) સંસાર ચલાવવાની, (૨) નિભાવવાની, (૩) પરોપકાર કરવાની, (૪) આધ્યાત્મિક જીવન જીવવાની અને (૫) દેશવિરતિ–સર્વવિરતિધર્મ સ્વીકારવાની વગેરે પ્રવૃત્તિ કરે છે, તેમાં ધર્મની અનુમોદના કરનાર અનુમોદનીય છે. જ્યારે નિંદનીય પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેનાર દયાપાત્ર થાય છે. બીજા શબ્દમાં તે લોકો સંસારમાં તરવાના બદલે ડૂબવાની પ્રવૃત્તિ કરે છે, એમ કહી શકાય.

ધર્મ શ્વાસેશ્વાસે જો વણાયો હોય, તો તેને ધર્માચરણનું ઉત્તમફળ પ્રાપ્ત થાય. દાન, વિનય, શિયળાદિ ગુણધર્મને ઓળખવાનો નહિં પણ જીવનમાં પાળવાનો–સ્વીકારવાનો પ્રયત્ન કરવો જોઈએ. આવું જીવન જીવનાર લોકપ્રિય બને એ નિશ્ચિત છે. માત્ર દેખાવ માટે આવી પ્રવૃત્તિ કરવી અયોગ્ય છે. લોકપ્રિય થયેલો આત્મા બીજા આરાધકની મુક્ત મને અનુમોદના પણ કરે. આમ પોતે તરે અને બીજાને તારવા–તરવા માટે નિમિત્તરૂપ બને.

ધર્મમંદિરનું દ્વાર પાપ-પુણ્યની બારી● જેવું સાકડું નથી. પણ જેનું મન જ સાંકડું છે તેના માટે બારણું નાનું જ લાગે. મંદિરના દ્વારે પ્રવેશનાર આત્મા લોકેષણાથી

* નવરા બેઠાં નખોદ વાળે. ● સિદ્ધગિરિ ઉપર આવી બારી છે. પુણ્યવાન તેમાંથી જલદી પસાર થાય.

અલિપ્ત થઈ સદ્‌ગુણનો રાગી બને તે માટે જયવીયરાય સૂત્ર દ્વારા વીતરાગ પરમાત્માની પાસે ઉત્તમ આત્મા 'લોગવિરુદ્ધચ્ચાઓ' લોકમાં જે વિરુદ્ધ અયોગ્ય હોય તેવી પ્રવૃત્તિના ત્યાગી થવાની ભાવના ભાવે છે.

**સુવાક્યો :**

★ પ્રસંશા લપસણી ભૂમિ છે, પોતે પડે બીજાને પાડે.

★ દાન, વિનયાદિ ગુણ સદ્‌ભાવ વિનાના હોય તો ગંધ વિનાના ફૂલ છે.

★ જો ધર્મ કરતાં પાપ ઘટે તો દુ:ખીને જોતાં પાપ અટકે.

★ ઉપકરણ ઉર્ધ્વગતિ લઈ જાય, અધિકરણ અધોગતિ.

★ હૃદય તુચ્છ તો વચન ને જીવન તુચ્છ થશે.

★ ધર્મના દ્વારે ગયા પછી વિશ્વાસભંગના કાર્ય ન કરો.

**પદ :**

★ **હે કરૂણાના ઘર, હે સમતા સાગર,**
**વીર મારા કોટી કોટી હો વંદન હમારા.**

**ચિંતન :**

## લોકપ્રિયતા અત્તરની...

કોઈકે અત્તરની પ્રસંશા કરતાં કહ્યું... હે અત્તર ! તારું જીવન ધન્ય છે. તું કેટલાયને પ્રસન્ન કરે છે. દુ:ખીને દુ:ખના દ્વારેથી પાછો વાળે છે. મંગળકારી પ્રસંગે સૌ તને અનેક સ્થળે છાંટી યાદ કરે છે. પ્રભુના અભિષેકમાં પણ તે સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બિચારો અત્તર નિરુત્તર રહ્યો.

પ્રસંશકે ફરી પૂછ્યું... હે અત્તર ! મારી વાત તને ન ગમી ? ખરેખર હું જ નહિં જગતના અનેક જીવો તારા ઉપર ફીદા થઈ ગયા છે. તું જ બતાવ મેં શું ખોટું કહ્યું ?

અત્તરે પ્રસંશકને કહ્યું, ભાઈ ! તારી વાત ખોટી નથી. પણ આટલી પ્રસંશાને પાત્ર થવા મેં કેટલા કષ્ટ ભોગવ્યા ? કેટલાય સુકોમળ પુષ્પોનો સંહાર થયો. તે વાત મને જ્યારે જ્યારે યાદ આવે છે ત્યારે એક ક્ષણ મારું મન નિરાશ થઈ જાય છે, દુ:ખી દુ:ખી થઈ જાય છે. એના કરતાં મારું અત્તર રૂપે નિર્માણ ન થયું હોત તો કેવું સારું ?

અત્તરની વાત સાંભળી એક ક્ષણ હું પણ જરૂર મુંઝાઈ ગયો. પણ, અત્તર નિર્માણ કરવું પડે છે. જ્યારે પરોપકારના, આત્મકલ્યાણના કાર્યો દ્વારા લોકપ્રિયતા જીવનમાં વૃદ્ધિ પામે છે. તેથી અત્તરની ચર્ચા છોડી લોકપ્રિય થયેલા સુજાતની મુલાકાત મને કાંઈક વિશેષ જ્ઞાન આપશે એ હેતુથી હું તેને મળવા ગયો.

સુજાત ચંપાનગરીના મિત્રપ્રભ રાજાના માનીતા ધનમિત્ર શ્રેષ્ઠિનો પુત્ર હતો. તેની માતા ધનશ્રી નામ જેવા ગુણવાળી સૌભાગ્યવંતિ હતી. જેના માત-પિતા સંસ્કારી, ધર્મી હોય તેના સંતાન પણ સંસ્કારની મૂડીથી વિભૂષિત હોય, સમૃદ્ધ હોય. સુજાતના જીવનમાં પણ તેવું જ થયું.

સુજાતે બાલ્યાવસ્થામાંથી જ્યારે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો ત્યારે તેણે કલ્યાણ-મિત્રોની સોબત કરી. 'પાડોશી' માટે જેમ કહેવાય છે કે, પા–ડોશી ($^1/_4$ ડોશી) હોય. સુખ–દુઃખમાં કામ આવનારા અને સન્માર્ગમાં વધારે પ્રેરણા આપનારા પાડોસી હોય. તેવી જ રીતે કલ્યાણમિત્ર (કલ્યાણ + મિત્ર = કલ્યાણ કરાવનાર મિત્ર)ની વાત છે. સુજાત જિનમંદિર, તીર્થભૂમિ, ઉપાશ્રય, જિનવાણી શ્રવણ આદિ કાર્યો કરવા પોતાના કલ્યાણ મિત્રની સાથે જવા લાગ્યો. જાણે બન્ને સગા ભાઈ જ જોઈ લો.

સુજાત જેમ જેમ વિનય–વિવેકાદિ–અભ્યંતર ગુણોથી સમૃદ્ધ થવા લાગ્યો તેમ તેમ તેનું રૂપ સોળે કળાએ ખીલવા લાગ્યું. એક દિવસ ધર્મઘોષ મંત્રીની ભાર્યા પ્રિયંગુની બે દાસીઓની નજરે સુજાત ચડી ગયો. તેના આચારનું, રૂપનું પાન કરતાં દાસીઓ સમય ભૂલી ગઈ. જ્યારે તેઓ ઘરે ગઈ ત્યારે પ્રિયંગુએ મોડા કેમ આવ્યા ? તેથી ઠપકો આપીને કારણ પૂછ્યું...

દાસીઓએ પોતાની ભૂલ સ્વીકારી કહ્યું, સ્વામિની ! અમે મોડા પડ્યા તે માટે ક્ષમા માંગીએ છીએ. પણ, મોડા થવાનું કારણ આપ જાણશો તો આપ પણ એ વાતને સ્વીકારી અમોને ક્ષમા આપશો.

દાસીઓ ! એવું તે ક્યું વિશિષ્ટ કારણ થયું કે તેમાં તમો ભાન ભૂલી ગયા ?

સ્વામિની ! ભ. પાર્શ્વનાથનું જેમ આદેય નામકર્મ મનમોહક છે. સંકટ નિવારક મનનું હરણ કરનાર છે. તેમ આજે અમે એક એવા યુવાનને જોયો કે જેના રૂપ-લાવણ્યને જોયા પછી અમે ભૂલવા ઈચ્છીએ તો પણ એના રૂપ, ગુણ અને લાવણ્યને ભૂલી શકતા નથી. એ યુવાન જેવો રૂપવાન છે તેવો જ ગુણવાન છે. બીજી રીતે સમજી લો, બત્રીશ લક્ષણવંત પુણ્યવાન પણ છે.

દાસીની વાતો સાંભળી મંત્રીપત્ની પ્રિયંગુ પણ યુવાનના દર્શન કરવા ઉત્સાહીત થઈ. ભાગ્યયોગે સુજાત રથમાં બેસી જ્યારે ઘરે જતો હતો ત્યારે સખીઓએ તેના દર્શન પ્રિયંગુને પણ કરાવ્યા. બસ, પ્રિયંગુ તો સુજાતના દર્શન કર્યા પછી તેની સાથે વાર્તાલાપ કરવા, મળવા આતુર થઈ ગઈ. કુંવારી કન્યાના અરમાનની જેમ તેનું મન અધીરુ થઈ ગયું. ક્યારે હું યુવકને મળું એજ મનમાં વસી ગયું.

અચાનક મંત્રી ધર્મઘોષને પોતાના અંતઃપુરમાં થઈ રહેલ અનિચ્છનીય પ્રવૃત્તિની ગંધ આવી. આમ તો મંત્રી સુજાતની નિખાલસતા, ધર્મભાવના અને રૂપના આકર્ષણની વાતો સારી રીતે જાણતા હતા પણ ધર્મપત્ની, દાસી આવી આકર્ષિત થશે તેવું કલ્પ્યું

નહોતું. વાત આગળ વધતી અટકાવવા મંત્રીએ રાજાનું ધ્યાન ખેંચવા એક કાલ્પનીક પત્ર અજાણી વ્યક્તિ દ્વારા રાજદ્વારે પહોંચાડ્યો.

બીજે દિવસે પત્ર વાંચી રાજા ક્રોધાવેશમાં આવી ગયા. મંત્રી ધર્મઘોષને તાત્કાલીક બોલાવી સુજાતને રાજ્યની બહાર અરક્ષુરી નગરીમાં ચંદ્રધ્વજ સામંત પાસે મોકલવાનો નિર્ણય લીધો. સાથે આજ્ઞાપત્ર પણ લખાવ્યો કે, આવનાર યુવકનો શિરચ્છેદ કરવો.卐

ચંદ્રધ્વજ સામંતના દરબારમાં અચાનક સુજાતના આગમન અને રાજા મિત્રપ્રભના આજ્ઞાપત્રને સાંભળી ચંદ્રધ્વજ આશ્ચર્યમાં પડી ગયો. ઉપરાંત, આજ્ઞાપત્રમાં સુજાતના અંગોના શિરચ્છેદની વિગત વાંચી વધુ અચંબો થયો. શું કરવું ? આજ્ઞા પાળવી કે થોડા દિવસ ગંભીરતાથી વાતના સત્યને શોધવું એ સામંતને મન વણ ઉકેલાયેલો કોયડો હતો. એકંદરે સામંત પીઢ અને બુદ્ધિશાળી હતો, તેથી ઉતાવળ ન કરવા મનોમન નક્કી કરી બેઠો.

દુનિયામાં એક સુભાષિત પ્રસિદ્ધ છે. તે પણ સામંતને યાદ આવ્યું કે –

**જો જ્યાદા મીઠા હોતા હે, વો અપના નાશ કરતા હૈ ।**
**મીઠે ગન્ને કો દેખો તો, ઓળુમેં પીલા જાતા હૈ ॥**

ચંદ્રધ્વજ સામંત સુજાતના રૂપ, સ્વભાવને અનુભવી ઘણો આશ્ચર્ય પામ્યો. આવો રૂપવાન, ગુણવાન અને સૌમ્ય પ્રકૃતિવાળો દિવ્ય પુરુષ કોઈપણ અઘટીત કાર્ય કરે જ નહિં. રાજાએ ઉતાવળે કોઈ દ્વેષી વ્યક્તિની વાત સાંભળી અયોગ્ય આજ્ઞાપત્રક લખી મોકલ્યો છે. મારે વિવેકબુદ્ધિથી સુજાતને બચાવવો જ જોઈએ. તેમાં પણ રાજધર્મ છે.

કર્મશાસ્ત્રમાં આયુષ્યકર્મના ભેદમાં એક અપવર્તનીય આયુષ બતાડ્યું છે. જે અધવચ્ચે ગમે તે નિમિત્તે તૂટી શકે છે. અન્યથા એ જીવ પોતાનું આયુષ્ય પૂર્ણ ભોગવે. એ દ્રષ્ટિએ મારે પણ સુજાતને વગર વાંકે મારવો નહિં એજ હિતકારી છે. એમ વિચારી સામંતે સુજાતને વિશ્વાસમાં લઈને છૂપા ગર્ભગૃહ (ભોંયરા)માં રહેવા સ્થાન આપ્યું. આજ્ઞાપત્ર બતાડી કોઈપણ જાતની ચિંતા ન કરવા આશ્વાસન આપ્યું.

સુજાત, આ પ્રસંગથી હવે વધુ આધ્યાત્મિક વિચારવાળો થયો. આત્મા અને શરીરને કાયમી છૂટા પાડવા અનંતજ્ઞાનના સ્વામી એવા આત્માને શુદ્ધ કરવા સાધનામાં ખોવાઈ ગયો. એટલું જ નહિં પણ સામંતની બેન ચંદ્રયશા, જે ચર્મરોગથી પીડાતી હતી તેની ઉપર શરીર શુદ્ધિની ચિકીત્સા શરૂ કરી.* પરિણામે તેની કાયા સુંદર થઈ ગઈ.

શાસ્ત્રોના વાંચન–શ્રવણથી સુજાતકુમારને સમજાઈ ગયું કે, આ બધા દુઃખનું કારણ રૂપ છે. માટે મારે ધર્મ કરતાં કાયાની સુશ્રુષા ત્યજવી જોઈએ. દીન-દુઃખીના

---

卐 જૂના મહારાષ્ટ્રના ઈતિહાસ – ''ઘ ચા મા'' એ નામે આવી જ એક કથા સુપ્રસિદ્ધ છે.

★ ઉંબરરાણાનો કોઢરોગ પણ જિનભક્તિ સહિત સિદ્ધચક્રજીની આરાધનાના પ્રભાવે દૂર થયો હતો.

દુઃખોને દૂર કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. કીડી હોય કે કુંજર હોય, સ્થાવર હોય કે ત્રસ હોય, જો કોઈપણ જીવને જ દુઃખ પ્રિય નથી તો મારે શા માટે બીજાને દુઃખી કરવા ?

જગતમાં જેમ સો દવાની એક દવા 'હવા' (શુદ્ધ, પ્રાકૃતિક) કહેવાય છે. તેમ બિમાર કે રોગીને રોગથી મુક્ત કરવા માટેનું સર્વોત્તમ સાધન ચિત્તની પ્રસન્નતા છે. જો રોગી ચિંતામાં ડૂબી જાય અથવા 'હું રોગી છું, મને રોગ થયો છે' તેવા વિચારો આખો દિવસ કર્યા કરે તો તે વ્યક્તિ જલદી નિરોગી નહિં થઈ શકે. નિરોગી થવા માટે પોતાના રોગીપણા કરતાં બીજા જે વધારે દુઃખી હોય તેઓનું ઉદાહરણ નજર સામે રાખી તે લોકો કરતાં હું ઘણો સુખી છું, ભાગ્યશાળી છું, તેવા વિચારોને વાગોળવા જરૂરી છે. જે દિવસે મનમાંથી રોગ દૂર થશે તે દિવસે તનમાંથી પણ રોગ દૂર થશે જ.

ચંદ્રધ્વજ સામંતે પોતાની બેનને નિરોગી થયેલી જોઈ તેના લગ્ન સુજાતકુમાર સાથે કરી પોતે જવાબદારીથી મુક્ત થયો. જ્યારે બીજી તરફ સુજાતની આધ્યાત્મિક શક્તિનો અનેક સ્થળે વિશેષ અનુભવ કરી 'બહુરત્ના વસુંધરા'ની કહેવત ઉપર તેને પૂર્ણ શ્રદ્ધા થઈ. તેને અભયદાન આપી પોતે જે ઉપકાર કર્યો તેનો સંતોષ થયો.

અચાનક એક દિવસ ચંદ્રયશાનું સમાધિપૂર્વક આયુષ્ય પૂર્ણ થયું. સુજાતકુમારના આટલા દિવસના સહવાસ ઉપરથી એ કર્મસત્તાને પૂરેપૂરી સમજી ચૂકી હતી. બીજો ભવ સુધારવા અંતસમયે ચારે શરણા સ્વીકારી, જીવ માત્રની સાથે ક્ષમાપના કરી સમાધિ મરણ પામી. બીજા ભવે દેવ થયેલી ચંદ્રયશા પોતાના પરમ ઉપકારી અને સ્વામી એવા સુજાતના દર્શન કરવા મનુષ્યલોકમાં આવી. સુજાતને પોતાનો પરિચય આપી કાંઈ કામ હોય તો તે દર્શાવવા વિનંતી કરી.

ઘણા માણસો ઈર્ષા-અદેખાઈ કે દ્વેષના કારણે ઝઘડો કરવા નિમિત્ત શોધે છે. જીભને પણ કટુ વેણ કે ગાળો આપવાની ચળ ઉપડે છે. જ્યાં સુધી સામી વ્યક્તિને અપમાનીત ન કરે ત્યાં સુધી શાંતિ થતી નથી. પણ જ્યારે કટુ વેણ કીધા પછી અભિમાનનો પારો ઉતરી જાય ત્યારે પશ્ચાતાપ કર્યા વગર બીજો કોઈ ઉપાય નથી.

સુજાત આમ તો પરોપકારી હતો. સમજદાર અને વિવેકી હતો. ધર્મને તત્ત્વસ્વરૂપે પામ્યો હતો. જિનધર્મની પ્રભાવના માટે રાજા મિત્રપ્રભ દ્વારા પોતાની ઉપર જે કલંક મૂકવામાં આવેલ છે તે દૂર થાય, રાજ્યમાં માનપૂર્વક પ્રવેશ થાય ને વંદનીય માતા-પિતાનું મિલન થાય તેવી ઈચ્છા દેવ પાસે વ્યક્ત કરી. દેવ તથાસ્તુ કહી ત્યાંથી અદ્રશ્ય થઈ ગયા.

આજે ચંપાનગરીના આકાશમાં વાદળોનો સમૂહ નહિં પણ વિશાળકાય શિલાએ પ્રજા-રાજાને ઘણાં ચિંતીત કર્યા હતા.* શિલા પડુ પડુ થતી હતી અને શિલા જો પડે તો નગરીમાં અકલ્પનીય નુકસાન થવાનો સૌને ભય સતાવતો હતો. બધા

* નાગકેતુના ચરિત્રમાં પણ આવો જ પ્રસંગ આવે છે.

એકજ ચિંતાસાગરમાં ડૂબ્યા હતા કે આ ઉપદ્રવને દૂર કરવા શું કરવું ? ક્યા ભગવંત, દેવ-દેવીને યાદ કરવા ? હંમેશાં માનવીને છેલ્લે ભગવાનનું જ શરણું લેવું પડે છે.

અચાનક રાજા-પ્રજાના કર્ણે આકાશવાણીના શબ્દો અથડાયા કે, ''હે રાજા ! દુષ્ટ બુદ્ધિવાળા ધર્મઘોષ મંત્રીની વાત સાંભળી સ્વરૂપવાન, ગુણવાન, પુણ્યવાન સુજાતકુમારને તમે વિના કારણે મારવાની આજ્ઞા કરી અરક્ષુર નગરના સામંત ચંદ્રધ્વજ પાસે મોકલ્યો. પણ તે કુમાર પુણ્યોદયના કારણે અત્યારે નગરીની બહાર જીવીતરૂપે બગીચામાં બેઠો છે. સત્વરે નગરી બહાર જઈ ક્ષમા માગી માનપૂર્વક કુમારનો નગરપ્રવેશ કરો અન્યથા રાજા-પ્રજા બધા મૃત્યુના દ્વારે પહોંચવા તૈયાર રહો.''

આકાશવાણીના આક્રોશભર્યા શબ્દો સાંભળી રાજા, મંત્રી, શ્રેષ્ઠિ, પ્રજા સૌ વિસ્મય પામ્યા. મંત્રીને પોતાની બદ્દાનત ખૂલ્લી પડશે તેનો ભય થયો. રાજા અવિચાર્યું કાર્ય કર્યું તેનો પશ્ચાતાપ કરવા લાગ્યો. અંતે રાજા-પ્રજા બધાએ ભેગા મળી, નગરીની બહાર જઈ સુજાતકુમાર પાસે ક્ષમા માંગી અને નગરીમાં પધારવા વિનંતી કરી.

જિનધર્મની પ્રભાવના કરવા માટે બધા દોષોને ભૂલી જઈ ઉદારદિલ સુજાતકુમાર રાજા-મંત્રી, પિતા-માતા, ચંદ્રધ્વજ સામંત અને નગરજનો સહિત આડંબરપૂર્વક નગરીમાં વીતરાગ પરમાત્માના દર્શન-વંદન કરી રાજભવનમાં પધાર્યા.

આજે રાજાને સુજાતકુમાર દ્વારા અભયદાન મળ્યું તેનો અપૂર્વ આનંદ થતો હતો. પ્રજા સમક્ષ રાજાએ સુજાતકુમારને થયેલા અન્યાયને ફરીથી વાગોળી અફસોસ વ્યક્ત કરી તેઓનું રાજ્ય તરફથી વિશિષ્ટ બહુમાન કરી પોતાનું કર્તવ્ય પૂર્ણ કર્યું. આવા નરવીરોથી ધર્મ અને રાજ્ય શોભે છે, એ વાત ભારપૂર્વક કહી.

જ્યારે સુજાતકુમારે જીવનમાં કડવાં-મીઠાં પ્રસંગ કર્મના કારણે નિર્માણ થાય છે તેને શાંતિથી સમભાવે ભોગવી લેવા એજ ધર્મી, વિવેકી જીવોનું કર્તવ્ય છે. એમ કહી દૂધમાં સાકર ભળે તેમ રાજ્ય પરિવાર અને નગરજનોમાં ભળી ગયો.

આજના પુણ્ય પ્રસંગે એક વિશિષ્ટ જાહેરાત રૂપે રાજા-પ્રજા, પરિવારને સુજાતકુમારે વિનંતી કરી કે, નજીકના જ દિવસોમાં અસાર એવા સંસારને ત્યજી આત્મકલ્યાણના માર્ગે, સંયમના માર્ગે હું જવાનો છું, તેમાં સૌ શુભ આશિષ આપી મારા મનોરથ પૂર્ણ કરવા સહાયભૂત થશો એજ અભ્યર્થના...

સાર : આ સંસારમાં જે આત્મા લોકપ્રિય હોય તે પુણ્યવાન હોય, પુણ્યાનુબંધી પુણ્યના કાર્ય કરવાવાળો હોય. તેથી ધર્મક્ષેત્રમાં પોતે સન્માન પામે અને બીજાને પણ ધર્મ પ્રત્યે બહુમાન કરાવી બોધિબીજનું કારણ બને તેમાં કાંઈ નવાઈ નથી. જે જીવો જીવનમાં *'ખરકર્મ' અર્થાત્ ખરાબ આચાર, વિચાર, વર્તન કરે-કરાવે છે તે જગતમાં અપ્રિય થઈ ધર્મ આચરણથી દૂર થાય છે, તેઓ દુર્ગતિને પામે છે.

---

★ લોકમાં વિરુદ્ધ હોય, નિંદનીય હોય તેવા સાત વ્યસનાદિને સેવનારા, ખેતર-જકાતાદિ કાર્ય કરનારા, પંદર કર્માદાનમાં રસ ધરાવનારા.

## ચરણ–પાંચમું

# અક્રુર...

**શ્લોક :**

**કુરો કિલિટ્ઠભાવો સમ્મં ધમ્મં ન સાહિઉં તરઈ ।**
**ઈય સો ન એત્થ જોગો જોગો પુણ હોઈ અક્કૂરો ॥૧૨॥**

**ભાવાર્થ :**

ક્રુર માણસ ક્લિષ્ટ (ખરાબ) પરિણામવાળો હોય છે. તેથી તે સમ્યક્ (સુયોગ્ય) પ્રકારે ધર્મનું આરાધન કરી શકતો નથી. અર્થાત્ એ જીવ વીતરાગ કથીત ધર્મ આચરવા, પાળવા, સ્વીકારવા માટે યોગ્ય નથી. જેનું જીવન અક્રુર (શુભ પરિણામી) છે, તેજ સર્વ રીતે ધર્મ માટે પાત્ર-યોગ્ય છે. (૧૨)

**વિવેચન :**

પાત્રતા–યોગ્યતાનો જીવન સાથે ગાઢ સંબંધ છે. તેથી ક્રુર એટલે કષાયી જીવ અને અક્રુર એટલે અલ્પ કષાયી યા હળુકર્મી જીવ એવો ટૂંકો અર્થ કરીશું.

ક્રુર કષાયી આત્મા મિથ્યાત્વના કારણે અઢાર પાપસ્થાનકમાંથી પ્રાયઃ ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પર-પરિવાદ, છેલ્લે માયામૃષાવાદ સેવનારો, તેનામાં જ મગ્ન બનેલો હોય છે. બીજાના દોષો જોવા, કહેવા, બતાડવા એના માટે સામાન્ય વાત હોય છે. આત્મ નિરીક્ષણની દ્રષ્ટિ તેનાથી કોસો દૂર રહે છે.

ધર્મ કે ધર્મનું અનુષ્ઠાન જેમ શુભ ભાવે કરવું જોઈએ તેમ ધર્મ કરતાં સાત પ્રકારની શુદ્ધિ પણ સાચવવી જોઈએ.● ક્યારેક સાત પ્રકારની શુદ્ધિ અપવાદરૂપે સાચવી ન હોય અને ધર્મ કર્યો તો પણ જીવની પવિત્રતા પરિણામની શુદ્ધિના કારણે ઘણું ફળ આપે છે. તેથી કહ્યું છે કે –

> "સૂતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત,
> દુઃખીયાના દુઃખ કાપશે, લહેશે સુખ અનંત."

કર્મશાસ્ત્રમાં ચઉઠાણીયા રસની વિચારણા આવે છે. સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત કર્મનો બંધ ક્યારે થાય ? જ્યારે ક્લિષ્ટ પરિણામો વિદ્યમાન હોય ત્યારે. આથી એક તરફ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ થતી હોય ને બીજી તરફ ક્લિષ્ટ પરિણામો જીવનમાં વિદ્યમાન હોય તો આત્મશુદ્ધિના સ્થાને અશુદ્ધિ, ચિકણા કર્મબંધ કે ભવભ્રમણાની વૃદ્ધિ થાય એ સંભવિત છે. તેથી ધર્મીપણું અક્રુર જીવ માટે વધુ યોગ્ય કહ્યું છે.

---

● જૂઓ શરૂઆતનું પાનું ૧૧. (પાણી પહેલા પાળ બાંધીએ...)

આરાધના મનોબળ, વચનબળ કે કાયબળથી અથવા સંકલ્પબળથી થાય છે. ઉચ્ચ આદર્શ કે સંકલ્પ કરવા માટે સ્વભાવ અનુકૂળ જોઈએ. ક્રુર પરિણામે અનેક વખત ક્રિયા કરી તો તે ઈચ્છીત ફળ ન અપાવે. જ્યારે અક્રુર (શુદ્ધ) પરિણામે અલ્પ પણ ક્રિયા કરવામાં આવે તો તે અમરકુમારની જેમ મહાન ફળ આપનાર બને છે.

ટૂંકમાં ધર્મ કરતાં કરતાં જો સમજણના ઘરમાં વાસ કરી સ્વભાવ બદલો તો જ ક્રુરમાંથી અક્રુર થવાશે, એ નિશ્ચિત છે.

**સુવાક્યો :**

★ પાપ કરતાં પહેલા આત્માને પૂછો, પછી આગળ વધો.

★ (ધર્મરૂપી) નાવ તમને તારશે પણ અડપલાં કરો તો ડૂબાડશે.

★ જ્ઞાનનો ઉપયોગ વિષયો તરફ નહિં વૈરાગ્ય તરફ કરો.

★ ધર્મ પાળનારા અનેક છતાં લક્ષ એક :

| | |
|---|---|
| સંસારી – અહિંસા પરમો ધર્મઃ | સાધુ – આણાએ ધમ્મો |
| શ્રાવક – જયણાએ ધમ્મો | અપ્રમત્ત – ઉપયોગે ધમ્મો |
| | કેવલી – વત્થુ સહાવો ધમ્મો. |

★ ધર્મ પામેલાએ ભૂતકાળને ભૂલી વર્તમાન સુધારવો.

**પદ :**

★ ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું, પૂજા અખંડિત એહ.

★ તુજ સ્વભાવથી અળગા મારા, ચરિત્ર સકળ જગે જાણ્યા,
એહવા અવગુણ મુજ અતિ ભારી, ન ઘટે તુજ મુખ આણ્યા.
પ્રભુજી ! મુજ અવગુણ મત દેખો.

**ચિંતન :**

## મન... નિર્મળ–મલીન

અક્રુર–દયાળુનું હૃદય કરુણાથી ભરેલું હોય છે. આંખમાં અમી, વિચારમાં નિર્મળતા, આચારમાં પવિત્રતા બધે કરુણાની જ ઝાંખી થાય. હૃદય કોમળ હોય.

ક્રુર માનવી તેનાથી વિપરીત હોય. ભાષા કટુ હોય, વિચાર કષાયી હોય, કાયા પાપ કરવા થનગનતી હોય, અયોગ્ય આચરણ કરવા ટેવાયેલી હોય. હૃદય મલીન હોય.

સામાન્ય રીતે જીવ જન્મે ત્યારે નિર્વિકારી, નિર્દોષી અને નિખાલસ હોય છે. જેમ જેમ સમય વ્યતીત થતો જાય તેમ તેમ તેના મન, વચન, કાયામાં પૂર્વજન્મકૃત કર્મના સંસ્કારો સંસારી પરિવારના માધ્યમથી પ્રવેશતા જાય.

એનો અર્થ એજ કે, દયાળુ, પુણ્યવાન આત્માનો ઉછેર જયણાપૂર્વક જીવદયા, અનુકંપાના શુભ ભાવોથી થયો છે, થાય છે.* જ્યારે ક્રુર માનવીનો ઉછેર દયાને પાત્ર હોય છે. અનેક જાતની આધિ-વ્યાધિ-ઉપાધિ તેના જીવનમાં આવે તો તે દરેક ક્ષણે સામનો કરવા ટેવાઈ ગયેલ હોય છે. પાપની અરેરાટી તેના જીવનમાંથી લુપ્ત થયેલી હોય છે.

હૃદય બધાને છે. ઈન્દ્રિયો બધાને છે છતાં જેમ ચંદન ઘસો તો સુગંધ આપે, ધૂપ બળીને સુવાસ આપે તેમ અક્રુર જાત ઘસીને વિના કારણે બંધાતા અનર્થદંડના પાપથી દૂર રહેવા પ્રયત્ન કરે. બીજાને દુઃખ ન આપવાની ભાવના ભાવે.

એક અપેક્ષાએ કહી શકાય કે, દયાળુ એ સમક્તિધારી છે. જ્યારે ક્રુર એ મિથ્યામતિ છે. તેથી જ અઢાર પાપસ્થાનકનું સેવન કરતા અચકાય નહિં. સંભવ છે કે, કર્મના કારણે સારા નિમિત્ત મળતાં ક્રુર–અક્રુર થઈ શકે છે અને ખરાબ નિમિત્તના કારણે અક્રુર–ક્રુર પણ થઈ શકે છે.

(૧) ઉદાયન મહામંત્રીને જંગલમાં અંત સમયે સમાધિ આપનારા, મુનિના દર્શન કરવાની ભાવના થઈ. અંગરક્ષકોએ બુદ્ધિ વાપરી દ્રવ્ય વેશધારી ભાટચારણ દ્વારા પ્રયત્ન કર્યો. મંત્રીએ મુનિના દર્શન ખૂબ ભાવથી કર્યા, સમાધિમય જીવન પૂર્ણ કર્યું. મંત્રીનું ધર્મ આચરણ જોઈ, સાધુ દર્શનની ઉત્કૃષ્ટ ભાવના જોઈ, ભાટચારણ દ્રવ્યવેશધારી હતો તે ભાવવેશધારી આરાધક મુનિ થઈ ગયો.

(૨) ચંડકૌશિકનો જીવ પૂર્વે સાધુ હતો. ક્રોધાગ્નિએ તપસ્વી મુનિને પણ ક્રોધી બનાવ્યા. ફળ સ્વરૂપ બીજા ભવે એ આત્મા ચંડકૌશિક થયો. જીવ માત્રને દ્રષ્ટિ વિષથી બાળીને ભસ્મ કરવાની ક્રુરતા જીવનમાં પ્રવેશી. કાળાંતરે જ્યારે પ્રભુવીર કનકખલ આશ્રમની તરફ વિહાર કરતાં ચંડકૌશિકના બીડ પાસે જ કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા રહ્યા ત્યારે પણ ચંડકૌશિકે પોતાના સ્વભાવ પ્રમાણે પ્રભુના ચરણે ડંખ માર્યો.

પણ... ઉત્તમ પુરુષના સમાગમથી, પવિત્ર છાયાથી જીવ સુધરી ગયો. ક્રોધી–અક્રોધી થઈ ગયો. પ્રભુના બે શબ્દ એના જીવન રથને પાછો વાળવા નિમિત્ત થયા. અણસણ કરી એ ક્રોધી સમતાનો ઉપાસક બન્યો. તિર્યંચગતિમાંથી કાળ કરી દેવગતિ પામ્યો.

(૩) ભ. મહાવીરે વિહાર કરતાં વિનયવાન ગૌતમસ્વામીને કહ્યું, હે ગૌતમ ! એ કૃષિકાર હાલીક ખેડૂતને તું પ્રતિબોધી આવ.

પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી ગૌતમસ્વામી કૃષિકાર-ખેડૂતને પ્રતિબોધ કરવા ગયા. ખેડૂત પ્રતિબોધ પામ્યા, ભાવના બદલાઈ. મુનિવેષ પણ સ્વીકાર્યો. પરંતુ જ્યાં ગૌતમસ્વામી મુનિને ભગવાનની પાસે લાવ્યા ત્યાં પૂર્વ ભવના કર્મે જોર કર્યું.

---

* મૃગાલોઢીયાનું પાલન રાણી મૃગાવતીએ શુભભાવે કર્યું હતું.

ભગવાનના દર્શન માત્રથી ઓઘો, મુહપત્તી ગૌતમસ્વામીને આપી એ જીવ પાછો ચાલ્યો ગયો.

(૪) જ્યાં ધન અને ધર્મ વસે છે તેવી રાજગૃહિ નગરીનું સંતાન. મેઘકુમાર, ધારીણીમાતા અને શ્રેણિકરાજાના વિનયવાન પુત્ર હતા. પ્રભુવીર પાસે અનેકાનેક વખત ત્યાગી, તપસ્વી મુનિની ચરણરજ મસ્તકે ચઢાવી પવિત્ર થનારો આત્મા. પણ, સંયમી થયા પછી પહેલી જ રાત્રે સંથારા ઉપર પડેલી સાધુઓની રજકણે એ આત્માને ચળ-વિચળ કરી નાખ્યો. મહામુશ્કેલીએ આર્તધ્યાનમાં રાત્રિ પસાર કરી. પ્રાતઃકાલે ઓઘો, મુહપત્તી પ્રભુના ચરણે અર્પણ કરવા પહોંચી ગયા.

ત્રિકાળજ્ઞાની પ્રભુએ મેઘકુમારના અંતરની વાતો જ્ઞાનથી જ જાણી હતી. જ્યારે મેઘકુમાર ઓઘો, મુહપત્તીને આપવા પ્રભુ પાસે આવ્યા ત્યારે પ્રભુ એટલું જ બોલ્યા, "હે મેઘકુમાર ! તું તારા પૂર્વ ભવને જો, યાદ કર."

(૫) પ્રભુવીરની કોળાપાકના દ્વારા અખંડ શ્રદ્ધાથી ભક્તિ કરનાર શ્રાવિકા રેવતીનું પણ અમર ઉદાહરણ ઇતિહાસના પાને ચમકે છે. રેવતી શ્રાવિકા સુપાત્રે દાન કેવી શ્રદ્ધાથી આપે છે એની પરીક્ષા કરવા દેવતાઓ તેના ઘરે આવ્યા. કોળાપાકના એક કે બે નહિં, ત્રણ ત્રણ બાટલા ઠોકર વગાડી દેવે ફોડાવી નાખ્યા. છતાં, સુપાત્રનો લાભ લેવામાં તન્મય બનેલી રેવતીએ ન તો આર્તધ્યાન કર્યું કે ન અફસોસ કર્યો. ચોથો બાટલો લાવી લાભ લઈ તીર્થંકર નામકર્મ બાંધી ધન્ય બની ગઈ.

(૬) બદ્દાનતથી મોટા ભાઈનું ખૂન કરનાર નાના ભાઈ મણિરથનું હિત ઈચ્છવા, તેને ક્ષમા આપવા, વૈમનસ્ય ભૂલી જવા ધર્મપત્ની મયણરેહાએ પતિને પ્રેરણા આપી. સમાધિ મરણ કરાવી દુર્ગતિમાંથી પતિને બચાવ્યો. અંત સમયે જો ક્રુરતા જીવનમાં હોત, વૈર લેવાની ભાવના હોત તો પતિનો ભવ બગડત અને પોતાનું જીવન બગડત. છેલ્લી ક્ષણે એ સન્નારીએ શીયળવ્રત પાળવા અને ધર્મપત્નીનું કર્તવ્ય પૂર્ણ કરવા પતિને વેર ભૂલી જવા વિનંતી કરી. ક્ષમા કરાવી સમાધિ મરણ અપાવ્યું.

આ ઉપરાંત જૈન શાસનમાં આ કાળમાં ગુણનો દ્વેષી, સાધ્વાચારનો અભ્યાસ કરાવનાર કુલવાહક મુનિ તેમજ સાધુનો પરમ વિનય કરનારી કુંતલદેવી જેવા અનેક ઉદાહરણો મળે છે.

ચાનો કપ કે દાળની તપેલી હાથમાંથી છટકી જમીન ઉપર પડે તો નુકસાન ૫-૨૫ રૂપિયાનું થાય, તે સહન થાય છે. પણ ધર્મસ્થાનમાં ગયા પછી માનવીનું મગજ છટકી જાય, કષાયો કરી બેસે તો અપરંપાર નુકસાન થાય, ભવભ્રમણ ભોગવવું પડે છે. માટે જ જેના જીવનમાં સમતા, શાંતિ, સમાધિ નથી, તેવા જીવોએ ધર્મસ્થાનકોમાં જતા પહેલા કે પછી સર્વપ્રથમ ક્રુર પરિણામો પવિત્ર સ્થળોમાં ન કરવાની ભાવના ભાવવી જોઈએ.

વ્યવહારમાં કામ પૂરતું કામ કરે તેવા નોકર, 'નોકરી' કરનારો કહેવાય. પોતાનું

માની સમજી પ્રવૃત્તિ કરે તો તેવી વ્યક્તિની પ્રવૃત્તિ 'ચાકરી'રૂપે સમજાય. પણ જે આત્મકલ્યાણની ઉત્કૃષ્ટ ભાવનાથી કાર્ય કરે તો તે 'સેવા' કહેવાય. આવી સેવાના મેવા ઘણા અમૂલ્ય હોય છે. માટે જ ધર્મસ્થળોમાં વિનય, વિવેકપૂર્વક વિષય-કષાયોને ત્યજી સાધના-આરાધના કરવા જવું જોઈએ. તેથી જ ધર્મસ્થાનકોમાં પ્રવેશતા *'નિસિહિ' અને બહાર નિકળતા 'આવસ્સહિ' કહેવાની પ્રણાલિકા છે.

જેનું જીવન કલુષિત હોય, કલેશવાળું હોય, જ્યાં જાય ત્યાં પોતે દુ:ખી થાય ને બીજાને દુ:ખી કરતો હોય તેવી વ્યક્તિની મહાપુરુષો ચિંતા કરે છે એટલું જ નહિં પણ ધર્મસ્થાનકોમાં જતા પૂર્વે જીવનને સુધારી અથવા જીવનને સુધારવાની ભાવના કેળવવા જણાવે છે.

શક્ય છે કે, પ્રસન્નચંદ્ર ઋષિ જેવા વિરલ આત્માઓ આર્તધ્યાન કરવા બેસી જાય. પણ જ્યારે માર્ગ ભૂલ્યા છીએ એ સમજાઈ જાય કે, તરત જ સન્માર્ગે આવી પોતાના વિચારો સુધારી બાંધેલા પાપોની આલોચના કરી આત્માનું સર્વસ્વ સાધી લે.

ટૂંકમાં રતિ (આનંદ) માનવાની રીત બદલાય તો ગતિનો બંધ પણ બદલાય.

卐

---

* નિસીહિ – સંસારસંબંધી પ્રવૃત્તિઓનો ત્યાગ
  આવસ્સહિ – આવશ્યક કાર્ય માટે ધાર્મિક ક્ષેત્રમાંથી બહાર નીકળવાની જયણા.

નિસીહિ એટલે ધર્મ સ્થાનકોમાં પ્રવેશ કરું તે પહેલા પાપને જાકારો આપું છું. (તેટલો સમય પાપ ન કરવાની ભાવના ભાવું છું.) અને આવસ્સહિ એટલે ધર્મસ્થાનકમાંથી બહાર નીકળ્યા પછી પણ વિના કારણે થવાની પાપ પ્રવૃત્તિમાંથી મગ્ન ન થવા (પાપ ન કરવા)ની ભાવના રાખું છું.



ચરણ-છઠ્ઠું

# પાપભીરૂ...

**શ્લોક :**

**ઈહપર લોગાવાએ સંભાવેંતો ન વટ્ટઈ પાવે ।**
**વીહઈ અયસક્તલંકા તો ખલુ ધમ્મારિહો ભીરુ ॥૧૩॥**

**ભાવાર્થ :**

આ લોક અને પરલોકના કષ્ટોનો વિચાર કરનાર, હંમેશાં અપયશના કલંકથી ડરનાર ભીરૂ માણસ પાપમય પ્રવૃત્તિ કરતો નથી. પાપથી ડરે છે. અને તેજ કારણે પાપભીરુ માણસ ધર્મ કરવા માટે સુયોગ્ય (બને) છે. (૧૩)

**વિવેચન :**

વાઘથી ડરો છો. કારણ, વાઘ મારી નાખશે.

અધિકરણથી ડરો છો. કારણ, અંગોપાંગનું છેદન કરશે.

પરંતુ પાપથી આપણે ડરતા નથી. આત્માનું નુકસાન થશે એવું માનતા નથી. આંખ મીંચીને પાપ કર્યા કરીએ છીએ. ''પાપં અસ્માકં બાપં.''

કાતર, ચાકુ કે તલવાર (ની ધાર) જો વાગી જાય તો આંગળી કપાઈ જવાનો, લોહી નીકળવાનો ડર છે. તેથી તેનાથી સાવધાન રહો છો. તેના કરતાં વધુ નુકસાનકારક ખતરનાક જીભની ધાર છે. એ કોઈ દિવસ કટાવાની નથી, બુઠ્ઠી થવાની નથી. તે એકના બે ઘા (ટુકડા) કરવા જેવું કાર્ય અસ્ખલિત કર્યા જ કરે છે. જેઓ આ લુલીબાઈને વશ થયા છે તે આ લોકમાં કલંકીત નિંદનીય બન્યા છે.

આજ કારણે જેઓને આલોક-પરલોકનો ભય છે. કલંકીત કે અપયશના ભાગી થવા તૈયાર નથી. તે જીવનમાં પાપમય પ્રવૃત્તિ કરવા તૈયાર થતા નથી. પાપના ડરના કારણે ધર્મસ્થળોમાં ધર્મકાર્યોમાં ઉપયોગવાન રહે છે. પાપનો વ્યાપાર કર્યા વગર મૌન ધારણ કરી નિષ્કલંક બહાર પડે છે.★

યાદ રાખો જીવનમાં આશાતના ડૂબાડે છે. જ્યારે આરાધના સંસાર સાગરથી તારે છે. બન્ને પ્રવૃત્તિમાં મધ્યબિંદુએ 'ધર્મ' છે. ધર્માર્થી ટૂંકા ગાળામાં ઉત્તમ આરાધનાના બળે વધુ સફળતા મેળવે છે. કર્મનિર્જરા કરે છે. જ્યારે અધર્મિ લાંબે ગાળે પણ પોતે સુવિશુદ્ધ આરાધના કરે નહિં ને બીજાને કરવા દે નહિં. નવકાર મહામંત્રમાં ''સવ્વ પાવપ્પણાસણો'' પદ આ જ વાતની પુષ્ટી કરે છે.

પાણીમાં ડૂબી રહેલા માનવીને પાણી બચવા માટે ૨/૩ વખત ચાન્સ આપે છે તેમ ધર્મશાસ્ત્રો પણ જે પાપભીરૂ નથી તેવા આત્માને ૨-૩ વખત •સ્થિર થવા

★ સ્થુલીભદ્રજી શીલવ્રતના સર્વોત્તમ ઉપાસક તેથી તેઓનું નામ ૮૪ ચોવીશી ઈતિહાસમાં ગવાશે.

● ધર્મદ્રષ્ટિએ સારણા, વારણા, ચોયણા, પડિચોયણા દ્વારા ગુરુઓ શિષ્યને સ્થિર કરવા પ્રયત્ન કરે છે

સમજાવે છે. પરંતુ સંસાર સમુદ્રથી પાર ઉતરવા તે પુરુષાર્થ જ જો ન કરે તો જન્મ સફળ કેમ થાય ?

ટૂંકમાં ધર્મરૂપી નાવમાં બેસી પાપભીરૂ તરે છે. જ્યારે પાપી વધુમાં વધુ ડૂબે છે. તેથી ધર્મના દ્વારે જતાં જીવનમાં પાપનો ડર રાખો.

**સુવાક્યો :**

★ ડાયાબીટીશવાળા સાકરથી, તેમ ધર્મી પાપથી ડરે છે.

★ પાપ નુકસાનકારક સમજશો તો વ્યસનથી મુક્ત થશો.

★ પાપ કરતાં પાપમય પ્રવૃત્તિથી દૂર થાઓ.

★ સમકિતી આત્મા પાપભીરુના કારણે અલ્પ કષાયી હોય છે.

★ જે રાગાંધ, લોભાંધાદિ હોય તે દીવો લઈ કૂવામાં પડે છે.

★ દયાળુ, કરુણાળુ, લાગણીવંત આત્મા પાપભીરુ છે.

**પદ :**

★ અમે કરીએ એવા કામ, લાજ આવે લેતાં તારું નામ.

★ આરાધકો કરજો રૂડી આરાધના, કદીયે ન કરશો વિરાધના.

**ચિંતન :**

## પાપના ભાગીદાર...

"અરે કાકા, ઓ માતાજી, હે વહાલી પત્ની, પુત્રી, પુત્ર દોડો દોડો હવે મારાથી આ વેદના સહન થતી નથી. માટે જલદીમાં જલદી આવી વેદનામાંથી ભાગ લઈ મને શાંતિ અપાવો. સુખ આપો, દુઃખથી મુક્ત કરો."

સુલસ નામનો કસાઈ પુત્ર પગમાં થઈ રહેલી વેદના દૂર કરવા પરિવારને વિનંતી કરતો હતો. હકીકતમાં પરિવારે જ સુલસને તેના પિતા કાલસૌરિકના અવસાન પછી રોજ ૫૦૦ પાડા મારવાનો ધંધો સંભાળવા-વિકસાવવા કહેતા હતા.

સુલસ સદ્ભાગ્યે અભયકુમારનો મિત્ર બન્યો હતો. મિત્રને અભયકુમારે હિંસાના માર્ગથી દૂર રહેવા પ્રેરણા આપી હતી. જે હિંસા નિદર્યપૂર્વક કરે છે તેને એજ ભવમાં અને પછીના ભવમાં દુઃખી દુઃખી થવું પડે છે. આ વાત સુલસના મનમાં બરાબર બેસાડી હતી.

બીજી તરફ સુલસને પણ જાત અનુભવ થયેલો કે, પોતાના કસાઈ પિતાએ આખી જિંદગી નિર્દયપણે હિંસા જ કર્યા કરી હતી. તેના દુષ્પરિણામના કારણે જતી જિંદગીએ તે મહાવ્યાધિ (મહારોગ)ના રોગથી પીડાતા હતા.

શરીરમાં સાત★ ધાતુ હોય છે. તે જો દોષિત થાય તો પાંચે ઇન્દ્રિયોના વિષયોનો વિપરીત અનુભવ માનવીને થાય. જેમ કે, ચંદનાદિ સુગંધિમય શીતળતા આપનારા

---

★ લોહી, પરૂ, અસ્થિ, મજ્જા, મેદ, વીર્ય, માંસ.

પદાર્થો તેને અશુચિમય અને શરીરમાં અંગારા-દાહ આપનારા લાગે.● ઉત્તમ ષડરસમય ભોજન નિરસ અને કટુ સ્વાદવાળા લાગે. સુવાના સુવાળા સાધનો શરીરને કંટક જેવા ખૂંચે.

આવી વિષમ પરિસ્થિતિમાં શું કરવું ? એ વિચારે સુલસ મુંઝાઈ ગયો હતો. કંટાળીને કલ્યાણમિત્ર અભયકુમારને પૂછવાનું મન થયું.

અભયકુમારે કહ્યું, નરકના જીવો ભારેકર્મી હોય છે. પંદર પ્રકારના પરમાધામી તેઓને વિવિધ રીતે ઈચ્છાપૂર્વક દુઃખ આપે. ૧૦ પ્રકારની બધી વેદના તે જીવોને ઈચ્છાએ કે અનિચ્છાએ ભોગવવી જ પડે છે. જ્યારે આયુષ્ય પૂર્ણ થાય ને પાપ ખપે ત્યારે ૧૦% તિર્યંચ અને મનુષ્યગતિમાં જાય. બાકીના એકેન્દ્રિયમાં જાય તેમ તમારા પિતાશ્રીને કુદરતના વિરુદ્ધ સ્વભાવવાળા ઉપચાર કરો. જ્યાં ભૂંડ શાતા માને તેવા સ્થળ-જળ પસંદ કરો. એથી એ આત્મા શાંતિ અનુભવશે.★

મિત્રની સલાહ મુજબ સુલસે અનિચ્છાએ તેના પિતાની સેવા કરી. દુઃખમાં શાતા ઉપાર્જન થઈ પણ નરકગતિએ જવાનું એ અભવિ જીવનું દૂર ન થયું. જતાં જતાં પિતાએ ધંધો સંભાળવા સુલસને કહ્યુ. પરિવારે પણ સમજાવ્યું. પરંતુ જેમાં દુઃખનું દાવાનળ છૂપાયું છે તે કાર્ય કરવા સુલસ તૈયાર ન હતો.

સંસારી સ્વાર્થી હોય. પુત્રને ધંધો બંધ ન કરવા માટે અનેક રીતે સમજાવ્યું. સુખ-દુઃખમાં, પાપ-પુણ્યમાં અમે પણ ભાગીદાર થઈશું એવું વચન પણ આપ્યું. એક દિવસ કરણ-કરાવણ-અનુમોદન સરીખા ફળ પાવે એ વાત સમજવા સુલસે પગ ઉપર ઘા જાણીબુઝીને કરી સગાઓના વચનની પરીક્ષા ઉપરના વચન ઉચ્ચારી કરી પણ સગાઓએ જે લઈ શકાય તેવું લેવા તૈયારી બતાડી. દુઃખ આપી શકાય પણ લઈ ન શકાય, પાપ કરી શકાય પણ આપી ન શકાય તેમ સમજાવ્યું. એક શરીરમાંથી બીજા શરીરમાં પુણ્ય કે પાપ સંક્રમી-ખસેડી શકાય નહિં. પોતાને જ ભોગવવું પડે.

કરણ-કરાવણ-અનુમોદનમાં સર્વપ્રથમ પોતે મન, વચન, કાયાથી પુણ્ય-પાપ કરે. જ્યારે કરવા માટે અસમર્થ હોય તો 'કરાવણ' દ્વારા એ કાર્ય બીજા પાસે કરાવે. તે જ રીતે જે આત્માઓ શુદ્ધ અધ્યવસાયથી ધર્મક્રિયા કરતાં હોય તેની 'અનુમોદના' કરી આનંદ વ્યક્ત કરે તો તે સરીખા ફળની કક્ષાએ પહોંચે. મુખ્યત્વે સુકૃતની અનુમોદના જ ત્યાં કામ કરે છે.

હવે સુલસ પોતાના વિચારોમાં દ્રઢ થયો. વધુ સ્થિર થવા કલ્યાણમિત્ર અભયકુમારની પાસે જઈ ભવિષ્યની વિચારણા કરવા લાગ્યો. અભયકુમારે પાપભીરૂ આત્માની કલ્યાણ કામના પૂર્ણ કરવા (આગમ) ઉત્તરાધ્યયન સૂત્રના વિચારો બતાડતાં કહ્યું –

ભ. મહાવીર અને ગૌતમસ્વામી વચ્ચે જેમ અનેક પ્રશ્નોત્તરી ભગવતીજી આદિ

---

● અનાથી મુનિને શાતા આપનારા દ્રવ્ય અશાતા, અશાંતિ આપતા હતા.

★ ભેંસના તબેલામાં કે મળ ઉપાડનાર માનવીની આ જ દશા હોય.

ગ્રંથોમાં વાંચવા મળે છે તેમ જિજ્ઞાસુ શિષ્યે પ્રભુને પૂછ્યું, હે પ્રભુ ! આ જીવને ચાલતાં, બેસતાં, ઉઠતાં કે ક્રિયા કરતાં પાપ લાગે છે. પાપ બાંધે છે તો પછી જીવે શું કાંઈ જ ક્રિયા ન કરવી ? અથવા કરવી હોય તો કેવી રીતે કરવી ?卐

પ્રશ્ન બહુ જ સમજવા, વિચારવા જેવો છે. હળુકર્મી આત્મા આવા જ વિચાર કરી માર્ગ કાઢે. •સમકિતી આત્મા પણ પાપ કરે તો તેની પાપબંધનની ક્રિયા અનિવાર્ય હોય, પાપ કરવું નથી તેવી ભાવનાવાળી હોય અને ઉપયોગ સહિતની દુઃખીત હૃદયની હોય.

પ્રભુવીરે જિજ્ઞાસુ આત્માને જવાબ આપ્યો કે – હે ભાગ્યશાળી ! કોઈ પણ ક્રિયા-પ્રવૃત્તિ કરતાં ખાસ કરી 'જયણા'ને નજર સામે રાખો તો પાપકર્મનો બંધ નિકાચીત સુધી ન થવા પામે.*

જયણા એટલે વિનય, વિવેક સહિતની ક્રિયા તમને અલ્પાતિ અલ્પ બંધ (સ્પૃષ્ઠ, બદ્ધ) કરાવે. ક્રિયા દ્વારા મુખ્યત્વે કર્મ બંધાય જ છે. પણ પાપકર્મ બંધાતી વખતે *જો આત્મા પાપભીરુ હોય તો ઓછા બંધાય અને આત્મા હળુકર્મી હોય તો પુણ્યાનુબંધી* પુણ્ય પણ બાંધે.

આ ઉપરાંત બીજી એક વાત સમજવા જેવી છે કે, જીવે ધર્મ કરતાં જ્ઞાનાચારાદિ પાંચે આચારોને પાળવા જોઈએ. કારણ કે જે આચારને પાળીને અથવા પાળવાપૂર્વક ધર્મનું સેવન કરીએ તો ધર્મભાવના વૃદ્ધિ પામે. વ્યવસ્થિત રીતે આચારો જાણતા, સમજતા હો તો વિના કારણે અજ્ઞાનતા આદિથી જે પાપ બંધાય છે તે ન બંધાય.

ટૂંકમાં જ્યારે આત્મા જ્ઞાનાચારાદિ પાંચ આચારોને સમજ્યા વગર, લક્ષ વગર ક્રિયા-આરાધના કરશે ત્યારે તે પૂર્વે બાંધેલા ચિકણાકર્મ ખપાવવા શક્તિશાળી નહિં થાય. માટે જ ધર્મ કરી રહેલ પાપભીરુ આત્માએ આચારને નજર સામે રાખવા જોઈએ.

શાસ્ત્રમાં (૧) જ્ઞાનાચારના આઠ આચાર પરિપૂર્ણ ન પાળવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધનાર વરદત્ત, ગુણમંજરી આદિના નામનો ઉલ્લેખ આવે છે. જ્યારે પૂર્વભવમાં જ્ઞાન-જ્ઞાનીની ઉત્તમ આરાધના કરવાથી વર્તમાન ભવે વજ્રસ્વામી, હેમચંદ્રાચાર્ય કે યશોવિજયજી વિગેરેના નામો જ્ઞાનનો તીવ્ર ક્ષયોપશમવાળા મહાપુરુષ તરીકે વંદનીય ભાવે દર્શાવ્યા છે.

**કાલે વિણએ બહુમાણે, ઉવહાણે તહ અનિન્હવણે;**
**વંજણ અત્થ તદુભએ, અટ્ઠવિહો નાણમાયરો.**

(૨) દર્શનાચારના આઠ આચારો પાળવા દ્વારા આત્માનું સમ્યગ્દર્શન શુદ્ધ થાય છે. સમ્યગ્દર્શનની શુદ્ધિથી આત્મ પરિણતિ-પરિણામ શુદ્ધ બને છે. પાપભીરુતા

---

卐 કહં ચરે ! કહં ચિટ્ઠે ? કહમાસે ? કહં સએ ? કહં ભૂજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ. ॥

• સમ્મદિટ્ઠિ જીવો જઈ વી હું પાવં સમાયરે કિંચિ અપ્પોસિ હોઈ બંધો જેણં ન નિધ્ધસં કુણઈ વંદિત્તુ.

* જયં ચરે ! જયં ચિટ્ઠે ? જયમાસે ? જયંસએ ? જયં ભૂજંતો ભાસંતો, પાવકમ્મં ન બંધઈ. ॥

વિકસે છે અને પરંપરાએ સમ્યગ્જ્ઞાનના સહારે કેવળજ્ઞાન-કેવળદર્શનનો આત્મા સ્વામી બને છે.

હરિભદ્ર પંડિત જ્ઞાતે બ્રાહ્મણ હતા. સત્યના શોધક બન્યા. સમ્યગ્દર્શનના અભાવે ઘણો સમય વીતરાગ પ્રભુના તત્સ્વરૂપને જાણી-સમજી ન શક્યા. અંતે શક્રસ્તવ (નમુત્થુણં)★ના અર્થ ચિંત્વનના સહારે સમ્યગ્દર્શનમાં સ્થિર થઈ ધન્ય બની ગયા. ૧૪૪૪ ગ્રંથો બનાવી જૈન શાસનને પોતાની જ્ઞાનભક્તિ અર્પણ કરી. જ્યારે અંગારમદકાચાર્ય અભવિ આચાર્યશ્રી સમ્યગ્દર્શનાદિના અભાવે અનેકાનેક આત્માને ઉત્તમ દેશના આપી મોક્ષ સુધી પહોંચાડી શક્યા પણ પોતે ન તર્યા. તેમના જન્મ-મરણ ન ઘટ્યા.

**નિસ્સંકિઅ નિક્કંખિઅ, નિવ્વિતિગિચ્છા અમૂઢદિટ્ઠિ અ;**
**ઉવવુહ થિરીકરણે, વચ્છલ્લપ્પભાવણે અટ્ઠ.**

(૩) **ચારિત્રાચાર** = પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિયુક્ત આઠ પ્રકારના ચારિત્રના આચાર છે. ચારિત્રના શુદ્ધ પાલનમાં આ આચાર મુખ્ય ભાગ ભજવે છે. તેમાં પણ મન ઉપરાંત સ્પર્શ (કાયા), રસના (વચન), ચક્ષુ (આંખ) એ ત્રણ ઈન્દ્રિયોના વિષયોનો અવાંતર રીતે સદુપયોગ કરવાનું તેમાં માર્મિક સૂચન છે. જે આત્મા પાપથી મુક્ત થવા ઈચ્છતો હોય તેના માટે આ ૮ આચાર (ફટકડી પાણીને શુદ્ધ કરે તેમ) આત્મશુદ્ધિ માટે ઘણા જ ઉપયોગી છે.

ચારિત્રનું ઉત્તમ પ્રકારે નીચેના મહાપુરુષોએ આરાધન કર્યું.

★ મનથી – પ્રસન્નચંદ્ર આર્તધ્યાનમાંથી ધર્મધ્યાન કરી કેવળી થયા.

★ કાયાથી – અઈમુત્તા મુનિએ વિરાધનાનું ઈરિયાવહિ વિધિ દ્વારા પ્રાયશ્ચિત્ત કરી કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું.

★ વચન – (શ્રવણ કરી) ચંડકૌશિક, ચંદનબાળા, ચંડરૂદ્રાચાર્ય વચન સાંભળી ચિંતન કરી તરી ગયા.

★ આંખથી– ઈલાચીકુમારે દ્રશ્ય જોઈ પોતાની નિંદા કરી કેવળી બન્યા.

**પણિહાણ જોગજુત્તો, પંચહિં સમિઈહિં તીહીં ગુત્તીહિં;**
**એસ ચારિત્તાયારો, અટ્ઠવિહો હોઈ નાયવ્વો.**

(૪) **તપાચાર** – ભવભીરૂ આત્મા કાયાની માયા ત્યજી ચિકણા કર્મ ખપાવવા માટે શક્તિને ગોપવ્યા વિના તપ કરી આત્માનું કલ્યાણ કરે છે. જ્યારે ભારેકર્મી આત્મા તપના સ્થાને લાંઘન અનિચ્છાએ કરી કર્મ બાંધે છે.

ધર્મ કે તપ● નિયાણું કરીને અથવા માયા■ કરીને કરનારની પ્રવૃત્તિ એકડા વિનાના મીંડા જેવી સમજવી. બાહ્ય-અભ્યંતર તપનું આરાધન નીચેના ભાગ્યશાળીઓએ ઉત્તમ પ્રકારે કરી ભવસાગર તરી ગયા.

---

★ લલિતવિસ્તરા ગ્રંથ. ● વિશ્વભૂતિની જેમ. ■ લક્ષ્મણા સાધ્વીની જેમ.

**બારસવિહંપિ વિ તવે, સબ્ભિંતર–બાહિરે કુસલ દિટ્ઠે;**
**અગિલાઈ અણાજીવી, નાયવ્વો સો તવાયારો.**

| | બાહ્યતપ | ભેદ | વ્યાખ્યા | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧ | અણસન | ૪ | ચાર આહારનો ત્યાગ | ચંડકૌશિક |
| ૨ | ઉણોદરી | – | ✠ભૂખથી અલ્પમાત્રામાં ભોજન | દમદંતમુનિ |
| ૩ | વૃત્તિસંક્ષેપ | – | આહારાદિની ઈચ્છા દબાવવી | મુનિસુંદરસૂરિ |
| ૪ | રસત્યાગ | ૬ | વિગઈ–મહાવિગઈનો ત્યાગ | સુંદરી |
| ૫ | કાયક્લેશ | – | શરીરને કષ્ટ સમજીને આપવું | મેઘકુમાર |
| ૬ | સંલીનતા | – | ઈન્દ્રિયોને કાબુમાં રાખવી | સ્થુલિભદ્ર |

| | અભ્યંતરતપ | ભેદ | વ્યાખ્યા | ઉદાહરણ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાયશ્ચિત્ત | ૧૦ | પાપનો પ્રશ્ચાતાપ (પ્રાયશ્ચિત્ત લેવું) | અઈમુત્તામુનિ |
| ૨ | વિનય | ૭ | ગુરુવાદિનું બહુમાન–વિનય | ગૌતમસ્વામી |
| ૩ | વૈયાવચ્ચ | ૧૦ | ગ્લાનાદિની સેવા-સુશ્રુષા કરવી | સુબાહુમુનિ |
| ૪ | સ્વાધ્યાય | ૫ | અધ્યયન–પુનરાવર્તન કરવું | મનકમુનિ |
| ૫ | ધ્યાન | ૪ | મનન, ચિંતન કરવું | પ્રસન્નચંદ્ર |
| ૬ | ઉત્સર્ગ (કાઉસ્સગ્ગ) | | કષ્ટ, ઉપસર્ગો સહેવા | અનાથીમુનિ. |

(૫) **વીર્યાચાર** – જ્ઞાનાચારાદિ પૂર્વના ચારે આચારો તેના કુલ ૩૬ (૮+૮+૮+૧૨) પ્રકારોમાં પોતાની શક્તિ ગોપવ્યા વિના પ્રવૃત્તિ કરનાર પોતાના ભવભ્રમણ ઘટાડી શકે છે. પણ જો પોતાની શક્તિ અન્ય સ્થળે વાપરે તો મનુષ્ય જન્મ સફળ કરવાના બદલે નિષ્ફળ ગુમાવે છે.

**અણિગુહિ અબલ વિરિઓ, પરક્કમઈ જો જહુત્ત માઉત્તો,**
**જુંજઇ અ જહાથામં, નાયવ્વો વીરિયાડડયારો.**

સુલસ, કહેવાનું તાત્પર્ય એજ કે, આ જીવે પૂર્વે પણ મનુષ્યગતિમાં જન્મ લીધો હતો. પણ અજ્ઞાનતાના કારણે સાધવા જેવું સાધી ન શક્યો. પુણ્યયોગે મહામુલા મનુષ્ય જન્મની કિંમત આંકવાનું સૌભાગ્ય તને પ્રાપ્ત થયું છે તો તેનું મૂલ્યાંકન કરી ધન્ય થા. સંસારને નિભાવવા માટે હિંસક માર્ગ આવશ્યક નથી. ઓછા પાપવાળી પ્રવૃત્તિથી પણ જીવન નિર્વાહ થઈ શકે છે.

અભયકુમારના વચનો, વિચારો સાંભળી સુલસ જેમ પોતાના અયોગ્ય વ્યાપાર ત્યજી આચરવા લાયક ધર્મ સમજી સાચો શ્રાવક બની આત્મકલ્યાણના માર્ગે ચડ્યો તેમ દરેક આત્મા કલ્યાણના માર્ગે ચડે એજ મંગલ કામના...

★

✠ પુરુષોને ૩૨ કવલથી અને સ્ત્રીઓને ૨૮ કવલથી.



# અશઠ...

**શ્લોક :**

**અસઢો પરં ન વંચઈ, વીસસણિજ્જો પસંસણિજ્જો ય ।**
**ઉજ્જમઈ ભાવસારં, ઉચિઓ ધમ્મસ્સ તેણેસો ।।૧૪।।**

**ભાવાર્થ :**

અશઠ (સરળ) જે બીજાઓને છેતરતો-ઠગતો નથી તેથી તે (સમાજમાં) વિશ્વાસને પાત્ર અને પ્રશંસા કરવા લાયક થાય છે. આવા સુંદર સ્વભાવના કારણે તે ધર્મના અનુષ્ઠાન કરવા માટે રસિક-અનુરાગી બને છે. તેથી જ તેવા આત્માને હકીકતમાં ધર્મ પરિણમે છે. આ કારણે તેનામાં ધર્મ કરવાની પાત્રતા સ્વીકારાઈ છે. (૧૪)

**વિવેચન :**

શઠ અને અશઠ શબ્દમાં માત્ર ઉપલક દ્રષ્ટિએ 'અ'નો વધારો દેખાય છે. જ્યારે અર્થની દ્રષ્ટિએ જમીન આસમાન જેટલો ફરક છે. શઠનો અર્થ આઠમું પાપસ્થાનક 'માયા' સેવનાર થશે જ્યારે અશઠનો અર્થ માયારહિત નિખાલસ ગુણની જીવનમાં વૃદ્ધિ કરનાર થશે. માટે જ એ સર્વત્ર યશ મેળવે.

સ્વભાવ એટલે દર્પણ. તમે જેવા હો તેવા જ દર્પણમાં દેખાશો. સ્વભાવનું પ્રતિબિંબ મન દ્વારા મુખાકૃતિ ઉપર પડે છે. અને એ પ્રતિબિંબના કારણે જ જગતના જીવો તમારાથી નજીક અથવા દૂર થાય છે.

અશઠ – જે સર્વ સ્થળે વિશ્વાસપાત્ર બને છે. તેનું મુખ્ય કારણ પોતાના જીવનમાં જે દ્રઢ શ્રદ્ધા, સરળતા છે તેને યોગ્ય રીતે વાપરવાની ભાવના. અનુકૂળતા હોય તો બીજાને પણ તેઓ પ્રેરણાને પાત્ર બને. જ્યારે શઠ – દરેક ક્રિયામાં પોતે વિના કારણની પાયા વિનાની શંકા-કુશંકા કર્યા કરે. તેથી આગળ વધી બીજાઓને પણ વચનાદિ દ્વારા પોતાના મતના બનાવે. પોતે ડૂબે ને બીજાને ડૂબાડે.

જીવનમાં ધર્મક્રિયા કરતાં મન, વચન, કાયાનો સંગમ હોવો જોઈએ. જો તેમાં શ્રદ્ધાનું મિલન થાય તો બીજી વ્યક્તિ ઉત્તમ ક્રિયા કરતી જોઈ પ્રશંસા કરે એટલું જ નહિં પણ આવી ફળદાયી ક્રિયા કરવાની મહત્વકાંક્ષા સેવે. ધર્મસ્થાનોમાં તેથી જ અશઠ જીવોનું ગમણાગમણ ઉભયને લાભકર્તા બને છે. આચાર સામાના વિચાર સુધારે છે.

હવે વાત રહી શઠની. આહાર તેવો ઓડકાર, જેવી ગતિ તેવી મતિ, જેવું મન તેવું વચન. આવી લોકોક્તિ એજ વાતને અવાંતર રીતે કહેવા માગે છે કે, ધર્મસ્થાનકે જેમના જવાથી જીવનમાં પ્રવેશતા જો દૂર્ગુણો ઘટતા ન હોય, દૂર્ગુણનો

વ્યાપાર ત્યાં ચાલુ રાખતા હોય તો તેવા આત્મા શું ધર્મસ્થાનકે જવા યોગ્ય છે ? તમારો પહેરવેશ, તમારી આચાર-વિચારની પદ્ધતિ તમારી ચાડી ખાય છે. આથી તમારું પુણ્ય આગળના બદલે બે ડગલા પાછળ રહે તો તેમાં નવાઈ નથી.

ટૂંકમાં જાતને સુધારો. જાત સુધરશે તો જીવન સુધરશે. ધર્મસ્થાનકોમાં સુધરવા માટે તો જઈએ છીએ કે જવાનું હોય છે.

**સુવાક્યો :**

★ ધર્મમાં પ્રવેશ મનથી સ્થિરતા, કાયાથી પ્રસન્નતા અને જ્ઞાનથી મળે.

★ પૂર્ણ થવું છે ? ક્રિયા ભાવથી કરો.

★ સુખમાં સુખનું અને દુઃખમાં દુઃખનું કારણ શોધો.

★ શઠપણું કર્મથી અને અશઠપણું સદ્‌ગુણથી આવે, વિકસે.

★ ધર્મ–શઠ અશઠ બન્ને કરે છે. એક પ્રગતિ બીજો પીછેહઠ.

★ આનંદ શઠના મુખ ઉપર, અશઠના હૃદયમાં હોય.

**પદ :**

★ વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો.

★ ''છાર પર લીંપણું એહ જાણો.''

**ચિંતન :**

## શઠ-અશઠ...

કમઠે ધરણેન્દ્રેચ સ્વોચિતં કર્મ કુર્વતિ,
પ્રભુઃ તુલ્ય મનોવૃત્તિ પાર્શ્વનાથ શ્રીયેડસ્તુવઃ

ભ. પાર્શ્વનાથના જીવનનો એક પ્રસંગ. પ્રભુની ઉપર કમઠે ઉપસર્ગ કર્યા. જ્યારે ધરણેન્દ્રે ભાવથી ભક્તિ કરી. આમ બન્ને એ સ્વઉચિત કાર્ય કર્યું છતાં પ્રભુએ કમઠને ન તો શ્રાપ આપ્યો અને ધરણેન્દ્રને ન આશિષ ! સમદ્રષ્ટિ રાખી. સમદ્રષ્ટિના કારણે સમજદાર આત્મા આત્મચિંતન કરવા પ્રેરાયો. કાળાંતરે પ્રાયશ્ચિત્તના ઝરણામાં સ્નાન કરી કમઠ પણ તરી ગયો.

માનવ જીવનમાં ફૂલની શૈય્યામાં સુવાના કે શીતલ નિષ્કંટક માર્ગે વિહરવાના ઘણાને સ્વપ્ના આવે છે. સ્વપ્ના સેવે છે. પણ આવા સ્વપ્ન જાગ્રત અવસ્થામાં આવતા હોવાથી કલ્પનાના ઘોડા દોડાવીને કે પુણ્યહીન આત્મા સેવતા હોવાથી ફળતા નથી. હકીકતમાં આવું સ્વપ્ન દર્શનાવરણીય કર્મ બાંધીને આવેલા જીવને કદાચ ભોગવવા મળે. પરંતુ જો ભોગાંતરાયનો ઉદય હોય તો સુખ-સંપત્તિ કે સંસાર શાંતિથી ભોગવવા પણ ન મળે. આનું નામ 'છતે સાધને કે શક્તિએ તરસ્યા રહેવું.'

શઠ ને અશઠમાં ફેરવનાર જેમ કર્મ છે. તેમ અશઠને શઠ કરનાર પણ કર્મ છે.★ માત્ર ધર્મભાવના જ પરીવર્તનના કાળે માનવને પાછળથી પીઠ થાબડે છે, જગાડે છે. જો માર્ગ ભૂલી જવાતો હોય તો સન્માર્ગે વાળે છે. આવી ઉત્તમ ભાવના એક નહિં પણ અનેક (૧૨+૪=૧૬) છે.

જીવાત્માને પરમાત્મપદ પ્રાપ્ત કરવું છે. અલ્પજ્ઞાનીને પૂર્ણ-કેવળજ્ઞાની થવું છે. રખડપતિને કરોડપતિ-અબજપતિ થવું છે. પણ તે સ્ટેજ સુધી પહોંચવા માટે જીવનમાં પ્રાથમિક તૈયારી જે કાંઈ કરવી જોઈએ તે કરવી નથી. સ્વીકારવી પણ નથી. તો સમજી લો, મનુષ્ય જન્મનો ફેરો નિષ્ફળ જશે-નિરર્થક જશે. આર્યદેશ, ઉત્તમકુળ અને મનુષ્ય જન્મ પામ્યા પછી સર્વપ્રથમ સર્વવિરતિપણાને પ્રાપ્ત કરવાની ભાવના ભાવવી જોઈએ. તે જીવનમાં અશક્ય હોય તો દેશવિરતિ ધર્મ સ્વીકાર્યા પછી શ્રાવકની અગ્યાર પડિમા વહન-સ્વીકાર કરવી જરૂરી છે. જીવનની ચાર卐 અવસ્થામાં વૃદ્ધાવસ્થા વખતે જે જીવો બાળપણ જેવું ઘડપણ પ્રીતિકારક જીવવા ઈચ્છતા હોય તો તેઓએ સંસારથી અલિપ્ત રહેવાનું અશઠ (સરળ) જીવન જીવવાનું શરૂ કરવું પડશે. ઘરમાં માથું મારવા કરતાં સાક્ષીભાવે જીવન જીવનારને જ સુખ મળે છે. જીવનમાં કાળા-ધોળા ઘણાં કર્યા. ઘણાના વેરી પણ થયા. હવે એ બધો હિસાબ

---

★ એક સરખા દિવસો કોઈના હોતા-જતા નથી.

卐 બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રોઢાવસ્થા, વૃદ્ધાવસ્થા.

(૧) બ્રહ્મચર્યાશ્રમ – જીવનના સરવાળા રૂપે.
જ્યાં વિદ્યા, કલા, વીર્ય આદિનો સંગ્રહ (સરવાળો) કરવાનો છે.

(૨) ગૃહસ્થાશ્રમ – બાદબાકી રૂપે.
જ્યાં પ્રાપ્ત થયેલી શક્તિનો ખર્ચ કરવાનો છે.

(૩) વાનપ્રસ્થાશ્રમ – જીવનના ગુણાકાર રૂપ સમજવું.
જ્યાં દરેક પ્રકારના ગુણોની ખૂબ વૃદ્ધિ કરવાની છે.

(૪) સંન્યાસાશ્રમ – જીવનનો ભાગાકાર છે. જ્યાં પ્રાપ્ત કરેલા તપ, જપ આદિ ગુણોને વહેંચવામાં આવે છે. અર્થાત્ લોકોમાં પ્રચાર કરવામાં આવે છે.

**દશ અવસ્થાઓ :**

(૧) બાલા : ૧ થી ૧૦ વર્ષ – સુખ-દુઃખની વિશેષ સમજણ ન હોવાથી બાલ.
(૨) ક્રિડા : ૧૧ થી ૨૦ વર્ષ – રમતગમત વધુ પ્રિય હોય છે.
(૩) મંદા : ૨૧ થી ૩૦ વર્ષ – નવા ભોગોનું અર્જન કરવામાં મંદ હોવાથી.
(૪) બલા : ૩૧ થી ૪૦ વર્ષ – વધુમાં વધુ શક્તિ માણસ આ ઉંમરમાં બતાવી શકે છે.
(૫) પ્રજ્ઞા : ૪૧ થી ૫૦ વર્ષ – આ ઉંમરમાં બુદ્ધિ તેની ચરમ સીમાએ હોય છે.
(૬) હાયની : ૫૧ થી ૬૦ વર્ષ – હવે જીવનની શક્તિ ક્ષીણતાને માર્ગે ગતિ કરે છે.
(૭) પ્રપંચા : ૬૧ થી ૭૦ વર્ષ – રોગોનો વિસ્તાર વધતો જાય છે.
(૮) પ્રાગભારા : ૭૧ થી ૮૦ વર્ષ – શરીર વાંકુ વળી જાય છે, સંસારમાં અપ્રિય બને છે.
(૯) મુમ્મુહી : ૮૧ થી ૯૦ વર્ષ – જીવન તરફ ઉદાસીનતા આવે છે, મૃત્યુની પ્રતિક્ષા કરે છે.
(૧૦) શાયની : ૯૧ થી ૧૦૦ વર્ષ – પથારીમાં પડ્યો રહે છે ને દીન હીન કંગાળ બની જાય છે.

(ઠાણાંગ – ૧૦/૭૭૨)

ચુકતે કરવાનો શુભ અવસર આવેલ છે. એમ અંતઃકરણથી માનવું જોઈએ.

જૈનદર્શનમાં ભાવનાને દુઃખ નિવારણી દવા કહી છે. તેના બે વિભાગો પણ પાડ્યા છે. એક રોજ ક્ષણે ક્ષણે તમારા સમ્યગ્ દર્શન-જ્ઞાનની શુદ્ધિ માટે વાપરવાની છે. જ્યારે બીજી આપત્તિકાળે અવશ્ય કટુ રસાયણરૂપે વાપરવાની છે. હું ભવનો રોગી છું. એ વાત જ્યારે સમજાશે-દેખાશે ત્યારે જ આ વીતરાગ પ્રરૂપીત દવા લઈ શઠપણું ત્યજી અશઠપણું સ્વીકારશે.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળજ્ઞાન.

સોળ (૧૨+૪) ભાવનાનો સાર નીચે મુજબ છે.

| | નામ | ભાવના | ઉદાહરણ |
|---|---|---|---|
| ૧ | અનિત્ય | ધન-ધાન્ય, શરીરાદિ સર્વ વસ્તુ ક્ષણભંગુર છે. | ભરતચક્રવર્તિ |
| ૨ | અશરણ | તીવ્ર કર્મોદયથી કોઈ બચનાર નથી. | અનાથીમુનિ |
| ૩ | સંસાર | ચાર ગતિરૂપ સંસાર દુઃખનો ભંડાર છે. | મલ્લિકુમારી-૬ મિત્ર |
| ૪ | એકત્વ | જીવ એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. | નમિરાજર્ષિ |
| ૫ | અન્યત્વ | આ જીવ(આત્મા)થી શરીરાદિ સર્વ કાંઈ પર છે. | મૃગાપુત્ર |
| ૬ | અશુચિ | આ શરીર અશુચિ-અપવિત્ર છે. | સનતકુમારચક્રી |
| ૭ | આશ્રવ | પૂર્વ ભવોમાં બાંધેલા કર્મો જ ઉદયમાં આવે છે. | સમુદ્રપાલમુનિ |
| ૮ | સંવર | પૂર્વ ભવોમાં બાંધેલા કર્મો રોકાય છે. | હરિકેશીમુનિ |
| ૯ | નિર્જરા | તપ આદિથી બાંધેલા કર્મો ખપી જાય છે. | અર્જુનમાળી |
| ૧૦ | લોક | જગત અનાદિ અનંત છે, છ દ્રવ્યોનો સમૂહ છે. | શિવરાજર્ષિ |
| ૧૧ | બોધિદુર્લભ | રત્નત્રયીની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. | ઋષભદેવ-૯૮ પુત્ર |
| ૧૨ | ધર્મ | ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, પરમ હિતકારી છે. | ધર્મરુચિ અણગાર |

આ ઉપરાંત જીવન વ્યવહારમાં :

(૧) મૈત્રી – જીવમાત્રની સાથે મારે મૈત્રી છે. કર્મ સિવાય મારો કોઈ શત્રુ નથી.

(૨) પ્રમોદ – કોઈપણ આત્મા સુકૃત કરે-કરતો હોય તો તેની અનુમોદના કરવી.

(૩) કારૂણ્ય – જીવદયા જૈનોની દેવી-માતા સ્વરૂપ છે. હૃદયમાં કરુણતા, દયા હશે તો કાંઈક કરી છૂટવાની, બીજાને ઉપયોગી થવાની ભાવના જાગતી રહેશે.

(૪) માધ્યસ્થ – જીવ કર્મવશ છે. સારું-ખરાબ એ કર્મ અનુસાર થાય છે. તેથી મધ્યસ્થ ભાવે રહેવું એ જ ઉચિત સમજવું. પૂછવા જાઓ તો પૂછામણી આપવી જ પડે.

ટૂંકમાં અશઠ (સરળ) માનવી ઉપરની ભાવનાના કારણે પોતાના અધિકાર વિનાના વિચારો કરતો નથી. તેથી ધર્મસ્થાનકોમાં હું અને મારી આત્મકલ્યાણની

પ્રવૃત્તિમાં જ વ્યસ્ત રહી શકે છે. જે કોઈ આત્મા ખોટી રીતે કલ્પનાઓ કે ખોટા વિચારો શુભ સ્થળે કરવા પ્રેરાય છે. તે શારીરિક, માનસિક, આધ્યાત્મિક રીતે નુકસાન નોતરે-નિમંત્રે છે. રાગ-દ્વેષાદિના કારણે અનેકાનેક વિના કારણની સમસ્યાઓ ઊભી કરે છે અને તેથી જ શઠ (માયાવી) પ્રકૃતિવાળા જીવે ધર્મસ્થાનકોમાં અયોગ્ય આચરણ ત્યજવાની કે ન કરવાની ભાવનાથી જવું હિતાવહ છે.

ધર્મસ્થાનકોમાં નોકર, ચાકર, કાર્યકર કે આયોજનની બાબતમાં શઠ હંમેશાં ભૂલો કાઢવામાં કે અધિકારીઓને વગોવવામાં મસ્ત હોય છે. જંગલમાં દ્રાક્ષ ખાવા ગયેલા શિયાળને દ્રાક્ષ ખાવા ન મળી તે માટે તે ખાટી છે તેવો ખોટો આક્ષેપ આપી સંતોષ માનવો પડે છે. તેમ અહિં બને છે. તેથી પુણ્યના સ્થાને એ જીવ વધુ પાપ બાંધે છે.

જાદુગર જ્યારે જાદુ કરવાનો શરૂ કરે છે ત્યારે બધા જ જાણે છે કે, આ બધું ખોટું છે. ક્યારેક જાદુગર પણ પોતે પ્રેક્ષકોને કહે છે કે, આ બધું જ ખોટું છે. જનરંજન, મનરંજન, વાક્ચતુરાઈ, સાધનોની બોલબાલા અને હાથસફાઈના કારણે તમે આશ્ચર્યમાં પડી જાઓ તે સ્વાભાવિક છે. પરંતુ બધીજ માયાજાળ છે. ટીવી કે સિનેમાના પડદા ઉપર પણ અકલ્પનીય દ્રશ્યો આપણે બધા જોઈ •ષડરસમાંથી ગમે તે રસનું આસ્વાદન કરતાં હોઈએ છીએ. પણ જ્યારે સમય પૂરો થાય ત્યારે બધું જ વિલીન થાય છે. તેમ વિના કારણે આ જીવ શઠપણા દ્વારા કર્મ બાંધી બેસે છે.

એક વાત સ્પષ્ટ છે કે, આ આત્મા અયોગ્ય આચારમાંથી જેમ યોગ્ય આચાર કરવા પ્રેરાય છે. અજ્ઞાનતાથી થયેલી ભૂલો સુધારી જીવનનું નવનીત પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે, તેમ શઠ માનવી કાયમી શઠ રહેવાનો નથી. રાંડ્યા પછી ડહાપણ આવે અથવા પુણ્યનો ઉદય જાગે તો ટીકા-ટીપ્પણ કરાનર ક્રમશઃ જીવનના આદર્શ સુધારી લેવા પ્રયત્ન કરે છે. માત્ર દ્રષ્ટિ બદલવાની જરૂર છે.

ઇતિહાસમાં દેવાનંદા અને ત્રિશલામાતા વચ્ચે પૂર્વભવે આવો જ માયાનો પ્રસંગ ઊભો થયો હતો. મલ્લિકુમારી કે બ્રાહ્મીસુંદરીએ પૂર્વ ભવે માયા કરી સાચી વસ્તુ છૂપાવી હતી.. પરિણામે સ્ત્રી વૈદ (અવતાર) પ્રાપ્ત કર્યું હતું. મમ્મણશેઠે ખાવાની લાલચે મુનિ પાસે મોદક પાછો માગવા જઈ બાંધેલા પુણ્યને દુષિત કર્યું હતું.

રાજા સિદ્ધરાજને કર્ણ ઉપકર્ણે ખબર પડી કે, દંડનાયક સાજનદેએ ગિરનાર તીર્થનો ૧૨॥ કરોડ સુવર્ણ મુદ્રા ખર્ચી જિર્ણોદ્ધાર કર્યો. રાજાના કાન ભંભેરનારને ખબર નહિં કે સાજનદેએ તીર્થભક્તિમાં એ દ્રવ્ય વાપર્યું છે. છતાં રાજા દ્વારા ધન મોકલવા કહેણ મોકલ્યું. સાજનદેએ જવાબ આપ્યો કે અમારી પાવન ભૂમિને આપના ચરણથી પવિત્ર કરો એટલે ધન આપના ચરણે ધરી દઈશ.

રાજા શુભ દિવસે ગિરનાર પહોંચી ગયા. સાજનદેને પણ સમાચાર અપાઈ ગયા કે ધન તૈયાર રાખો હું આવું છું. સમજદાર સાજનદેએ રાજાના આગમનને

• મધુર, ખાટો, ખારો, તિક્ષણ, કષાય, કટુ.

ઉમળકાભેર વધાવી ગિરનાર તીર્થની યાત્રા કરવા તીર્થના થયેલા જિર્ણોદ્ધારના કામને બતાડવા ઉપર લઈ ગયા. સ્થળે સ્થળે કરેલા અનુમોદનીય કાર્યની રૂપરેખા આપી, રાજા જાત્રા કરી બાવીસમાં તીર્થપતિના દર્શન કરાવી પાછા નગરીમાં આવ્યા.

રાજસભા ભરાઈ હતી. નગરીના પ્રમુખ શ્રીમંતો રાજાને ભેટણા આપી બેઠા હતા. સાજનદેએ પ્રશ્ન કર્યો, મહારાજાધિરાજ ! ગિરનાર તીર્થનો જિર્ણોદ્ધાર થયો, તીર્થનું આયુષ્ય વધાર્યું તે કાર્ય આપને કેવું લાગ્યું ? રાજાથી બોલાઈ ગયું, કાર્ય અનુમોદનીય થયું. ધન સુકૃતનું હોય તોજ આવું કામ કરવું સુઝે. ધન્ય છે એ ધન અને એનો સદ્દુપયોગ કરનારને !

બસ, સાજનદેએ વિનંતી કરી કે, આપની હુકૂમતમાં રહેલા આ તીર્થનો આપના વતી જિર્ણોદ્ધાર થયો છે. હવે આપ નામદારને ધન જોઈએ છે કે તીર્થના જિર્ણોદ્ધાર દ્વારા તીર્થરક્ષાનું તીર્થભક્તિનું પુણ્ય ?

રાજા સિદ્ધરાજે પુણ્ય માગ્યું. પ્રજાએ રાજાની ઉદાર ભાવનાની મુક્ત મને પ્રશંસા કરી. આનું જ નામ શઠ કામને બગાડે અને અશઠ કામને સુધારે.

અંતે એક વાત જીવનમાં હૃદયમંદિરે લખી રાખવી કે, જ્યાં સુધી ભાગ્યનો સિતારો ચમકે છે ત્યાં સુધી પાપી કે માયાવીના કરેલા પ્રયત્નો બધા નિરર્થક જવાના છે. અગ્નિ ને પાણી પરસ્પર વિરોધી પણ છે અને ઉપકારક પણ છે. અગ્નિ-પાણીને ગરમ કરે છે, જ્યારે પાણી અગ્નિને ઠારે છે. એવી જ પરિસ્થિતિ શઠ-અશઠની છે. શઠ-અશઠની ગમે તેટલી કસોટી કરે, મશ્કરી કરે તો પણ ઉદાર વૃત્તિવાળા અશઠ શઠની દયા ચિંતવશે, ભલું ઈચ્છશે, સન્માર્ગે વાળવા પ્રયત્ન કરશે.

卐

# દાક્ષિણ્ય...

**શ્લોક :**

**ઉવયરઈ સુદક્ખિણ્ણો પરેસિમુજ્જિઝય સકજ્જવાવારો ।**
**તો હોઈ ગબ્ભવક્કો ણુવત્તણીઓ ય સવ્વસ્સ ॥૧૫॥**

**ભાવાર્થ :**

દાક્ષિણ્યતા ગુણવાળો આત્મા સ્વેચ્છાથી યા અન્યની પ્રેરણાથી પોતાના કાર્ય છોડીને પણ પરોપકારના સત્કાર્યમાં પ્રવૃત્તિશીલ થાય છે. તેથી તેનું વચન સર્વત્ર ગ્રાહ્ય બને છે અને સર્વ જીવો તેને અનુસરે પણ છે. (૧૫)

**વિવેચન :**

દાક્ષિણ્ય એટલે પરગજુપણું.

પર + ઉપકાર = પરોપકાર અને અપકાર તેનો પ્રતિસ્પર્ધી શબ્દ છે. પ્રથમ સદ્-વિષયક, ગુણકારી, વિવેકી યા ધર્મબુદ્ધિથી કરાતું/કાર્ય. જ્યારે બીજું સ્વાર્થ, લોભ, અર્થલાભ યા મોહના નિમિત્તે પ્રાથમિક દ્રષ્ટિએ કરાતું કાર્ય. જો બીજા કાર્યમાં રહેલી સ્વાર્થવૃત્તિ યા સંકુચિતતાના વિચાર ચાલ્યા જાય તો તેની દ્રષ્ટિ પણ અપકારકના બદલે ઉપકારકમય બની જાય.

ઉપકાર-દાક્ષિણ્યતા એટલે નિષ્કામ બુદ્ધિથી કરવામાં આવતી પ્રવૃત્તિ. બીજી રીતે પરગજુપણાથી કે લાગણીથી થયેલી પ્રવૃત્તિ. જ્યારે જે ઉપકારમાં અપકાર સ્વાર્થ છૂપાયો છે તે ઉપકાર નહિં પણ ઉપર ઉપરથી ફરજરૂપે વ્યવહારથી કર્મને કરવામાં આવતું કાર્ય છે.

ધર્મના ચાર ભેદમાં દાનધર્મને સર્વપ્રથમ સ્થાન અપાયું છે અને તેમાં પણ પ્રકારોમાં અભયદાન, અનુકંપાને સ્વીકારાઈ છે. આ અભયદાન તથા અનુકંપાદાન★ આપવાનું મન જીવને ત્યારે જ થાય જ્યારે તેના મનમાં બીજાના ભલાઈના વિચાર રમતા હોય. આ રીતે દાનધર્મના પાલનમાં દાક્ષિણ્યતા ખૂબ ભાગ ભજવે છે. જ્યારે અપકારી મને શું ફાયદો મળશે ? એવા વિચારે શુભ કાર્ય કરે જ નહિં.

વૃક્ષ પાસે ઊભેલા વટેમાર્ગુએ ચિંતકને પૂછ્યું, આ વૃક્ષની કાંઈ જરૂરિયાત છે ? પ્રવાસીને નડે છે. તેની કાંઈ જ કિંમત નથી. ચિંતક વટેમાર્ગુની પૂછવા પાછળની દુર્બુદ્ધિને સમજી ગયો. તેણે કહ્યું, ભાઈ, જો એમજ હોય તો તમારું શરીર પણ નકામું છે. તેની અપેક્ષાએ આ વૃક્ષ તો ઘણું ઉપયોગી છે. (૧) ૨/૪ બીજ જમીનમાં વાવો,

★ દયાના પ્રકારો – દ્રવ્યદયા, ભાવદયા, સ્વદયા, પરદયા, સ્વરૂપદયા, અનુબંધદયા, નિશ્ચયદયા, વ્યવહારદયા, જીવદયા, અનુકંપા વિગેરે.

૨/૪ વર્ષ પછી અનેકાનેક ફળો આપશે. (૨) ગરમીમાં પથિકને, પશુ-પક્ષીને શીતળ છાયા આપશે. (૩) ત્રણે ઋતુઓ સમભાવે સહન કરશે. (૪) પત્થર મારનારા બાળકોને પણ ફળ આપી આનંદ પમાડશે. (૫) કોઈપણ અપેક્ષા વિના ૨૫/૫૦ વર્ષ સુધી પગ ઉપર જ ઊભા રહી કુદરતને મદદરૂપ થશે. (૬) કહેવાય છે કે, વૃક્ષો વરસાદને ખેંચી પણ લાવે છે. (૭) પક્ષીઓને રહેવાનો વિસામો છે. (૮) પૃથ્વી આદિ છએ કાયો સાથે તેનો નજીકનો સંબંધ છે.

ટૂંકમાં દરેક ક્ષણે બીજાની ઉપર આ વૃક્ષ ઉપકારક છે. માટે હે માનવી ! તું પણ તારા જીવનમાં સંકુચિત વિચાર છોડી દાક્ષિણ્ય ગુણવાળો થા. આ જગતમાં સારું ને ખરાબ, ઉપકાર ને અપકાર તત્ત્વો છે. તે તમારા કહેવાથી કાંઈ ભાગી જવાના નથી. માટે વિચારોને સુધાર તો જ તારું ધર્મના દ્વારે સ્વાગત થશે.

**સુવાક્યો :**

★ દાક્ષિણ્યતાથી આત્મગુણોની યોગ્યતા પ્રગટે-વિકસે.

★ સ્વાર્થવૃત્તિ ભવ બગાડે, પરમાર્થ વૃત્તિ ભવ સુધારે.

★ બટનને દબાવો પ્રકાશ મળશે, સ્વાર્થનો ત્યાગ કરો ગુણ મળશે.

★ દાક્ષિણ્યતા ઉપર અરૂચિ એટલે ધર્મના દ્વાર બંધ.

★ ધર્મ સદ્‌ગુણનો અને અધર્મ દુર્ગુણોનો ભંડાર.

★ તમને સત્કાર ગમે છે કે ધિક્કાર ? પસંદ કરો.

**પદ :**

★ આજ મારા પ્રભુજી ! સામું જુઓ ને સેવક કહીને બોલાવો રે...

★ ત્રણ રતન મુજ આપો તાતજી, જીમ નાવે રે સંતાપ...

**ચિંતન :**

## અમીર-ગરીબ...

એક ગામમાં ધનથી અમીર અને મનથી ગરીબ એવા બે ધનવાન રહેતા હતા. માત્ર ફરક એટલો જ કે અમીર ધનથી અભિમાનપૂર્વક પરમાર્થ કરતો. ગરીબ કરૂણા કરી દુઃખીના દુઃખ મીઠાં વચનોથી ઠંડુ પાણી પીવડાવી દૂર કરતો.

એક દિવસની વાત. ગરીબને જંગલમાં અમરફળ જેવું ઉત્તમફળ પ્રાપ્ત થયું. પોતાને જન્મ-મરણ ઓછા કરવા હતા એટલે એ ઉત્તમફળ પોતે ન ખાતા પરોપકારી વ્યક્તિને આપવાની ભાવનાથી અમીરને પ્રેમપૂર્વક અર્પણ કર્યું.

અમીરે વિચાર્યું કે, કાંઈક દક્ષિણાની લાલચ હશે તેથી ઉત્તમફળ મેતાજીને આપી દક્ષિણા આપવા આજ્ઞા કરી. મેતાજી તમને રાજી કરશે એમ પણ કહ્યું.

---

★ રાજા ભર્તુહરિને બ્રાહ્મણે અમરફળ ભેટ આપેલ તે ફળ પણ ક્રમશઃ પિંગલા, મહાવત અને વેશ્યાને ત્યાં ફરી પાછું રાજાને મળ્યું. તેથી તે વૈરાગ્યવાન થઈ રાજ્ય છોડી સન્યાસી થયા.

ગરીબને આ વ્યવહાર ન ગમ્યો. ઉત્તમફળ ખાવાનો અધિકાર સુપાત્રનો હોય. મેતાજીને ખાવાથી શું ફાયદો ? પાત્રતા વિના ફળશે નહિં. ઉપરાંત દક્ષિણાની લાલચે મેં કાંઈ ફળ આપ્યું નથી. એટલે ગરીબ મેતાજી પાસે ગયો ખરો પણ દક્ષિણા લીધા વિના ચાલ્યો ગયો.

આ ક્રમ એક નહિં અનેક દિવસ ચાલ્યો. રોજ ગરીબ આવે, ઉત્તમફળ આપે ને ચાલ્યો જાય. એમને આશા હતી કે, ઉત્તમફળની ઓળખ જ્યારે થશે ત્યારે અમીર ફળ મેતાજીને ન આપતાં પોતે જ આરોગી *ધન્ય બનશે. મેતાજી તો આ ઉત્તમ ફળને આજ સુધી ફેંકી દેતો હતો.

અમીરના મનમાં કાંઈ સુધારો ન થયો. ઉત્તમફળની કાંઈજ અસર ન થઈ. અમીર, ગરીબને દક્ષિણા મેતાજી રોજ આપે છે એમ જ માનતો હતો. દક્ષિણાની લાલચે ગરીબ ફળ લાવી આપે છે એમ સમજતો હતો. ગરીબ ઉપર દક્ષિણા અપાવી પોતે ઉપકાર કરે છે તેવું તેના મનમાં ઠસી ગયું હતું.

એક બાજુ ગરીબ અમીરને બોધ આપવા માટે દાક્ષિણ્યતાથી ફળ આપતો હતો જ્યારે અમીર દક્ષિણાના લોભમાં ગરીબ ફળ રોજે રોજ લાવે છે એમ વિચારતો હતો. અંતે એક દિવસ અમીરનો ભ્રમ ખુલ્લો થયો.

આજે ગરીબ ફળની સાથે એક વાંદરો પણ લાવ્યો હતો. જ્યાં અમીરને ફળ આપવા લાગ્યો ત્યાં વાંદરાએ ફળ ઝડપીને ખાવાનું શરૂ કર્યું. અમીર આ નાટક જોઈ એક ક્ષણ મુંઝાઈ ગયો. મેતાજી પણ આવું અઘટીત થવાથી શું કરવું તે વિચારવા લાગ્યા. ત્યાંજ ખાતાં ખાતાં વાંદરાના હાથમાંથી ફળ નીચે પડ્યું ને તેમાંથી એક અલભ્ય રત્ન છૂટું પડ્યું.

રત્નના ચળકાટથી આખું વાતાવરણ બદલાઈ ગયું. અમીરે ગરીબને પૂછ્યું કે, આ બધું શું છે ? શું આવા રત્નો રોજ તમે આપેલા ફળોમાં હતા ? આ વાંદરાને શું કામ તમે લાવ્યા ? ફળના બદલામાં તમને અપાતી દક્ષિણાથી તમને સંતોષ હતો ?

અમીર અને ગરીબ વચ્ચેના વાર્તાલાપથી મેતાજી પણ મુંઝાઈ ગયા. મેં તો આ બધા ફળ નકામા તુચ્છ સમજી ગટરમાં પધરાવી દીધા. હવે શું થશે ? અમીર જો ફળ માગશે તો ?

ગરીબે અમીરને કહ્યું, પુણ્યયોગે પ્રાપ્ત થયેલા અમીરપણાને સફળ કરવા હું આ બધા ફળ તમને આપતો હતો. પણ, ફળમાં રહેલી ઉત્તમતાને આપ ઓળખી ન શક્યા તો મેતાજી ક્યાંથી ઓળખે ? આ ચંચળ વૃત્તિવાળા વાંદરાએ ફળની પાછળ રહેલી યોગ્યતાને ખુલ્લી કરી. આપની દક્ષિણા તો હજુ સુધી મેં લીધી નથી. માત્ર દાક્ષિણ્યતાના દ્વારા મળેલા જીવનને મળેલી અમૂલ્ય ક્ષણોને સફળ કરવાનો સંદેશ જ મને આપને આ ઉત્તમફળ દ્વારા આપવો છે.

વીતરાગ પરમાત્માની પાસે ભાવપૂજામાં દાક્ષિણ્ય એટલે પરોપકારીપણાનો

---

★ રાજા ભર્તૃહરિએ અમરફળના કારણે રાજ્ય છોડી સંન્યાસ લીધો.

ઉત્તમ ગુણ જીવનમાં પ્રાપ્ત કરવા જય વીયરાય સૂત્ર દ્વારા 'પરત્થકરણંચ' શબ્દથી આપણે સૌ વારંવાર માગીએ છીએ. આ સદ્‌ગુણમાં જીવન સફળ કરવાની ચાવી છે. આ ભવે અથવા પરભવે આ ગુણ આપણને નિશ્ચિત મળશે એવી આશા રાખી આત્મગુણની મૂડીમાં વધારો કરવાની ભાવનાથી વારંવાર પ્રભુ પાસે કહીએ છીએ.

પણ સ્વાર્થથી ભરેલા આ સંસારી જીવને આવું ક્યાંથી સૂઝે ? ગમે ? પોતાની કીર્તિ વધારવા, લગ્નાદિ પ્રસંગે આંખ મીંચીને વ્યય કરનારને પૂછવામાં આવે કે શું આ બધું યોગ્ય છે ? તેનાથી તમને પુણ્ય બંધાશે ? શું આ કન્યાદાન તમારી જવાબદારીથી તમને મુક્ત કરશે ? લાડી-વાડી અને ગાડી પાછળ સાચું કર્તવ્ય ભૂલાઈ જવાય છે.

દાક્ષિણ્યતા ગુણના પાલનમાં એક અતિ મહત્વનો ફાયદો એ છે કે, ઉત્તમ પુરુષોનો સહવાસ થાય. તેઓના હૃદય મંદિરમાં નિવાસ થાય એટલે ઘણું મળ્યું. ધર્મીઓના, વડીલોના, કલ્યાણ મિત્રોના નિકટ રહેવાથી જીવનના દુર્ગુણો દૂર થાય ને સદ્‌ગુણોની વૃદ્ધિ થાય. ભવિષ્યમાં આ એક ગુણ કલ્પનાતીત અનેક ગુણો ખેંચી લાવવા સમર્થ છે.

જેટલી વડીલ-પૂજ્યોની નજીક તેટલા વડીલો આપણા હિતની ચિંતા કરે. અંતરથી આશીર્વાદ આપે. અનુભવનું ઓસડ (ઔષધ) પીવડાવી ધન્ય કરે જ્યારે જે દાક્ષિણ્ય નથી. જેનામાં વડીલોની, ધર્મકાર્યની કે આંખની શરમ નથી તેવા જીવ સત્કર્મથી કે સત્કાર્યથી દૂર દૂર થઈ જાય છે. શ્રીપાળકુમારની સામે ધવલશેઠનું જીવન વિચારો. આટ આટલો શ્રીપાળકુમારે ઉપકાર કર્યો તેના બદલામાં ધવલશેઠે શ્રીપાળને મારવા માટે પ્રયત્ન કર્યો. પરિણામે પોતાને જ મરવું પડ્યું.

તીર્થંકર પરમાત્મા તીર્થંકર નામકર્મની નિકાચના (ઉપાર્જન) જ્યારે કરે છે ત્યારે પૂર્વના ત્રીજા ભવમાં 'સવિ જીવ કરું શાસન રસિ, ઐસિ ભાવદયા દીલમાં વસિ' આવી વિશિષ્ટ ભાવદયા, કરૂણા રાખે છે. જો તીર્થંકર નામકર્મની નજીક લઈ જનાર કરૂણા છે. તો દાક્ષિણ્યતાથી જીવને શું પ્રાપ્ત ન થાય ?

દાક્ષિણ્યતા અપેક્ષા કરતાં પણ વધુ આપવા માટે સમર્થ છે. દાનધર્મમાં જો ઉંડી વિચારણા કરવામાં આવે તો માત્ર અનુકંપાના કાર્યમાં જીવદયાની પ્રવૃત્તિ થઈ, સાથોસાથ શીયળ ધર્મની આરાધના થઈ. વૈયાવચ્ચ કોઈ તપસ્વી જીવની કરી તો ત્યાં તપધર્મની ઉપાસના કહેવાઈ. જ્યારે શુભભાવે પ્રવૃત્તિ આચરી તો ભાવધર્મનું પણ પાલન થયું. આ રીતે જ્યાંથી વધુમાં વધુ સત્કર્મ થાય છે તે દાક્ષિણ્યતાની જ જો ઉપેક્ષા કરી તો સમજવું કે આપણે ગોળ ને ખોળને ઓળખી કે સમજી શક્યા નથી.

કહેવાનું તાત્પર્ય એજ કે, જે આત્મા ધર્મકાર્યમાં પોતાના દાક્ષિણ્યતા ગુણને પ્રગટ કરે છે. તે ભોજન કર્યા પછી ક્ષુધાતૃપ્તી થાય, પાણી પીધા પછી તૃષા શાંત થાય તેમ પોતાના આત્મગુણને વિકસાવી ધન્ય બને છે.





# લજ્જાળુ...

**શ્લોક :**

**લજ્જાલુઓ અકજ્જં વજ્જઈ દૂરેણ જેણ તણુયંપિ ।**
**આયરઈ સયાયારં ન મુયઈ અંગીકયં કહવિ ॥૧૬॥**

**ભાવાર્થ :**

લજ્જાળુ આત્મા અલ્પ પણ અકાર્યનો દૂરથી જ (અચૂક) ત્યાગ કરે છે. તેમજ જેને સદાચાર કહેવાય તેવા વ્યવહારને સ્વીકારે-આચરે છે અને અંગિકાર કરેલા વ્રતને ક્યારેય છોડતા નથી. તેથી તે ધર્મનો અધિકારી છે. (૧૬)

**વિવેચન :**

'લજ્જાળુ' અને 'નિર્લજ્જ' એકને સદ્‌ગુણી કહીશું તો બીજાને દુર્ગુણી કહેવો પડશે. કદાચ એકને ધર્મના સહવાસી માનીશું તો બીજાને ધર્મથી અલિપ્ત-વિમુખ કહેવો પડશે. જો કે અપેક્ષાએ અનેકાંતવાદની દ્રષ્ટિએ એક ધર્મનો ઉપાસક તો બીજો બાહ્ય રીતે સંવત્સરીનો ધર્મ કરવા ખાતર કરવા જનારો એમ પણ સમજીશું.

લજ્જાળુ – પાપ હોશથી ન કરે, અયોગ્ય કામ ઈચ્છાથી ન આચરે, પોતાની ઉંમર, કુળ, મર્યાદા, લોક વ્યવહારાદિને નજર સામે રાખી આકસ્મિત રીતે અયોગ્ય આચરણ થઈ ગયું હોય તો ક્ષમા માગે. પ્રાયશ્ચિત્ત લે, ફરી ન કરવાની ખાત્રી આપે. ટૂંકમાં એ અયોગ્ય કાર્ય ન કરે અને થઈ જાય તો અટકી જવા પ્રયત્ન કરે. તેથી લજ્જાળુને શરમાળ, શરમીંદો વિગેરે પણ કહેવાય છે.

નિર્લજ્જ – 'જેણે મૂકી લાજ, તેનું નાનું શું રાજ' આ કહેવત મુજબ નિર્લજ્જના આચાર, વિચાર, વર્તન, જીવન સર્વ રીતે હાસ્યાસ્પદ હોય છે. બીજા શબ્દમાં પાગલ-ગાંડો માનવી જેમ જીવન જીવે તેનાથી પણ અપેક્ષાએ જોનાર, સાંભળનારને શરમ લાગે તેવું એ જીવન જીવતો હોય છે. 'પાપં અસ્માકં બાપં'ની જેમ અયોગ્ય કાર્ય કરવું એ વંશ પરંપરાગત અમારો હક્ક છે. તેમ જગતને બગાડે.

શાસ્ત્રમાં કહ્યું છે કે, ચક્રવર્તિના ઘોડાને બળજબરીથી શીયળ પળાવવામાં આવે છે. કારણ, ૧૪ રત્નમાનો એક છે. કુળવાન, બળવાન, જાતિવાન ઉત્તમ લક્ષણવાન હોવાથી તેની યોગ્યતા જાળવવાની હોય છે. તેજ રીતે ઉત્તમકુળના સંસ્કારથી, લોહીની ખાનદાનીથી અથવા શાસ્ત્રોની ઉપદેશાત્મક વાણીથી લજ્જાળુ લાજ-શરમથી પણ ધર્મી જીવન જીવે. ટુંકમાં શેતાનને સજ્જન બનાવનાર, પતિતને પાવન કરનાર, વિષય-કષાયોને વશ કરનાર લજ્જાળુ હોય છે. ભૂલે ચૂકે પણ એ નિર્લજ્જની કે હલકા વિચારો રાખનારની સોબત ન કરે.

જ્યારે નિર્લજ્જને જીવનમાં એકે પળ પણ સદ્‌વિચાર કરતો ન હોવાથી શાંતિ હોતી નથી. શાંતિના ધામ સમા ધર્મક્ષેત્રમાં પણ તેને ચૈન પડતું નથી. સાત્વિક વિચાર કે જીવન તેની જીવન પોથીમાં ક્યાંય જોવા મળતું નથી. ટૂંકમાં વિના કારણ સંકલેશમય તેનું જીવન હોવાથી ધર્મના દ્વારે ચઢવું તેને દુર્લભ થાય છે. ચડી જાય તો પણ શુભ ભાવો ભાવિ શકતો નથી. દર્શનના આનંદનો ઘંટનાદ કરી શકતો નથી.

**સુવાક્યો :**

★ આત્મા અનંત ગુણનો ભંડાર છે, કાળજીપૂર્વક પ્રવૃત્તિ કરો.

★ નિર્લજ્જને બંધન નથી, લજ્જાળુને સ્વતંત્રતા નથી.

★ પાપ બધે છે, લજ્જાળુને દેખાય, નિર્લજ્જને ન દેખાય.

★ કામાંધ, રાગાંધ, લોભાંધ નિર્લજ્જતાના કારણે થાય.

★ રાજકારણી પોલીટીક્સ હોય તો ધર્મી લજ્જાળુ હોય.

★ ધર્મી નિર્લજ્જ હોય તો શાસનની નિંદા થાય.

**પદ :**

મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા,
મારી ભૂલોને ભૂલનારા, તારી કરૂણાનો કોઈ પાર નથી.

**ચિંતન :**

## પાપ ઘટાડો-પુણ્ય વધારો...

ઉજ્જૈની નગરીના પ્રજાપાલ રાજાએ રાજસભામાં પુત્રીઓને પ્રશ્ન પૂછ્યો –

આ જગતમાં સુખ આપનાર કોણ ?

બાપકર્મી સુરસુંદરીએ કહ્યું – પિતાજી.

આપકર્મી મયણાસુંદરીએ કહ્યું – કર્મ.

વાત સમજવા જેવી છે. મુખ દર્પણમાં જુઓ કે પાણીમાં. એક સરખું દેખાશે. માત્ર દર્પણમાં પ્રતિબિંબ સ્થિર હોય ને પાણીમાં અસ્થિર. સંસારના રાગી જીવને સુખનું કારણ પિતા દેખાયા. હકીકતમાં તે ક્ષણિક છે. જ્યારે ધર્મના રાગી જીવને સુખનું કારણ કર્મ સમજાયું. જ્યાં સુધી પુણ્ય કર્મ જાગ્રત છે ત્યાં સુધી નિશ્ચિત જીવને સુખ મળે. જે ક્ષણે પાપનો ઉદય ચાલુ થશે. ત્યારે બધેથી દુઃખ આવી પડશે.

રાજા શ્રેણિકે પોતાના રાજ્યમાં વિશાળ ચિત્રશાળા બંધાવી. દેશ-વિદેશથી જોવાલાયક ઘણી વસ્તુ ભેગી કરી. તેમાં ૧૦×૩૦ ફૂટ સાઈઝની ભીંત ઉપર અનુપમ ચિત્રકામ કરવા માટે તેણે બે ચિત્રકારોને આમંત્ર્યા. ચિત્રકારને ચિત્રની રૂપરેખા આપી. *ચિત્ર જોઈ પ્રજાજન,* પરદેશીઓ *વાહ વાહ* પોકારે તેવું *કામ કરવા ભલામણ કરી.* આ કાર્ય માટે ૬ મહિનાનો પૂરતો સમય પણ આપ્યો. મોં માગ્યા દામ પણ આપ્યા. શુભ દિવસે ચિત્રકારોએ કામ શરૂ કર્યું.

એક ચિત્રકાર કલ્પના ગગનમાં વિહરનારો કલાબાજ હતો જ્યારે બીજો કુદરતને વાચા આપનાર હતો. બન્નેને સામસામી ભીંત ઉપર ચિત્ર કરવા આજ્ઞા મળી હતી. પહેલા ચિત્રકારે ભીંતને ખૂબ સંસ્કારીત કરી. ''લાલ, પીળો ને વાદળી મૂળ ત્રણ રંગ કહેવાય''ની જેમ એકના અનેક રંગ કર્યા. આંખને ગમી જાય, શાંતિ આપી જાય તેવા ઝાંખા લાઈટ રંગ વાપર્યા. છ મહિનામાં સમય ને શક્તિ જોયા વિના પ્રાણ પૂરી ચિત્ર તૈયાર કર્યું. શુભ દિવસે રાજાને ચિત્ર જોવા પધારવા વિનંતી કરી.

બીજો ચિત્રકાર કુદરતને વાચા આપવામાં મગ્ન હતો. ભીંતને સંસ્કારીત કર્યા પછી અનેક રીતે પાલીશ કરી તેને પારદર્શક બનાવી. પહેલી નજરે જોનારને ભીંત ન દેખાય પણ સ્ફટીક જ લાગે.★ સ્ફટીકની સામે જે રંગ-દ્રશ્ય વિગેરે રાખો તે પોતાનામાં પ્રતિબિંબીત કરે. દર્પણની સામે ઉભા રહો, તમારું પ્રતિબિંબ પડે. એ રીતે આ કલાકારે છ મહિના સુધી બુદ્ધિ વાપરી, ભીંતને પોતાની કલા-કારીગરીથી પારદર્શક બનાવી હતી. તેને પણ પોતાનું કામ પૂર્ણ કરી રાજાને પાવન પગલાં કરવા વિનંતી કરી.

રાજા પરિવાર સાથે પહેલા ચિત્રકારનું ચિત્ર જોવા માટે ગયા. ચિત્રકારે સ્વાગત કર્યું. ચિત્ર જોઈ સૌના મુખેથી સરસ, સરસ કામ કર્યું છે તેવા શબ્દો સરી પડ્યા. હવે વારો આવ્યો બીજા ચિત્રકારનો. સૌ હોંશે હોંશે બીજું ચિત્ર જોવા આવ્યા હતા. બધાને કાંઈક નવું જોવા મળશે તેવી આશા હતી. પણ અહીં ભીંત જ કોરી દેખાઈ. સૌ વિચારમાં પડી ગયા. નીરસ-નારાજ થઈ ગયા.

જિજ્ઞાસાભાવે રાજાએ ચિત્રકારને પૂછ્યું, ભાઈ ! છ મહિના સુધી તમે શું ભીંતને લાલ,પીળા રંગથી રંગી જ નહિં. આમ કેમ ? શું હજી કામ બાકી તબિયત તો સારી છે ને ?

ચિત્રકાર વૃદ્ધ હતો. અનુભવી હતો. રાજા-પ્રજાને વિનંતી કરી, કૃપા કરી આપ નીચે બેસી જાઓ. જ્યારે બધા બેસી ગયા ત્યારે ચિત્રકારે ભીંતની સામેનું કપડાનું આવરણ દૂર કર્યું. જેમ જેમ ભીંતનું આવરણ દૂર થતું ગયું તેમ તેમ પહેલા ચિત્રકારે જે રંગ વાપરીને ચિત્ર બનાવેલું હતું તે પારદર્શક ભીંતમાં રંગ વાપર્યા વગર આચ્છાદિત થવા લાગ્યું. તે જોઈ રાજા-પ્રજા બધા હર્ષવિભોર થઈ ગયા. કલાકારની કલાની મુક્ત કંઠે પ્રસંશા કરવા લાગ્યા. પીંછીને વાપર્યા વગરના ચિત્ર માટે આવું તો કલ્પ્યું પણ નહોતું. ભીંતમાં નિર્મળ ચિત્ર પ્રતિબિંબિત થાય તેમ હૃદય નિર્મળ તો જીવન સફળ થાય.

રાજાએ બન્નેને ઉચિત બહુમાન કરી ધન્ય કર્યા.

★

---

★ જમીનને પાણી સમજી ચાલતા દુર્યોધનને જોઈ દ્રૌપદીએ 'આંધળાના છોકરા આંધળા' એ કટુ વેણ મેણાંરૂપે માર્યું. તેમ આ ભીંતને દર્પણ જેવી કરી હતી.

આ કથા ઉપરથી લજ્જાળુ માનવીનું હૃદય કેવું નિર્મળ, નિર્દોષ, પવિત્ર ધર્મના રંગથી રંગાયેલું હોય છે તે જાણવા-સમજવા મળશે. ધર્મના દ્વારે પ્રવેશી રહેલા માનવીનું જો હૃદય પવિત્ર હોય તો એ આત્મા એક ભવમાં અનેક જન્મના પાપ ધોઈ નાખે છે. માટે જ ધર્મના દ્વારે જતાં જીવે યોગ્યતા કેળવવી જોઈએ.

વીતરાગ પરમાત્માની સન્મુખ ભાવપૂજા કરતાં જય વીયરાય સૂત્ર દ્વારા ૧૩ માગણી (અંતરની ઈચ્છાઓ) રજૂ કરાય છે. 'લોકવિરુદ્ધચ્ચાઓ' શબ્દ દ્વારા આ લોકમાં-જગતમાં જે કાંઈ વ્યવહારથી અનુચિત-વિરુદ્ધ ગણાતું-સમજાતું-માનવામાં આવતું હોય તેનો હું ત્યાગી બનું. એ દુર્ગુણથી મુક્ત થાઉં એવી ભાવના આ શબ્દની પાછળ ભાવવામાં આવે છે.

લોકમાં વિરુદ્ધ પ્રવૃત્તિ એટલે નિર્લજ્જ બેશરમ માનવી દ્વારા જે જે પ્રવૃત્તિ ખાવા-પીવા-ભોગવવા કે વાતચિત કરવામાં થતી હોય તે સર્વના ત્યાગી બનવાની ભાવના.

લજ્જાળુ માનવી પાપારંભ ઓછા કરે, કારણ શરમ નડે. ભારતીય સંસ્કૃતિના પ્રાણ સમાન 'મર્યાદા'ને ઓળંગે નહિં. મર્યાદા–ઘરમાં, સંસારમાં, વ્યવહારમાં કે ધર્મમાં પાળવાની હોય છે. જે મર્યાદાને ઓળંગે તે બધેથી પાછો પડે. કામ કરે તો તેમાં પણ અપયશ મળે. મર્યાદાને વિનય, વિવેક સાથે નજીકનો સંબંધ છે.

હકીકતમાં જીવનની ચાર - બાળ, યુવા, પ્રૌઢ અને વૃદ્ધ અવસ્થામાં ઉંમર અનુસાર પોતાને મળેલ પદવીની મર્યાદા જાળવી આચરણ પ્રવૃત્તિ કરવાની હોય છે. લજ્જાળુ માનવી દરેક ક્ષણે પોતે કોણ છે ? પોતાનું કર્તવ્ય શું છે ? શું કરવાથી પોતાની શોભા વધશે ? એનો વિચાર કરી જીવન જીવે. તો જ ધર્મના દ્વારે એ અધર્મકારી કાર્ય કરવા નહિં પ્રેરાય. એટલું જ નહિં દરેક સ્થળે પોતાના આચાર-વિચારથી અન્યને પ્રેરણારૂપ થાય. તેના દ્વારા ઉચ્ચારેલા વચન પણ આદરણીય, સન્માનનીય થાય.

લજ્જા–શરમ પ્રાયઃ કરીને પાપને આચરતા અટકાવી દે છે. એક શ્રાવકે ચોવિહારના પચ્ચક્ખાણ લીધા હતા. રાતના બાર વાગે ગરમીના કારણે ગળું સુકાઈ ગયું. મનને સમજાવવા સમયને વ્યતીત કરવા ઘણો પ્રયત્ન કર્યો પણ મનડું શાંત ન થયું. બેચૈન થઈ પાણી પી લેવા ઊભો થયો. (કાલે ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત લઈશ તેવી ભાવનાથી) માટલા પાસે જઈ ગ્લાસમાં પાણી પણ લીધું, સાથોસાથ મનડાને સમજાવ્યું કે, પાણી નહિં પીએ તો તું મરી નહિં જાય. માની જા, પાણી નથી પીવું. માટલામાં પાછું નાખી દે. પણ જીદે ચડેલું મનડું માનતું નથી. વળી પાછું પાણી પાવાના બદલે ભીનું કપડું કરીને શરીરને પંચ કરી શાંતિનો અનુભવ કરી પાણી પીવાનું ટાળવા મનડાને કહ્યું, પાપથી બચવા લોકલાજ શરમ ને માન આપવા પ્રેરણા આપી.

બસ, મનડાએ છેલ્લે માની લીધું, પાણી મટકામાં પધરાવી નિદ્રાદેવીનું શ્રાવકે શરણ લીધું. આનું જ બીજું નામ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર ને અનાચાર. જીવને પાણી પીતા વાળ્યો એટલે અનાચારના પાપથી બચાવ્યો. એ બચાવવાનું કામ લજ્જાળુ સ્વભાવે કર્યું. પાપના ડરે કર્યું.卐

કેટલાક લજ્જાના કારણે જીવન સુધારનારાઓના ઉદાહરણ :

★ ભરત મહારાજા ઉપર ઉગામેલી મુટ્ઠીને મસ્તકના લોચમાં ફેરવનાર બાહુબલિજીને પિતા તુલ્ય ભાઈની લજ્જા કામ આવી.

★ તરતમાં પરણેલી નાગિલાને છોડી સંયમ સ્વીકારનાર ભવદેવને પોતાના સંયમી ભાઈની જ લજ્જા નડી હતી.

★ બૌદ્ધ ભિક્ષુઓને કડકડતાં તેલની કડાઈમાં નાખી દેવા સુધીના ક્રુર પરિણામોથી હરિભદ્રસૂરિજીને ઉપશમ ભાવમાં લાવવાનું કામ ગુરુદેવના સંદેશાની શરમે કર્યું.

★ રૂપવંતિ સ્ત્રીને ત્યાં નિવાસ કરતા અરણિક મુનિવરને ફરી સંયમી જીવનમાં સ્થિર કરનાર સાધ્વીમાતાની લજ્જાએ જ કામ કર્યું.


★ મેઘકુમાર ભ. મહાવીરને ઓઘો-મુહપત્તી આપવા ગયા પણ ઉચ્ચ કુળમાં જન્મેલા આત્માને પ્રભુના પૂર્વભવ સંબંધિના વચનોએ તેઓને સંયમમાં સ્થિર કર્યા.

આવા અનેકાનેક ઉદાહરણો દ્વારા પતનની ખાઈમાંથી આત્મોત્થાનના શિખર સુધી લઈ જનાર પાપથી નિવૃત્તિ અને ધર્મમાં પ્રવૃત્તિ કરવાનું સત્વ પેદા કરનાર લજ્જાગુણધારી આત્માઓને કોટીશઃ વંદન...

★ **લજ્જાળુ વ્યક્તિ પાંચ મહાવ્રતોનું પાલન કરે છે તેને –**
અહિંસાના પાલન દ્વારા સુંદર તન મળે,
સત્યના પાલન દ્વારા સુંદર વચન મળે,
અચોર્યના પાલન દ્વારા સુંદર ધન મળે,
બ્રહ્મચર્યના પાલન દ્વારા સુંદર ઈન્દ્રિય મળે,
અપરિગ્રહતાના પાલન દ્વારા સુંદર મન મળે.

★ **ભાષાના પ્રકાર :**
આલાપ – થોડું બોલવું.
અનાલાપ – ખરાબ બોલવું.
ઉલ્લાપ – મર્યાદા ઓળંગીને બોલવું.
અનુલ્લાપ – મૌન રહેવું.
સંલાપ – પરસ્પર બોલવું.
પ્રલાપ – વ્યર્થ બબડાટ કરવો.
વિપ્રલાપ – વિરુદ્ધ વાણી બોલવી.

卐 સંસાર ઘસાય તેનું નામ ધર્મ, પૈસાની મૂર્ચ્છા ઘસાય તે દાન, વાસના મનથી ઘસાય તે શીલ, ખાવા-પીવાની ઈચ્છા ઘસાય તે તપ અને મનની પ્રવૃત્તિઓ ઘસાય તે ભાવ.





# દયાળુ...

**શ્લોક :**

**મૂલં ધમ્મસ્સ દયા, તયણુગયં સવ્વમેવણુટ્ઠાણં ।**
**સિદ્ધંજિણિંદસમએ, મગ્ગિજ્જઈ તેણિહ દયાલૂ ॥૧૭॥**

**ભાવાર્થ :**

ધર્મનું મૂળ દયા છે. જિનાગમમાં સઘળાય અનુષ્ઠાનો (ક્રિયાઓ) દયાપૂર્વકના જ કહ્યા છે. એ કારણે અહિં દયાળુને માન અપાય છે. અર્થાત્ ધર્મપ્રાપ્તિ, સદ્‌બુદ્ધિ માટે એ (જીવ) યોગ્ય કહ્યો છે. (૧૭)

**વિવેચન :**

બીજાના દુ:ખને માત્ર આંખેથી જોવાથી, સ્વજનાદિના સંબંધ કાંઈ ન હોય છતાં દુ:ખની કથા કાનથી સાંભળવાથી અથવા જેનામાં પોતે નિમિત્તરૂપ બન્યા ન હોય છતાં કાયાથી મદદરૂપ થવા દોડી જવાની જેના હૃદયમાં કુણી લાગણીનું ઝરણું વહે તેનું નામ દયા.

તીર્થંકરપણાની માતા મૈત્રી–ભાવના છે.
સાધુપણાની માતા સમિતિ–ગુપ્તિ છે.
શ્રાવકપણાની માતા યતના (જયણા) છે.

મૈત્રી, સમિતિ, ગુપ્તિ કે યતના એ સર્વેના મૂળમાં જો કોઈ તત્ત્વ છૂપાયું હોય તો તેનું નામ કોમળતા–અહિંસા યા દયા છે. એના વિના એ આત્માઓ વંદનીય-પૂજનીય ન બને. જે બીજાને સુખ આપે તે ભવાંતરમાં પોતે સુખી થાય.

કદાચ સામી વ્યક્તિને દુ:ખ આપવામાં નિમિત્તરૂપ થવાયું હોય, એ જીવને આઘાત પોતાના કારણે લાગ્યો હોય, સંબંધોમાં તીરાડ પડી હોય તો તેને સુધારવાનું જો કોઈ કામ કરતું હોય તો તેનું નામ પશ્ચાતાપ, પ્રાયશ્ચિત્ત કે કૂણી લાગણીરૂપ દયા છે. તેથી જ નિત્ય ઉભયટંકે આરાધકો પ્રતિક્રમણમાં ક્ષમા માગે છે.

સાધુઓ જીવનમાં દરેક ક્ષણે આચારમાં કે વિચારમાં શ્રાવકો ધર્મમાં કે કર્મમાં (સંસારમાં) દરેક સ્થળે દયા, જીવદયા, જયણાને આવકારતા, આચરણ કરતા હોય છે. બીજા શબ્દમાં જ્યાં છએ જીવકાયોની વિરાધના થતી હોય ત્યાં આત્મા સમ્યગ્‌દર્શની હોય, સમ્યગ્‌જ્ઞાન પામેલો હોય તો ત્યાં દયાધર્મને વધુમાં વધુ પાળવા આગ્રહ રાખે. આમ દયાધર્મ એને પાપ કરતા અટકાવે.

જ્યારે હૃદયમાં કોમળતા, સહૃદયતા કે જીવો પ્રત્યે વાત્સલ્ય પેદા થાય છે ત્યારે સમજવું કે એ આત્મા દીનદુ:ખીનો બેલી છે. ૮૪ લાખ યોનિમાં જન્મ લેતાં

દરેક જીવનું ભલું કરવાની તેનામાં દ્રષ્ટિ છે. જે વ્યક્તિ બીજાને સુખ, સાંત્વન, સદ્દ્ભાવાદિ આપે છે તેવી વ્યક્તિને તરત અથવા કાળાંતરે એ ગુણ મળે જ છે. એનો ટૂંકો અર્થ એજ કે, ધર્મના શરણે-દ્વારે જે જાય તેનું અહિત કોઈ કરી શકતું નથી. માટે જ નિર્દય કે હિંસક માનવીને ડગલે ને પગલે વિઘ્નો આવે છે. અશાંત રીતે એ જીવન જીવે છે. ચોવિશે કલાક ભય-ત્રાસ-અસંતોષમાં અટવાયા કરે છે.

આ આપત્તિથી જો બચવું હોય તો માત્ર જીવનમાં દયાને સ્થાન આપો. દયાળુ બનો.

**સુવાક્યો :**

- ★ જેના જીવનમા દયા તેનું જીવન ઉદાર.
- ★ જીવ કર્મવશ છે માટે મનથી પણ અહિત ન ઈચ્છો.
- ★ બીજાને મારવું આપત્તિ છે, બચાવવું સંપત્તિ છે.
- ★ દીન દુઃખીયા જીવોની યાદ અપાવે તે દયા.
- ★ સુખ જોઈએ તો દયાને જીવનમાં સ્થાન આપો.
- ★ નિર્દયીને જલદી આદર, માન-પાન ન મળે.
- ★ દયાને કારણે જીવનમાં સહનશીલતા પ્રગટે છે.
- ★ અહિંસા એ શ્રેષ્ઠ (ઉત્તમ) ધર્મ છે.

**પદ :**

★ **દીન દુઃખીયાનો તું છે બેલી તું છે તારણહાર,**
**તારા મહિમાનો નહિં પાર.....**

**ચિંતન :**

## વ્યસન-અંજન...

વ્યસન – પરાધીન બનાવે છે.

અંજન – યોગ્યતા પ્રગટાવે છે.

માનવી કર્મના કારણે, સોબતના કારણે અથવા ખરાબ નિમિત્તથી ચા, તમાકુ, બીડી, સિગારેટ અને દારૂ જેવા અનેક વ્યસનોનો ગુલામ બને છે. મુખ્યત્વે વ્યસન મિત્રના કહેવાથી, સમાજમાં ફેશનેબલ થવા માટે અથવા શોખની ખાતર સ્વીકારે છે. પ્રારંભમાં માત્રા (સંખ્યા) ઘણી અલ્પ હોય છે. ક્યારેક વાપરે છે પણ સમય જતાં એજ વ્યસનની માત્રા વધે, ટેવ પડે, તેના વિના ન ચાલે એવી પરિસ્થિતિમાં માનવી પરાધીન થાય છે. પતન થાય છે ને એક દિવસ ઘર, સમાજ, ધર્મ-સ્થાનકોમાંથી છેવટે આર્થિક અને શારીરિક કારણે જાકારો મળે છે.

સામાન્ય વ્યસનની સામાન્ય શિક્ષા–પરાધિનતા અને મોટા અનુચિત–અયોગ્ય વ્યસનની શારીરિક, આર્થિક, માનસિક મોટી શિક્ષા આપમેળે માનવીને ભોગવવી પડે છે. સામાન્ય રીતે માનવી વ્યસનને પાડે–સ્વીકારે છે. જ્યારે કાળાંતરે વ્યસન માનવીને ગુલામ બનાવે છે. જીવન બરબાદ કરી નાખે છે. પતનની ખીણમાં લઈ જાય છે. ટૂંકમાં પ્રથમ માનવી વ્યસન પાડે છે પછી વ્યસન માનવીને પાડે છે.

અંજન – એટલે બીજા શબ્દમાં જડમાં ચૈતન્ય પ્રગટાવવાની શક્તિ સ્થાપન કરવાની આધ્યાત્મિક ઉત્તમોત્તમ ક્રિયા. તરતના જન્મેલા બાળકને પણ જરૂરીયાત પ્રમાણે આંખમાં અંજન (મેસ) કરાય છે. તેથી આંખ તેજસ્વી, શક્તિશાળી ને દીર્ઘકાર્ય કરનારી બને છે. વિદ્યાગુરુઓ પણ શિષ્યને આંખમાં જ્ઞાનનું અંજન કરે છે.* તેથી અજ્ઞાની બાળક જ્ઞાની થવા લાગે છે. સામાન્ય જ્ઞાનમાંથી વિશેશ જ્ઞાનવાન થાય છે. સંસારીક જ્ઞાનમાંથી આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કહેવાનો ભાવાર્થ એજ કે સમ્યગ્ દ્રષ્ટિથી નિર્ગુણી માનવી ગુણવાન થાય છે. જીવનમાં દયા નામનો ગુણ જન્મે પછી પૂર્વભવના સંસ્કારના કારણે વર્તમાનના નિમિત્તે વિકસે.

ગુણ ગુણી બનાવે, દયા માનવીને દયાળુ બનાવે. દયા ગુણ એવો વિશાળ છે કે, ગમે તે ક્ષેત્રમાં એ કામ કરે છે. વિશેષ કરીને ધાર્મિક ક્ષેત્રમાં ખાસ જેના જીવનમાં દયા છે. જે માનવી દયાળુ છે તે પાપનો ક્ષય કરવા માટે પોતાના આ ગુણને વિકસાવતો જ જાય છે. પાપ ઘટે તો પુણ્ય વધે. પુણ્ય વધે તો ધર્મ વધે અને ધર્મ વધે એટલે આત્માને શાશ્વત સુખ પ્રાપ્ત થાય.

આજના વિજ્ઞાન યુગમાં ડૉક્ટરનું જ્ઞાન (મેડિકલ વિષય) લેનાર અભ્યાસી કોલેજના પ્રથમ વર્ષે થોડા મહિનાઓ બાદ જ્યારે પ્રેક્ટીકલ અભ્યાસ શરૂ કરે છે ત્યારે તેના સંસ્કારીત વિચારોની પરીક્ષા થાય છે. પોતે દયાવાન હોય તો વિના કારણે કરવી પડતી હિંસા એના જીવનમાં અરેરાટી પેદા કરે છે. આવું હિંસક કામ કરતાં એ અભ્યાસી મુંઝાય છે, દુઃખી થાય છે અને દયાધર્મની ખાતર સમજદાર આત્મા મેડિકલ લાઈન પણ છોડે છે. બદલે છે. જ્યારે બીજી તરફ ધર્મના દયાના વિચારો ત્યજી અભ્યાસના નામે જે લાગણીપ્રધાન હતો તે ક્રમશઃ લાગણીથી વિમુખ બને છે. એનો અર્થ એ જ કે, જે ક્ષણે મનમાં દયા પ્રત્યેની શ્રદ્ધા ચલીત થાય છે તે ક્ષણથી તે માનવીની માનવતા મરી પરવારે છે. પોતાના વ્યાપારમાં દયા–કરૂણતા આદિને ત્યજી દે છે.

બ્લડ પ્રેશરની પાછળ ચિંતાને કારણભૂત માનવામાં આવે છે. આ ચિંતા આધિ, વ્યાધિ, ઉપાધિની જનેતા છે. આવી ચિંતા બીજી રીતે પરિગ્રહ આરંભ-સમારંભાદિ પ્રવૃત્તિના કારણે નિર્માણ થાય છે. જો તેમાંથી મુક્ત થવું હોય તો વીતરાગ પ્રભુની વૈરાગ્યમય વાણી અને દયાળુ, કરૂણાળુ જીવન એકમાત્ર ઉપાય

---

★ અજ્ઞાન તિમિરાંધાણાં જ્ઞાનાંજન શલાકયા ।

છે. જે તમારું છે, જેમાં તમારા ભોગાવલી કર્મને ભોગવવાનો અધિકાર છે, તે કોઈ લૂંટી-ઉપાડી કે નષ્ટ કરી શકતું નથી. તે જ રીતે જેના ઉપર તમારો અધિકાર નથી, તમારા ભાગ્યમાં લખાયું નથી તે ગમે તે રીતે સાચવો, મેળવવા પ્રયત્ન કરો પણ તમને મળવાનું કે સચવાવાનું નથી. માટે જ દયાળુ જીવન ધર્મીજીવન સાથે સંકળાયેલું છે. ધર્મ કરતાં તેથી જ દયા પાળવાની હોય છે.

પૈસો એ ધન છે. જ્ઞાન એ ધન છે તેમ શરીરની ઇન્દ્રિયો પણ મૂલ્યવાન ધન જેવી છે.• એ તમને શ્રીમંતની પદવી પણ આપી શકે છે ને ગરીબ કે નિર્ધન પણ બનાવી શકે છે. શરીરનો વર્ણ પણ તમારી કીર્તિ-બુદ્ધિનો બીજા ઉપર પ્રભાવ પાડી શકે છે અને અજ્ઞાની કે અયોગ્યતા જાહેર કરી શકે છે. આમ થવાનું કારણ પણ દયાભાવના છે. તમે બીજાને દયાગુણથી અભયદાન આપો છો તો તેના કારણે બીજા ભવે નિરોગીપણું યા સ્વરૂપવાનપણું પ્રાપ્ત થાય છે. સદ્‌ગુણથી આશીર્વાદ અને દુર્ગુણથી શ્રાપનો અનુભવ થાય છે. જે દિવસે બીજા પ્રત્યે ક્રૂર-અયોગ્ય વિચાર જન્મ લે છે. તે વખતે તમારા રોમ રાજીમાં હિંસાના વૈરના પરિણામ જન્મે છે. તે સફળ થાય તો તમે પ્રસન્ન થાઓ છો અન્યથા વૈર લેવાની ભાવના વૈર લીધા વિના શાંત થતી નથી. વૃદ્ધિ પામે છે.

દયાળુ માનવી તો બીજાના દુઃખમાં ઢાલરૂપ બની તેને બચાવવાનો પ્રયત્ન કરે. જ્યારે નિર્દયી પોતાના અને બીજાના જીવનમાં આગ લગાડવાનો પ્રયત્ન કરે. સાથોસાથ આર્તધ્યાન–રૌદ્રધ્યાન કરવા માટે પ્રેરાય છે. ચિંતા એ ચિતા સમાન છે.

જીવનમાં અજ્ઞાનતાના કારણે બીજાના જીવનમાં પાણીના બદલે ઘાસલેટ કે પેટ્રોલ નાખવાનો પ્રયત્ન કરવા ઘણા પ્રેરાય છે. ધર્મસ્થાનકોમાં કે ધર્મની આરાધનામા અનુમતિ આપવાના બદલે અંતરાય કરવાનું, ના પાડવાનું શસ્ત્ર ઘણા ઉગામે છે. પણ આમ થવાનું મુખ્ય કારણ હૃદયમાં દયાનો-કરૂણાનો અભાવ છે. બીજાનું હિત કે બીજાની પ્રગતિ ગમતી નથી.

જ્યાં સુધી સર્વોત્તમ રીતે હૃદયમંદિરમાં મન-વચન-કાયાથી દયા-કરૂણાનો વાસ નથી ત્યાં સુધી સામાન્ય રીતે દયાને અપનાવવા પુરુષાર્થ કરવો જરૂરી છે. એ પુરુષાર્થના કેટલાક પગથિયા આ પ્રકારના છે.

૧. રોજ ધર્મધ્યાન શિવમસ્તુની ભાવનાથી કરો.
૨. વિષય-કષાયો પ્રત્યે ઉપેક્ષા વૈરાગ્ય કેળવો.
૩. બીજાને સુખી કરવાની-જોવાની ઉદારવૃત્તિ રાખો.
૪. હંમેશાં પોતાને-બીજાને સ્વસ્થ-પ્રસન્ન રાખવા પુરુષાર્થ કરો.
૫. તન, મન, ધનને ખર્ચી બીજાના દુઃખ દૂર કરો.

---

• સ્પર્શ–હાથથી દુઃખીની પીઠ થાબડો. જીભથી બીજાને મીઠાવચન સંભળાવો. આંખથી જીવદયા પાળો. કાનથી દીનદુઃખીયાના વચન સાંભળો. મનથી બીજાના હિતની ચિંતા કરો.

કહેવાનું તાત્પર્ય એજ કે, જીવનનું વ્યવસ્થિત તંત્ર ચલાવવા ૧૦ પ્રાણ કે પાંચ ઈન્દ્રિય વિગેરે મળી છે. તેમાં જીભ દ્વારા મધુર બોલી, આંખ દ્વારા જીવદયાનું પાલન કરી, કાન દ્વારા નિંદા-કુથલી સાંભળવાની પ્રવૃત્તિ બંદ કરી, મનથી હંમેશાં બીજાની ભલાઈનું ચિંતન કરવું જોઈએ. જે પોતે સુધરે છે તેનું બધું જ સુધરે છે.

ચૌદ ગુણસ્થાનકના આરોહનમાં પણ આજ વાતને આવકારાયેલી જોવા મળે છે. જેમ કે, પહેલી સર્વ સામાન્ય અવસ્થા જે છે તેને મિથ્યાત્વ ગુણસ્થાનક કહેવાય છે. ત્યાર પછી આત્માની પરિણતિ અનુસાર દેશવિરતિ, સર્વવિરતિ આદિ સ્થાને આત્મા ચઢે છે એ ચઢાણ પણ દયાના અંકુરા દ્વારા જ શક્ય છે. ગરમ ખાવાથી કે ઠંડુ પીવાથી યા દવાનું સેવન કરવાથી જેમ શરીરના રોમેરોમમાં જાગૃતિ–ચૈતન્ય પ્રસરે છે તેમ દયાના કારણે માનવીના સર્વ પ્રદેશોમાં સત્ પ્રવૃત્તિ કરવાનું વીર્ય (બળ) પ્રગટે છે. વિચારોમાં ને વચનમાં મધુરતા–મૃદુતા ઉદ્ભવે છે. છઠ્ઠાથી ચૌદમાં ગુણસ્થાનક સુધી અનુપેક્ષાની જેમ વિચારોની શુદ્ધિ ઉપર જ પ્રગતિ થાય છે. વસ્ત્ર કે ઉંમરનો ત્યાં વિચાર અસ્થાને બને છે.

ઈતિહાસના પાના ઉપરથી....

(૧) ધર્મરૂચિ અણગારને આજે માસક્ષમણનું પારણું હતું. બ્રાહ્મણીએ આગ્રહ કરી તુંબડીનું શાક વહોરાવ્યું. મુનિએ સ્વસ્થાને જઈ આહાર આલોવી ગુરુને ગોચરી બતાડી. ઉપકારી ગુરુએ લાવેલા આહારને અયોગ્ય હોવાથી નિરવદ્ય સ્થાને પરઠવા, બીજો આહાર લાવવા આજ્ઞા કરી. આવી દયાજનક પરિસ્થિતિમાં મુનિ બ્રાહ્મણી પ્રત્યે દ્વેષ પણ કર્યો નહિં. કેવી કરુણા !

(૨) રાજગૃહિ નગરીમાં મેતારજ મુનિ સોનીના ઘરેથી આહાર લઈ જંગલના માર્ગે સમિતિ પાળતા જાય છે. પાછળ જ પેલો સોની પોતાના જવલા ચોરી લીધા છે, તેવો મુનિ પર આક્ષેપ કરી પાછા માગે છે. સોની મરણાંત ઉપસર્ગ કરે છે. જવલા ન મળવાથી નીરાશ થઈ સોની જ્યારે ઘરે પાછો ફરે છે ત્યારે ક્રૌંચપક્ષીની વિષ્ટામાં જવલા જોઈ સોની પશ્ચાતાપ કરે છે. મુનિની સમતા-દયાની ખૂબ અનુમોદના કરે છે. સંયમ લઈ ધન્ય બને છે.

(૩) ભ. શાંતિનાથે પૂર્વના મેઘરથ રાજાના ભવમાં પારેવાને બચાવવા પોતાની કાયા બાજપક્ષીને અર્પણ કરી જીવદયા–કરૂણાની ભાવનાને અખંડ રાખી. દેવે દયા-ભાવનાની પરીક્ષા કરી રાજાની અનુમોદના કરી.

(૪) કુમારપાળ રાજાએ પોતાના રાજ્યમાં ‘માર’ શબ્દ ન બોલવાની આજ્ઞા કરી હતી. પોતાના બનેવી અર્ણોરાજને એ કારણે જ શિક્ષા કરી તેમજ ‘જૂ’ની હિંસા કરનારને દંડ કરી જીવદયાનો મહિમા વધાર્યો હતો. તિર્યંચ જીવોને પણ ગાળેલું પાણી પીવા માટે આપી દયા–અહિંસા ધર્મ પાળ્યો હતો.

(૫) એક શેઠ પોતાના ત્રણ સંતાનોના ભવિષ્યને જાણવા સંત મહાત્મા પાસે ગયો. સંત વ્યવહારુ ને બુદ્ધિશાળી હતા. ત્રણે છોકરાઓને પાસે પડેલા કેળાં ખાવા કહ્યું. પહેલા છોકરાએ કેળું ખાઈ છાલ ફેંકી દીધી. બીજા છોકરાએ કેળું ખાઈ છાલ કચરાના ડબ્બામાં મૂકી. ત્રીજા છોકરાએ બહાર જઈ કેળું ખાઈ છાલ ગાયને ખાવા માટે આપી. શેઠ અને સંત આ બધું જોતા હતા.

થોડીવાર પછી છોકરાઓને ઘરે મોકલી સંતે શેઠને કહ્યું – શેઠ, પહેલો છોકરો અયોગ્ય છે. કેળું ખાઈ કોઈને પાડવા, દુઃખી કરવા માટે છાલ રોડ ઉપર ફેકી. બીજો જ્ઞાની છે. કેળું ખાઈ બીજા પડી ન જાય તેની ચિંતા કરી છાલ ડબ્બામાં નાખી. જ્યારે ત્રીજો જ્ઞાની ને વિવેકી છે. કેળું ખાઈને છાલ ગાયને ખવડાવી. બધાને સુખ આપવા પ્રયત્ન કર્યો. દરેક વસ્તુનો સદ્‌ઉપયોગ કરવાની તેની ભાવના છે. દુઃખ કોઈને ગમતું નથી, એમ એ માને છે.

કદાચ કોઈ માને કે, ક્ષમા માગવી એ જેમ કાયરનું કામ છે તેમ દયાળુ થવું એ પણ નબળાનું કાર્ય છે. પણ આ માન્યતા ભૂલ ભરેલી છે. ક્ષમા આપવી કે દયાળુ બનવું એ વીરનું આભૂષણ છે. જે ક્ષમા આપે છે તે પોતે કષાયોને જીતે છે અને બીજાને કષાયો પર વિજય મેળવવા શિક્ષા આપે છે. તેજ રીતે દયાળુ પોતે દયા પાળે છે ને બીજાને દરેક જીવના પ્રાણનું મૂલ્યાંકન કરવા આગ્રહ કરે છે.

જે વસ્તુ બીજાને આપી શકો તે તમે લો. પ્રાણ લઈ શકો છો, આપી શકતા નથી. માટે એ લેવા યોગ્ય લાગતું નથી. જ્યારે દયા પાળી બીજાને અભયદાન મન, વચન, કાયાથી આપનાર વંદનીય બને છે. ધર્મના દ્વારે તેથી જ આવા સાત્વિક પુરુષોનો સત્કાર થાય છે.

જીવ માત્રમાં દયાધર્મનો વાસ થાય એજ મંગળ કામના...

'તટસ્થ'

ચરણ-અગ્યારમું

# મધ્યસ્થ...

**શ્લોક :**

**મજ્ઝત્થ સોમદિટ્ઠી ધમ્મવિયારં જહટ્ઠિઅં મુણઈ ।**
**કુણઈ ગુણસંપઓગં દોસે દૂરં પરિચ્ચઈય ॥૧૮॥**

**ભાવાર્થ :**

મધ્યસ્થ એટલે સૌમ્ય દ્રષ્ટિવાળો પુરુષ ધર્મના વિચારને (ઉપદેશ-આદેશ) યથાર્થ રીતે જાણનાર (માણે, જીવનમાં ઉતારે) અને તે કારણે તે ગુણનો સંગ્રહ જીવનમાં કરે છે. આ રીતે ગુણવાન થવાના કારણે દુર્ગુણ-દોષોને દૂરથી જ તજે છે. (૧૮)

**વિવેચન :**

મધ્યસ્થ એટલે તટસ્થ. રાગ-દ્વેષ કર્યા વગરની હિતકારી દ્રષ્ટિ.

મધ્યસ્થ ભાવના એટલે હા–ના વચ્ચેના વિચારો. અન્યના દોષ વિના કારણે જીવનમાં ન પ્રવેશે તેવા દોષથી અળગા રહેવાની જ્ઞાનદ્રષ્ટિ.

અપેક્ષાવાદ – બન્ને પક્ષને તેના કર્મના હિસાબે સંજોગોના આધારે, એ પણ હોઈ શકે છે તેવા વિચારો. દા.ત. તંદુરસ્ત હૃષ્ટ પુષ્ટ ભિખારી જે ભિક્ષા માગે છે તેને જોઈ આપણી દ્રષ્ટિએ તે કાર્ય ખોટું છે એમ કહીશું. એ જેમ સત્ય છે તેમ ૮/૮ કલાક ભિક્ષા માગવા છતાં પણ તેને લાભાંતરાયના ઉદયે પેટ પૂરતું મળતું નથી એટલો એ હીનભાગી છે. પુણ્ય પરવારી ગયું છે. પુણ્ય વગરનો દયાને પાત્ર છે. આ વાત પણ સાચી છે. કોઈપણ જાતના વિચાર કર્યા વગર મધ્યસ્થ ભાવે ઈચ્છા હોય તો દાન આપવું અન્યથા દયા ચિંતવી પ્રવાસમાં આગળ વધવું એજ હિતકારી માર્ગ છે.

બીજી એક વાત... ધર્મી આત્મા ધર્મ કરવા માટે ધર્મસ્થાને જાય છે. ગયો છે. પણ ત્યાં જઈ આશાતના કરે, રાગ-દ્વેષ કરે, ઝઘડા કરે, ઘાટા પાડે, વિના કારણે ધર્મ કરનારને અંતરાયરૂપ થાય તો શું એવો ધર્મી ધર્મસ્થાનકે જવા લાયક છે ?

શાસ્ત્રોમાં જ્ઞાનીઓએ દ્રવ્ય અને ભાવ એમ બે માર્ગ દર્શાવ્યા છે. સંસારમાં કે ધર્મમાં અજ્ઞાની જીવે શુભ પ્રવૃત્તિમાં દ્રવ્ય ક્રિયારૂપે પ્રવેશ કરવો પછી જ્ઞાનથી વિધિ વિગેરેની સમજ મેળવી ધીરે ધીરે દ્રવ્યક્રિયામાં ભાવક્રિયા વધારવી-અપનાવવી. દુ:ખ એજ છે કે, ધર્મસ્થાનકોમાં જનારો આત્મા રાગ-દ્વેષ, વિષય-કષાયો કરીને પુણ્યના બદલે પાપ બાંધે છે. તો શું કરવું ? ઉપેક્ષા નહિં, અંતરાય નહિં પણ મધ્યસ્થ ભાવનાથી ભવિષ્યમાં સુધારો થશે એવા આશાવાદી થવું. બાળક બાળચેષ્ટા કરે પણ કાળક્રમે સુધરી જાય. રોગી જીવે ત્યાં સુધી રોગી હોતો નથી. સુધરવાની તક આપવી જોઈએ.

હકીકતમાં ના કહી પાપ-અંતરાય બાંધવા નથી અને હા કહી ખોટી આશાતનાની અનુમોદના કરવી નથી. જજ વાદી-પ્રતિવાદી અને સાક્ષીના વિચારો જાણે-સાંભળે ને પછી જેમ તટસ્થ નિર્ણય કરી લે તેમ આત્મલક્ષી જીવે સદ્‌ગુણોનો સંગ્રહ કરવા, દુર્ગુણોને વર્જવા પ્રયત્ન, પુરુષાર્થ કરવો શ્રેયસ્કર છે.

**સુવાક્યો :**

★ એકલવ્ય થવું હોય તો નિશાન અજ્ઞાનતામાં કે અંધારામાં ન તાકો.

★ શરીર ભાડા ઉપર લીધું છે, માલિકીનું થવાનું નથી. મધ્યસ્થ ભાવે જીવો.

★ હૃદયના અંધારાને અજવાળામાં પલટાવવા પવિત્રતાના પંથે જાઓ.

★ રોગી પશુ ખાવાનું છોડે, મનુષ્ય ખાવા દોડે. દ્રષ્ટિ બદલો.

★ સાપની સાથે બાળક રમે, મા-બાપ ડરે. કારણ મન.

★ ભૂલોનો બચાવ ન કરો, એકરાર કરો.

**પદ :**

★ **હજાર હાથે તમે દીધું, પણ ઝોળી અમારી ખાલી,**
**જ્ઞાન ખજાનો તમે વહાવ્યો, તો પણ અમે અજ્ઞાની.**

**ચિંતન :**

## વચ્ચેનો માર્ગ...

કોઈએ પૂછ્યું, ધર્મ શા માટે કરો છો ?

બીજાએ પૂછ્યું, ઝઘડા કષાયો ક્યાં થાય છે ?

પ્રશ્ન સમજદારીના છે. જવાબો ઘણા જ સુપ્રસિદ્ધ છે. છતાં એટલા જ વિચારણીય, ચિંતનીય છે.

ધર્મ કરવા પાછળની ભૂમિકા જાણ્યા-સમજ્યા વગર જો કોઈ ધર્મ કરવા બેસી જાય તો પરિણામ એ આવે કે, ઉદ્દેશ અશુદ્ધ, અજ્ઞાનમય હોવાથી ફળ પણ અપૂર્ણ-અલ્પ મળે. એક વાત ચોક્કસ છે કે, ધર્મ કરવા પાછળના ઉદ્દેશને ૫-૧૫ દિવસ પછી પણ અવશ્ય જાણવો-સમજવો અનિવાર્ય જરૂરી છે. શાસ્ત્રીય રીતે ભાવક્રિયાને જાણ્યા, વિચાર્યા પછી કર્મના ઉદયે, વર્તમાન આલંબનના કારણે ધર્મના ઉદ્દેશને તત્વ સ્વરૂપે આચરી-પાળી ન શકીએ તે વાત એક બાજુએ રાખીએ.卐 પણ દ્રવ્યક્રિયામાંથી ભાવક્રિયાવાન થવું જરૂરી છે. ધર્મ સંસાર ઘટાડવા પાપથી બચવા જીવન સુધારવા કરવાનો હોય છે.

'ધારયતિ ઇતિ ધર્મઃ' એ વ્યાખ્યા અનુસાર ડૂબતાને (મન, વચન, કાયાથી)

卐 વરદત્ત ગુણમંજરીએ જ્ઞાનાવરણીય કર્મ ખપાવવા જ્ઞાનની, શ્રીપાળરાજાએ દર્શન શુદ્ધિ માટે નવપદની આરાધના કરી હતી.

ધારણ કરે, બચાવે, ઉગારે તેનું નામ ધર્મ. દુઃખીને દુઃખમાંથી ઉગારે, દુઃખીને દુઃખ સહન કરવા માટે સમજ આપે, દુઃખીના દુઃખની સામે એથી પણ વધુ દુઃખીને જોવા, વેદનાને સમજવા, પ્રેરણા આપે. બીજા કરતાં તને ઘણું ઓછું દુઃખ છે. શા માટે ઘબરાય છે ? એમ સમજાવે, પીઠબળ આપે તેનું નામ ધર્મ.

દુઃખીની જેમ સુખીના માટે પણ એવા જ વિચારોને કરવા, સાંત્વન આપવું, પુણ્ય-પાપને સમજાવવું, અહં કે અભિમાનથી છકી ન જવા સૂચના આપે. પુણ્યોદયને પચાવવા ગંભીર થવાની પ્રેરણા આપે તે ધર્મ. પુણ્યથી મળ્યું છે, પુણ્યકાર્યમાં વાપરવાના ભાવ થવા જોઈએ. ન થાય તો તેવા ભાવ પ્રગટાવવા કહેવું.

ટૂંકમાં ધર્મ શા માટે કરવો ? જે કારણે સુખ મળેલ છે. તે સુખથી વધુ શાશ્વતા સુખની અભિલાષા પૂર્ણ કરવા અને આવી પડેલું દુઃખ પાછું ભોગવવું ન પડે તેવું કાર્ય કરવા ધર્મ કરાય છે. ધર્મ - દ્રવ્યથી ને ભાવથી, ક્રિયામાર્ગથી ને ભક્તિમાર્ગથી, વ્યવહારથી અને નિશ્ચયથી એમ ૨/૨ પ્રકારે. દર્શન, જ્ઞાન, ચારિત્રની અથવા અહિંસા, સંયમ, તપની આરાધના રૂપે ત્રણ પ્રકારે. દાન, શીલ, તપ, ભાવ એમ ચાર પ્રકારે એવા અનેક પ્રકારે અનેક રીતે જીવના પરિણામ મુજબ કરવામાં આવે છે. જે કાર્યથી પરંપરાએ પાપ ન બંધાય, કષાયો ન થાય, સુખ-શાંતિ મળે તેનું નામ ધર્મ.

યાદ રાખો, જે ક્રિયા, પ્રવૃત્તિ, તપ, જપ, સાધનાથી નિયમા આત્માનું કલ્યાણ થતું હોય. ગાઢ બાંધેલા ચિકણા કર્મ ખપી જતા હોય, આત્મા સુવિશુદ્ધ થતો હોય તેવો ધર્મ તપસ્વીઓએ સમતા ભાવે તપારાધન દ્વારા કરવાનો, સમ્યગ્દર્શનની શુદ્ધિ કરવાની ભાવનાવાળા વિવિધ પ્રકારે સ્વદ્રવ્યથી જિનપૂજા-ભક્તિ આદિ કરવી, સમ્યગ્જ્ઞાનની સાધના કરનારા જ્ઞાનાવરણીય કર્મ ખપાવવા જ્ઞાન ભણે-ભણાવે, અનુમોદન રૂપ જ્ઞાનસાધના કરવી. પરંતુ પોતે જે કરે છે તેનાથી બીજા ક્ષેત્રમાં થતી આરાધના કર્મક્ષયકારી નથી એમ કહી ધર્મ હેલના ન કરવી. એનું જ નામ મધ્યસ્થ ભાવના.

પૂર્વ ભવોમાં જે જીવે જેવા કર્મ બાંધ્યા હોય તેવા જ કર્મ ખપાવવા માટે આત્માએ પુરુષાર્થ કરવાનો હોય છે. અને તેજ પ્રમાણે એ જીવને સંઘયણ, સંસ્થાન, નામકર્માદિ પ્રાપ્ત થાય છે. ચારે ગતિમાં જન્મ લેનારના સ્વભાવ વિગેરે ટૂંકાણમાં નીચે મુજબ હોય.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મનુષ્યગતિ | સુભાગી | પ્રિયવચની | સરળ | દાતાર-દયાળુ |
| ૨ | દેવગતિ | રૂપવાન | સત્યવાદી | ભક્ત | ધનવાન-પુણ્યવાન |
| ૩ | તિર્યંચગતિ | ભૂખ્યા | જૂઠો | કપટી | લોભી-દ્વેષી |
| ૪ | નરકગતિ | રોગી | અતિભયશીલ | કલેશી | આરંભ-સમારંભી |

આ ઉપરથી મધ્યસ્થવૃત્તિ જીવનમાં કેટલી જરૂર છે તે સમજાઈ જશે. ધર્મના ચાર પ્રકારમાં વિવેકી આત્મા ચારે ધર્મને મન, વચન, કાયાથી પાળવા ઉદ્યમ નિશ્ચિત

કરે જ. છતાં એક ધર્મ (દાન, શીલ, તપ, ભાવમાંથી)નું પાલન પણ જો વ્યવસ્થિત વિવેક બુદ્ધિથી કરે તો તેના કર્મક્ષય માટે નિમિત્તરૂપ થઈ શકે છે.

ધર્મ – પુણ્ય કમાવાનું ક્ષેત્ર છે. કદાચ કોઈ અજ્ઞાની એમ પણ માની લે કે, પુણ્યના પ્રલોભનથી ભોળી પ્રજાને ધર્મમાં ખેંચાય છે. હકીકતમાં એવું કાંઈ નથી. પુણ્ય-પાપની વચ્ચે કે ધર્મ-અધર્મની વચ્ચે મધ્યસ્થ ભાવનાથી માનવીમાં વિવેક પ્રગટે છે. સામાન્ય રીતે દરેક ક્રિયાનું ફળ મનુષ્ય બીજી ક્ષણે નિશ્ચિત અનુભવે છે.●

કષાયો–ઝઘડા કરવાના ક્ષેત્રને કોઈ શોધવા જાય તો તેને હૃદયમંદિરે તપાસ કરવી પડે. શુદ્ધ વિચારો ધર્મ કરાવે તેમ અશુદ્ધ વિચારો ઝઘડા કરવા પ્રેરે છે. જ્યાં ઝઘડા છે ત્યાં રાગ-દ્વેષ યા સ્વાર્થવૃત્તિના દર્શન થયા વિના નહિં રહે. મનગમતું ન મળે અથવા ધારેલું ન થાય તો સમજવું કે હૃદય મંદિરમાં આગ પ્રગટી. તાવ શરીરના વ્યવસ્થાતંત્રની ખામીના કારણે આવે તેમ ક્રોધ-કષાય કે ઝઘડાનું નિમિત્ત ઊભું કરનાર જીભ, આંખ, કાન છે.

સંસારમાં ઉંદર-બિલાડી, સાપ-નોળીયાની જેમ卐 ભાઈ-ભાઈમાં, પતિ-પત્નીમાં, શેઠ-નોકરમાં, પિતા-પુત્રમાં અથવા બે ભાગીદારોમાં છેવટે ગુરુ-શિષ્યમાં ઝઘડા થાય છે. જ્યાં સુધી ઋણાનુબંધ હોય ત્યાં સુધી આ સંબંધમાં કાંઈ વિઘ્ન ન આવે પણ લેણાદેણી પૂરી થઈ કે તરત કાચના વાસણની જેમ એકના બે થાય.

જન્મની સામે મૃત્યુ છૂપાયેલ છે. તેમ સંયોગની સામે વિયોગ છૂપાયો છે. અને તેનું મુખ્ય કારણ કર્મ છે. જ્યારે કર્મનો ઉદય થાય ત્યારે જો હળુકર્મી આત્મા મધ્યસ્થભાવમાં વિહરે તો તેથી ચઉઠાણીયા સુધીના કર્મ ન બાંધે. અન્યથા એ બાંધ્યા વગર ન રહે.

આજે ધર્મસ્થાનકોમાં આત્મશુદ્ધિના શુભ ઉદ્દેશથી આપણે સૌ આત્મકલ્યાણ કરવા માટે જઈએ છીએ. જવું જોઈએ. ત્યાં જઈ 'પ્રભુ ને હું' અથવા 'ધર્મપ્રવૃત્તિ ને હું' એવો સંબંધ બાંધવાનો-વધારવાનો છે. પરંતુ દુઃખીન વાત એ છે કે, કટુ અનુભવ પણ એવા થાય છે કે, મમત્વના કારણે, દ્રષ્ટિદોષના કારણે કે જાતિ સ્વભાવના કારણે અહંના કારણે આવા ઉત્તમોત્તમ સ્થળે ગયા પછી મધ્યસ્થ ભાવનાના બદલે ભારેકર્મી આત્મા કષાયોને વશ થાય છે. ઝઘડો કરે છે. કોઈ વ્યક્તિ સાથે મતમતાંતર થાય ત્યારે વ્યક્તિ સાથે નહિં પણ પ્રગટ રૂપે ૨૫મા તીર્થંકર સ્વરૂપ સંઘ (મંદિર કે ઉપાશ્રયના) સાથે ઝઘડો કરવા પ્રેરાય છે. આ જ કારણથી મધ્યસ્થ ભાવનાવાળા ધર્મસ્થાને જવા યોગ્ય-પાત્ર છે એમ કહેવું પડ્યું. બીજી રીતે જેનામાં આવી યોગ્યતા ન હોય તેઓએ યોગ્યતા કેળવવા ખાસ પ્રયત્ન કરવા સૂચવવામાં આવ્યું.

---

● અશુભ સમાચાર સાંભળી રૂદન થાય ને શુભ સમાચાર આનંદમાં પરિણમે છે.

卐 ૧. ભરત-બાહુબલી ભાઈ-ભાઈ હતા. (૨) ચંડકૌશિક પૂર્વ ભવે ગુરુ-શિષ્ય હતા. (૩) શ્રેણીક-કોણિક પિતા-પુત્ર હતા. (૪) સાગરદત્ત–ગજસુકુમાર સસરા-જમાઈ હતા.

ઝઘડો એટલે કર્મબંધ મિથ્યાત્વાદિ■ પાંચ કારણે (હેતુ) કર્મનો બંધ થાય છે. વ્યક્તિ અદ્રશ્ય હોય, પ્રગટરૂપે રાગ-દ્વેષ, વિષય-કષાય હોય એટલે ઝઘડાના આ બધા જન્મદાતા છે. તે વખતે કર્મબંધથી બચાવનારા, પાછા વાળનારા સમકિતાદિ જો પાંચ કારણો● મધ્યસ્થ ભાવે જીવનમાં વિદ્યમાન હોય તો આત્મા દુષ્પરિણામોથી બચી જાય છે. એનો અર્થ એજ કે મનનું સમાધાન, સુલેહ મધ્યસ્થવૃત્તિ દ્વારા કરે છે.

ચૌદ રાજલોકને નજર સામે રાખો. ઉપરના ૭ રાજ-સુખી જીવો માટે રીઝવર છે. જ્યારે નીચેના ૭ રાજ દુઃખી દયાપાત્ર જીવો માટે છે. તેમાં પણ એક એવી ખૂબી છે કે, નીચેના ૭ રાજમાંથી જે મુક્ત થાય એ અનુભવેલા દુઃખો કરતાં થોડી માત્રામાં ક્રમશઃ સુખ તરફ આગળ વધે જ્યારે ઉપરના ૭ રાજમાં રહેલા જીવો પુણ્ય ભોગવી પોતાના સ્થળેથી મુક્ત થાય (ચ્યવી જાય) તો ૭૦/૮૦ % દુઃખનો જ અનુભવ કરવા અન્ય ગતિમાં જાય. આમ સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખની ઘટમાળ શરૂ થાય. માત્ર મધ્યમાં મનુષ્ય-તિર્યંચ જીવો પોતાની કરણી અનુસાર સુખ-દુઃખ સુધારી કર્મરહિત થઈ શાશ્વત સુખને પામે. માટે જ મધ્યસ્થ ગુણ જે જીવો પસંદ કરે છે તે સંસાર તરી જાય તેમાં નવાઈ નથી.

આવું સર્વોત્તમ *દ્રષ્ટિનું મધ્યસ્થ જીવન જીવીને પાપ ઓછું પુણ્ય વધારે કરતાં ક્રમશઃ ધર્મના સહારે મોક્ષગામી બનીએ એજ મંગળ કામના...

---

- ★ અહિંસાના પાલનમાં મદદરૂપ પ્રાણીમાત્રમાં મૈત્રી ભાવ.
- ★ અકષાયી થવા માટે મદદરૂપ ગુણીજન દેખી પ્રમોદ ભાવ.
- ★ દયાભાવના વિકાસમાં મદદરૂપ દીન-દુઃખીયા જોઈ કરૂણા ભાવ.
- ★ કર્મના ઉદયકાળને સમજવા મદદરૂપ દરેક ક્ષણે માધ્યસ્થ ભાવ.

---

■ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ.

● સમક્તિ, વિરતિ, અપ્રમત્ત, ક્ષમા (સમતા), શુભયોગ.

★ દ્રષ્ટિ ચાર પ્રકારે અનુભવાય છે. ૧. મિત્રા (તૃણ-ઘારાવત પ્રકાશ), ૨. તારા (છાણની અગ્નિનો પ્રકાશ), ૩. બલા (લાકડાંની અગ્નિનો પ્રકાશ), ૪. દીપ્રા (દીપકની અગ્નિનો પ્રકાશ).

ચરણ-બારમું

# ગુણનો રાગી...

**શ્લોક :**

**ગુણરાગી ગુણવંતે બહુ મન્નઈ નિગ્ગુણે ઉવેહેઈ ।**
**ગુણસંગહે પવત્તઈ સંપત્તગુણં ન મય લેઈ ॥૧૯॥**

**ભાવાર્થ :**

ગુણાનુરાગી મનુષ્ય ગુણવાનોને બહુમાન આપે છે. ગુણરહિત જે જીવો હોય તેની ઉપેક્ષા કરે છે. જીવનમાં ગુણનો સંગ્રહ (વૃદ્ધિ) કરવા પ્રયત્ન કરે છે અને પ્રાપ્ત થયેલા ગુણોને મલિન કરતો (થવા દેતો) નથી. (૧૯)

**વિવેચન :**

એક સુપ્રસિદ્ધ ગણિત છે કે –
ધર્મ કરે, પાળે, સ્વીકારે તે ધર્મી-ધાર્મિક.
ધર્મ કરવાની ઉત્કંઠા, ભાવના, ઈચ્છા કરે તે ગુણ (ધર્માનુરાગ).
ચતુર્વિધ સંઘની વ્યક્તિઓનું બહુમાન કરે તે ગુણાનુરાગી.

બીજી તરફ ગુણાનુરાગી (૧) ગુણવાનોનું બહુમાન કરે-આપે. (૨) ગુણરહિત જીવોની ઉપેક્ષા (દયા) કરે. (૩) જીવનમાં હંમેશાં ગુણનો વધારો કરે અને (૪) પ્રાપ્ત કરેલા ગુણને શ્રદ્ધાથી ભક્તિથી સાચવે એટલે મલિન ન કરે આ ચાર ગુણાનુરાગી આત્માનું વિશિષ્ટ લક્ષણ છે.

બન્ને વાતોની તારવણી એજ છે કે, આત્માર્થી જીવ બીજા આત્માની નિંદા ન કરે. નિંદા એ પાપ છે. જે પાપ કરે તે ધર્મી ન કહેવાય. ધર્મના દ્વારે જવામાં પોતે અયોગ્ય છે. જે ધર્મના કારણે આત્માનું શુદ્ધિકરણ થવાનું છે, જે ધર્મના કારણે જન્મ-મરણ ઘટવાના છે, ભવભ્રમણ ઓછું થવાનું છે તે ધર્મનો નિર્મળ વાસ જીવનમાં અત્યંત આવશ્યક છે. તે વાત જ્યાં સુધી આત્મામાં વસે નહિં ત્યાં સુધી એ નિર્ગુણી ગુણવાન થાય નહિં.

સંસારમાં મરચાનો સ્વભાવ ત્રણે કાળ એક સરખો તીખો જ હોય છે. કારેલાની કડવાશ ગમે ત્યારે ખાઓ કટુ જ લાગશે. ગોળની મીઠાશમાં કાંઈ પરિવર્તન થવાનું નથી. તેમ જે આત્મા ગુણાનુરાગી થયો હોય તે હંમેશાં ગુણાનુરાગી જ જીવન જીવે એ અતિ મહત્વનું છે. એથી એ પોતે ધન્ય બને ને બીજાને પણ ધન્ય બનવા નિમિત્તરૂપ થાય છે. ગુણની પરંપરા વધારવી એ જ તેનું મુખ્ય કામ.

જીવની પ્રાથમિક અવસ્થા ઘણી દયાજનક અને કરુણાળું હોય છે. પુણ્યના યોગે શુભ નિમિત્ત મળતા આત્મા સરોવરમાં જેમ કમળ કાદવને પાણીનો સાથ છોડી નિર્મળ જળથી અલિપ્ત બની આંખોને આનંદ આપનારું બને છે. તેમ જીવ અનેકાનેક

અવસ્થાઓમાંથી ઉત્તમ ગુણના કારણે ક્રમશઃ પ્રગતિ કરી સંપૂર્ણ ગુણી બની અનંત સુખનો સ્વામી થાય છે. જ્યારે નિર્ગુણીને માત્ર પ્રારંભમાં ગુણવાન થવાની તક મળે છે. ૧૪ ગુણસ્થાનકમાં જીવ ૧-૨-૩ ગુણસ્થાનક સુધી સામાન્ય ગુણના આધારે પ્રગતિ કરે. પછી ૧૨ વ્રત કે ૫ મહાવ્રતનો અનુરાગ પેદા કરી ગુણસ્થાનકમાં વિરતિધર્મના સહારે પ્રગતિ કરી મોક્ષ સુધી પહોંચે.

આવા વિવિધ કારણે દ્વેષ-બુદ્ધિ ઘટે ને ગુણની વૃદ્ધિ થાય એજ મનુષ્ય જીવનનો સાર છે.

**સુવાક્યો :**

★ મિથ્યાત્વ દુર્ગુણ છે, જ્યારે સમકિત સદ્‌ગુણ છે.

★ સુખ બે પ્રકારના છે, એક ક્ષણિક બીજું શાશ્વત.

★ ગુણની મૂડી આલોકમાં અને પરલોકમાં કામ આવે છે.

★ તમારો ભૂતકાળ જો ખરાબ છે તો બીજાના દોષ શોધી ફાયદો શું ?

★ કુદ્રષ્ટિ પતનનો માર્ગ છે, સુદ્રષ્ટિ ઉત્થાનનો.

★ જો તિરસ્કાર દ્વેષ છે તો ઉપેક્ષા ગુણ બની શકે છે.

**પદ :**

★ **ઉંડે ઉંડે ઉતરજે, નયનો ને બંધ કરજે,**
**વાણી શ્રવણ વિરામી, નીજ રૂપને નિરખજે.**

**ચિંતન :**

## બાદબાકી...

આંખ ને જીભ બે કામ કરે છે.

આંખથી વીતરાગના દર્શન કરો વૈરાગ્યનું ઝરણું વહેશે. જ્યારે રાગી, કામી સ્ત્રીનું ચિત્ર જોશો તો તમારામાં રહેલી વિષય વાસના જાગ્રત થશે.

જીભ ગુણવાનની સ્તુતિ કરશો તો જીભ પાવન થઈ જશે અને એજ જીભ દ્વારા નિંદા-કુથલી-પરપરિવાદાદિ કરવા બેસશો તો તમોને દુઃખી દુઃખી થવું પડશે.

માટે જ સદ્‌ગુણની જીવનમાં ઘણી જરૂર છે. સદ્‌ગુણની પરંપરા ગુણાનુરાગી બનાવશે.

સદ્‌ગુણના ચાર વિભાગોને સર્વપ્રથમ સમજી લઈએ.

**(૧) ગુણીનું બહુમાન કરો.** તમારી વિવેકદ્રષ્ટિમાં બીજી વ્યક્તિના સદ્‌ગુણ જોવાની જો યોગ્યતા ઊભી થશે તો તમો તેવી વ્યક્તિનું બહુમાન કરવા આગળ વધશો. તમારામાં રહેલ ગુણી પ્રત્યેનો પૂજ્યભાવ વિકાસ પામશે. જે ગુણ તમારી પાસે નથી તે ગુણનું જીવનમાં આગમન થશે. આ રીતે ક્રમશઃ પૂજક-પૂજ્ય બનવા

સમર્થ થાશો. ગુણી તમારા માટે મેગ્નેટ છે. મનુષ્ય ચર્મચક્ષુથી ગુણ નિહાળે છે. અને પછી વિવેક-જ્ઞાન ચક્ષુથી ગુણાનુરાગી બને છે.

ઉદા. ધનસાર્થવાહ નામે શેઠ હતા. સાર્થવાહની પ્રવત્તિ કરતા. એક દિવસ એક અટવીમાંથી બીજી અટવીમાં શેઠે પ્રયાણ કર્યું. સાથે અનેકાનેક પ્રવાસી હતા. સાથોસાથ ત્યાગી, તપસ્વી, જ્ઞાની, ધ્યાની મુનિઓ પણ હતા. મધ્ય અટવીમાં અચાનક શેઠની નજર મુનિઓ પર પડી. જે નિષ્કામ બુદ્ધિથી સમિતિ-ગુપ્તિનું પાલન કરતાં વિચરે છે તેવા મુનિની સેવા, સુશ્રુષા, ભક્તિ કરવી એ મારી ફરજ છે. હું ફરજમાંથી ચૂક્યો આ વાત જ્યારે ધનાશેઠના મનમાં બેઠી ત્યારે એ ગુણાનુરાગી બન્યા. ગુરુના ચરણે પડી ક્ષમા માગી. તન, મન, ધનથી ગુરુની ભક્તિ કરવા લાગ્યા. મુનિને નિર્દોષ આહાર-પાણી વહોરાવી લાભ લેવા લાગ્યો.

અનુક્રમે એ ધનાસાર્થવાહ શેઠ ગુણાનુરાગીના ગુણના કારણે સમક્તિની પ્રાપ્તિ કરી ક્રમશઃ મોક્ષ-શાશ્વત સુખના અધિકારી થયા. (ભ્. ઋષભદેવનો પ્રથમ ભવ)

કુરગડુ મુનિ નિત્ય ભોજી હતા. આહારસંજ્ઞા ઘણી તીવ્ર હતી. પર્વના દિવસે પણ લુખો સુખો આહાર કરતા હતા. પણ દરેક કવલે ત્યાગી-તપસ્વી મુનિના તપધર્મની અનુમોદના કરતા. દેવતાઓ દ્રવ્યથી આહાર કરનારા અને ભાવથી તપની અનુમોદના કરનારા મુનિને વંદન કરવા લાગ્યા. ત્યારે મુનિ આત્મ નિંદા કરવા લાગ્યા. ફળ સ્વરૂપ કેવળી થઈ મોક્ષ પામ્યા.

**(૨) નિર્ગુણીની ઉપેક્ષા કરો.** ગુણનો અનુરાગ એટલે આકર્ષણ. આપણે બધાને લગભગ મનગમતી વસ્તુઓનું આકર્ષણ હોય છે. એ પ્રાપ્ત કરવા મન ઘણું લલચાય છે. ક્યારેક પ્રાપ્ત થયા પછી મમત્વ જાગે યા અણગમો પણ પેદા થાય. પરંતુ આ બધી ક્ષણિક આનંદની અનુભૂતિ કે વિચારણા કહેવાશે. હકીકતમાં તો શાંત ચિત્તે ઉંડાણથી વિચારવામાં આવે તો જેની પ્રાપ્તિથી આત્મબળ વધે, મુશ્કેલીઓમાં એના કારણે અપ્રગટ આશ્વાસન પ્રાપ્ત થાય યા આપણને અભય અપાવે, સલામત બનીએ તેનું નામ સદ્ગુણ.

જ્યાં ગુણ નથી ત્યાં કોઈ સામું જોતો નથી. ગુલાબના ફૂલને સૌ કોઈ સદ્ભાવે હાથમાં લે. આનંદ પામે આનંદ પમાડે. જ્યારે જંગલના ફૂલની સામે કોઈ જોતું નથી, હાથમાં લેતું નથી, ઉપેક્ષા કરે છે. કારણ ગુણનો અભાવ.

ગુણ એ મેગ્નેટ છે. લોહચુંબક છે. લોહચુંબક લોખંડને જ ખેંચે, ચોટે. લાકડાને નહિં. તેથી નિર્ગુણીની ઉપેક્ષા કરવાનું કહ્યું છે. જો નિર્ગુણીની નિંદા કરી, ટીકા કરી તો ગુણવાન અને નિર્ગુણીમાં ફરક શું ? એક અપેક્ષાએ માનવી જો નિર્ગુણી હશે તો કોઈ દિવસે તેનો આત્મા જાગશે. ગુણવાન થવા ચાન્સ મળે તો તકને સંભાળી લેશે. માટે તેને તકનો લાભ લેવા દો.

લક્ષ્મીવાન ને નિર્ધન, પુણ્યવાન ને પાપી, બુદ્ધિમાન ને અજ્ઞાની, યશનામકર્મી

ને અપયશનામકર્મી આદિ દુનિયામાં અનેક પ્રતિસ્પર્ધી જોવા મળે છે. ત્યારે આંધળાને આંધળો કે દૂષિત વાણી બોલનારને બોબડો કહેવો અયોગ્ય છે. કર્મસત્તાના કારણે આજનો નિર્ધન, •ચોર, લૂંટારો કે ખૂની આવતીકાલે શક્ય છે ધનવાન, સાહુકાર કે સજ્જન થશે. પણ એવી વ્યક્તિને અધિકાર વિના આપણે જે આરોપ કરી પાપ બાંધીએ છીએ તે ભવિષ્યમાં ભોગવવું જ પડે છે. તેથી નિર્ગુણી કે અયોગ્ય વ્યક્તિની ઉપેક્ષા કરવામાં અલિપ્ત થવામાં હિત સમજો.

ઉદા. ગૌ, નારી, બાળક, મુનિની હત્યા કરવા છતાં જેનો ક્રોધાગ્નિ શાંત ન થયો. મનનું સમાધાન ન થયું તેવો ક્રુર હત્યારો માત્ર શાશ્વત ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થની કાર્તિક સુદ પુનમની યાત્રા, સ્પર્શના, વંદના કરતાં તરી ગયો. પાપના પડલ વિખરાઈ ગયા.

અષ્ટાપદ તીર્થ ઉપર જવા માટેનો ભગિરથ પ્રયત્ન કરનારા ૧૫૦૦ તાપસો, તપ કરી વનસ્પતિ આરોગી માંડ બીજા પદે પગથીયે પહોંચ્યા. આટ આટલા પ્રયત્ન પછી પણ પોતાનો પ્રયાસ અસફળ થતો અનુભવ્યો. બીજી તરફ અનંત લબ્ધિનિધાન ગણધર ગૌતમસ્વામીએ પૂર્ણ શ્રદ્ધાથી કરેલા પ્રયત્નને સફળ થતો જોયો ત્યારે તે બધા તાપસોએ કાંઈપણ વિચાર કર્યા વગર વિનયવંત ગુરુના ચરણનું શરણું લીધું. ફળસ્વરૂપ પૂર્વ ભવની આરાધનાના કારણે અષ્ટાપદગિરિનું આરોહણ તો ન થયું પણ કેવળલક્ષ્મી અને શાશ્વતસુખના સ્વામી થયા.

**(૩) ગુણનો સંગ્રહ કરો.** બગીચાનો માળી સર્વપ્રથમ જમીનને ફળદ્રુપ કરે છે. પછી ઉત્તમ પ્રકારના ફૂલોના બીજનું વાવેતર કરે છે. બીજને કાળક્રમે અંકૂરો ફૂટે છે, છોડ થાય છે ત્યારે પણ એનું જતન કરે છે. છેલ્લે એક દિવસ બીજનું રૂપાંતર ફળ જ્યારે સુવાસિત ફૂલ રૂપે થાય છે ત્યારે એ વિવેકપૂર્વક ચૂંટી ટોપલામાં ભેગા કરે છે. દરેક ક્ષણે, દરેક ક્રિયામાં જેમ માળી કાળજી રાખે તેમ આત્માર્થી જીવે ગુણનો નિધિ-ખજાનો ભેગો કરવા, સંગ્રહ કરવા પ્રયત્ન કરવો જોઈએ.

આત્મા અનેક ગુણોનો સ્વામી છે. અનંતાનંત ગુણ પ્રગટ કરવા કર્મ વર્ગણાઓને આત્માથી અલિપ્ત કરવામાં આવે તો તે પોતાના સ્વરૂપનો શાશ્વત સુખનો ભોક્તા બની શકે છે. આત્માના મૂળ સ્વરૂપને ઢાંકવાનું કામ આઠ કર્મે કર્યું છે. એનાથી સાંસારીક કે આધ્યાત્મિક સુખ ક્ષણિક પણ ભોગવી શકાતું નથી. માટે સર્વપ્રથમ ગુણનો નિધિ-ખજાનો ભેગો કરવા દુર્ગુણ કાઢવા, (સદ્‌ગુણ ભેગા કરવા) પુરુષાર્થ કરવો જોઈએ.

કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય તેમ જો ગુણનો સંગ્રહ કરાય તો સિદ્ધગતિ દૂર નથી. આ જીવે સોમવારે જન્મ લીધો, મંગળવારે યુવાન થયો, બુધવારે સંસાર માંડ્યો, ગુરુવારે પિતા થયો, શુક્રવારે પ્રૌઢ થયો, શનિવારે વૃદ્ધ થયો અને રવિવારના સંસારમાંથી રાજીનામું આપી પરલોક ગયો તો સંસારમાં આવી શું મેળવ્યું શું ન મેળવ્યું તે વિચારવાની જરૂર છે.

---

• પ્રભવ ચોર, રોહણીય ચોર, દ્રઢપ્રહારી, અર્જુનમાળી તરી ગયા.

ઉદા. અઈમુત્તામુનિ બાળમુનિ હતા. બાળચેષ્ટા રૂપે નિર્દોષ ભાવે એક દિવસ ગામની બહાર પાણીના ખાબોચિયામાં પોતાનું પાત્ર તરતું મૂકી તેના ચંચળપણાને જોઈ આનંદ પામતા હતા. આ કુતુહલ રૂપે કરેલ પ્રવૃત્તિ જ્યારે તેઓના વડીલ મુનિએ જોઈ ત્યારે બાળમુનિને મીઠા શબ્દોમાં ઠપકારૂપે કહ્યું, "અઈમુત્તા ! આમ ન કરાય. સચિત્ત પાણીનો સ્પર્શ પણ ન કરાય. તમને પાપ લાગ્યું. હવે પ્રાયશ્ચિત્ત કરો." બસ વડીલના શબ્દોથી બાળમુનિ જાગી ગયા. પાપથી મુક્ત થવા પ્રાથમિક પ્રાયશ્ચિત્ત રૂપે ઈરિયાવહિની ક્રિયા શરૂ કરી. સૂત્ર બોલતા ગયા ને પાપને ધોતા ગયા. આ રીતે હજી ક્રિયા પૂરી થઈ નથી ત્યાં મુનિ તો કેવળી થઈ ગયા. પાપથી મુક્ત થવાની ભાવનારૂપ સદ્‌ગુણે અકલ્પનીય પરિણામ લાવ્યું. આનું જ નામ ગુણના સાગર થવું.

(૪) **ગુણને મલિન ન કરતા.** આ આત્મા ક્ષણે ક્ષણે ૭ કર્મનો બંધ અને ૮ કર્મનો ભોગવટો કરે છે. માત્ર આયુષ્ય કર્મનો બંધ જીવનમાં એક જ વખત થાય છે. એ થયા પછી જ માનવીની તેવા પ્રકારની* બુદ્ધિ વિચારોની ધારા મૃત્યુ સુધી પ્રાયઃ હોય છે. મૃત્યુ આકસ્મિત થાય, ધર્મધ્યાનમય થાય, દ્વેષબુદ્ધિથી થાય, સંસારની આધિ-વ્યાધિ-ઉપાધિની ચિંતાથી થાય, બાળમરણ રૂપે થાય, પંડિત મરણરૂપે થાય ને છેલ્લે સમાધિરૂપે પણ થાય. જેવું મૃત્યુ તેવી ગતિ. (જેવી ગતિ તેવી મતિ)

રોજ રોજ સ્નાન કરી પવિત્ર થવાની ઈચ્છા થાય છે. ભોજન કરી ભૂખ દૂર કરવાની જરૂરિયાત લાગે છે. નિદ્રા લઈ તંદુરસ્ત-સ્વસ્થ થવાની ભાવના જાગે છે. તેમ પ્રાપ્ત કરેલા ગુણ મલિન ન થાય તેની કાળજી રાખવી જરૂરી છે. ગુણને પ્રાપ્ત કરવા જેટલા અઘરા છે તેથી વધુ મેળવેલા ગુણ દૂષિત ન થાય, મલિન ન થાય, ચાલ્યા ન જાય, સચવાઈ રહે તે જાળવવા અઘરા છે.

વ્યવહારમાં નિર્ધન માનવી સર્વપ્રથમ ધન મેળવવાની, પ્રાપ્ત કરવાની ચિંતા કરે છે. ત્યાર પછી મેળવેલું ધન સાચવવાની ચિંતામાં અટવાઈ જાય છે. એટલું જ નહિં પણ એ ધન કોઈ ચોરી ન જાય, લૂંટી ન જાય, જોઈને ઈર્ષા-અદેખાઈ ઈત્યાદિ ન કરે તેની પણ મુંઝવણ માનવીને વધતી જાય છે. અચાનક ચાલી પણ જાય છે. ટૂંકમાં ધન જો પુણ્યાનબંધી ન હોય તો અનેકાનેક પ્રકારના દુઃખો ઊભા કરે છે.

તેથી જ ગુણ મલિન ન થાય તેવું કહેવામાં ઘણું જ રહસ્ય છૂપાયેલું છે.

ઉદા. ભ. મહાવીર સ્વામીના અનન્ય ભક્તોની યાદીમાં એક નંદ મણિયારનું નામ સુપ્રસિદ્ધ છે. એ પ્રભુવીરનો પરમ શ્રાવક હતો. શ્રદ્ધાળુ ને ધર્મી હતો. પ્રસંગે પ્રસંગે ઉપવાસાદિ તપ, પૌષધાદિ વ્રત કરી જીવનને ધન્ય કરતો હતો.

એક દિવસની વાત. ઉપવાસમાં રાત્રે ઉંઘ આવતી નથી. તૃષાથી મન બેચૈન થયું છે. પાણી પીને માત્ર વ્રત તોડવાની નહિં પણ આખી જિંદગી પાણીમાં રહેતી માછલીઓના જીવનની પ્રશંસા કરી. કોઈ દિવસ તેઓને તૃષા સતાવે જ નહિં માટે એ તિર્યંચ જીવની પ્રશંસા કરી.

---

* પરિણામે બંધ. બંધ સમયે ચિત્ત (જીવ) ચેતીએ રે, ઉદયે શો સંતાપ.

વિચારો અહીં અટકતા નથી. પણ તૃષાથી પીડાતા જીવો માટે તળાવો, કૂવાઓ બાંધવાનું મનોમન નક્કી કર્યું. કહેવાનું તાત્પર્ય એજ કે, એ જીવે વીતરાગ પરમાત્માના ઉપદેશમાં પોતાની મતિ માન્યતાથી સુધારો કર્યો. આમ ધર્માનુરાગી ગુણ દોષિત થયો. તરવાનું સાધન ડૂબવામાં પલટાઈ ગયું. સ્વની-પોતાના આત્માની ચિંતામાંથી આત્મા સ્વાર્થની ખાતર પરની ચિંતામાં આરંભ સમારંભમાં અટવાઈ ગયો. જે ગુણના કારણે ક્રમશઃ સદ્‌ગતિ થવાની શકયતા હતી તે ગુણ મલિન થવાથી બીજા ભવે દેડકારૂપે જન્મ લેવો પડ્યો.

આનું જ નામ જીવનમાં ગુણાકાર કરો. ગુણની વૃદ્ધિ કરો. પણ ભૂલે ચૂકે ગુણની બાદબાકી કરી ધર્મના દ્વારે, આરાધના દ્વારે, સદ્‌ગતિના દ્વારે જઈ ખાલી હાથે પાછા ન ફરતાં. જે ગુણવાન હોય તે શ્રદ્ધાવાન હોય. શ્રદ્ધા એના સર્વ કાર્યમાં સફળતા અપાવે છે. શ્રદ્ધા એ જન્મ-મરણના હિસાબને સાનુકુળ કરી આપે છે. શ્રદ્ધા એ પ્રગતિનો પાયો છે.

સંસ્કૃતની એક વિચારવા જેવી વાત સુપ્રસિદ્ધ છે. 'દુષ' એક ધાતુ છે. તેમાં દુ-ના ઉકારનો જો ગુણ કરવામાં આવે તો ઉનો 'ઓ' થાય. એટલે દુષ નો દોષ થાય. તેમ ગુણ જો જીવનમાં દોષિત, મલિન થાય તો એ માનવ જીવનને દોષિત-નિંદીત કર્યા વિના ન રહે. પછી આત્મકલ્યાણની બાજી બગડે તેમાં નવાઈ શી ? તળાવે જઈ તરસ્યા જ રહેવું-આવવું પડે.

કાવ્યશાસ્ત્રમાં પિંગલમાં છંદ અને માત્રાનો સુમેળ રાખવાનું કહ્યું છે. કવિઓ જો આ બન્નેના નિયમોને સાચવે તો એની રચના લોકપ્રિય બને, લોકજીભે બોલાતી જાય. પણ ભાવ, વિચાર, રજુઆત સારી હોય પણ છંદ-માત્રાનો મેળ ન જામે તો ? એજ કે એ રચના શ્રવણેન્દ્રિયને સાંભળવી ન ગમે.

આજ રીતે જ્યોતિષને નજર સામે લો. કોઈની જન્મ નક્ષત્રની કુંડલીમાં ૧૨ આંકડાને જે રીતે લખવાના હોય તેવા લખાયા. તે ઉપરથી કુંડલી ઘણી સારી છે એમ ફળાદેશ જાહેર થયું પણ આયુષ્ય અલ્પ છે. અથવા લગ્ન કુંડલીમાં બન્ને પક્ષની સ્વતંત્ર કુંડલી સારી પણ બન્ને વચ્ચે મેળ મળતો નથી તો ? નાનકડો દોષ પણ ઈચ્છેલા પરિણામને આપવા સમર્થ નથી.

જ્યાં ગુણદ્રષ્ટિનો વિકાસ છે ત્યાં સર્વ રીતે બોલબોલા માટીમાં હાથ નાખે તો પણ સોનું થાય અને દ્રષ્ટિદોષ હોય તો સર્વ રીતે *વિનાશ ! આપણે સૌ આપની ગુણદ્રષ્ટિનો વિકાસ કરી જીવન સફળ કરીએ એજ શુભકામના...

卐

---

★ અસ્વસ્થ માનવીને 'નજર લાગી છે', 'નજર ઉતારવી છે' એમ પ્રવૃત્ત કરી નજર મુક્ત કરાય છે.





# સત્કથી...

**શ્લોક :**

**નાસઈ વિવેગરયણં અસુહ કહાસંગકલુસિયમણસ્સ ।**
**ધમ્મો વિવેગસારોત્તિ સક્કહો હોજ્જ ધમ્મત્થી ॥૨૦॥**

**ભાવાર્થ :**

**અશુભ કથાઓના સંગથી કલુષિત થયેલા ચિત્તવાળા જીવ વિવેકરત્નને ગુમાવે છે. જ્યારે સત્કથી વિવેકરત્નને પ્રાપ્ત કરે છે. હકીકતમાં ધર્મ એ વિવેકની પ્રધાનતાવાળો માર્ગ છે. તેથી ધર્મના અર્થીએ સત્કથી-શુભ કથાવાળા (બોલવામાં-સાંભળવામાં) થવું જોઈએ. ધર્મ માટે સત્કથી જ યોગ્ય સમજવો. (૨૦)**

**વિવેચન :**

કથા ધર્મીને પ્રોત્સાહિત-ઉત્સાહિત કરે. પુણ્ય બંધાવે. જ્યારે વ્યથા પોતે ભૂલે ને બીજાને પણ ભૂલાવે. પાપ બંધાવે.

ધર્મ એક એવી અનુકરણીય, અનુમોદનીય પ્રવૃત્તિ છે કે, એ તમારો જો ભૂતકાળ સારો હોય તો તમારા વર્તમાનને ભવિષ્યકાળને સુધારવા સમર્થ છે. એટલે વર્તમાનમાં તમે ધર્માનુરાગી હો તો તમારું ભાવિ સુધરે. આવી પ્રરૂપણા તીર્થંકર પરમાત્માઓએ જીવ માત્રના કલ્યાણ માટે કરી છે. સાથોસાથ આદર્શરૂપે જે જે પુણ્યશાળી આત્માઓએ આ આરાધના કરી છે તે દરેક આત્માની વાતો અનુભવો કથા સ્વરૂપે કથાનુયોગમાં બતાડી પણ છે. માટે જ ધર્મની વાતો જાણવી, સમજવી, સાંભળવી જરૂરી છે.

એક આત્મા આત્મકલ્યાણની બુદ્ધિથી શુદ્ધ અધ્યવસાયે ધર્મ કરે છે. તે જોઈ બીજા કથાદિ દ્વારા તે રીતે કરવા માટેની પ્રેરણા મેળવે છે. એટલું જ નહિં પણ જેઓએ ભવિષ્યમાં અથવા વર્તમાનમાં ધર્મ કરવાના પ્લાન કર્યા હોય તે સર્વની અનુમોદના કરી ધન્ય પણ થાય છે. આ રીતે સત્કથી અજ્ઞાનતાને દૂર કરે, જીવનમાં અજવાળું પાથરે પણ નિંદક, માયા મૃષાવાદી યા પરપરિવાદનો સંગી હોય તો તે આત્મા પોતાની અજ્ઞાનતામાં વધારો કરે. ગાઢ અંધકારમાં જીવનનો કલ્યાણમાર્ગ ભૂલી જાય. વિનય, વિવેક રત્ન ખોવાઈ નાશ પામી જાય. પોતાના હાથે જ પોતાનું અહિત કરી બેસે.

જૈનદર્શનમાં અનુયોગ ચાર દર્શાવ્યા છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) ગણિતાનુયોગ, (૩) ચરણકરણાનુ યોગ અને (૪) કથાનુયોગ. આ ચારે અનુયોગ •દ્વારા જિજ્ઞાસુ બાહ્ય-અભ્યંતર રીતે આત્મધર્મ જાણી-સમજી સર્વસ્વ સાધવા નિમિત્તરૂપ પુરુષાર્થી બને.

• (ઉપાસક દશા આગમમાં ૧૦ આદર્શ શ્રાવકોના ચરિત્ર છે.)

એક વાત નિશ્ચિત છે કે, સંસારીની કથા-વ્યથા કોઈ દિવસ ખૂટવાની કે પૂરી થવાની નથી. કારણ એ કથામાં જન્મ-મરણનો અંત કરવાની શક્તિ, વિચાર કે માર્ગદર્શન નથી. બીજા શબ્દમાં ફોતરાં ખાંડવા જેવી કે રેતીને પિસવા જેવી નિરર્થક છે. જ્યારે ધર્મકથામાં સંસારથી મુક્ત થવાની, [જન્મ મરણ ઘટાડવાની ક્ષણિક સુખમાંથી શાશ્વત સુખના ભોક્તા થવાની પ્રેરણા-માર્ગદર્શન છે.] સાથોસાથ તેની પાસે વિનય, વિવેક રત્ન હોવાથી એ કોઈપણ દિવસ છેતરાશે નહિં. ધર્મનો શાશ્વત માર્ગ ભૂલશે નહિં.

સત્કથી એટલે સત્ - ઉત્તમોત્તમ પુરુષોના આદર્શ ઉત્તમ જીવન ચરિત્રો. કથા-હિતકારી પથ્યકારી મધુર સત્ય બનેલી જીવન પ્રસંગોને વચનના વ્યાપાર દ્વારા જે કહેવામાં આવે છે તે. એટલે જીભ બોલવામાં કામ આવે જ્યારે વિવેકબુદ્ધિ તમારું બોલવાનું સફળ કરે.

કલ્પસૂત્ર, ત્રિષષ્ઠીશલાકા પુરુષ ચરિત્ર, ઉપદેશપ્રસાદાદિ ગ્રંથો-શાસ્ત્રોમાં જે ચરિત્રો કંડારવામાં આવ્યા છે. તે દ્વારા જૈન ઇતિહાસ, જૈન ભૂગોળ, જૈન દર્શન, જીવવિચાર, કર્મ વિજ્ઞાન, આત્મજ્ઞાન, ધ્યાન-યોગ આદિ વિષયોનું પણ માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. એક પથ બે કાજની જેમ દર્શન-જ્ઞાનની જાણકારી આત્મા સહેલાઈથી પામી શકે છે. સત્કથી એટલે કથા-ચરિત્ર એટલો જ મર્યાદિત અર્થ ન કરતાં વૈરાગ્યના રંગે રંગાનારું સમ્યગ્જ્ઞાન પણ કહી શકાય.

આવું આ ભવ-પરભવ સુધારનારું સત્કથી દ્વારા રજુ થતું જ્ઞાન જીવમાત્રનું કલ્યાણ કરે.

**સુવાક્યો :**

★ નવલકથા, ડિટેક્ટીવ કથા આત્માર્થીને માર્ગ ભૂલાવે છે.
★ કોઈનું દુઃખ દૂર ન કરો તો ચાલશે પણ જાહેરાત ન કરો.
★ ચંચળ લક્ષ્મીને સંસ્કાર લક્ષ્મી બનાવવા ચરિત્રો સાંભળો.
★ કથા કાનથી સાંભળો, વચન-કાયાના પાપ ઘટી જશે.
★ અનુમોદના કરો દુઃખી-પાપી હો તો પણ તરી જશો.
★ કદરૂપા જો સ્વરૂપવાન થાય તો પાપી પરમાત્મા કેમ ન બને ?

**પદ :**

★ આ છે કઠપુતલીનો ખેલ, ભાઈ આ (૨)
દામ ન દેજો, નિરખી લેજો, અર્થ ઘણો મુશ્કેલ.

★ એક ઘડી, આધી ઘડી, આધી સે ભી આધ,
તુલસી કહે સત્સંગસે, કટે કોટી અપરાધ.

★

**ચિંતન :**

# કાનને પવિત્ર કરો...

કથાને જેમ 'સત્' વિશેષણ લગાડવાથી સત્કથા થાય તેમ વિકથાને માટે પણ 'વિ' વિશેષણ લાગે તો વિકથા થાય છે. અનંતકાળથી જીવની વિકથા કરવાની ટેવ છે તેને દૂર કરવા શાસ્ત્રકારોએ સત્કથા દર્શાવી છે.

સત્કથા એટલે ? (૧) આત્મિક લાભ કરનારી વાત. (૨) આધ્યાત્મિક ભાવને નુકસાન ન કરનારી શુભ વિચારણા. (૩) કામ-ક્રોધાદિ દૂષણોનો ત્યાગ કરાવે, પ્રોત્સાહન ન આપે તે. (૪) આવેશમાં કે અવિવેકમાં લઈ ન જાય તે. (૫) નિરર્થક સમયનો દુર્વ્યય ન કરે તે. ટૂંકમાં આત્મલક્ષી વિચાર. એ સત્કથા અને જેનું પરિણામ ખરાબ છે તે વિકથા. બન્ને કાનથી જ સંભળાય. એકને સાંભળ્યા પછી જીવન સુધરે, બીજાને સાંભળ્યા પછી જીવન બગડે.

તેરમા ચરણને શુકનવંત કે અપશુકનવંત ન કહેતા સત્કથા-વિકથાની કથા કરવાનું ચરણ એમ કહેવું યોગ્ય લાગે છે. કોઈ ગુજરાતી કવિએ લખ્યું છે કે, 'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું આતમજ્ઞાન' કદાચ આ કડી વિકથાઓ માટેની જ હશે તેથી વિકથાના કટુ રસનું આસ્વાદન કરી લઈએ.

વિકથાના પ્રકારો : (૧) સ્ત્રી કથા (૨) ભક્ત કથા (ભોજન કથા), (૩) રાજ કથા, (૪) દેશ કથા. આ બધી કથાઓને વિકથા કહેવા પાછળનું જો કોઈ મુખ્ય કારણ હોય તો સામાન્ય રીતે સ્વાર્થ તેમાં દેખાય છે. જ્યાં સ્વાર્થ પૂરો થયો ત્યાં આ કથાઓ નવું વિકૃતરૂપ ધારણ કરી લે અને છેલ્લે કથાનાયકને હાથ ઘસતા રહેવું પડે યા ખાલી હાથે સમય વેડફવાનો ફાયદો મેળવી જ્યાં હતા ત્યાં પહોંચવું પડે. બીજા શબ્દમાં પાણી વલોવી માખણ મેળવવાની ચેષ્ટા.

એક રાજા જંગલમાંથી નગરીમાં રત્નજડિત રથમાં બેસી જતા હતા. અચાનક માર્ગમાં એક જેનું શરીર કૃશ થયું છે. હવે લાકડાનો ભાર પણ વહન થઈ શકતો નથી. ચાલવામાં કાંઈ સંયમ નથી એવા લકડહારને જોયો. રાજા દયાળું ને પ્રજા વત્સલ્ય હતો. રથ ઊભો રાખી લકડહારને રથમાં બેસી જઈ ગામના પાદરે ઉતરી જવા કહ્યું.

લકડહાર શરમાયો. મુંઝાયો, શું સ્વપ્ન છે કે સત્ય ? વિચારમાં પડ્યો. ફરી રાજાએ આજ્ઞા કરી કે, કાંઈ વિચાર્યા વગર રથમાં બેસી જા. હકીકતમાં જેની સેવા કરવી જોઈએ તેની સેવા લેવામાં લકડહારને મુંઝવણ થતી હતી. ન છૂટકે રાજાજ્ઞા પાળી એ રથમાં બેસી ગયો.

થોડીવારે રાજાને ખ્યાલ આવ્યો કે લકડહાર રથમાં તો જરૂર બેસી ગયો પણ માથાની ઉપર રાખેલો ભાર તો માથા ઉપર જ રાખીને બેઠો છે. રાજાએ લકડહારને

કહ્યું, તું રથમાં બેસી તો ગયો પણ માથા પરનો ભાર કેમ ન ઉતાર્યો ? એ પણ મારે કહેવું પડે ?

બિચારો લકડહાર શું જવાબ આપે ? આખું જગત આવું જ ઉંધુ કામ કરે છે. જગતમાં બધું જ કર્મને અનુસાર થયા કરે છે. છતાં માનવી માથા ઉપર તેનો, સંસારનો, પુત્ર પરિવારનો, સુખ-દુ:ખનો ભાર લઈને ફર્યા જ કરે છે. આ જગતમાં માત્ર ત્યાગી, તપસ્વી, ધ્યાની, વૈરાગી પુરુષો જ વૈરાગ્યના રથમાં બેઠા પછી બધા ભારને માથા ઉપરથી દૂર ફેકી દે છે.

વિકથાને ખજવાળ સાથે સરખાવવામાં આવે છે. ખજવાળને ભોગવનાર ખુજલી કરી આનંદ-શાતા અનુભવે છે. પણ હકીકતમાં બુદ્ધિનો મતિનો કે બાહ્ય આનંદનો વિપર્યાય છે. તેથી દુ:ખ વધે છે તેમ વિકથા સમજવી.

એવી જ વાત આ વિકથાઓની છે. તે દરેકને ટૂંકમાં સમજી લઈએ.

**(૧) સ્ત્રી કથા** – કહેવત છે કે, વેદ પુરાણના જ્ઞાતા બ્રહ્માજી પણ સ્ત્રી ચરિત્રનો પાર પામી ન શક્યા. ભતૃહરિજી માટે ચેલણા રાણી, મુંજ રાજા માટે (ઈન્દ્રમાલા) સ્ત્રી, પરદેશી રાજા માટે સૂર્યકાંતા રાણી પાછળથી ભારરૂપ લાગી. પ્રજાપતિ રાજાએ તો પુત્રીની સાથે અને ચંડપ્રદ્યોતે દાસીની સાથે લગ્ન કર્યા. આ ઉદાહરણો યાદ કરીશું તો સમજાશે કે સ્ત્રીઓની ગમે તેટલી કથા કરો, ગુણ ગાઓ, રૂપના વખાણ કરો પણ એક દિવસ કર્મના ભારથી દબાઈ જવું પડે છે.

**(૨) ભક્ત કથા (ભત્ત કથા)** – જેની બુદ્ધિ આત્મકલ્યાણની ન હોય, જેનામાં સાચો સમર્પણ ભાવ ન હોય એવો ભક્ત પણ ક્યારેક માર્ગ ભૂલી પરવશ બની જાય છે. *દ્રોપદીએ પૂર્વભવમાં તુંબડાનું શાક મુનિને વહોરાવી જન્મ વધાર્યા જ્યારે સિંહકેસરીયા મુનિને કસમયે મોદક વહોરાવી શ્રાવકે મુનિ પાસે પોરસીનું પચ્ચક્ખાણ માગી સ્થિર કર્યા. પૂર્વભવમાં દાનધર્મથી શાલિભદ્રે પુણ્ય બાંધ્યું અને મમ્મણશેઠે મોદક પાછો લેવા જઈ પાપ બાંધ્યું હતું.

**(૩-૪) દેશ કથા : રાજ કથા** – આ જગતમાં કોઈનું ધાર્યું કાંઈ જ કોઈ દિવસ થયું નથી અને થશે પણ નહિં. પોતાના ઘરમાં, કુટુંબ કે પરિવારમાં જો કાંઈ ચાલતું ન હોય તો બીજે કેવી રીતે ચાલે ? રાજાના રજવાડાઓ કાવાદાવા અને વૈર-વિરોધ માટે ઘણાં પ્રસિદ્ધ છે.

''કરમને કરવું હોય તે થાય. રાજા રંક થઈ જાય.'' આ કર્મની લીલા આગળ બધાને પાછા પડવું પડે છે. તો પછી દેશકથા - રાજકથા કરી શું ફાયદો ?

ચક્રવર્તિ સુભૂમે બીજા છ ખંડ જીતવાની લાલસાએ નરકગતિનું આયુષ્ય બાંધ્યું

---

★ ભક્ત કથામાં ભોજનના વિચારો પણ આવે છે. ઉત્તમ પ્રકારના ભોજનના રસિયા થયા પછી જીવને સાદુ ભોજન ગળે ઉતરતું કે ખાવું ગમતું નથી. ભોજનની પ્રશંસા કરતાં વિના કારણે અનુમોદનાનું અનર્થદંડનું પાપ બંધાય છે. ભોજન શરીરને ટકાવવા માટે અનાસક્ત ભાવે કરવાનું હોય છે.

જ્યારે સાધ્વી પદ્માવતિજીએ પતિ દધિવાહન પુત્ર કરકુંડને યુદ્ધભૂમિથી પાછા વાળ્યા. પ્રસંન્નચંદ્ર રાજર્ષિએ મનથી યુદ્ધસંગ્રામમાં લડાઈની યોજનાઓ ઘડી નરકગતિ જવાની તૈયારી કરી. સ્થુલિભદ્રજીએ મંત્રીમુદ્રાનો ત્યાગ કરી સંયમના માર્ગે પ્રયાણ કર્યું. ભ. ઋષભદેવના પુત્રો ભરત અને બાહુબલી ૧૨-૧૨ વર્ષ સુધી જઘડ્યા હતા. છેવટે સદ્જ્ઞાનના પ્રતાપે મોટાભાઈ પિતાતૂલ્ય, એ વિચારે બાહુબલીએ સંયમી થઈ ભરતને રાજ્ય અર્પણ કર્યું.

સાર એ જ કે, વિકથા આત્માને પતનના માર્ગે લઈ જાય છે. તેથી જ અનર્થદંડ વ્રતના અતિચારમાં પણ ચારનો સમાવેશ કરાયો છે.

હવે મૂળ વાત પર આવીએ.

સત્કથી માટે અનેક રીતે વિચાર કરીશું. ચાર અનુયોગમાં ધર્મકથાનુયોગ પણ આવે છે. ધર્મમાં સ્થિર થવા કે દર્શનશાસ્ત્રને તત્સ્વરૂપે સમજવા મંદ બુદ્ધિવાળાઓને આ કથાનુયોગ ઘણો મદદગાર બને છે.

બીજી બાજુ શિષ્ય જ્યારે વિનયપૂર્વક ગુરુ પાસે વાચના લેવાનો પ્રયત્ન કરે છે, ત્યારે પણ વાચનાને જીવનમાં વ્યવસ્થિત પરિણમવા પૃચ્છના, પરાવર્તના, અનુપેક્ષાના વિભાગ પછી પાંચમા વિભાગ ધર્મકથા દ્વારા જ્ઞાનને પચાવવાનો પ્રયત્ન કરે છે. ભોજનમાં મિષ્ટાન ઉત્તમ ભોજન કહેવાય છતાં છેલ્લે અપાતો મુખવાસ પણ ભોજનને સુશોભિત કરે છે તેમ ધર્મકથાને સમજવી.

સાહિત્ય જગતમાં ષડરસની ચર્ચા આવે છે.● ભાટચારણ વીર્યરસ દ્વારા યુદ્ધમાં સૈનિકોમાં શૂરાતન ઉભું કરવાનો ખાસ પ્રયત્ન કરતા હોય છે. બીજી તરફ જ્યારે પોપટ રામનું નામ બોલે પણ રામ દ્વારા થયેલા પરમાર્થાદિ કાર્યોને જાણતો નથી. તેટલું તેને જ્ઞાન પણ હોતું નથી. ત્રીજી તરફ શાંતરસ એક એવો રસ છે કે, ગમે તેવા કષાયાદિને વશ થયેલા યા આર્તધ્યાનાદિમાં અટવાયેલા જીવો આ સત્કથા દ્વારા શાંત થાય છે.

કોયલ ને કાગડો કાળા રંગવાળા પક્ષીઓ છે. જ્યારે હંસ ને બગલા બન્ને સફેદ રંગવાળા છે. રંગ ભલે બન્નેના સરખા પણ ગુણથી બન્ને પ્રતિસ્પર્ધી છે. તેથી જ કોયલ અને હંસને માન મળે છે. તેમ કથા ભલે ગમે તે વ્યક્તિ કરતાં હોય પણ જેના જીવનમાં શ્રદ્ધા હોય, વૈયાગ્ય હોય, પરાપકારની ભાવના હોય તો તે કથાકાર પોતે તરે ને બીજાને પણ તારે-ઉગારે છે. ટૂંકમાં કથાકારનું જીવન પણ પવિત્ર ને વૈરાગ્યમય હોવું અત્યંત જરૂરી છે.

એક રાજાને બ્રાહ્મણ પંડિત કથાના માધ્યમથી વૈરાગ્યવાન બનાવવા બેઠા. બે મહિના કથા ચાલી. છતાં પ્રયત્ન જ્યારે વ્યર્થ થયો ત્યારે રાજાએ આનું કારણ પૂછ્યું. છેવટે પંડિતના પુત્રે રાજાને-પિતાને અલગ અલગ ઝાડના થડમાં બાંધી બન્નેને

● અભિનંદન સ્વામીનું સ્તવન. ''બંદી જન કડખા ગાવે, સુન શૂરા શિષ કટાવે.''

પરસ્પર મુક્ત કરવા કહ્યું. ક્યાંથી થાય ? બન્ને બંધાયેલા હતા. તેમ કથાકાર પરોપકારી હોય તો જ અસર થાય.

સત્કથીની જેમ કથાનું શ્રવણ કરનારના માટે પણ શ્રોતાના ગુણની ચર્ચા કરવામાં આવી છે તેમાં મુખ્યત્વે સુશ્રુષા-સાંભળવાની ઈચ્છા શ્રોતાને કેવી છે તે ઘણું મહત્વનું છે.* આ ઉપરાંત સુશ્રુષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, ઉહ, અપોહ, અર્થવિજ્ઞાન, તત્ત્વવિજ્ઞાન જેવા જ્ઞાનના ગુણ અંગેના વિચારોને નજર સામે રાખવા જરૂરી છે. તો જ એ સત્કથા જીવને પ્રેરણાત્મક બને. તીર્થંકર પરમાત્મા જ્યારે ધર્મદેશના આપે ત્યારે વાણીના ૩૫ ગુણયુક્ત એ ધર્મદેશના હોય છે. તેથી શ્રવણ કરાનાર દરેક આત્માને સ્પર્શે. પ્રભુ મારા માટે, મારા હિત માટે જ કહે છે તેવું માને, સ્વીકારે.

વીતરાગ પરમાત્માની વાણી (૧) ઘી જેવી સ્નિગ્ધતાવાળી, (૨) દૂધ જેવી શુભ્ર-નિર્મળ, (૩) સાકર જેવી મીઠી મધુરી, (૪) પાણી જેવી શાતા આપનારી શીતળ હોય છે.卐 જ્યારે આજના માનવીઓની વાણી તોછડાઈ ભરેલી, સખ્તાઈ (હુકમશાહી)વાળી, મધુર (નમ્ર, મીઠાશવાલી) અને કરુણાળુ એમ અનેક પ્રકારની જોવા મળે છે. હકીકતમાં જેવી વ્યક્તિ તેવી વાણી ઉચ્ચારાય છે. તેથી એ ફળવંતી થતી નથી.

સત્કથા માટે ખાસ ત્રણ પદ્ધતિ જોવા મળે છે.

(૧) **મૃદુકારૂણિકી** – જે કથા વારંવાર સાંભળવી ગમે, અંતરને કુણું બનાવી દે, લાગણી ઉત્પન્ન કરી મનમાં કરૂણા-દયાના અંકુરો પ્રગટાવે તેવી હિતકારી મૃદુકારૂણિકી કથા છે. ભ. મહાવીરે મેઘકુમારને પૂર્વભવમાં પાળેલી જીવદયા યાદ કરાવી એ જીવને સંયમમાં સ્થિર કર્યો. જીવન રથના પ્રભુ સારથી થઈ ગયા. ભ. આદિનાથે ૯૮ પુત્રોને સંયમના માર્ગે વાળી યુદ્ધની ભાવનાથી છૂટા કર્યા.

(૨) **દર્શનભેદી કથા** – ષડદર્શનને નજર સામે રાખી અન્ય દર્શનોની અને જૈનદર્શનની તુલનાત્મક વિચારધારા આપવી. જેથી જૈનદર્શન ઉપર અનુરાગ વધુ થાય. અન્ય દર્શનીઓની વાતો અપૂર્ણ સમજાય. સમક્તિ નિર્મળ થાય.

હરિભદ્રસૂરિજી જૈનદર્શનના તત્ત્વને અનેક વખત સમજ્યા પછી 'શક્રસ્તવ' લલિતવિસ્તરા ગ્રંથને ઉંડાણથી વાંચ્યા પછી જૈનધર્મમાં સ્થિર થયા. આનંદઘનજી, યશોવિજયજી, દેવચંદ્રજી આદિ આધ્યાત્મિક પુરુષોએ પણ કથાના બદલે કાવ્યના માર્ગે ધર્મ વિસ્તાર્યો. આધ્યાત્મના રાગી કર્યા.

(૩) **ચારિત્રભેદની કથા** – ચારિત્ર એટલે વિરતિમય જીવન. ચરિત્ર એટલે ગુણવાન જીવન. (દુષ્ચરિત્ર છોડીને) આ બે શબ્દમાં જુઓ તો જમીન-આસમાન જેટલો ફરક છે. છતાં ચારિત્રવાનનું ચરિત્ર અનુમોદનીય બને છે. તેથી મહાપુરુષોનો ગુણાનુંવાદ કથારૂપે જે આત્મા સાંભળે તે ધન્ય બને છે.

---

★ તુમ બકતે રહો, હમ સુનતે રહે. 卐 જિનમુખ દીઠી વાણી મીઠી સુરતરુ વેલડી. (થોય)

સ્થુલભદ્રજીનું નામ ૮૪ ચોવીશી સુધી જો સ્મૃતિપટ ઉપર રહેવાનું હોય તો તેનું મુખ્ય કારણ નિર્મળ ચારિત્ર, નિર્મળ બ્રહ્મચર્ય. એક વાત સમજવા જેવી છે કે, ચારિત્રવાન આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપનું ઉત્તમ રીતે પાલન આરાધન કરનારા હોય છે. એવા વંદનીય પૂજનીય આત્માઓની જેટલી સ્તવના-અનુમોદના કરીએ તેટલી ઓછી છે. આ રહ્યા એ રત્નત્રયીના આરાધકો.

★ દર્શન – પુણ્યાઢ્ય રાજા, નાગકેતુ, દેવપાલ રાજા, હરિવિક્રમ વિગેરે.

★ જ્ઞાન – માસતુષમુનિ નંદીષેણમુનિ, જિનદત્ત નૃપ, જયંત નૃપ, રત્નચૂડમુનિ

★ ચારિત્ર – અઈમુત્તામુનિ, ઈલાચીકુમાર, પુરુષોત્તમ રાજા, પુરંદરમુનિ, પદ્યોતર રાજા, માહેન્દ્રપાલ રાજા, વીરભદ્ર, અરૂણદેવ, ચંદ્રવર્માનૃપ.

★ તપ – વર્ધમાનસૂરિ, માનદેવસૂરિ, ધર્મઘોષસૂરિ, ઢંઢણ અણગાર, કનકકેતુમુનિ વિગેરે.

એક વાત નજર સામે એ પણ રાખવાની છે કે, ઉપરની કથાઓ સંબંધિ ભારેકર્મી આત્મા ધર્મથી વિમુખ થઈ વિકથા કરવા પણ પુરુષાર્થ કરે. પરંતુ એ પ્રયત્ન અનુચિત છે. ગેહુમાંથી જેમ બેનો કાંકરા કાઢી ગેહુને સ્વચ્છ કરે તેમ જીવ કર્મવશ થઈ કોઈ શ્રદ્ધાથી ડગી જાય તો તે વાત ભૂલી જવા જેવી નથી ?

'જેવી વાણી તેવું વર્તન' એ દ્રષ્ટિએ સજ્જન પુરુષોની વાણી મધુર હોય. પુણિયા શ્રાવકનું એક દિવસ મન સામાયિકમાં સ્થિર ન થયું. તપાસ કરી તો ખબર પડી કે, શ્રાવિકાએ પડોસીના ઘરેથી પૂછ્યા વગર છાણું (બળતણ) લાવી તેના ઉપર રસોઈ કરી. એ ભોજને મન ચંચળ કર્યું. આ ઉપરાંત ગુપ્તરીતે મહાજને પુણિયા શ્રાવકને સાથ આપવા ઓછા ભાવે રૂ આપવાનું અને વધુ દામ આપી પુણી લેવાનું શરૂ કર્યું. તે પણ ખબર પડતાં પુણિયા શ્રાવકે ઘણો પશ્ચાતાપ કરી શ્રેષ્ઠીઓને આવી અનીતિ ન કરવા વિનંતી કરી.

જગતમાં વચનસિદ્ધ પુરુષો જોવા મળે છે. તેઓ પોતાની વાણી દ્વારા બીજાનું અકલ્પનીય ભલું કરતા હોય છે. તેઓના મુખમાંથી નીકળતા શબ્દો શાંત વાતાવરણનું નિર્માણ કરે છે.★ રાજા વીરધવલની પાસે એક ઈર્ષ્યાળુએ જઈ વસ્તુપાલ, તેજપાલ અને અનુમાદેવીની નિંદા કરી. પૈસા આપના ને પ્રશંસા એ લોકોની થાય તે શું શોભે ? રાજાને પૂર્ણ વિશ્વાસ હતો કે, આ સેવાભાવી આત્મા સ્વપ્રશંસા નહિં કરે છતાં ગુપ્તવેશે જઈ તપાસ કરી તો ઈર્ષ્યાળુની વાત ખોટી ઠરી.

તાત્પર્ય એજ કે, વાણી દ્વારા વહેતી કથા જ નહિં પણ એ કથાએ જેવા પ્રકારના સંસ્કાર આત્માને આપ્યા હોય તેના દ્વારા આત્મા મન-વિચારોને શુદ્ધ રાખવા પુરુષાર્થ કરે છે. ચારિત્રાચારના અતિચારમાં અવાંતર રીતે વચનદંડથી બચવા વચનગુપ્તિની વાતો દર્શાવી છે. ધર્મી આત્માએ ધર્મ કરતાં પોતાની યોગ્યતા સુરક્ષિત રાખવા

★ ભ. મહાવીરે ચંડકૌશિકને શાંત કર્યો હતો.

બીજા મૃષાંવાદના અતિચારમાં વર્ણવેલા અતિચારોને નજર સામે રાખવા જોઈએ. શાસ્ત્રકારોએ તદન બોલવાની ના પાડી નથી, વિવેક રાખવા કહ્યું છે. એટલું જ નહિં પણ સમ્યક્ત્વને શુદ્ધ રાખવા માટે *સમ્યક્ત્વના પાંચ અતિચારોમાંથી જાણે-અજાણે કોઈ વિરાધના થઈ હોય તો તેનાથી બચવા પ્રયત્ન કરવા કહ્યું છે.

અંતે સ્વજીવનની કથાને જ આત્મલક્ષી બની વાંચીએ અને ધર્મમંદિરના દ્વારે ગૌરવ સાથે જઈ જીવન પવિત્ર કરીએ એજ અભિલાષા...

---

★ સમકિતના ૬૭ બોલ :
૪ સદ્દહણા, ૩ લિંગ, ૧૦ વિનય, ૫, દૂષણ, ૩ શુદ્ધિ, ૮ પ્રભાવક, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ જયણા, ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન.

● સમકિતના પાંચ ભૂષણ :
૧. કુશલપણું, ૨. તીર્થની સેવા, ૩. દેવ, ગુરુ, ધર્મની ભક્તિ, ૪. કોઈના ચડાવે ન ચડે, ૫. શાસનની અનુમોદના.

● સમકિતના પાંચ દૂષણ :
૧. શંકા, ૨. આકાંક્ષા, ૩. વિચિકિત્સા, ૪. પરપાખંડ પ્રશંસા, ૫. પરપાખંડ સંસ્તવ.





# સુપક્ષ...

**શ્લોક :**

**અણુકૂલ ધમ્મીસીલો સુસમાચારો ય પરિયણો જસ્સ ।**
**એસ સુપક્ખો ધમ્મં નિરંતરાયં તરઈ કાઉ ॥૨૧॥**

**ભાવાર્થ :**

જેનો (સંસારી) પરિવાર અનુકૂળ, ધાર્મિક અને સદાચારવાળો હોય તે સુપક્ષ કહેવાય છે. આવો પુરુષ જ (વ્યક્તિ) વિઘ્નરહિત ધર્મક્રિયા કરી શકે છે. (૨૧)

**વિવેચન :**

પક્ષ એટલે પખવાડિયું (૧૫ દિવસ) એવો જેમ અર્થ થાય છે. તેમ દેશમાં પક્ષ એટલે પાર્ટી એવો પ્રચાર છે. તે જ રીતે સુપક્ષનો સંસ્કારી પરિવાર એવો પણ અર્થ થશે. અને તે દ્રષ્ટિએ જ ધર્મરત્ન પ્રકરણ ગ્રંથનો ચૌદમો વિચાર કરીશું.

સંસારી શ્રાવકને નજર સામે રાખી આ વિચાર આગળ વધારશું તો શ્રાવકે ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા વ્રતોને પક્ષ-પરિવારની સાથે સંકળાવવા પડશે. એકથી વધુ વ્યક્તિઓ માટે પક્ષ-શબ્દ વાપરવાના કારણે આ વ્રતમાં મર્યાદા અને જવાબદારીનું માર્ગદર્શન આપવામાં આવેલ છે.

કર્મશાસ્ત્રમાં પિતા-માતા, ભાઈ-બહેન આદિ પરિવાર ધર્મશીલ હોય તો ધાર્મિક, સુસમાચારી, સદાચારી વગેરેનું સંબોધન થાય. સાથોસાથ આવો પરિવાર ઋણાનુબંધના કારણે જ ભેગો થાય. જો તેમાં એકાદ-બે અધર્મી યા દુરાચારી આવી ગયા તો સમજવું કે પુણ્યમાં ખામી છે. એ જીવો સાથે સંસારમાં શક્ય છે શીતયુદ્ધ પણ મનથી થયા કરશે. માટે જ નાનપણથી પરિવારને સાથે આત્મીયભાવ અને ધર્મના સંસ્કાર આપવા જરૂરી છે.

પ્રભવચોર ૫૦૦ ચોરોનો સરદાર હતો. જંબુસ્વામીના ઘરે લૂંટના હિસાબે રાત્રે ગયા. તેઓ પાસે તાળ ઉદ્‌ઘાટણી અને અવસ્વાપિણી વિદ્યા હતી. તેના બળે ચોરી મન મૂકીને કરતા. પણ આ સ્થળે ન કરી શક્યા. કારણ જંબુસ્વામીનું પુણ્ય. કંટાળી તેઓના ઘરમાં પતિ-પત્ની વચ્ચેની થતી ધર્મચર્ચા સાંભળી તેઓ આશ્ચર્ય પામ્યા. અહીં પોતે ધાડ પાડવા, ચોરી કરવા આવ્યા છે. જ્યારે આ ભાગ્યશાળી ઋદ્ધિ-સિદ્ધિ ત્યજી સંયમી થવા માગે છે. છેવટે પોતાના ૫૦૦ સાથીઓ સાથે વિચાર વિનિમય કરી જંબુસ્વામી સાથે રૂબરૂ શંકાનું સમાધાન કરી દીક્ષા લેવા કુલ ૫૨૭ પુણ્યાત્મા જંબુસ્વામીની સાથે સુધર્માસ્વામી પાસે પહોંચી ગયા. આ છે સુપક્ષ પરિવાર.

શાસ્ત્રોમાં સંસારી પરિવારને ક્યારેક સ્વાર્થી પરિવાર તરીકે પણ કહ્યો જ્યારે

કલ્યાણમિત્ર કે સહધર્મીને હિતેચ્છુ ને ઉપકારક દર્શાવ્યો. આવો બીજાનું ભલું કરનાર પરિવાર ધર્મના દ્વારે જાય, ધર્મારાધના કરે કે ધર્મના આયોજન કરે તો તે સમયે બધા ધર્મના અનુમોદક જ બને. ધર્મ કાર્યમાં 'ના' શબ્દ એમના શબ્દકોષમાં ક્યાંય જોવા ન મળે. શક્તિ ગોપવ્યા વિના ધર્મ કરવો એ એમનો મુદ્રાલેખ હોય.

પક્ષના સુપક્ષ અને વિપક્ષ એવા બે વિભાગો જગપ્રસિદ્ધ છે. વાદ-વિવાદની જેમ આ બન્ને વિભાગો પોતાનું અસ્તિત્વ જાળવવા ભગિરથ પ્રયત્નો કરે છે. છેલ્લે તો તર્ક અને ન્યાયના આધારે જીવનની પ્રગતિ, ઉન્નતિ, વિકાસ માટે વિપક્ષને પાછા પગલાં ભરવા પડે છે. બીજી રીતે સુપક્ષમાં દ્રઢ વિશ્વાસ, શ્રદ્ધા અને સાચા રાહનો અનુભવ થાય છે. જ્યારે વિપક્ષ ઉન્માર્ગના પથિક થયેલા દેખાય છે.

દુર્ભવિના બદલે ભવિ થવાનું સૌભાગ્ય જેમાં દર્શાવાયું છે તે સુપક્ષ હૃદય મંદિરમાં વસે એજ અભ્યર્થના...

**સુવાક્યો :**

★ વાદ-વિવાદથી બચવા જ્ઞાનીઓના વચનમાં શ્રદ્ધા રાખો.

★ સુપક્ષી પ્રગતિના પંથમાં અનુમોદના કરે.

★ વિપક્ષી મતબલવાળું સારું, બાકી ખોટું માને.

★ અલ્પજ્ઞાનીનું માર્ગદર્શન અસ્થિર હોય છે.

★ કેવળીના વચન ત્રણે કાળે સત્યનો પક્ષ કરે છે.

★ વિપક્ષ હિતના વચન પણ અહિતકારી માને.

**પદ :**

★ એ તો પાપનું પોટલું બાંધી ચાલ્યો જીવ સંસારી.....

**ચિંતન :**

## એક વાક્યતા - સુપક્ષ...

દુનિયામાં 'પક્ષ'ની વ્યાખ્યા અત્યારે 'માનવતાવાળો વર્ગ' એવી સાંભળવા મળે છે. ચૂંટણી–મતદાનના અવસરે આ બધા પક્ષો 'મત દો', 'મત દ્યા' જેવી ઉદ્દ્ઘોષણા કરે છે. સાથોસાથ તમારું ભલું કરીશું, દેશનો વિકાસ કરીશું એવા વચનો પણ આપે છે.

પરંતુ... ખૂર્શી પર બેઠા પછી બધું ભૂલી જાય છે. જે ગામ, નગર, રોડ, ગલીમાં અપ્રગટ આજીજી વિનંતી કરવા માટે આવેલા એ રસ્તો સ્વાર્થના કારણે ભૂલી ગયા. હકીકતમાં 'મત દો' એ શબ્દનો અર્થ થાય છે કે, અમને મત આપતા નહિં એ મોડેથી સમજાયો. પણ હવે શું ?

આ વિચારો એટલા માટે આવ્યા કે, આજે ઠેકઠેકાણે જિનશાસનની સેવા કરી

તીર્થંકર નામકર્મ બાંધવા સુધીની જે સ્થળે તાકાત છે, યોગ્યતા છે ત્યાં પણ યાદવાસ્થળી જોવા મળે છે. જે ક્ષેત્રમાં સમય અને શક્તિ ધર્મના વિકાસ માટે, ધર્મની વૃદ્ધિ માટે વાપરવાની હોય છે ત્યાં સાચું ને સારુંના બદલે 'મારું તે સાચું' એવો કદાગ્રહ કરી પ્રભુની આજ્ઞાને અનુકૂળ કે પ્રતિકૂળ અર્થ કરી મનમાં બેસાડી શાસનની હેલના કરતા દેખાય છે. એટલા જ માટે સુપક્ષના વિચારો શાસ્ત્રકારોએ આપણી સમક્ષ મૂક્યા નથી ને ?

પૂ. આનંદઘનજી મ.ને કદાચ કોઈએ પૂછ્યું હશે યા તેઓનું કરુણાળુ હૃદય ભીંજાઈ ગયું હશે. તેથી તેઓએ ખાસ અનંતનાથ સ્વામીના સ્તવન દ્વારા પોતાનું હૈયું ખાલી કરવા માટે સ્તવનની કડીઓમાં લખ્યું....

**'ગચ્છના ભેદ સૌ નયન નિહાળતાં,**
**તત્ત્વની વાત કરતાં ન લાજે,**
**ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં,**
**મોહનડીયા કલિકાલ રાજે. ધાર...'**

ઈતિહાસકારોએ એક સ્થળ નોંધ કરી કે, ભ. મહાવીર સ્વામીના સમયમાં ૫૬૩ પાખંડીઓ હતા. તેઓ પણ એવી જ વાત કરતાં કે ''પ્રભુની બીજી વાત સાચી પણ આ વાત બંધ બેસતી નથી.'' કેવી એ જીવોની અજ્ઞાનતા !*

આજે પણ શું અજ્ઞાની જીવો આવા વિચારો નથી દર્શાવતા ? તેઓ તો ભગવાનના જમાનામાં લાઈટ, વાહનો, ફોન આદિ સાધનો નહોતા. તેથી પ્રભુએ તેવો ઉપદેશ આપ્યો. આજે એ ઉપદેશમાં કાંઈ સુધારો કરવાની જરૂર નથી ? વિગેરે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, સુપક્ષ એટલે જે જે ભવ્યાત્માઓને પ્રભુના વચન ઉપર, જ્ઞાન ઉપર ઉપદેશ ઉપર પૂર્ણ શ્રદ્ધા હોય. આ વચનો પાળવાથી, માનવાથી અથવા સ્વીકારવાથી આત્માનું નિયમા કલ્યાણ જ થવાનું છે. તેવું મનમાં વસેલું હોય તેવા આત્માને સુપક્ષી કહેવા. અને તે જ આત્મા ધર્મક્રિયા, આરાધના નિર્વિઘ્ને કરશે તેમ માનવું, સ્વીકારવું જરૂર લાગે છે. પ્રભુ પાસે મુખ્યત્વે હું અને મારા ભગવાન એ ભાવે જવું જોઈએ.

તત્ત્વાર્થાધિગમ સૂત્ર (ગ્રંથ)માં પૂ. ઉમાસ્વાતિ મહારાજે મોક્ષના પથિક આત્માને અનુલક્ષી પહેલું જ સૂત્ર 'સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રાણી મોક્ષમાર્ગઃ' લખ્યું છે. મોક્ષ એ અંતિમ ધ્યેય છે અને સમ્યગ્દર્શનાદિ તેનો માર્ગ-પથ છે. પથ ને પક્ષની સાથે કેટલાક કારણે નજીક લાવવાની જરૂર છે.

જે સુપક્ષમાં સંકળાયેલો હોય તેને પથ-માર્ગ જરૂર છે. જો સન્માર્ગ જડે તો તેનો પ્રવાસ સુપક્ષવાળો થાય એટલે કાર્ય-કારણ ભાવે એ આત્મા દર્શન, જ્ઞાન,

---

★ ભ. મહાવીરસ્વામીના જમાઈ જમાલી – 'કડે માણે કડે' એ વાતમાં અટવાયેલા.

ચારિત્રનો અનુરાગી, ઉપાસક, આરાધક બને. વર્તમાન ભવે કે બીજા ભવે અવશ્ય બાંધેલા પુણ્ય અનુસાર ધર્મના અનુરાગથી આરાધક બની વિરાધકતા ત્યજી ભવભીરૂ બની મોક્ષસુખનો અધિકારી બને. માત્ર એનો પ્રગતિનો પંથ સુપક્ષથી શરૂ થવો જોઈએ.

ચંડકૌશિકના પૂર્વભવનો ઇતિહાસ તપાસીશું તો ત્યાં કષાય દેખાશે. નાગકેતુના પૂર્વભવે ઇતિહાસમાં અટ્ઠમ કરવાની ભાવના સમજાશે. વરદત્ત-ગુણમંજરીના જીવનમાં પૂર્વભવે કરેલી વિરાધનાનું ફળ સમજાશે. કાંઈપણ વિચારો, આ સુપક્ષના વિચારો જીવનને દ્રઢ ધર્મી બનવા અનેક રીતે ઉપયોગી છે.

સુપક્ષનો પ્રવાસી પૂર્વે વિપક્ષ જીવનને પ્રવાસી હતો. તે જીવન જ્યાં સુધી છોડવા–ત્યજવા તૈયાર ન થાય ત્યાં સુધી ઠેરના ઠેર એની જીવનયાત્રા રહેશે. પ્રગતિ માટે જેના પાયામાં મિથ્યાત્વ છે. પાપને પાપ માનવાની તૈયારી નથી એ ૧૮ પાપસ્થાનકોને ક્રમશઃ દૂર કરવા જ પડશે. ભલે ૧૮મું મિથ્યાત્વશલ્ય હોય પણ તે ૧૭ પાપસ્થાનકોનો નિર્માતા-સંચાલક કે ડ્રાઈવર છે.

જે દિવસે પ્રવાસીના જીવનમાં ક્રાંતિ-સુધારો આવે તે દિવસથી માર્ગાનુંસારીના ૨૧ ગુણોની સાથે મિત્રાચારી બંધાય. આ ગુણો સંસારીને વ્યવહાર માટે ઘણા ઉપયોગી બને છે. ત્યાર પછી સમકિત ને ૧૨ વ્રતધારી જીવન. એક અપેક્ષાએ આ વિભાગમાંથી જો પુણ્ય જાગ્રત હોય, આત્મા હળુકર્મી હોય તો આગળ વધવા એક ભવ પણ ઘણો થાય. અન્યથા અનેકાનેક ભવ પણ ઉંધા લોટાની ઉપર પાણી રેડવા રૂપે ઓછા પડે !

આપણને તો સુપથના સાથે સંબંધ છે. જો આત્મા ધર્માનુરાગી, સુપંથી હોય તો તે પોતે તરે ને બીજાને તારે. અન્ય જીવોને ધર્મના પંથે વાળે. અન્યથા ધર્મ પસંદ કરવો-થવો દુર્લભ છે. જ્યાં ધર્મ જ દુર્લભ અનુભવાય તો ધર્મક્રિયા કેટલી રૂચિકારક બને ?

સુધર્માસ્વામીના ચાર શિષ્યો ચોમાસુ કરવા માટેની આજ્ઞા લેવા તેઓશ્રી પાસે ગયા. પહેલાને સિંહની ગુફામાં, બીજાને કૂવાના કાંઠા (લાડડા) ઉપર, ત્રીજાને થોડે દૂર જે વેશ્યાનું ઘર છે ત્યાં અને ચોથાને અરણ્યમાં ચોમાસાની આજ્ઞા આપી. આજ્ઞા મળતાં જ સૌ પોતપોતાના પંથે નીકળી ગયા. નિર્વિઘ્ને નિર્દોષ અણિશુદ્ધ ચોમાસુ કરીને પાછા સ્વસ્થાને આવ્યા. ગુરુજીએ ત્રણને 'દુષ્કર દુષ્કર' કરી ચાતુર્માસની આરાધનાને અભિનંદી. જ્યારે સ્થુલિભદ્ર કોશા વેશ્યા (શ્રાવિકા)ને ત્યાંથી આવ્યા ત્યારે તેઓને વિશેષ પ્રકારે અભિનંદી 'દુષ્કર દુષ્કર દુષ્કર તમે કાર્ય કર્યું' તેમ કહ્યું.

વાત તદ્દન સાચી હતી. પણ સિંહ ગુફાવાસીને ન રુચિ-રોજ ષડ્રસ ભોજન કરવા આનંદ માનવો તેમાં શું બહાદુરી ? તેથી બીજા વર્ષે પોતાને ત્યાં જવા માટે અનુજ્ઞા માગી. ગુરુએ તમારું કામ નહિં એમ કહ્યું. કહેવાનું તાત્પર્ય એજ કે, વેશ્યાને ત્યાં ચોમાસુ કરનાર મુનિ મન, વચન, કાયાથી નિર્મળ રહ્યા હતા. કાજલ-કોલસાનો

સંગ કરવા છતાં ડાઘ લાગ્યા-લગાડ્યા વગર પવિત્ર રીતે બહાર નીકળ્યા હતા. વેશ્યાને ધર્મ પમાડી ઉત્તમ ધર્મારાધના કરનારી શ્રાવિકા બનાવી. રાગના ઘરમાં રહી રાગ વિજેતા થયા. તેથી જ ૮૪ ચોવીશી સુધી તેઓનું નામ નિર્મળ બ્રહ્મચર્યના કારણે લોકજીભે ગવાશે.

આજ કારણે સુપંથ ઘણો જ કઠીન છતાં આવકારદાયી છે. એ પંથે ચઢ્યા પછી પંથને જાળવી રાખવો એ પણ કષ્ટદાઈ છે. દુઃખને ભોગવ્યા વિના ધર્મક્રિયા દ્વારા પરમપદ–મોક્ષ સુધી પહોંચાતું નથી.

સુપંથી જીવડા આર્તધ્યાન, રૌદ્રધ્યાન ન કરે. ધર્મની નિંદા–અવહેલના ન કરે, ધર્મની ઉપેક્ષા ન કરે, કુસંસ્કારવાન ન હોય. જ્યાં જ્યાં ધર્મી દેખાતો હોય ત્યાં ત્યાં દોડીને જાય. શક્તિ ગોપવ્યા વિના ભક્તિ કરે. આવું અનુકરણીય, અનુમોદનીય, અભિનંદનીય જેનું જીવન હોય તેના માટે ધર્મના દ્વાર હંમેશાં ખુલ્લા જ હોય.

જગતમાં પુણ્યના ઉદયવાળા અને પાપના ઉદયવાળા જીવો જોવા મળે છે. પુણ્યના ઉદયવાળા પુણ્યનો ભોગવટો કરી લેવાના જ દ્રષ્ટિવાળા હોય તો હકીકતમાં એ પાપના નવા બંધનું કાર્ય કરે છે. દા.ત. ઘરે જ્યાં સુધી આવ્યા ન હોઈએ ત્યાં સુધી સડક ઉપર પ્રવાસ કરતાં તડકો, ગર્મી, પરસેવાની પરવા ન કરીએ. પણ જ્યાં ઘરમાં પ્રવેશ કર્યો ત્યાં ભોગના સાધનો એરકંડીશન્ડ, પંખા આદિ ચાલુ કર્યા વિના ન રહીએ. આ ઉપરાંત પાંચ-દશ મિનિટ સુધી પંખાના સહવાસથી શરીર શાંત થઈ જાય તો હવે જરૂર નથી એમ સમજી પંખો બંધ પણ ન કરીએ.


ટૂંકમાં પુણ્યના ઉદયને ભોગવવા પાપ બાંધીએ. બાંધ્યા વગર ન રહીએ. એજ રીતે પાપના ઉદયવાળા જીવો પુણ્ય તો ન જ બાંધે. પણ મારે પંખાની હવા લેવી એવું એ નક્કી કરે. તેથી જ જે સુપક્ષી હોય પુણ્યને ભોગવવા માટે તૈયાર ન થાય ને પાપના ઉદયે સમતાપૂર્વક ભોગવી લેતાં પાછો ન પડે.

પ્રેમ પાછળ ત્યાગ કરવો પડે છે, એ વાત સૌ જાણે છે. પણ સ્વાર્થમય પ્રેમ હોય તો ? વીતરાગ પરમાત્માની સાથે પ્રેમ કરવો છે. તો ત્યાગ શું કરવો પડે ? એવું કોઈ તમને પૂછે તો જવાબ શું આપો ? સાચી રીતે વીતરાગ પરમાત્મા સાથેનો પ્રેમ વીતરાગી થવા માટે કરવાનો હોય છે. આસક્તિ નહિં, અનાસક્ત ભાવે કરવાનો હોય છે. હૃદય મંદિરમાં રહેલા કષાયો રાગ-દ્વેષ ત્યજીને કરવાનો હોય છે. જો એ કક્ષાએ વીતરાગ સાથે સંબંધ બાંધીશું તો કોઈ પણ દિવસ કોઈ પણ સ્થળે દ્રષ્ટિ જશે કે ઠરશે નહિં. આનું જ નામ સુપક્ષ.

એવા અભંગ દ્વારે જઈ આપણું વિવિધ રીતે જીવન સફળ કરી લઈએ એજ મંગળ કામના...

卐

‘ભવિષ્યનું જોનાર’



ચરણ-પંદરમું

# દીર્ઘદર્શી...

**શ્લોક :**

***આટથઈ દીહદંસી સયલં પરિણામસુંદરં કજ્જં ।**
**બહુલાભમપ્પકેસં સલાહણિજ્જં બહુજણાણં ॥૨૨॥**

**ભાવાર્થ :**

દીર્ઘદર્શી જ્ઞાનવાન આત્મા (૧) પરિણામે સુંદર હોય, (૨) અલ્પ કષ્ટ-પ્રયત્ન ને ઘણો લાભ કરાવી આપનાર હોય અને (૩) બહુજન વર્ગને શ્લાઘનીય–પ્રશંસનીય હોય તેવા સર્વ કાર્યને આદરનારો હોય છે. (૨૨)

**વિવેચન :**

શાસ્ત્રોમાં વૃદ્ધના ૪ પ્રકારો દર્શાવ્યા છે. (૧) જ્ઞાનવૃદ્ધ, (૨) અનુભવ વૃદ્ધ, (૩) સંયમવૃદ્ધ, (૪) વય-જીવન (ઉંમર) વૃદ્ધ.

વૃદ્ધનો અર્થ ઉંમર સાથે જેમ સંકળાયેલ છે. તેમ તે તે વિષયોના અનુભવના સંબંધ સાથે પણ સંકળાયો છે. તેથી આ પ્રકરણમાં દીર્ઘદર્શી (ભવિષ્યની ચિંતા કરનાર) માનવની યોગ્યતા સાથે ચર્ચા કરીશું.

ક્રિયા-કાર્ય બધા આરંભી શકે ભોજન પણ બધા જ કરે છે. પરંતુ પરિણામ બધાને સરખું ન મળે તેનું કારણ કાર્યની કુશળતા છે. જેમણે અનેક વખત જિજ્ઞાસાપૂર્વક ખંતથી કાર્ય કરી પોતાનાથી અજાણતાએ થએલી ભૂલો શોધી નિપુણતા મેળવી છે, તેવી વ્યક્તિને અહીં દીર્ઘદર્શી સંબોધાય છે.

કાર્યમાં કુશળ તે કાર્યકુશળ. રસોઈ જે સારી મન ગમતી અનુકૂળ મસાલાવાળી બનાવે તેને પ્રસિદ્ધિ મળે છે. તેમ જે પુરુષ અલ્પ કષ્ટ કરી ભાવસહિતની અનુમોદનીય ક્રિયા-પ્રવૃત્તિ કરે છે, તેને પુણ્યબંધ કે પરિણામ સુંદર પ્રાપ્ત થાય છે. ભવિષ્યમાં વધુમાં વધુ વિષયમાં જો પ્રવિણતા પ્રાપ્ત કરે તો અનેકાનેક આત્માઓને પોતાની જેમ લાભ અપાવવા નિમિત્તરૂપ પણ થાય. તેથી તેના દ્વારા વર્તમાનમાં કરાતી ક્રિયા-કષ્ટ પ્રશંસનીય બને છે.

જો કાર્ય-ક્રિયા જ્ઞાનથી અને કુશળતાથી થાય તો બન્નેનું મિલન ૧૦૦ % ફળ અપાવે. તેથી દીર્ઘદ્રષ્ટિ–દીર્ઘદર્શી માનવમાં પારિમાણિકી બુદ્ધિ હોવી જરૂરી છે. સુંદર પરિણામ–ફળ જેમાં છૂપાયું હોય તેવું કાર્ય આલોકમાં વિવેકી કરે છે. આવા વિશિષ્ટ ગુણના કારણે તે ધર્મનો અધિકારી ઉત્તમ પ્રકારે ધર્મક્રિયા કરનાર યા કરાવનાર બને છે.

---

★ આરભઈ.

ટૂંકમાં ઉપાધિ, ચિંતા કે ચંચળતા જેના જીવનમાં કે કાર્યમાં દેખાતી ન હોય, તેવા આત્માઓ શુદ્ધ એવા સ્થળે બેસી શાંતિથી સમતાથી ઓછા સમયમાં સર્વોત્તમ કાર્ય કરે. અને જેની નસે નસમાં ઉપકારની ભાવના વ્યાપી હોય તેવાને દીર્ઘદર્શી કહેવાય છે. આવો આત્મા એક ભવમાં અનેક ભવોના પાપોનો ક્ષય કરવા સ્વરૂપ શુદ્ધ અનુમોદનીય કાર્ય કરે છે, તેવા આત્માની સર્વત્ર પ્રશંસા થાય છે.

મોક્ષપ્રાપ્તિનું પંદરમું પગથિયું દીર્ઘદર્શી છે. તેના દ્વારા જે જીવ હંમેશાં અલ્પ પણ ધર્મારાધના ઉત્તમ ફળ આપે એવી કરે. આ રીતે કર્મ ક્ષય કરનારું દીર્ઘદર્શીપણું સૌના જીવનમાં વૃદ્ધિ પામે.

**સુવાક્યો :**

★ સુગંધ મનને લલચાવી તેની પાસે આવવા આમંત્રે છે.

★ દીર્ઘદર્શી સ્વ-પરના હિતને વિચારી કાર્ય કરે છે.

★ વેઠરૂપ ધર્મ કરી ઉત્તમ ફળની આશા રાખો તે ખોટું છે.

★ દીર્ઘદર્શીની દ્રષ્ટિમાં મોક્ષ એ એક જ ધ્યેય હોય છે.

★ ધર્મક્રિયા પુણ્યોપાર્જન માટે નહિં કર્મક્ષય માટે કરો.

★ ટૂંકી દ્રષ્ટિ તમારા દાનાદિ ધર્મને મલિન કરે છે.

**પદ :**

★ રાત દિવસ ઝંખું છું સ્વામી, તમને મળવાને,
આતમ અનુભવ માગું, ભવદુઃખ ટળવાને...

**ચિંતન :**

## ચશ્મા...

નાનું બાળક હતું છતાં તેને જાડા કાચવાળા ચશ્મા પહેર્યા હતા.

બાળકને પૂછ્યું, આમ કેમ ? અજ્ઞાની બાળક વધુ શું સમજાવે ? છતાં કહ્યું, દેખાતું નથી માટે ચશ્મા પહેરું છું. બસ... ટૂંકી દ્રષ્ટિવાળાની આ જ પરિસ્થિતિ છે.

દીર્ઘદર્શી – એટલે જ્ઞાનની સહાયતાથી તેની દ્રષ્ટિ જોવાની નહિં જાણવાની ઘણી લાંબી અમર્યાદીત છે તે. જ્યારે ટૂંકી દ્રષ્ટિ એટલે સંકુચિત વિચારવાળો માનવી. બીજા શબ્દમાં એક છદ્મસ્થ આત્મા અને બીજો સંપૂર્ણજ્ઞાન ધરાવનાર કેવળજ્ઞાની આત્મા. એક આ લોક-સંસારની જ વાતો કરે જ્યારે બીજો પરલોકની આત્મકલ્યાણની વાતો કરે. એકની પાસે વિવેકચક્ષુ–જ્ઞાનચક્ષુ નથી. જ્યારે બીજા પાસે વિવેક નયનથી અલંકૃત ત્રીજું નેત્ર હોય. એક સ્વલ્પ મતિથી સ્વાર્થવૃત્તિથી આ જગતને જુએ. બીજો વીતરાગ પ્રરૂપિત સમ્યગ્જ્ઞાનથી કેવળજ્ઞાનથી વીતરાગત્વ સ્વરૂપની પ્રાપ્તિ માટે આત્મ સ્વરૂપને જુએ.

દીર્ઘદર્શીપણાની પાછળ નીચેના વિચારોને જો વાગાળીશું તો કાંઈક પ્રાપ્ત થશે.

વિચારો – ૧. સુખને જોનારી-શોધનારી દ્રષ્ટિને સુખ પ્રાપ્તિના મૂળ સુધી લઈ જાઓ. ૨. દુઃખનો અનુભવ કરનારી વૃત્તિ-દ્રષ્ટિને દુઃખના મૂળમાં છૂપાયેલ વાતોને શોધી લો. ૩. સુખ-દુઃખના મૂળ કારણને નજર સામે રાખો.

આ ઉપરથી ધર્મી–ધર્મના આલંબનથી સુખ-દુઃખની પુણ્ય-પાપની વ્યાખ્યા જૂદી કરશે. પુણ્યને ભોગવવા કે દુઃખને ભોગવવા એ પ્રશ્નનો જવાબ વિવેક બુદ્ધિથી શોધશે જ્યારે સ્વાર્થથી-ટૂંકી દ્રષ્ટિથી વિચાર કરનાર પુણ્ય-પાપની વ્યાખ્યા જૂદી કરશે. સંપૂર્ણ પુણ્ય ભોગવ્યા પછી પાપ-દુઃખ નજર સામે આવશે એ વાત ભૂલાઈ જાય છે. હકીકતમાં કર્મની નિર્જરા પુણ્યનો વધારો કરે છે.

દૂરબીનનું કામ જે દૂર છે તેને પાસે લાવી બતાવવું. જ્યારે કેમેરાનો લેન્સ પાસેનું દૂર લઈ જઈ ક્ષેત્ર વધારી બતાડે. આ બન્ને કાર્યમાં અપેક્ષાએ ટૂંકી દ્રષ્ટિ એ દૂરબીન છે. જ્યારે દીર્ઘદર્શી એ કેમેરાનો લેન્સ છે. જીવનમાં તરત ફળ મેળવવાની, ચાખવાની વૃત્તિ ધોકા જેવી છે. જ્યારે ફળની અપેક્ષા વગર કાર્યમાં પ્રવિણતા મેળવવાની ભાવના દીર્ઘદર્શીમાં છે. એ જીવને શરીરથી ચર્ચામાંથી આગળ વધારી આત્માને સમજવાની, આલોકથી આગળ વધી પરલોકને નિહાળવાની ક્રમશઃ શક્તિ જાગ્રત કરે છે.

જે પુણ્યવાન આત્માઓએ જીવનમાં દીર્ઘદર્શી ગુણને સ્થાન આપ્યું છે તેઓએ માત્ર વર્તમાનકાળને જ ન જોતાં ભવિષ્યમાં થનારા લાભોને દીર્ઘદ્રષ્ટિથી જોયા છે એમ માનવું પડશે. આ રહ્યા કેટલાક ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલા પુણ્યવાનોના શુભ કાર્યો.

(૧) ચંપા શ્રાવિકાએ છ મહિનાના ઉપવાસની તપસ્યાનો યશ ‘દેવ-ગુરુની કૃપા’ને આપ્યો તો હિંસક અકબર બાદશાહ અહિંસાનો ઉપાસક બન્યો.

(૨) મંત્રીશ્વર વસ્તુપાળે સમય પારખી મસ્જિદો બનાવી તો ફળ સ્વરૂપ જિનમંદિરોની સુરક્ષા સહજપણે થઈ.

(૩) યાકીની મહત્તરા સાધ્વીએ હરિભદ્ર બ્રાહ્મણને ગાથાનો અર્થ જાણવા ગુરુદેવ પાસે મોકલ્યા તો તાર્કીક શિરોમણિ હરિભદ્રસૂરિ જૈન શાસનને મળ્યા.

(૪) સુવ્રતશેઠે રાજાની પાસે નજરાણું ધરી ચોરો માટે મુક્તિની માગણી કરી તો ચોરો મુક્ત પણ થયા ને હૃદયનું પરિવર્તન પણ થયું.

જેની દ્રષ્ટિ શોર્ટસાઈડ–છીંછરી યા ટૂંકી છે તેવા જીવોને ધર્મરત્નપ્રકરણ ગ્રંથના રચયિતા મહાપુરુષ ધર્મક્ષેત્રમાં પ્રવેશવા માટે અયોગ્ય કહે છે. ધર્મ ઉત્કૃષ્ટ ભાવનાથી પવિત્ર હૃદયથી અને સવિ જીવ કરું શાસન રસીની ભાવનાથી કરવાનો હોય છે. જેનામાં ખામી છે તેના ફળની પ્રાપ્તિમાં પણ ખામી જ રહેવાની. ધર્મક્ષેત્રમાં પ્રવેશતી વખતે તન-મન-ધન માત્ર નહિં પણ જીવન અર્પણ કરવાનું છે.

રસોઈ કરનાર જો અગ્નિને બચાવવા ભોજન કાચું કરે, મસાલા સમજ્યા વગર નાખે તો ખાનારને અડધા ભૂખ્યા ઉભું થવું પડે અથવા શરીરને સાનુકૂળ ન હોય તેવું ભોજન જમનારને પીરસે તો નિશ્ચિત જમનારો દુઃખી થાય, રોગી થાય કે ભૂખ્યો જ ઉઠી જાય. આનો અર્થ એજ કે વિવેકરૂપી અગ્નિને બચાવતાં જીવનમાં અવિવેક કે ટૂંકી દ્રષ્ટિનો દુર્ગુણ પ્રગટે.

ટૂંકો વિચાર કરનાર વ્યાવહારિક રીતે (૧) કૌટુંબિક સુખ-હુંફ પામી શકતા નથી. (૨) સાચા કલ્યાણક મિત્રની સોબત કરી શકતો નથી. (૩) મનની પ્રસન્નતા મેળવવા ઘણો બધો સમય વેડફે છે. (૪) ઉપકારી પુરુષોની લાગણી–શુભેચ્છા દૂર સુદૂર જાય છે. માટે જ વિના કારણે ઉભા થતાં દુઃખથી બચવા માટે શુભ પ્રયત્ન કરવો જરૂરી છે.

સુખપ્રાપ્તિ માટે કરાતો ધર્મ અપેક્ષાએ ટૂંકીદ્રષ્ટિ છે. કારણ, સુખ પછી શું ? એનો જવાબ તેઓની પાસે વાસ્તવિક રીતે હોતો નથી. જ્યારે દુઃખના-પાપના નિવારણ માટે કરાતી ધર્મારાધના અનેકાનેક પુણ્યને ઉપાર્જન કરે છે. યાવત્ શાશ્વત સુખ આવી જ બેસે છે.

દેવગતિના સુખની પાછળ દુઃખ છે. એવાં ક્ષણિક સુખની મને જરૂર નથી એવી સુખની વ્યાખ્યામાં સુધારો થશે તો ચોક્કસ આત્મા પરમાત્મપદ પ્રાપ્ત કરશે. ફરી ફરી આવા ક્ષણિક સુખના કડવાં અનુભવ કરી ચૂકેલ આત્મા દેવગતિમાં જન્મ ઈચ્છશે નહીં.

ઠંડા પીણા પીવાના, પંખા નીચે હવા લેવાના, બાથમાં અડધો કલાક બગાડી શરીરને ઠંડુ બનાવવાનો પ્રયત્ન કરવાના કે એરકંડિશન્ડમાં આરામનો અનુભવ કરનારા વર્તમાનમાં તેઓની ટૂંકી દ્રષ્ટિની અપેક્ષાએ સુખી છે. પણ વાસ્તવિક એ સુખ નથી. અપ્કાય, તેઉકાય, વાયુકાયાદિ જીવોની વિરાધનાવાળું એ સુખ અનંત દુઃખોને આપીને જ જશે. માટે જ દીર્ઘદ્રષ્ટિ–દીર્ઘદર્શીપણું આવકારદાઈ છે.

''ઘરડા સો ગળણે પાણી પીએ'' આવી એક કહેવત જગપ્રસિદ્ધ છે. પણ તેની પાછળની સત્ય કથા સમજાઈ કે શોધી નથી. ઘરડા એટલે અનુભવી. એવી વ્યક્તિએ ભૂતકાળમાં જે જે ઉતાવળા નિર્ણયો લઈ પગલાં ભર્યા છે તેથી તેઓ ફરી ન ભૂલાય તેવી શિક્ષા પામ્યા છે. હવે સો ગળણે પાણી ગાળીને એટલે શાંતિથી વિચાર કરીને જ કાર્ય કરવાનું નક્કી કરી બેઠાં છે. અન્ય જીવોને પણ ખોટો અનુભવ ન કરવો પડે માટે જવાબ શાંતિથી સમજીને આપે છે.

એક અધીરો–ઉતાવળો માનવી ૬/૭ મિનિટમાં બાંધી નવકારવાળી ગણે છે. ૨૫/૩૦ મિનિટમાં પ્રતિક્રમણ કરે છે. ૩૦/૪૦ મિનિટમાં શાશ્વતગિરિ શત્રુંજય તીર્થ ઉપર ચડી જાય છે. વ્યવહારથી આ ક્રિયા આનંદદાઈ, સ્ફૂર્તિવાળી જરૂર કહેવાશે. પણ....

આટલી દોડાદોડીમાં મનની એકાગ્રતા કેટલી ? બાંધેલા પાપોનું જીવનમાં અવલોકન કેટલું ? જયણાપૂર્વક ગમણા-ગમણની ક્રિયા કેટલી ? જો આ પ્રશ્નોના જવાબમાં કાંઈક ન્યુનતા હોય તો સમજવું કે દીર્ઘદર્શી ક્રિયા-વિચારના અભાવના કારણે એ આત્મા કાંઈ જ મેળવતો નથી. ધર્મસ્થાનકે જઈને પણ સુખ શાંતિનો અનુભવ કરી શકતો નથી. ધર્મ શાંતિથી સમતાથી કરવાનું આડકતરી રીતે આરાધકને સૂચન છે.

શાસ્ત્રોમાં મિથ્યાત્વી જીવ અને સમકિતી જીવને લક્ષમાં રાખી ૪-૪ કુલ આઠ દ્રષ્ટિને વર્ણવી છે. એ પ્રરૂપણાની પાછળ પણ જીવના જીવદળ એટલે પરિમાણોની નીચે મુજબ વિચારણા આપી છે. જે ઉંડાણથી સમજી લેવાય તો જીવનમાં દીર્ઘદ્રષ્ટિનું મહત્વ આપોઆપ સમજાય. મુખ્યત્વે દીર્ઘદર્શી એટલે કાર્ય કર્યા પછી પાપના ફળ ભોગવવા ન પડે. પાપનો બંધ ઓછામાં ઓછો થાય. જ્યાં જાય ત્યાં સૌ આવકાર આપે તેવો સમજદાર જીવ.

★ આઠદ્રષ્ટિ (૧ થી ૪ મિથ્યાત્વીને ૪ થી ૮ સમકિતીને)

૧ મિત્રાદ્રષ્ટિ – તૃણ(ઘાસ)ની અગ્નિ જેવી (પ્રગટે-બંધ થાય) દ્રષ્ટિ.
૨ તારાદ્રષ્ટિ – છાણના (અલ્પ તેજ) અગ્નિ જેવી દ્રષ્ટિ.
૩ બલાદ્રષ્ટિ – કાષ્ટના (ક્ષણિક) અગ્નિકણ જેવી દ્રષ્ટિ.
૪ દીપાદ્રષ્ટિ – દીપકના (અસ્થિર) પ્રકાશ જેવી દ્રષ્ટિ.
૫ સ્થિરાદ્રષ્ટિ – (સ્વયં પ્રકાશી) રત્નની પ્રભા જેવી દ્રષ્ટિ.
૬ કાન્તાદ્રષ્ટિ – તારાના (ચળકાટ) પ્રભા જેવી દ્રષ્ટિ.
૭ પ્રભાદ્રષ્ટિ – સૂર્યના (તેજસ્વી) પ્રકાશ જેવી દ્રષ્ટિ.
૮ પરાદ્રષ્ટિ – ચંદ્રની (શીતળ) પ્રભા જેવી દ્રષ્ટિ.

જૂના જમાનાની વાત. એક રાજાએ મંત્રીની સલાહથી રાજ્યમાં જે કરોડપતિ હોય તેના ઘર ઉપર રાજ્ય તરફથી ધ્વજા ફરકાવવાનું જાહેર કર્યું. રાજ્ય સુખી હતું. પ્રજા સુખી હતી. જોતજોતામાં ૯૦ કરોડપતિના ઘર ઉપર ધ્વજા ફરકવા લાગી. ચોતરફ રાજા–પ્રજાના સુખની વાતો થવા લાગી.

પિતા–પુત્ર જગદીશભાઈ અને જમનાદાસ વચ્ચે ઘણા દિવસથી ધ્વજા ફરકાવવા માટે ચર્ચા ચાલતી હતી. પુત્ર જગદીશે બાપુજીને કરોડપતિની ધ્વજા ફરકાવવા વિનંતી કરી. હકીકતમાં પિતા ગર્ભશ્રીમંત હતા. ધ્વજા ફરકાવી શકે તેમ હતા. પણ તેઓએ ધ્વજાની પાછળ દીર્ઘદ્રષ્ટિથી ભવિષ્યમાં આવનારી મુશ્કેલીઓ વિચારી હતી તેથી પુત્રને ના પાડી.

અચાનક પિતા બહારગામ ગયા ને પુત્રે ધ્વજા હવેલી ઉપર ફરકાવી દીધી.

હજી ૧૨ મહિના થયા નહોતા. ત્યાંજ રાજ્યને પૈસાની ઘણી જરૂર પડી.

મંત્રીએ રાજાને સલાહ આપી. કરોડપતિઓને આજ્ઞા કરો, ૧/૧ લાખ રૂપિયા આપત્તિમાં રાજ્યને આપે. આ રીતે આજ્ઞા સાંભળતાં જ પુત્રને પિતાની વિચારધારા યાદ આવી. આ પણ એક દૂરદર્શી અને ઉતાવળીયાનો દાખલો છે.

ધર્મનું ક્ષેત્ર અનંત કલ્યાણકારી છે. માત્ર એ ક્ષેત્રમાં પ્રવેશ કરનારા જીવો છીછરા હૃદયવાળા કે ઉપલક ક્રિયા કરવાવાળા ન જોઈએ. દીર્ઘદર્શિતા ગુણવાળા આત્માઓ જ ધર્મક્ષેત્રમાં પ્રવેશ કરવા માટે લાયક છે. તેઓના આગમનથી ધર્મની શોભા વધે. અને આવનારનું કલ્યાણ થાય. ઉપરાંત જોનારને ધર્મ ભાવનાની વૃદ્ધિ થાય.

આવું સર્વ જીવોનું કલ્યાણ કરનાર દીર્ઘદર્શીપણું વધુમાં વધુ પ્રસરે એજ મંગળ કામના....

卐

★ **નમોઽર્હત્ – સંસ્કૃત ભાષામાં રચિ બાકીના સૂત્રો સંસ્કૃતમાં બનાવવાની ભાવનાને ઉપકારી પુરુષોએ દીર્ઘદ્રષ્ટિથી રચેલા ગ્રંથોની આશાતના ન કરવાનું શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિને સમજાવી કરેલા વિચારોનું પ્રાયશ્ચિત્ત (૧૪ અજૈન રાજાઓને જૈન બનાવવાનું તથા ૧૪ વર્ષ ગચ્છની બહાર રહેવાનું) આપ્યું.**

★ **"બાધતિ ઈતિ બાધતે" – એ જવાબ દ્વારા વૃદ્ધવાદિસૂરિજીએ પોતાના શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિની અનુચિત પ્રવૃત્તિને અટકાવી, જ્ઞાનાવરણીય કર્મબંધથી અટકાવેલ.**

★ **સંસારદાવાનલ સૂત્રના રચયિતા હરિભદ્રસૂરિએ ૧૪૪૪ બૌદ્ધો સાથે વાદ કરી તેમને હરાવ્યા. તેના બદલામાં ઉકળતી તેલની કડાઈમાં પડવાનું કહ્યું. આ વાતની ગુરુને ખબર પડતાં શિષ્યના મનના દુષ્પરિણામને દૂર કરવા ૧૪૪૪ ગ્રંથો રચવાનું પ્રાયશ્ચિત્ત આપ્યું અને બૌદ્ધોને અભયદાન આપ્યું.**





# વિશેષજ્ઞ...

**શ્લોક :**

**વત્થૂણં ગુણદોસે લક્ખેઈ અપક્ખવાય ભાવેણ ।**
**પાએણ વિસેસન્નૂ, ઉત્તમ ધમ્મારિહો તેણ ॥૨૩॥**

**ભાવાર્થ :**

સચેતન-અચેતન દ્રવ્યોના કે ધર્મ-અધર્મના હેતુભૂત દ્રવ્યાદિના ગુણ-દોષોને (સ્વભાવ) જે પક્ષપાત વિના જાણી લે તેને 'વિશેષજ્ઞ' કહેવાય. તેથી જ પ્રાયઃ આવા ગુણવાન વિશેષજ્ઞ ઉત્તમ ધર્મને (પ્રાપ્ત માટે) યોગ્ય બને છે. (૨૩)

**વિવેચન :**

વ્યાકરણમાં શબ્દ-વાક્યના પ્રયોગની ચર્ચા થાય છે. એકવચન, દ્વિ-વચન, બહુવચન, ભૂત-ભાવિ-વર્તમાન, કર્તા-કર્મ-ક્રિયાપદ, પ્રથમા-દ્વિતીયા, તૃતીયા, પ્રથમ પુ. દ્વિતીય પુ. અન્ય પુ. વિગેરે વિભાગો દ્વારા શબ્દને મહિમાવંત બનાવાય છે. શબ્દને અલંકારીત, ગંભીર અર્થવાન બનાવવા માટે આ બધી પ્રક્રિયા થતી આપણે જોઈએ છીએ.

બીજી તરફ વસ્તુ-પદાર્થ કે પરમાણું માટે પણ સામાન્ય જ્ઞાનથી સામાન્ય જીવનો વ્યવહાર ચાલે છે. પણ એજ વસ્તુ વિગેરેના માટે વિશેષ પ્રકારનું જ્ઞાન જેમ જેમ જીવને થાય તેમ તેમ એના પ્રત્યે માન-સન્માન પ્રગટે છે. ઉપયોગીતા સમજાય છે. ક્ષણિકને શાશ્વતના વિભાગીકરણ સમજવા સરળતા સાંપડે છે. આ બધું વિકસી રહેલા જ્ઞાનના જાણકારને 'વિશેષજ્ઞ' શબ્દથી સંબોધાય છે.

ધર્મનો આરાધક આત્મા સર્વપ્રથમ બાહ્યરીતે ભારેકર્મીમાંથી મુક્ત થવા ક્રિયા-આરાધના કરે છે. બાદ આરાધનાના ઉદ્દેશ્યને તેથી મળતા પુણ્ય-કર્મક્ષયની ભાવનાને જીવનની પ્રગતિને હળુકર્મી થવાના સમ્યગ્ માર્ગને જાણ્યા, સમજ્યા, વિચાર્યા પછી એ આત્મા ભાવક્રિયાનો અનુરાગી થાય છે. આ રીતે એ વિશેષજ્ઞ ગુણના કારણે પોતાના લક્ષને પામવા માટેનો અધિકારી બને છે. આથી જ વિશેષજ્ઞ શુદ્ધ ધર્મને પામવા પાત્ર બને છે. તળાવમાં પડેલા એક પત્થરથી અનેકાનેક વલયો નિર્માણ થાય છે. તેમ આ જ્ઞાન છે.

વ્યવહારીક જગતમાં બાળમંદિર, પ્રાથમિક, હાઈસ્કૂલ, કોલેજ પછી એક વિષયની માસ્ટરી (જ્ઞાતા) એમ ૨૦/૨૨ વર્ષે અભ્યાસી એક વિષયમાં પારંગત થાય છે. છતાં તેનું મૂળ બાળમંદિર છે. તે સ્થળે અક્ષરનો આકૃતિ દ્વારા, ઉચ્ચાર (નામકરણ) અને અર્થબોધ દ્વારા પરિચય લીધો તો એજ જ્ઞાન (અક્ષર)નો વિકાસ સાક્ષરની કક્ષા સુધી કામ આવે છે.

જૈનદર્શનમાં પણ આજ પદ્ધતિએ વિચારીશું તો સમજાશે કે, ઉપલક દ્રષ્ટિએ પરંપરાગત સામાન્યજ્ઞાન ધર્મીને પ્રાપ્ત થાય છે. પછી ઉંડાણવાળું જ્ઞાન મેળવવા પ્રયત્ન થાય છે. ત્યારે એ વ્યક્તિ ક્રમશઃ વિશેષજ્ઞ બની જાય છે. જ્ઞાનની ચરમ સીમાએ જ્યારે આત્મા પહોંચે ત્યારે એ કેવળજ્ઞાની બને છે. પછી એ વ્યક્તિ કાંઈ જાણતો નથી એવું રહેતું નથી. પૂર્ણ જ્ઞાન દ્વારા એ ભૂત, ભાવિ, વર્તમાનને સત્ય સ્વરૂપને જાણે-બતાડે છે.

આવું વિશેષ ઉંડાણવાળું જ્ઞાન જેની પાસે છે. એ આત્મા એક ક્ષણમાં અનેક ભવો-ક્ષણોના પાપ ધોઈ નાખે છે. માટે જ ધર્મના દ્વારે વિશેષજ્ઞ થઈ જીવન સાર્થક કરવા જવાનો આગ્રહ રાખો. વર્તમાન ભવનું કે ભૂતકાળનું ગયા ભવનું જ્ઞાન પણ તેને ઉપકારક નિવડે છે.

**સુવાક્યો :**

★ વિશેષજ્ઞ ઉત્તમજ્ઞાનને ઉત્તમ કામમાં જ વાપરે છે.
★ વહેતી નદી અને વિશેષજ્ઞ હંમેશાં પ્રસન્ન ને નિર્મળ હોય.
★ વિશેષજ્ઞ ખોટી પસંદગી કરી અટવાઈ ન જાય.
★ વિશેષજ્ઞ સુખમાં સ્વસ્થતા, દુઃખમાં સમાધિ સાચવે.
★ રાંધ્યા પછીનું ડહાપણ અજ્ઞાનીને થાય.
★ અલ્પજ્ઞાનમાં સમાધાન પામનાર પ્રગતિ કરતો નથી.

**પદ :**

★ **ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર જેહ,**
★ **બીજા જ્ઞાન તણી પ્રભારે, એહમાં સર્વ સમાય**
**રવિ પ્રભાથી અધિકો નવિ રે, નક્ષત્ર ગણ સમુદાય.**

**ચિંતન :**

## વાગોળીએ તો નવનીત મળે...

'વિદ્યા કાલેન પચ્યતે' આ એક સંસ્કૃત સુભાષિત છે. જ્યારે 'કામ કામને શિખવાડે' એ ગુજરાતી અનુભવી પુરુષોની માન્યતા છે.

વિશેષજ્ઞ કોણ થાય ? ક્યારે થાય ? શા માટે થાય ? એ પ્રશ્નોના જવાબ ઉપરની કડીઓમાં છૂપાયા છે. જો વિશેષજ્ઞ થવું હોય તો મેળવેલા જ્ઞાનને, જાણેલી-સાંભળેલી વાતોને વાગોળવી પડશે. પુનરાવૃત્તિ કર્યા વિના એ જ્ઞાન તમને વધુ આગળ લઈ નહિં જાય. પશુ ખાધેલું વાગોળે તો તેને પચે. તેમ જ્ઞાનને વાગોળનાર ક્રમશઃ વિશેષજ્ઞ થાય.

એક વૈદ્યરાજ જૂદી જૂદી ૧૦૦ દવાઓ એક ખલકમાં નાખી કૂટાવે છે. ઘૂંટાવે છે. લોટ જેવી દવા બનાવે છે. આ ક્રિયા માટે ૨૪/૪૮ કે ૬૪ પહોર પ્રયત્ન કરાવે છે. તેથી તેના અણુ અણુમાં બધી દવાઓની શક્તિનો પ્રવેશ થશે તેમ માને છે.

રસાયન અને કાઢા નાખી કણેક બનાવે છે, રાઈ જેટલી ગોળીઓ બનાવી દરદીને અલ્પ માત્રામાં આપી ૨/૪ દિવસ શાંતિ રાખવા કહે છે.

કોઈ ઉતાવળીયો એક કે અડધી રતીભાર દવાની શક્તિ સાંભળી અશ્રદ્ધા કરે, વાતને હસી કાઢે, ડબલ પડીકું લેવાની ચેષ્ટા કરે તો ? નુકસાન થાય. જો દવાથી નુકસાન થતું હોય તો આ જ્ઞાન છે. તેને પચાવવું ઘણું અઘરું છે. તેથી જ વિશેષજ્ઞની મહત્તા જગતમાં ઘણી છે. ઓફિસર કાંઈ શારીરિક શ્રમ કરતા નથી. શ્રમ કારીગર કે નોકર લે છે. છતાં ઓફિસરાનો પગાર કારીગર કરતાં પાંચ ગણો વધારે હોય છે.

ચૌદ ગુણસ્થાનકની જ્ઞાનીઓએ જ્યારે પ્રરૂપણા-સમજણ આપી છે ત્યારે પહેલા ગુણસ્થાનકના જીવને અજ્ઞાનતાના, મિથ્યાત્વના અંધકારમાં અથડાતો, કૂટાતો, ભવભ્રમણ વધારતો આત્મા કહ્યો. આગળ એજ આત્મા ગુણસ્થાનકોનું આરોહણ કરે, સમ્યક્ત્વને પ્રાપ્ત કરે ત્યારે સાચા માર્ગનો પથિક દર્શાવ્યો. દેશવિરતિ ને સર્વવિરતિપણા સુધી પહોંચનારને દ્રઢ વિચારોવાળો ને કર્મના મર્મને સમજનારો હળુકર્મી કહ્યો.

આ પ્રગતિ વિચારોના કારણે, વૈરાગ્યના કારણે, જડ પદાર્થ પ્રત્યેની આસક્તિ ઘટવાના કારણે છેલ્લે મુનિવેશ સ્વીકારવા સુધી થઈ. હકીકતમાં જીવની પરિણતિ સુધારવાની ને સંસારમાં જળ-કમળવત રહેવાની આ અપેક્ષાએ પ્રાથમિક અવસ્થા સમજવી. હવે પછીના ગુણસ્થાનકોનું આરોહણ જેટલું શક્ય છે તેટલું જ અશક્ય યા અઘરૂં છે. તે માટે 'વિશેષજ્ઞ' ગુણની જીવનમાં ઘણી જ જરૂર પડે છે.

વિરતિધર્મ જેટલો નિરતિચાર પળાય તેટલું ઓછું છે. આંખની પાપણ ઉપર બેઠેલી માખીને પણ દુઃખ ન થાય, દુભાઈ ન જાય તેટલી ઉત્તમોત્તમ કક્ષાનું સાતમાથી આગળના ગુણસ્થાનકોમાં ચઢતાં પરિણામ સુધારી પરિણતિનો વિકાસ કરી મન, વચન, કાયાથી પવિત્ર જીવન કરવાનું છે.

પગથિયાં ચઢતાં ક્યાંક ભૂલ થઈ જાય તો ચઢનાર પડી જાય, હાડકાં ભાંગી જાય, ૨-૪ મહિના ખાટલો વળગી જાય તેમ આ વિરતિધરની પ્રગતિમાં અગ્યારમું ગુણસ્થાનક ઓળંગતા જો મોહનીય કર્મની લીલા જોર કરે તો તે આત્માનું પણ પાછું પતન થાય. કદાચ પહેલા ગુણસ્થાનકની મુલાકાતે પણ મર્યાદિત સમય માટે એ જીવ પહોંચી જાય.

તેથી જ વિશેષજ્ઞ આત્માએ હંમેશાં સાવધાન રહેવું એવું જ્ઞાનીઓનું સૂચન-માર્ગદર્શન છે. જ્ઞાની જો નાની પણ ભૂલ કરે તો તેનું ફળ પ્રાયશ્ચિત્ત* અકલ્પનીય ભોગવવું પડે. કરોડપતિ જો ઉતાવળો ધંધો કરે તો રોડપતિ થતાં વાર ન લાગે.

અઈમુત્તાજી, ઈલાચીકુમાર, સુંદરીનંદ જેવા મહાપુરુષોના જીવનના પ્રસંગોને ઉંડાણથી વિચારીશું તો સમજાશે કે, એ આત્માઓએ બાળચેષ્ટારૂપે યા અજ્ઞાનતાના કારણે કર્મની સાથે રમત કરી પણ વિશેષજ્ઞાન થતાં તે રમતમાંથી જ પ્રાયશ્ચિત્તનું ઝરણું વહાવી પવિત્ર થયા.

★ ભ. મહાવીરે મરિચીના ભવમાં નીચ ગોત્રકર્મનો બંધ કર્યો હતો.

જિનમંદિરની ૮૪ આશાતના, ગુરુની ૩૩ આશાતના, સામાયિકના ૩૨ દોષ, પૌષધવ્રતના ૧૮ દોષ, ગોચરીના ૪૫ દોષ, પચ્ચક્ખાણ કે કાઉસ્સગ્ગના આગાર આદિને જાણ્યા, સમજ્યા, વિચાર્યા વગર દ્રવ્યક્રિયા રૂપે જરૂર ધર્મી આત્મા ધર્મ ક્રિયાનો પ્રારંભ કરે છે. પણ તે પછી આશતાઓ વર્જવા, આગારો સમજવા અને દોષોને ટાળવા માટે પ્રયત્ન કરે તો તે વિશેષજ્ઞની કોટીમાં આવે. તેના કારણે વિરાધનાથી બચવા હંમેશાં જાગ્રત રહે. ધર્મ ક્રિયા કદાચ અલ્પ કરે પણ વિરાધના વિનાની કરવાની કાળજી રાખે. તો જ વધુ ફળદાઈ બને.

એક વૈદ્યરાજે નાડીની પરીક્ષા કરી મરીજ-બિમારને કહ્યું, મારી ઔષધીઓ ઘણી લાભદાઈ છે, તરત અસર કરનારી છે. માત્ર પરેજી પાળજો ને સમયસર દવા લેજો. સાથોસાથ આ ઔષધીઓ બીજી કોઈ વસ્તુ સાથે નહિં પણ ઘીમાં લેજો. કારણ બધું જ રહસ્ય ઘીમાં છૂપાયું છે. આ ઔષધીઓ માટે ૭૦ % કામ ઘી કરશે.

બિમાર બિમારીથી કંટાળી ગયો હતો. ઘણા ટાઈમથી ઘી ખાવા મળ્યું નથી તેથી બધી ઔષધીઓમાં ૩૦% અને ઘીમાં ૭૦% જેવો ગુણ હોય તો ઔષધી લેવાની જરૂર શી ? એમ વિચારી ત્રણે ટાઈમ ઘી લેવાનું ચાલું કર્યું.

હજી બે દિવસ થયા નથી ત્યાં ખાલી ઘીના સેવનથી બિમાર વધુ બિમાર થયો. વૈદ્યને ફરિયાદ કરી. જ્યારે વૈદ્યે જાણ્યું કે, આ અલ્પ બુદ્ધિવાળાએ ઔષધી ત્યજી માત્ર ઘી આરોગ્યા કર્યું છે, તો બિમારી વધે તેમાં નવાઈ શી ? કહેવાનું તાત્પર્ય એજ કે, કોઈપણ પ્રવૃત્તિ સૂક્ષ્મ બુદ્ધિથી વિશેષજ્ઞ થઈ જો કરવામાં આવે તો તેમાં નિષ્ફળતા ન મળે. પણ વિશેષણની સાથે નિશ્ચય દ્રષ્ટિનો આગ્રહ રાખે તો કદાગ્રહના કારણે નિષ્ફળ જાય.

બાર વ્રતોમાં પરિગ્રહની વ્યાખ્યા જો બરાબર આત્મા સમજી લે તો તે સંસાર આસક્તિ વગર ભોગવે. ૨-૫ વસ્તુ ન મળે તો ચલાવી લે અને મળી જાય તો પણ તેનો ત્યાગ કરી અપરિગ્રહી થવા અલ્પ દ્રવ્યનો ભોગવટો કરી સંતોષ પામે.

દેશવિરતિ જીવન એટલે અણુવ્રતવાળું યા ૧૨ વ્રતવાળું જીવન કહેવાય. જ્યારે સર્વવિરતિ જીવન એટલે પાંચ મહાવ્રતોવાળું જીવન કહેવાય. હકીકતમાં પાંચ મહાવ્રતોમાં બાર વ્રતોનો એક યા બીજી રીતે શમાવેશ થાય જ છે. જેમ કે, ચોથા વ્રતમાં સર્વવિરતિધર અવાંતર રીતે આજીવન સામાયિકાદિ ૪ શિક્ષા વ્રતનો અનુભવ કરતા હોય છે. જ્યારે ૧-૨-૩ અને ૫માં વ્રતમાં ૬-૭-૮ નું અવાંતર મન, વચન, કાયાથી પાલન થાય છે. ટૂંકમાં મહાવ્રતધારી વિશેષજ્ઞ હોવાથી છૂટછાટ રાખતાં કે સ્વીકારતાં નથી. જ્યારે દેશવિરતિધારી સંસારમાં હોવાથી જરૂર પડતી છૂટ-આગાર રાખી વ્રતનો સ્વીકાર કરે છે.

ગમે તે રીતે વિશેષજ્ઞ આત્મા પાપને પાપ માને, સમજે, વિચારે ને તેનાથી દૂર થવા પ્રયત્ન કરે. જ્યારે અનભિજ્ઞ પાસે આવી દ્રષ્ટિ ન હોવાથી ધર્મ કરતાં કર્મ ખપાવવાના બદલે કર્મ બાંધવાની ક્રિયા પ્રવૃત્તિ કરે તો નવાઈ નહિં. કોઈ બોલતું

ન હોય તો મોઢામાં આંગળી નાખી યા નાકબંધ કરી પરાણે બોલાવે. તેમ અજ્ઞાની કર્મ બાંધે.

એક જિજ્ઞાસુએ સમજદારને પ્રશ્ન કર્યો કે પત્થર જેવી શક્તિશાળી વસ્તુ જગતમાં છે ? સમજદારે કહ્યું, પત્થર બીજાને મારે પણ અને પોતે પણ ટૂકડામાં વહેંચાઈ જાય. માટે તે શક્તિશાળી નથી.

ફરી જિજ્ઞાસુએ કહ્યું, તો પછી પત્થર કરતાં વિજળી સારી કે ખરાબ ?

સમજદારે કહ્યું, વિજળી વિનાશકારી છે. તેમાં અગ્નિ છે એ વિનાશ કર્યા વિના ન રહે. શક્તિનો ઉપયોગ વિનાશમાં ન થાય.

જિજ્ઞાસુને શક્તિશાળી પદાર્થની શોધ કરવી હતી. ફરી પૂછ્યું, અગ્નિ કરતાં પાણી શાંત છે. તેથી તે તો શક્તિશાળી કહેવાય ને ?

સમજદારે કહ્યું, હા. પણ શક્તિનો ઉપયોગ સર્વનાશ સુધી થાય છે. અતિવૃષ્ટિ યા પૂરના કારણે ઘણું નુકસાન થાય. માટે શક્તિ એવી જોઈએ કે બીજાને આશિષ, સુખ-શાંતિ આપે. પાણીનો કાંઈ ભરોસો નહિં.

જિજ્ઞાસુની જિજ્ઞાસા આથી આગળ વધી. તેણે કહ્યું, પવન તો નક્કી ઉપકારક છે. ગરમીમાં શાતા આપે છે. વાદળાઓને ખેંચી લાવે.

સમજદારે સમજાવ્યું કે, પાણીથી ભરેલા વાદળોને દૂર દૂર લઈ જવાનું, વંટોળ ઊભા કરવાનું કામ પવન કરે છે. માત્ર ગરમીમાં હવા આપે પણ બાકીના દિવસોમાં ? પવન તો ૧૦૦ વર્ષના ઝાડને પણ ઉખાડી નાખે છે. માટે તે પ્રશંસા કરવા લાયક નથી જ.

જિજ્ઞાસુ કંટાળી ગયો. દરેક વાતને તોડવાનું જ કામ સમજદાર કરતો હોવાથી કહ્યું, હવે તમે જ બતાડો, શક્તિ ક્યાં છૂપાઈ છે ?

સમજદારે કહ્યું, કંટાળવાની જરૂર નથી. સંકલ્પમાં સિદ્ધિ છૂપાઈ છે. જેટલું બળ તમારા સંકલ્પમાં તેટલી જ શક્તિ તમારી પાસે આવશે. અજ્ઞાનીને જ્ઞાની થવું હોય, દુઃખીને સુખી થવું હોય, નિર્ધનને ધનવાન થવું હોય કે પાપીને પુણ્યવાન થવું હોય તો સંકલ્પના બળથી વિશેષજ્ઞ, સમજદાર, વિચારક, તત્ત્વચિંતક થવું પડશે. જે જીવો પોતાના મનોકલ્પીત વિચારોથી તૃપ્ત થાય છે તે પોતાની પ્રગતિને અવરોધે છે.

જ્ઞાનનો કિનારો કેવળજ્ઞાન નથી પણ જ્ઞાનનો વિસ્તાર છે. આનંદની પ્રાપ્તિ ક્ષણિક સુખમાં નથી પણ શાશ્વત સ્થાન મોક્ષમાં છે. દુઃખનો અંત પ્રતિકારમાં નથી પણ સમભાવે સહન કરવામાં છે. સંસારનો અંત મૃત્યુ નથી પણ કર્મક્ષય નિર્વાણ છે. આ વાત જે જાણે તે વિશેષજ્ઞ. આવી ઉદાતદ્રષ્ટિ જેના જીવનમાં પ્રવેશે એ સુખમાં પાગલ ન થાય ને દુઃખમાં હતાશા-નિરાશા ન અનુભવે.

દરેક જીવમાં સર્વ સ્થળે, સર્વ ક્ષેત્રમાં ઉપયોગી થનારી વિશેષજ્ઞતાનું આગમન થાય એજ મંગળ કામના...



## ચરણ-સત્તરમું

# વૃદ્ધાનુગ...

**શ્લોક :**

**બુડ્ઢો પરિણયબુદ્ધિ પાવાયારે પવત્તઈ નેય ।**
**બુડ્ઢાણુગોડવિ એવં સંસગ્ગિકયા ગુણા જેણ ॥૨૪॥**

**ભાવાર્થ :**

વૃદ્ધ માણસ (જો) પરિપક્વ બુદ્ધિવાળો હોય છે, તેથી તે પાપના આચરણમાં પ્રવૃત્તિશીલ થતો નથી. તેમજ વૃદ્ધને અનુસરનાર (મિત્ર) પણ તેવો જ હોય છે. કારણ ગુણો સારી સંગતિથી જ પ્રાપ્ત થાય છે. (૨૪)

**વિવેચન :**

વૃદ્ધ + અનુગ = વૃદ્ધાનુગ. આ રીતે તેના ત્રણ વિભાગ વ્યાકરણશાસ્ત્રીઓ કરે છે. વૃદ્ધ = જ્ઞાનથી, ચારિત્ર પર્યાયથી, ઉંમરથી જે મોટા હોય તે વૃદ્ધ. અનુ= પાછળ પાછળ, ગ = જનાર-ચાલનાર.

બીજી રીતે – ★ વૃદ્ધના કહ્યા મુજબ ચાલનાર, વર્તનાર.
★ વૃદ્ધને પૂછીને-સલાહ લઈને કાર્ય, પ્રવૃત્તિ, વ્યવહાર કરનાર.
★ વૃદ્ધને દરેક કાર્ય જણાવનાર.

બૃહત્ શાંતિસ્તવમાં પણ કહ્યું છે, ''મહાજનો યેન ગતઃ સ પંથાઃ''

ધર્મરત્ન પ્રકરણ ગ્રંથના ગ્રંથકાર દરેક પ્રકરણની જેમ આ પ્રકરણમાં અવનવી વાત કહેવા માગે છે કે, અપરિપક્વતાના કારણે જીવનરથના તમે સારથી (ડ્રાઈવર) ન બનો. અનુભવી સારથી તમારા પ્રવાસને નિર્વિઘ્ને ઈચ્છીત સ્થળે પહોંચાડશે. પણ તમે જ પ્રવાસી ને તમે જ સારથી બનો તો ? પ્રવાસ કષ્ટદાઈ બને. તીર્થંકર પરમાત્માને પણ ''ધમ્મ સારહીણં'' કહી વંદના કરી છે.

પ્રશ્ન વિચારણીય છે. સારથી પાસે પ્રવાસ સંબંધી રથ સંબંધી ને ઘોડા સંબંધી પૂર્ણ જ્ઞાન, અનુભવ છે. રથમાં બેસનાર મહત્વાકાંક્ષી જરૂર છે. ઈચ્છીત સ્થળે જવાની તમન્ના છે પણ માર્ગનું જ્ઞાન નથી. તેથી તેનો પ્રવાસ સમયસર પૂર્ણ નહિં થાય. માર્ગનો ભોમિયો ગમે તેવો અનાડી હોય છતાં જંગલના આડા-અવળાં રસ્તાનો જાણકાર છે એટલે યોગ્ય સ્થળે ટૂંકા માર્ગે એ નિશ્ચિત લઈ જશે.

તેથી જ ધર્મીને ધર્મપ્રાપ્તિ માટે આવા 'વૃદ્ધાનુગ'નો સહવાસ કરવાનું કહ્યું છે. વૃદ્ધનો વિનય કરવાથી, વૃદ્ધનો અનુભવ સાંભળવાથી, વૃદ્ધના આશિષ લેવાથી, સંસારી પ્રવાસીનો સંસાર પ્રવાસ ટૂંકો થશે. કલ્યાણકારી થશે. શંકા-કુશંકા રહિત થશે. વૃદ્ધની પાસે ૧૦૦ કે તેથી વધુ વર્ષોનો (પિતાનો તથા પોતાનો) અનુભવ હોય.

આજે 'અહં' અને 'મમ' અથવા 'હું અને મારું' આ જોડકાંઓ વૃદ્ધની પાસે જવા ના પાડે છે. પરંતુ ત્યાંજ આપણી પીછેહઠ થાય છે. 'ઘરડાં ગાડાં પાછા વાળે' કહેવત કાંઈક દિશાસૂચન આપે છે. આપત્તિના સમયે શું કરવું એની સૂઝ આ વૃદ્ધો પાસે હોય છે. 'સાપ મરે નહિં ને લાઠી તૂટે નહિં' તેવું કળપૂર્વકનું કાર્ય આ બુદ્ધિથી બળવાન મુરબ્બીઓ સહેલાઈથી કરી બતાડે છે.

વૃદ્ધોમાં જો શ્રદ્ધા પ્રગટે તો અનુક્રમે જ્ઞાનીઓના વચન ઉપર દ્રઢ શ્રદ્ધા થાય. એટલું જ નહિં પણ વીતરાગ પરમાત્માના ટંકશાળી વચન સત્ય સ્વરૂપે અપનાવાય. આ છે વૃદ્ધાનુંજ ગુણનો પરંપરાએ લાભ. આવો લાભ જ્યાંથી પ્રાપ્ત થાય એ ધર્મસ્થાનોમાં યોગ્યતા કેળવી પ્રવેશ કરી ધન્ય બનીએ...

**સુવાક્યો :**

★ પ્રલોભનમાં તણાઈ વૃદ્ધોની વાણીને કોરે ન મૂકતા.

★ તમારી સલામતી વૃદ્ધોની વાણીમાં છૂપાઈ છે.

★ વૃદ્ધોની સલાહ ભલા માટે, મુશ્કેલીઓથી બચવા માટે છે.

★ વૃદ્ધો ઠરેલ, ગંભીર, અનુભવી ને ભલું કરનારા હોય.

★ ઉતાવળો માનવી વિના કારણે આપત્તિ વધારે.

★ ઉતાવળે કરેલી રસોઈ પણ કાચી ભૂલવાળી થાય.

**પદ :**

★ જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ,
જ્યાં ન પહોંચે કવિ, ત્યાં પહોંચે અનુભવી.

**ચિંતન :**

## પીપળાનું પાન...

પીપળ પાન ખરંતા હસતી કુંપળીયા,
મુજ વીતી તુજ વિતશે, ધીરે બાપુળીયા.

પીપળાનું નવું ઉગેલું પાન ખરી-પડી રહેલા પાનને જોઈ હસવા લાગ્યું. હસી રહેલા બીન અનુભવી એ કુમળા પાનને પડી રહેલા પાને માર્મિક શબ્દો માં કહ્યું, મુજ વિતી...(હું અત્યારે પડું છું, કાલે તારો પણ વારો આવવાનો જ છે.)

જન્મની સામે જ્યારે મૃત્યુ લખાયેલું જ છે આ વાત અધૂરા માનવી પણ ભૂલી જાય છે. તો પછી પીપળાના પાનને હસવું આવે તેમાં નવાઈ નથી. માત્ર વિયોગમાં હતાશ ન થઈએ, અકળાઈ કે દુ:ખી ન થઈએ, અકાળે ચાલ્યા ન જઈએ, જતાં જતાં બીજાને રડાવવાના બદલે આપણે રડી ન બેસીએ તે માટે જ 'વૃદ્ધાનુગ' વિચાર જીવનમાં જરૂરી છે. તેઓ જીવી પણ જાણે ને મરી પણ જાણે.

વૃદ્ધને પૂછવું એટલે એક તરફ આજ્ઞાંકિત થવાની ને બીજી તરફ બીન અનુભવનું

અજ્ઞાન દર્શાવવાની વાત છે. આ બન્ને વાતો જે પચાવી જીવનમાં ઉતારી જાણે તેને કોઈપણ દિવસ પસ્તાવું પડતું નથી.

પ્રશ્ન એજ છે કે, વૃદ્ધાનુગની વ્યાખ્યા અથવા તેવી વ્યક્તિની જાણકારી સામાન્ય માનવીને હોવી જોઈએ. અન્યથા 'અંધેરી નગરી ને ગંડુરાજા' જેવી દશા પણ થાય. આ રહ્યા એ વૃદ્ધાનુગને ઓળખવાના લક્ષણો –

★ ઉંમર અને જ્ઞાન જેની પાસે વ્યવસ્થિત હોય.
★ ઉતાવળા નહિં પણ શાંત, ગંભીર, દીર્ઘદ્રષ્ટા ને સાચા-ખોટાને લાભ-હાનીને સમજનારા હોય.
★ જેમને અનુભવ જ્ઞાન ૧/૨ પેઢીથી પરંપરામાં મળેલ હોય.
★ આચાર, વિચાર, વર્તનનો કાળ આદરણીય અનુભવેલો હોય, જીવનમાં વિષય, કષાયો, રાગ, દ્વેષને તિલાંજલિ આપી હોય.
★ ટૂંકા શબ્દમાં ગૂઢ વિચારો આપવા સમર્થ હોય.
★ (શારીરિક, માનસિક, આધ્યાત્મિક રીતે શક્તિ સંપન્ન હોય.)
★ પ્રસન્ન રાખવા નહિં પણ આપત્તિમાંથી બચાવવા સાચી સલાહ હિતેચ્છુ થઈ આપનાર હોય.

આવા વૃદ્ધપુરુષોને, તેઓના વિચારને અનુસરવું એટલે વકીલ જેમ હિતકારી સલાહ આપી આપણા (ક્લાઈનના) હિતનું કામ કરે તેમ તેઓની સલાહ મુજબ પ્રવૃત્તિ કરવામાં અલ્પજ્ઞનું ભલું છે.

ગણધર ભ. સુધર્માસ્વામીજી, જંબુસ્વામીજીને ઉપદેશ આપતા કહે છે, "હે આયુષ્યમાન ! ભગવાન પાસે મેં કાનોકાન આં કલ્યાણનો, હિતનો માર્ગ સાંભળ્યો છે. તે જ તમોને કહું છું. આ શબ્દોમાં સુધર્માસ્વામીજી પરમાત્માની સર્વોપરીતાને સ્વીકારે છે. સાંભળેલું સંભળાવું છું. એટલે વિના કારણે શબ્દોના મહિમાને બગાડતો કે મારું પોતાનું કંઈ ઉમેરતો નથી." તાત્પર્ય એજ કે, આ કથનમાં 'વૃદ્ધાનુગ' બનવાની, આજ્ઞાને શીરસાવંદ્ય માનવાની ભારોભાર વિચારણા છે.

૧૫૦૦ તાપસો અષ્ટાપદગિરિ ચઢવાની ભાવનાથી તીર્થ ઉપર આવેલા પણ ગૌતમસ્વામીજી તે સર્વેને પ્રભુવીરની પાસે લઈ ગયા. જવું હતું ક્યાં ? જઈ ચડ્યા ક્યાં ? છતાં કોઈએ ન તો વિરોધ કર્યો કે ન તો પ્રશ્ન પૂછ્યો. કેવો આત્મ સમર્પણનો ભાવ ! આ સમર્પણના કારણે જ એ વૃદ્ધાનુગ ગુણથી ૫૦૦ને માર્ગમાં ૫૦૦ને સમવસરણના દર્શનથી અને ૫૦૦ને પ્રભુવીરના દર્શનથી કેવળજ્ઞાન થયું.

ઇન્દ્રભૂતિ પ્રકાંડ વિદ્વાન બ્રાહ્મણ પંડિત હતા. અનેક વાદીઓના વિજેતા હતા. છતાં કોઈ વાદી મળે તો વાદ કરવા અને જો હારી જાય તો શરણ સ્વીકારવા તૈયાર હતા. આ વૃદ્ધાનુગ ગુણના કારણે જ પ્રભુવીર પાસે ગયા ને સત્ય તત્ત્વ સમજાતાં પ્રભુવીરનું શરણું સ્વીકારી શિષ્ય બની ધન્ય બની ગયા. એક જ નહિં પણ ૫૦૦ શિષ્યોએ પરંપરાએ ૧૧ પંડિતો અને ૪૪૦૦ બ્રાહ્મણોએ પ્રભુનું શરણું સ્વીકાર્યું.

એક દિવસ કોયલ ને કાગડો એક વૃક્ષ પર ભેગા થયા. બન્ને ગુણાનુંરાગી. કોયલ વસંતઋતુ આવે તે અવસરે વૃક્ષ પર સવારે બેસી મીઠા ટહુકા કરે. જ્યારે કાગડો કોઈના ઘરની બારી ઉપર બેસી કા... કા... અવાજ કરી મહેમાનના આગમનની ખબર આપે. છતાં કોયલનો મીઠો અવાજ સાંભળવા ઘણા જંગલોમાં જાય જ્યારે કાગડાને બારી પરથી ઉડાડવા પ્રયત્ન કરે. રંગે બન્ને કાળા પણ ગુણથી ન્યારા. તેથી જ ઉદ્ધત અને વૃદ્ધનુજને પ્રતિસ્પર્ધી કહ્યા છે. એક આવકાર લાયક છે જ્યારે બીજા ઉપેક્ષા કરવા લાયક છે. એક ડૂબતી નાવને તારે છે જ્યારે બીજા તરતી નાવને ડૂબાડે છે.

નગરીના કિનારે એક બગીચો. સવાર-સાંજ ત્યાં આબાલ-ગોપાલ આવી મનને પ્રસન્ન કરે, તનને તંદુરસ્ત કરે, સમયનો સદુપયોગ કરે. એજ બગીચામાં ઢળતી સંધ્યા પૂર્વે રોજ વૃદ્ધોનું આગમન થાય. બધા ૪/૮ની સંખ્યામાં ભેગા થઈ ગામ-ગપાટા મારે. ગામમાં શું નવાજૂની થઈ ? સારું-ખરાબ થયું ? તેની વિના કારણે ચર્ચા કરે. ક્યારેક આ ચર્ચામાં મરચાં પણ ઉડે. કહેવાનું એજ કે, વૃદ્ધ–વૃદ્ધાનુજ થાય તેવી જ્ઞાનગોષ્ટી-ધર્મચર્ચાની ત્યાં પ્રવૃત્તિ ન કરે. તેથી જે બગીચો બીજાને આનંદ આપે એજ બગીચો આ પુણ્યવાન પુરુષોને ધ્યેયહીન હોવાથી ચાલ્યા જવા મૌન રહેવા માર્ગ બદલવા, વિચારો સુધારવા પ્રેરણા આપે. રસ્તામાં કોઈ સામા મળે તો તેઓ હાસ્ય પણ ન કરે. જીવનમાંથી આનંદ ઉડી ગયો.

આપણે તો વૃદ્ધાનુજની માન્યતાવાળાની વિચારણા કરનારા છીએ. એ લોકો પોતે શું કરે, મેળવે, પામે અને બીજાઓને શું આપે તે જ જાણવાની જરૂર છે. લુચ્ચા, લફંગા, ચોર, લૂંટારા, નિંદકની જિંદગી ઘણી દયાજનક હોય. ચોરની બુદ્ધિ ચોરી કરવામાં જ પ્રવિણ થતી હોય જ્યારે પોલિસની બુદ્ધિ ચોરને પકડવામાં જ રોકાયેલી હોય. જે દીર્ઘદર્શી હોય, વૃદ્ધના સમાગમમાં સમય વાપરતો હોય તે કોઈ દિવસ નુકસાનના ધંધા જેવું કરતો જ નથી. સાહુકાર નીતિમય જીવન જીવવાની ભાવનાં જે રાખે છે તેનું કારણ દીર્ઘદર્શીનો સહવાસ.

ધર્મના ક્ષેત્રે જ્યારે વૃદ્ધાનુજ પ્રવેશ કરે ત્યારે આવેલા કે આવનારા કષ્ટોને કષ્ટ સ્વરૂપે માનતા નથી. જ્યાં માન્યતામાં સુધારો છે, સજ્જનતા છે ત્યાં કર્મનિર્જરા જલદી થાય એ હકીકત છે. તેના પ્રવેશથી અનેક ધર્મમાં સ્થિર થાય. આગળ વધે.

**"એક ઘડી આધી ઘડી, આધી સે ભી આધ,**
**તુલસી સત સંગસે, કટે કોટી અપરાધ."**

સંત તુલસીદાસની આ કડી ઘણું કહી જાય છે. જીવને સતસંગનો રાગી કરવા કવિ ૨૪ મિનિટ, ૧૨ મિનિટ, ૬ મિનિટ, ૩ મિનિટ અથવા દોઢ મિનિટ જેટલો સમય પણ સતસંગ કરવા આગ્રહ કરે છે. જે દિવસે સતસંગના લાભ આ જીવને સમજાશે તે દિવસે તેના મિત્રો જૂદા હશે. તેની વાતચીત કરવાની પદ્ધતિ પણ જૂદી જ હશે. વિચારો ત્યાગમય અને ધર્મમય બનશે.

સંસારમાં ઘણા જીવો ભોગસુખ ક્ષેત્રમાં રચ્યા-પચ્યા પણ રહે છે ને તેનો ત્યાગ કરવામાં આનંદ માનનારા પણ છે. સુખ જડ પદાર્થમાં નથી. જડથી નિવૃત્તિ લેવી એટલે પરમ આનંદની અનુભૂતિ. આનંદ શરીરના માધ્યમથી અને આત્માના સહયોગથી અનુભવાય છે. છતાં આત્માનો અનુભવિત આનંદ સર્વોત્તમ ત્યાગમાં છે. જે કાંઈ સુખ છૂપાયું છે તે ભોગવવામાં નથી. સુખી વ્યક્તિ સંપૂર્ણ સુખ મેળવવા શરીરનો સાથ માગે છે પરંતુ જે કર્મ જન્મ સુખ છે તે વધુ સમય સુખ આપવા સમર્થ નથી. સુખ વાપરવા માટે નહિં સાચવવા માટે છે. વાપરશો તો દુઃખ આવશે ને દુઃખ વાપરી-ખપાવી દેશો તો તેની શક્તિ નબળી કરશો તો વધુ સુખ વધારશે.

[ધર્મક્રિયા અવિવેકી, ઉતાવળથી કરવા ખાતર જ કરવાનું માનનાર હોય છે. જ્યારે વિવેકી દરેક ક્ષેત્રમાં સુખ, શાંતિ, સમતાથી ધર્મ કરવા પુરુષાર્થ કરનારા છે. ઉતાવળે ખાનાર, બોલનાર, ચાલનાર, નિર્ણયો લેનારને પાછળથી પસ્તાવું પડે છે. માટે જ વૃદ્ધાનુજ બનવા આગ્રહ કરાયો છે.]

મેતારજ મુનિ સોનીના ઘરેથી નિર્દોષ ગોચરી લઈ જંગલની કેડીએ ગયા. પાછળ સોની પણ દોડતો દોડતો જઈ મુનિને 'જવલા' આપી દેવા વિનંતી કરી. મુનિ મૌન છે. કારણ સાચું કહે તો ક્રૌંચપક્ષીનો જીવ જોખમમાં પડે છે. ખોટું બોલે તો પાપ લાગે છે. સોની અકળાયો. મુંઝાયો અંતે મુનિને મરણાંત ઉપસર્ગ કરી ઘરે ગયો. તે દરમ્યાન ઘરમાં ક્રૌંચપક્ષીની વિષ્ટામાં જવલા વિખરાયેલા જોયા. હવે શું કરવું ? સોની મુંઝયો. શુભ ભાવે મુનિની ક્ષમા માગી મુનિનો વેશ લઈ સાધુ થયો.


જો ઉતાવળે આવો નિર્ણય લીધો ન હોત તો ? વૃદ્ધાનુંજ ગુણ દ્વારા પ્રાજ્ઞ પુરુષની સલાહ લીધી હોત તો ? અયોગ્ય ન થાત. માટે જ જીવનમાં આવા હિતકારી મિત્ર–વૃદ્ધાનુજની જરૂર છે.

ટૂંકમાં વૃદ્ધો જે અનુભવી, સમજદાર, વિચારક છે, તેઓની સંગતિ કરો. સત્સંગ કરો. તેઓનો ચહેરો કરમાઈ ગયો છે, એમ ન માનતા મુખ ઉપરની એક એક લીટીમાં અનુભવોની રેખાઓ છે. કદાચ તેઓના હાથ કાંપતા હોય, જીભ તોતડાતી હોય, માન-કમ્મર ઢળી પડી હોય તો તેમાંથી તમે સંદેશ લો કે આવી મારી પણ પરિસ્થિતિ આવશે. માટે ધર્મના દ્વારે જઈ કાંઈક કરી લઉં. જેમ માતા ૧૦૦ શિક્ષકની ગરજ સારે છે તેમ આ વૃદ્ધોને પણ કાંઈ ઓછા ન સમજતાં.

વૃદ્ધો જ્યારે જુવાન હતા ત્યારે તેઓએ પાળેલા આચાર, વિચાર, વર્તન તેઓને સ્થિર કરે છે અને એ સ્થિરતા જ નવા-બીન અનુભવીઓને ઉપયોગી થાય છે. જીવનમાં આવો સત્સંગ કરી ધર્મમાં સ્થિર થઈએ. ધર્મનું શાંતિથી આરાધન કરી જીવન સફળ કરીએ એજ અભ્યર્થના...

અંતે – એકબીજાની કીર્તિ સાંભળી મળવાનું થાય તે ગુણાનુબંધ અને બીજાની સારી વાતો-ગુણો સાંભળી મદદરૂપ થવાની ભાવના થાય તે પણ ગુણાનુબંધ. તેનાથી આગળ વધીએ ત્યારે જ વૃદ્ધાનુજ સુધી પહોંચાય. ત્યાંજ જીવન વિકાસનું અસ્તિત્વ છે.

'નમ્રતા'



ચરણ-અઢારમું

# વિનય...

**શ્લોક :**

**વિણઓ સવ્વગુણાણં મૂલં સન્નાણદંસણાઈણં ।**
**મોક્ખસ્સ ય તે મૂલં તેણ વિણીઓ ઈહ પસત્થો ॥૨૫॥**

**ભાવાર્થ :**

**વિનય એ સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્‌દર્શન (વિગેરે)નું મૂળ છે. તેમ મોક્ષ એ બધા જ ગુણોનું મૂળ છે. તેથી જ આવા વિનયવાન આત્માને ધર્મના અધિકારમાં પ્રશસ્ત પ્રશંસાને પાત્ર કહ્યો છે. (૨૫)**

**વિવેચન :**

ધર્મરત્ન પ્રકરણમાં ૨૧ ગુણની વિચારણા કરવામાં આવેલી છે. બાહ્ય રીતે સામાન્ય દેખાતા આ વિશિષ્ટ ગુણોમાં 'વિનય'ને સ્થાન આપવામાં આવેલ છે. વિનય એવો સર્વોત્તમ ગુણ છે કે, જેની જગતમાં જોડ નથી. સંસારમાં કે ધર્મસ્થાનકોમાં જો વિનય જીવનમાં હોય તો જીવન નંદનવન થાય.

પ્રશમરતિ ગ્રંથમાં ભારપૂર્વક કહ્યું છે કે, સઘળાય ગુણો વિનયને આધીન છે. જ્યારે આવશ્યક નિર્યુક્તિ ગ્રંથમાં વિનય એ જિનશાસનનું મૂળ છે એમ કહ્યું. એજ રીતે ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવ્યું છે કે, પોતાના આત્માનું જો હિત ઈચ્છતા હો તો આત્માને વિનયમાં સ્થાપિત કરવો જોઈએ.

જીવનમાં વિનય સામી વ્યક્તિ કે વસ્તુ પ્રત્યે પૂજ્ય ભાવથી પ્રગટે છે. જેટલો વિનયમાં વિકાસ તેટલી ગુણની જીવનમાં વૃદ્ધિ. વડીલોના આશીર્વાદ પ્રાપ્ત કરવા હોય અથવા જીવનમાં પ્રગતિના પંથે પગલાં માંડવા હોય તો વિનય અનિવાર્ય છે.

અવિનય એટલે સભ્યતા, શિષ્ટતાનો અભાવ. અવિનય એટલે સામી વ્યક્તિમાં રહેલા ગુણની ઉપેક્ષા. અવિનય એટલે અભિમાન, અહંકારનું પોષણ તેથી જાતિવાદ, સમાજવાદ, ધર્મવાદ આદિ અનેક જાતની વાડાબંધી ઊભી થાય છે. જ્યાં નિર્મળ હૃદયે સદ્‌ભાવે ધર્મપ્રવૃત્તિ કરવાની હોય ત્યાં અવિનય બધાનું અહિત કરે છે. માટે જ જે વિનયવાન હોય એ ધર્મપ્રવૃત્તિ કરવાને તથા સંપૂર્ણ ફળ પ્રાપ્ત કરવાને અધિકારી બને છે. વિનય વગરની ક્રિયા એટલે જીવ વગરની વ્યક્તિ. આ જગતમાં બધું જોવા દે, જાણવા દે પણ તેમાં ફસાવા ન દે. તેનું નામ વિવેક અથવા સમ્યગ્‌જ્ઞાન.

દેવ, ગુરુ, ધર્મની ઉપાસના-આરાધના જીવે ભક્તિભાવથી કરવાની હોય છે.

સાથોસાથ આરાધના જો વિનયગુણ સહિત કરે તો આવકારદાઈ થાય છે. માટે જ જ્ઞાનીઓએ સર્વ કાળે, સર્વ સ્થળે વિનયનું પ્રાધાન્ય આપ્યું છે.

આનું તાત્પર્ય એ જ કે – જ્યાં વિનય નથી ત્યાં ભક્તિ નથી.
જ્યાં ભક્તિ નથી ત્યાં ભગવાન નથી.
જ્યાં ભગવાન નથી ત્યાં ધર્મ નથી.

એટલે જ સુખ, શાંતિ, સદ્‌ગતિના રસિયા જીવે વિનયને જીવનમાં સ્થાન આપી ધન્ય બનવું જોઈએ.

**સુવાક્યો :**

★ વિનય પરસ્પર સ્નેહ સદ્‌ભાવમાં વૃદ્ધિ કરે.
★ વિનયથી દેવ-ગુરુની પ્રાપ્તિ અને શ્રદ્ધામાં વૃદ્ધિ થશે.
★ આમન્યા, મર્યાદાની પ્રવૃત્તિમાં સ્થિરતા વધશે.
★ વિનય - ૬ અભ્યંતર તપમાંનો એક તપ છે.
★ વિનયથી આશિષ, કૃપા, સન્માન, સંપત્તિ મળે.
★ દેવનો વિનય કર્મ ખપાવે, ગુરુનો વિનય મંત્ર આપે.

**પદ :**

★ **રે જીવ માન ન કીજીએ, માને વિનય ન આવે રે,**
**વિનય વિના વિદ્યા નવિ, તો કીમ સમકિત પાવે રે;**
**સમકિત વિન નવિ ચારિત્ર, ચારિત્ર વિન નવિ મુક્તિ રે,**
**મુક્તિના ફળ છે શાશ્વતા, તે કીમ લહીએ જુગતિ રે.**

**ચિંતન :**

## જીવનવૃક્ષ...

સંસારમાં વંશ પરંપરાનું વૃક્ષ જોવા મળે છે. કર્મ સંબંધી વૃક્ષની કલ્પના પણ શાસ્ત્રમાં છે. બાર વ્રત સંબંધી સુરતરૂ (વૃક્ષ)નું કથન પણ જ્ઞાનીઓએ કર્યું છે. વીતરાગ પરમાત્મા વૃક્ષ નીચે જ દીક્ષા લે અને વૃક્ષની નીચે સમવસરણમાં બેસી દેશના આપે. ૧૦ પ્રકારના કલ્પવૃક્ષ દ્વારા યુગલિયાઓ પોતાનો જીવન વ્યવહાર ચલાવે છે.

આવા અનેક વૃક્ષોની જેમ વિનયને જીવનવૃક્ષના ફળ તરીકે સંબોધન કર્યું છે. વિનયના અવાંતર કાર્યોમાં ભક્તિ, હૃદયપ્રેમ, ગુણસ્તુતિ, અવહેલના ત્યાગ, આશાતનાનો ત્યાગ, વડીલાદિનું બહુમાન સાચવવું વિગેરે ઘણા જોવા મળે છે.

જ્ઞાનીઓએ જીવને જીવતાં 'માન' ન કરવાની સલાહ આપી છે. માનથી વિનય, વિદ્યા, સમક્તિ, ચારિત્ર ને છેલ્લે મોક્ષની પ્રાપ્તિ થતી નથી. જીવનમાં પ્રગતિની સાથે જો વિનયને સ્થાન આપવામાં આવે તો તેની સાથે બીજા પણ ગુણ આવી જાય.

સભ્યતા જીવનનો પાયો છે. વિવેક કે ડિસીપ્લીન જીવનના વિકાસ માટે અનિવાર્ય આચાર છે. સમકિતના ૬૭ બોલમાં સમકિતની સુરક્ષા માટે અથવા ઉચ્ચ આદર્શ જીવન જીવવા માટે *૧૦નો વિનય કરવાનો–સાચવવાનો કહેવામાં આવેલ છે. એનાથી જીવન નમ્ર બને. પૂજ્યએવા ગુરુવર્યોનું સન્માન કરતાં, માન આપતાં પૂજક પણ પૂજ્ય બની શકે છે.

ગુરુને થોભવંદન કરતાં જે ૩ સૂત્રો બોલાય છે અથવા દ્વાદશાવર્ત વંદન કરતાં જે ક્રિયા–સૂત્ર બોલાય છે. તેમાં શબ્દે શબ્દમાં વિનયના વિચારો ઉપકારી પુરુષોએ ગુંથ્યા છે. અનુજ્ઞા લેવાની અને અનુજ્ઞામાં રહેવાનું તેમાં ભારપૂર્વક જણાવ્યું છે. તેનું મુખ્ય કારણ એજ કે જ્યાં અવિનય છે ત્યાં ધર્મ નથી.

અવિનીત જીવની ઓળખ માટે ઉત્તરાધ્યયન સૂત્રમાં ઉપકારી પુરુષોએ લક્ષણ દર્શાવતા કહ્યું છે કે, ૧. અજ્ઞાની હોય, ૨. આજ્ઞાને ન માનનારો હોય, ૩. અંદરથી શત્રુતા રાખનારો (સ્વતંત્રતા ઈચ્છનાર) હોય, ૪. ગુરુથી દૂર વસનારો હોય, ૫. મીઠા વચનને ઝેર સમજનારો હોય, ૬. હિતશિક્ષાનો ક્રોધથી પ્રતિકાર કરનારો હોય, ૭. લાગણીભર્યા શબ્દોને (સર્પને દૂધ ઝેર થાય તેમ) નકામા સમજનારો હોય વિગેરે.

ક્ષમા માગવામાં જેમ કષાયો કારણભૂત બને છે. તેમ અપ્રીતિ, વિનયરહિત કૃત્ય પણ કારણભૂત બને છે. અજાણપણે અવિનય થાય તો તેથી દોષ જરૂર ઓછો લાગે પણ જાણીબુઝીને કરવામાં આવતો અવિનય ઘણા દોષ-પાપને નિમંત્રે છે.

જિનમંદિરમાં કરવામાં આવતી આરાધના, વિધિમાં પણ વિનયનું પ્રભુત્વ ઘણું છે. વીતરાગ પરમાત્માના દર્શન, પૂજન આદિમાં જે જે અભિગમાદિ પાળવાનું કહેવાયું છે તેમાં પણ વિનય કારણભૂત છે. અવિનયથી કરેલા દર્શન દર્શનશુદ્ધિ કરાવી શકતા નથી. તેથી જ પંચાચારની આઠ ગાથામાં દર્શનાચારના આઠ● અતિચાર (આચારો) દર્શાવાયા છે.

રાજા શ્રેણિક વિદ્યા પ્રાપ્તિના શોખીન હતા. એક દિવસ એક ચાંડાલને વિદ્યા આપવા કહ્યું. ચાંડાલે પણ બહુમાનપૂર્વક પ્રભાવિક મંત્ર વિદ્યા આપી. પણ પ્રયત્ન કરવા છતાં રાજા શ્રેણિકને સિદ્ધ ન થઈ. રાજાએ ફરી ફરી પ્રયત્ન કર્યો પણ ફળ ન મળ્યું તેનું કારણ અભયકુમારને પૂછ્યું. અભયકુમારે બુદ્ધિથી પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું, પિતાજી ! વિદ્યા વિનયથી પ્રાપ્ત થાય. આપ સિંહાસનથી નીચે ઉતરો, ચાંડાલને વિદ્યા આપવા ઉચ્ચ સ્થાને ઊભા કરો. જરૂર માન આપતાં જ્ઞાન-વિદ્યા મળશે.

રાજા શ્રેણિકે અભયકુમારની સલાહ મુજબ કર્યું તો વિદ્યા પ્રાપ્ત થઈ. આનું જ બીજું નામ વિનય.

નાગાર્જૂન સિદ્ધપુરુષ કહેવાય તેને પૂ. પાદલિપ્તસૂરિજી મ. પગે લેપ કરીને

---

★ અરિહંત, સિદ્ધ, ચૈત્ય, જ્ઞાન, ધર્મ, સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સંઘ અને દર્શન.

● નિસંક્કિઅ નિખંકિય, નિવિતિગિચ્છા અમૂઢ દ્રષ્ટિએ ઉવવૂહ સ્થિરીકરણે, વચ્છલ પ્રભાવણે અઠ.

આકાશમાં ભ્રમણ કરી પાંચ તીર્થની યાત્રા કરે છે. તે સાંભળી પોતે પણ ઉડી શકે તે માટે લેપની શક્તિ, ઔષધી શોધવા ઈચ્છા થઈ. વિનય વિના વિદ્યા ન મળે, એ વાત જાણતો હતો છતાં બુદ્ધિબળે લેપનું ચરણામૃત ઉપર અનુભવ જ્ઞાને સંશોધન કરી ૧૦૭ ઔષધી શોધી. પ્રયોગ કર્યો પણ ઉડીને પડે એટલી ખામી રહી.

એક દિવસે આચાર્ય ભ.નો મેળાપ થયો. શરમ ત્યજી વિનયથી લેપની વાત કરી. ૧૦૭ ઔષધીને શોધવા બદલ આચાર્ય ભ.તે ધન્યવાદ આપ્યા અને ૧૦૮મી ઔષધી ભાતનું ઓસામણ બતાડ્યું.

વિનયના કારણે નાગાર્જૂને ક્રમશઃ ઈચ્છા પ્રમાણે સિદ્ધિ પ્રાપ્ત કરી.

વીતરાગ પરમાત્માને જે આત્મા વિધિસર વંદન પૂજનાદિ કરે.■ અર્થાત્ વિનયને સાચવે તે આત્મા વાંછીત ફલની પ્રાપ્તિ કરી શકે છે. ટૂંકમાં 'નમે તે સૌને ગમે' આ વાતને બરાબર જીવનમાં વણી લેવી જોઈએ. આઠ પ્રકારનો જે ભક્તિયોગ છે તેમાં પણ વિનય-વંદનને સ્થાન અપાયું છે. તેથી વિનય-વંદન કરવા દ્વારા જીવ સર્વોત્તમ પદનો અધિકારી થઈ શકે છે. કૃપાને પાત્ર થઈ શકે છે.

વંદન કે વિનય એક સ્થળે જ નિષ્કામ બુદ્ધિથી કરવાના હોય છે. જો શક્તિ છૂપાવ્યા વગર કરવામાં આવે તો સુખના છ પ્રકારોમાંથી એક અવશ્ય પ્રાપ્ત થાય.

સુખ પ્રાપ્તિના પ્રકારો :

★ ધનથી – સુકૃતમાં વાપરશો તો નવું ફરી મળશે.
★ પુણ્યથી – શાલિભદ્રજીને જેમ રોજ ૯૯ પેટી મળી તેમ મળશે.
★ ધર્મથી – ત્રિકરણ યોગે કરો કર્મ ક્ષય થશે.
★ સંતોષથી – પુણિયો શ્રાવક વગર પૈસે સુખી થયો, તેમ શાંતિ પામશો.
★ સદ્ગુણથી – સૌની સાથે નમ્રતાથી વર્તન કરવું, આદર મળશે.
★ દુવા-આશિષથી – ગુરુ-વડીલજનો પ્રત્યે ભક્તિ-નમ્રતા, આશિષ મળશે.

આજ રીતે જગતમાં જે જે જીવો દુઃખનો અનુભવ કરે છે તે બધા જ મનને સમજાવવામાં નિષ્ફળ જાય છે. હકીકતમાં મનને મનાવવાનો ઉપાય વિનયની અંદર છૂપાયો છે.

૧. દુઃખને આવકારો – આમંત્રણથી આવ્યું છે માટે.
૨. મનને ખાલી ન રાખો – ધર્મધ્યાનથી પરોવી દો.
૩. વધુ દુઃખી ન થવા – દુઃખના મૂળને શોધો.
૪. આસક્તિ ન રાખો – સંતોષી નર સદા સુખી.

વિનય એટલે વિ = વિશેષપૂર્વનું, નય = લઈ જાવ. આ અર્થ જો મનમાં બેસી જાય તો માનવીની અભિલાષાઓ પૂર્ણ કરનાર અથવા તેની નજીક લઈ જનાર

■ વંદનાત્ વાંછીત ફલં.

વિનય છે એ સમજાઈ જાય. પૈસો ધનિક પાસે છે જ્યારે જ્ઞાન ગુરુ પાસે છે. એ પ્રાપ્ત કરવામાં ઘણી મહેનત કરવાની જરૂર નથી. માત્ર વિનયવાન થાઓ પૈસો કે જ્ઞાન અવશ્ય મળશે. જ્યાં તમે છો તે સ્થળથી આગળ ઉચ્ચ સ્થાને લઈ જનાર જો કોઈ હોય તો તે વિનય છે.

વિનયી પુણ્યવાન હોય, પાપી ન હોય. સમજદાર પુણ્યવાન હોય, અવગુણનો ભંડાર ન હોય. વિનય મનથી, વચનથી ને કાયાથી કરી શકાય છે. કરવો જોઈએ. પૂજ્યમાં પૂજ્ય બુદ્ધિ એ માનસિક વિનય. પૂજ્યના ગુણ ગાવા, અવગુણ ન વર્ણવવા તે વાચિક વિનય અને ઉપકારીની સેવા-ભક્તિ, વંદનાદિ કરવા તે કાયિક વિનય.

વિનયની સાથે વિવેક ભાઈ ભાઈ જેવો સંબંધ ધરાવે છે. વિનય વિના વિવેક પ્રગટે નહિં અને વિવેક વિના વિનય શોભે નહિં. દેવ, ગુરુ, ધર્મ, જ્ઞાનનો જે વિનય કરે છે તે વ્યક્તિએ પ્રથમ જીવનમાં વિવેકદ્રષ્ટિ કેળવવી જોઈએ. કોઈપણ ધર્મકાર્ય, શુભકાર્ય કરતાં પહેલાં અશુભ, અવિવેકભર્યું કરવું નથી એવો સંકલ્પ કરો. અન્ય સ્થળે કરેલું, બાંધેલું પાપ જો શુદ્ધ અધ્યવસાય હોય, ક્રિયામાં અભિરૂચિ હોય તો જરૂર ધર્મસ્થાને એ પાપ કર્મ ક્ષય પામે પણ જો ધર્મસ્થાનમાં પાપ કરો, કર્મ બાંધો તો વજ્રલેપ જેવું એ પાપ નિયમા આત્માને ભોગવવું જ પડે.*

મનુષ્ય પાસે કામદેવ જેવું રૂપ હોય, મીઠા વચન બોલવા બુદ્ધિ હોય, થનગનતું યૌવન હોય, ધનના ઢગલા હોય પણ સદ્‌ગુણરૂપ વિનય, વિવેક જો ન હોય તો એ મનુષ્ય કાંઈ સફળતા પામતો નથી.

એક રાજાની ભાટચારણે સ્તુતિ કરતાં કહ્યું, રાજન ! આપનામાં બે સદ્‌ગુણ છે અને ૯૮ દુર્ગુણ છે. ભાટચારણની વાત સાંભળી રાજા, મંત્રી, પ્રજા આશ્ચર્ય પામ્યા. આવી અયોગ્ય સ્તુતિ કરાતી હશે ? બીજી ક્ષણે વળી ભાટચારણે આગળ કહ્યું, હે રાજા ! આપના પડોશી રાજાઓમાં ૯૮ ગુણ છે અને બે દુર્ગુણ છે. છતાં આશ્ચર્ય છે કે, આપ પૂજનીય, વંદનીય, આદરણીય છો.

ભાટચારણની વાતે બાજી બગાડી નાખી. મંત્રીએ સમય સૂચકતા વાપરી સભાનું વિસર્જન કરી રાજાને નગરી બહાર બગીચામાં ફરવા લઈ ગયો. રાજા ગુસ્સામાં હતા. આવું અપમાન સહન કરવા તૈયાર ન હતા. ક્યારે સવાર પડે ને ક્યારે બદલો લઉં એજ વિચારમાં ખોવાઈ ગયા હતા.

મંત્રીએ રાત્રે ચારણને સ્તુતિનો ભાવાર્થ પૂછ્યો. ભાટચારણે કહ્યું, તમારા રાજાએ કોઈને પીઠ અને છાતી બતાડી નથી. તેનું જીવન સાત્વિક છે. જ્યારે બીજાઓએ બતાડી છે. મંત્રી ગંભીર અર્થવાળી સ્તુતિનો અર્થ સાંભળી આનંદિત થયો. સાથોસાથ વિનયપૂર્વક જો સ્તુતિ થાય તો પ્રશંસાને પાત્ર થવાય એમ કહી રાજા તરફથી બક્ષીસ આપી વિદાય કર્યો.


---

★ અન્યસ્થાને કૃતં પાપં, ધર્મસ્થાને વિનશ્યતિ, ધર્મસ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવિષ્યતિ ।

ટૂંકમાં વિનયનું સર્વપ્રથમ ફળ (૧) સુશ્રૂષા (સાંભળવાની ઈચ્છા), (૨) ત્યાર પછી શાસ્ત્રબોધ, (૩) જ્ઞાનનું ફળ વિરતિ, (૪) વિરતિથી સંવર (પાપનો–આશ્રવનો નિરોધ), (૫) સંવરથી તપ કરવાનું વીર્ય-સામર્થ્ય, (૬) તપથી (ક્લિષ્ટ) કર્મોની નિર્જરા, (૭) કર્મ નિર્જરાથી ક્રિયાની નિવૃત્તિ, (૮) ક્રિયાની નિવૃત્તિથી અયોગી અવસ્થા, (૯) અયોગી અવસ્થાથી સંસારની પ્રવૃત્તિ (ઘટમાળ)નો અંત, (૧૦) છેલ્લે મોક્ષપ્રાપ્તિ. આ રીતે પરંપરાએ મોક્ષ અપાવનાર ગુણને જીવે નિત્ય જીવનમાં ઉતારી ધન્ય બનવું જોઈએ.

卐

**જીવનમાં જેમ વિનયની પ્રધાનતા છે, તેમ ક્ષમા-નમ્રતા પણ અતિ આવશ્યક છે. ક્ષમાની શક્તિ 'મિચ્છામિ દુક્કડં' એટલી મર્યાદિત નથી. જીવનના દરેક ક્ષેત્રમાં ક્ષમાનું માહાત્મ્ય છૂપાયેલું છે. 'ભૂલ થઈ' એ શબ્દથી જેમ કષાયોને ઠંડા પાડવામાં આવે છે, તેમ શાસ્ત્રોમાં ઉપકાર ક્ષમા, અપરાધ ક્ષમા, વિપાક ક્ષમા, વચન ક્ષમા, ધર્મ ક્ષમા જેવા અનેક પ્રકારો દર્શાવ્યા છે. ટૂંકમાં આ ક્ષમાધર્મ દ્વારા વિનય-વિવેકને જીવનમાં ફેલાવવાના છે. ક્ષણે ક્ષણે ક્ષમાને નજર સામે રાખી દ્વેષની માત્રાને ઘટાડવાની છે. છેલ્લે ધર્મસ્થાનકે ક્ષમાવાન થઈ જીવન સફળ કરવાનું છે.**

'પરહિતચિંતક'  ચરણ-ઓગણીસમું

# કૃતજ્ઞ...

**શ્લોક :**

**બહુ મન્નઈ ધમ્મગુરું, પરમુવયારિત્તિ તત્તબુદ્ધિએ ।**
**તથો ગુણાણ વુડ્ઢી ગુણારિહો તેણિહ કયન્નૂ ॥૨૬॥**

**ભાવાર્થ :**

કૃતજ્ઞ માણસ 'ધર્મગુરુને આ મારા પરમ ઉપકારી છે એવી તત્ત્વબુદ્ધિથી, સમર્પણ ભાવથી માને છે. તેથી તેના જીવનમાં ગુણોની વૃદ્ધિ થાય છે. આ જ કારણે કૃતજ્ઞ માણસને ગુણ (ધર્મ)ની પ્રાપ્તિ માટે યોગ્ય કહ્યો છે. (૨૬)

**વિવેચન :**

ચિંતકોએ કહ્યું – ભ. ઋષભદેવને બે હાથને સમજાવવા ૧૩ મહિના ૧૦ દિવસનો સમય લાગ્યો.

સિદ્ધાંતમાં કહ્યું – ભ. ઋષભદેવે પૂર્વ ભવે બાંધેલું અંતરાય કર્મ ૧૩ મહિના ૧૦ દિવસે ખપી ગયું.

કાળચક્રના સંયોગોએ યુગલિક જીવોને અવસર્પિણી કાળના લગભગ ૯ કોડાકોડી સાગરોપમ (૮૪ લાખ પૂર્વ ઓછા) પછી દાન ધર્મનું જ્ઞાન થયું.

ગમે તે હોય પણ પૂર્વભવે જાણેલા–અનુભવેલા જ્ઞાન દ્વારા શ્રેયાંસકુમાર નિર્દોષ આહર પ્રભુને વહોરાવી ધન્ય બન્યા.

કૃતજ્ઞ – એટલે બીજાના પ્રગટ-અપ્રગટ ઉપકારને યાદ કરી અવસર આવે ત્યારે બહુમાન, આદર, ભક્તિ દ્વારા એ ઉપકારનું ઋણ ફેડવું. ન ફેડાય ત્યાં સુધી જીવનમાં મેળવેલા–ચાખેલા કૃતજ્ઞતાના ફળને પૂજ્ય ભાવે, સમર્પણ ભાવે વિકસાવવા, સાચવવા પ્રયત્ન કરવો.

સ્વ ઉપર કરેલા કોઈના નાનામાં નાના ઉપકારને મોટામાં મોટો માની તેની સાથે તેવો વ્યવહાર કરવો અને પોતાનાથી બીજાની ઉપર થયેલા મોટામાં મોટા ઉપકારને નાનામાં નાનો સમજી સાક્ષીભાવે થયેલો હોવાથી ભૂલી જવા પ્રયત્ન કરવો. એક પક્ષે જીવનમાં લઘુતા લાવવાની અને બીજા પક્ષે મહાનતા કેળવવાની છે. ઉપકાર કર્યો તો લાભ મળ્યો અને બીજાએ પોતાની ઉપર ઉપકાર કર્યો તો પુણ્ય જાગૃત કરવા માટે આભાર માનવો એ આપણું કર્તવ્ય છે.

કૃતજ્ઞ અને કૃતઘ્ન શબ્દના અર્થ ઉપર થોડો વિચાર કરીશું તો સમજાશે કે– 'જ્ઞ' અક્ષર જાણકાર અર્થનો બોધક છે જ્યારે 'ઘ્ન' અક્ષર હણનાર અર્થનો બોધક

છે. માટે જ અહીં ઉપકારીએ કરેલા ઉપકારને જાણનાર મૂલ્ય સમજનાર જીવ ધર્મના માટે લાયક કહેવાયો છે.

જૈનધર્મ અનુસાર આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી નીચે મુજબના ઉપકારીઓની કૃપાથી આ આત્મા ક્રમશઃ પરમાત્મપદને પામે છે.

(૧) સિદ્ધાત્માનો ઉપકાર – આપણો આત્મા અનંતકાળથી અવ્યવહાર રાશિમાં જન્મ-મરણ કરતો હતો. તેમાં એક આત્મા જ્યારે કર્મભૂમિમાંથી સિદ્ધગતિને પામ્યો ત્યારે (કાળક્રમે) શુભ નિમિત્તના કારણે આપણો આત્મા વ્યવહાર રાશિમાં આવવા ભાગ્યશાળી બન્યો. પ્રગતિનો પથિક બન્યો.

(૨) અરિહંત પરમાત્માનો ઉપકાર – સંસાર ચક્રમાં પ્રવેશ મળ્યા પછી મહાભાગ્યે અનેકાનેક ગતિ-જાતિ-યોનિમાં ભટક્યા બાદ આ આત્મા પરમોપકારી એવા અરિહંત (તીર્થંકર) પરમાત્માના શાસનને પામ્યો. એ શાસનમાં રહી ધર્મારાધના કરવા તત્પર થયો. આ જ પરમાત્માના શાસનના પ્રભાવે કાળક્રમે પરમપદ સુધી જવાશે.

(૩) શ્રમણ ભગવંતોનો ઉપકાર – ભવિપણાના કારણે, સમકિતવાન થવાના કારણે અથવા તે સ્થાને પહોંચવા માટે ત્યાગી, તપસ્વી એવા ઉપકારી પૂજ્ય ગુરુવર્યોના શરણ-ચરણને પામ્યો.* ગુરુની કૃપા મેળવવા માટે પાત્ર બન્યો.

(૪) સમ્યગ્જ્ઞાન (જ્ઞાનદાતા)નો ઉપકાર – મિથ્યાજ્ઞાનને ત્યજી, સમ્યગ્ જ્ઞાનવાન થવા પ્રાજ્ઞ પુરુષોએ રચેલા-ગુંથેલા ગ્રંથોનો અભ્યાસ કરાવનાર જ્ઞાનદાતા ગુરુ, સુજ્ઞજનો મળ્યા. તેથી એ જ્ઞાન અને જ્ઞાનદાતાઓને કૃપા પાત્ર બન્યો.

(૫) વંદનીય માતા-પિતા, કલ્યાણમિત્ર – સંસારમાં જન્મ્યા પછી ભવભ્રમણ ન વધે તેવા સદ્વિચાર, સંસ્કાર, પ્રેરણા, માર્ગદર્શન આપનારા માનવ જન્મ સફળ કરવા માટે ઉત્તમોત્તમ સાધનો બતાડનારા, તે સ્થાને લઈ જનારા ત્યાં અનુરાગ પેદા કરાવનારા એ વંદનીય, સત્કારનીય, સન્માનીય, પૂજ્યોની કૃપા મેળવવા પાત્ર બન્યો.

આ અથવા આવા અનેકાનેક આત્માઓએ ઋણાનુબંધની રીતે જે જે ઉપકારો કર્યા છે, જેના કારણે ભવભ્રમણ ઘટાડવાની તક મળી છે એ સર્વેનો કતજ્ઞભાવે સંપર્ક વધારી ગુણમાં વૃદ્ધિ કરી ધર્મના સંપૂર્ણ અધિકારી થવું હિતાવહ છે.

**સુવાક્યો :**

★ દુઃખના આંસુ કરતાં કૃતજ્ઞતાના આંસુ મોંઘા છે.

★ ઉપકારના સ્મરણથી ઉપકારી પણ થઈ જવાય.

★ કૃતજ્ઞતા ગુણ ક્રમશઃ (પુણ્ય) જિન નામકર્મ બંધાવે.

★ અપકારી સ્વ પરનું અહિત કરવા નિમિત્તરૂપ બને.

★ કૃતજ્ઞ થવું એટલે કોઈએ તમારા જીવનમાં વાવેલા બીજનું ફળ.

---

★ સમકિતદાતા ગુરુતણો પચ્ચુવયાર ન થાય.

**પદ :**

★ તું પ્રભુ મારો, હું પ્રભુ તારો,
ક્ષણ એક મુજને નાહિં વિસારો.

**ચિંતન :**

## પસંદગી કરો...

ભ. મહાવીર સ્વામીની અનેકાનેક ઉપદેશધારામાં એક સ્થળે 'પસંદગી કરો'ની ગંભીર વિચારણા-ઉપદેશના માધ્યમથી આપી છે.*

''હે કલ્યાણવાંછુ આત્મન્ ! તું તારા કલ્યાણના માર્ગને સમજી-વિચારી લે. તે જ રીતે પાપના માર્ગને પણ જાણી-જોઈ લે. આ બે માર્ગ જાણ્યા-જોયા-સમજ્યા પછી તને જે માર્ગે જવું હોય તે માર્ગે જજે. પસંદ કરજે.''

જેવા ગતિ તેવી મતિ અથવા કર્મનુંસારી ગતિ. આ સિદ્ધાંત અનુસાર જગતમાં ભારેકર્મી જીવને આત્મકલ્યાણનો માર્ગ અઘરો લાગે છે. જ્યારે હળુકર્મી આત્માને અકલ્યાણનો માર્ગ ભારે ને અહિતકારી લાગે છે.

મિથ્યાત્વી સ્વકલ્પીત અજ્ઞાન ગર્ભીત માન્યતા ત્યજવા તૈયાર થતો નથી. જ્યારે સમકિતી આત્મા 'સાચું ને મારું' એ ભાવનાથી રોજ એક એક નવો સદ્ગુણ જીવનમાં ઉતારવા પ્રયત્ન કરે છે. પોતાની આધ્યાત્મિક મૂડી વધારે છે અને જે જે પુરુષોએ ઉપકાર કર્યો છે તે સર્વેનો કૃતજ્ઞભાવે આભાર વ્યક્ત કરે છે.

એક ભિખારી નગરીમાં ત્રણ ત્રણ દિવસથી ખાવા માટે ભિખ માગે છે પણ કોઈ આપતું નથી. કંટાળીને છેલ્લે ત્યાગી, તપસ્વી, દયાના દાતાર એવા મુનિને વિનંતી કરી. પરિણામે તેઓએ ભિક્ષા-ગોચરીના અધિકારી ગુરુવર્યશ્રીને વિનંતી કરવા કહ્યું. ત્યાં કાંઈક મળશે એ આશાએ તે ગુરુની પાસે ગયો.

ગુરુવર્ય કરુણાળુ હતા. દુઃખીયાના દુઃખને દૂર કરવાનું માનતા હતા. સ્થિરીકરણના માધ્યમે તેઓએ ભિખારીને કહ્યું, આ ગોચરી–ભિક્ષા મુનિઓ માટે શ્રાવકો દ્વારા મળેલી છે. જો દુઃખમાંથી મુક્ત થવું હોય, સંસાર દાવાનલથી પાર ઉતરવું હોય તો સંયમનો માર્ગ એ શ્રેષ્ઠ માર્ગ છે. એ માર્ગ સ્વીકારનારને બધા બાહ્ય-અભ્યંતર સુખ મળે છે.

ગુરુદેવની વાણી સાંભળી ભિખારી બાહ્ય અવસ્થા ભૂલી ગયો. તેનામાં રહેલું આત્મતત્ત્વ જાગ્રત થઈ ગયું. ભિખારી મટી સંયમી દીક્ષાર્થી થઈ ગયો. એને શ્રદ્ધા થઈ કે મને ઓઘો ને મહુપત્તી મળવાથી મારી બધી વિટંબણા ભાંગી જશે. ખૂબ પ્રસન્ન થયો. ગુરુદેવે, તેઓના શિષ્ય-પ્રશિષ્યોએ ભિખારીની ભૂખ દૂર કરી. ઘણા દિવસે ખાવાનું મળ્યું. તેથી આકંઠ ભોજન–ગોચરી કરી એ તૃપ્ત થયો.

---

★ સોચ્ચા જાણઈ કલ્લાણં, સોચ્ચા જાણઈ પાવગં ।
ઉભયંપિ જાણઈ સોચ્ચા, જં સેયં તં સમાચરે ॥

રાત પડી અને અતિ આહારના કારણે મુનિના પેટમાં શૂળ ઉપડી. ક્ષણે ક્ષણે ભૂખ દુર કરનાર ગુરુદેવ અને સંયમી જીવન યાદ આવવા લાગ્યો. અંતરથી ઘણી ઘણી ચારિત્ર ધર્મની અનુમોદના કરી મુનિએ સમાધિપૂર્વક જીવન પૂર્ણ થયું.

રાત પછી દિવસ તેમ ભિખારી મટી મુનિ થયો અને હવે સમાધિમરણના કારણે સંપ્રતિ રાજા થયો. એક દિવસ પૂર્વ ભવના પરમ ઉપકારી પૂ. ગુરુદેવ શ્રી આર્યસુહસ્તીસૂરિ મ.ના દર્શન પામ્યો. જાતિસ્મરણના કારણે ઉપકારી ગુરુને ઓળખી લીધા. ઉતાવળે ગુરુદેવના ચરણે કૃતજ્ઞભાવે બધી જ ઋદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ ધરી જીવન સાર્થક કરવા, સુખનો શ્વાસ લેવા પ્રયત્ન કર્યો.

પણ... આ તો શ્રમણ હતા, ત્યાગી-તપસ્વી હતા. વીતરાગ પ્રભુના શાસનની પ્રભાવના કરનારા હતા. તેઓએ રાજાને કહ્યું, રાજન્ ! જે શાસનના, જે ધર્મના, જે આરાધનાના કારણે તું રાજા બન્યો તેની પ્રભાવના માટે, તેની ઉન્નતિ માટે તારું ધન વાપરીને ધન્ય થા. અમે ધન છોડીને સંયમ લીધું છે. હવે અમારે ધન શું કામનું ?

આનું જ નામ છે 'જીવનમાં રોમે રોમમાં વસેલું કૃતજ્ઞપણું.' રાજા સંપ્રતિએ ત્યાર પછી અનેકાનેક જિનમંદિર બંધાવ્યા, જિનમૂર્તિઓ ભરાવી, જિનમંદિરોના જિર્ણોદ્ધાર કરાવ્યા, શાસ્ત્રો લખાવી પોતાનું જીવન સફળ કર્યું. માત્ર ચારિત્રના અંતરાયના કારણે ચારિત્રધર્મ સ્વીકારી ન શક્યા.

કૃતજ્ઞ એટલે પરોપકારની પરંપરા વધારનારી પ્રવૃત્તિ. એક કૃતજ્ઞ થઈ બીજાના ઉપકાર ગાઈ આનંદ, પ્રસન્નતા અનુભવે જ્યારે બીજા જીવનમાં આવા ઉપકારીઓને શોધી ઉપકાર કરવા, જીભને પાવન કરવા પ્રયત્ન કરે.

યાદ રાખો. જે કૃતઘ્ન છે તે ઉપકારીના ઉપકાર ઉપર દાઝ્યા પર ડામ અથવા વાગ્યા ઉપર મીઠું નાખવાની ચેષ્ટા કરે છે. તે ખરેખર પોતાના જીવનમાં શાંતિ કે સમાધિ અનુભવવાના નથી. પ્રસન્નતા કે સ્વસ્થતા તેમનાથી દૂર સુદૂર ચાલી જશે. સદ્‌ગતિ કે સદ્‌બુદ્ધિના સ્વપ્ન ફળવાના નથી. જેના કારણે બીજા સુખી થયા છે. તેની નિંદા-ટીકા કરી દુઃખની વણઝાર જીવનમાં આવી પડશે. માટે જ ઉપકારીના ગુણ ગાઓ, કૃતજ્ઞ થાઓ. સાકર કે ગોળ હંમેશાં ગળ્યાં જ રહેશે કડવાં નહિં થાય.★

જ્ઞાનના આઠ આચારોમાં 'બહુમાન'ને સ્થાન આપેલ છે. જે જ્ઞાનનો પિપાસુ હોય તેને અન્ય જ્ઞાનીનું બહુમાન, સત્કાર, સન્માન કરી જ્ઞાન અને જ્ઞાનીના બહુમાન દ્વારા પૂર્વે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મ ખપાવવા તક મળે છે. વર્તમાનમાં જ્ઞાનની પ્રાપ્તિમાં સાનુકૂળતા ઊભી થાય છે. આનું જ નામ કૃતજ્ઞ. જીવન સુધાર્યા પછી બીજાને તેના મીઠાં ફળ ચખાડે છે.

---

★ શ્રીપાળે ધવલશેઠનું ઘણું ભલું કર્યું પણ છેલ્લે ધવલશેઠે શ્રીપાળનું અહિત કરવામાં પાછું વાળીને ન જોયું.


ધન પુણ્યથી મળે, કદાચ ન મળે તો તેના અભાવમાં જીવ થોડો ઘણો દુઃખી થાય જ્યારે કૃતઘ્ન પોતે પાપી બને ને બીજાને પણ નિંદા કરવા દ્વારા પાપી બનાવે. દુઃખ દુર્ગતિમાં લઈ જાય એ નિયમા નથી પણ પાપના કારણે સદ્ગતિના દરવાજા બંધ થઈ જાય એમાં શંકા નથી.

કેટલાક કર્તવ્ય ખાતર સારું કામ કરવાનું વિચારે છે. પણ હકીકતમાં કર્તવ્ય ખાતર નહિં શુભ ભાવથી, પ્રેમ અને લાગણીથી જો એ કામ કરવામાં આવે તો સારાં કામનું ફળ સંખ્યામાં નહિં, સારી ભાવનાનું અગણિત ફળ મળે છે. તેનું પરિણામ ઘણું ઉત્તમ આવે છે. દા.ત. ભિખારી પાસે એક રૂપિયો ફેંકો અને તેના હાથમાં આપો તો પ્રેમથી હાથમાં આપતાં ભિખારીને મળ્યાનો અને બીજાને આપ્યાનો ઘણો આનંદ થશે. એકને શાંતિ થશે, બીજાને પુણ્ય બંધાશે.

કૃતજ્ઞની પ્રવૃત્તિ તેજ કરી શકે જેણે તમારા ઉપર પૂર્વે ઉપકાર કર્યો છે, તેનું વાસ્તવિક મૂલ્ય ત્યારે જ સમજાય. તોફાની ઘોડો જૉકીને પાડે, નવો કૂતરો તમોને જોઈ ભસે, કદાચ ગધેડો વિના કારણે લાત મારી દે. પણ ઉપકારીના ઉપકારનું મૂલ્ય સમજાયા પછી તેના પ્રત્યે માન ન ઉપજે તો સમજવું તમારામાં માનવતા જ નથી.

માનવતાનો નાદ જેમાં સંભળાય છે તેવો સદ્ગુણ 'કૃતજ્ઞતા' જે ક્ષણે તમારા અણુ અણુમાં વસી જશે તે દિવસથી તમે ધન્ય થઈ જશો. ધર્મમંદિરના દ્વાર તમારા માટે ચોવીશે કલાક ખુલ્લા થઈ જશે. ત્યાં જઈ તમારું ને બીજાનું કલ્યાણ કરી પરલોકને સુધારી દેશો.

卐



ચરણ-વીસમું

# પરહિતાર્થકારી

**શ્લોક :**

**પરહિયનિરઓ ધન્નો સમ્મં વિન્નાય ધમ્મસબ્ભાવો ।**
**અન્નેવિ ઠવઈ મગ્ગે નિરીહચિત્તો મહાસત્તો ॥૨૭॥**

**ભાવાર્થ :**

પરહિતમાં તત્પર રહેનારો પુરુષ ધન્ય છે. કારણ તે સમ્યક્ પ્રકારે ધર્મના તત્ત્વને જાણે છે. તે નિસ્પૃહ ચિત્તવાળો અને મહાસત્વવાળો હોવાથી બીજાઓને પણ માર્ગમાં સ્થિર-સ્થાપિત કરે છે. (૨૭)

**વિવેચન :**

જય વીયરાય સૂત્રમાં તીર્થંકર પરમાત્માની પાસે ભાવપૂજા કરતાં ૧૩ ભાવના (માગણી) ભાવવામાં આવે છે. તેમાં એક 'પરત્થકરણં' પરોપકારીપણાની પણ ભાવના છે.

જીવન પ્રાપ્ત થયા પછી બીજાના હિતમાં જે તત્પર ઉલ્લાસીત હોય છે તે ધન્ય છે. કારણ એ આત્મા મન-વચન-કાયાનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે જ નહિં પણ પરહિત માટે કરવાની ભાવના ભાવે છે. આ દ્રષ્ટિએ આ વિચારો જેના જીવનમાં સમ્યક્ પ્રકારે વણાઈ ગયેલા છે. તેના જીવનમાં ધર્મ વિશેષ રીતે પરિણમેલ છે. ધર્મ સારી રીતે સમજાયો છે એમ કહી શકાય.

એક વખત જીવનમાં સ્વાર્થ અને પરમાર્થનો ભેદ સમજાઈ જાય ત્યારે એ વ્યક્તિ નિસ્પૃહભાવે સત્વશાળી બની પોતાના પુણ્યોદયની ઉપર વિશ્વાસ રાખે. ઝાંઝવાના જળની પાછળ હરણ દોટ મૂકે તેમ આશાનો આશ્રય લઈ સમય અને શક્તિને વેડફે નહિં. એટલું જ નહિં પણ બીજાઓને આ અમૂલ્ય સિદ્ધાંત સમજાવી તેમાં દ્રઢ થવા આગ્રહ કરે છે અને સફળતા પણ મેળવે છે.

જીવનમાં ઇન્દ્રિયોનું મહત્વ ઘણું છે. સ્પર્શ (ચામડી) દ્વારા બીજાની સેવા કરી શકાય. રસના (જીભ) દ્વારા સારા વચન બોલી બીજાને આનંદીત કરી શકાય. ઘ્રાણ (નાક) દ્વારા સુગંધીત દ્રવ્ય ઓળખી બીજાને પ્રસન્નતા બક્ષી શકાય. ચક્ષુ (આંખ) દ્વારા સારું જોઈ પ્રશંસા કરીને અનુમોદના કરી શકાય અને શ્રોત્ર (કાન) દ્વારા સારું સાંભળી-સંભળાવી જીવન જીવવાની કલા પ્રાપ્ત કરી-આપી શકાય.

જો ઇન્દ્રિયો પરહિતાર્થકારી કાર્ય કરી શકે છે તો પછી આ માનવ સ્વ-પરનું હિત કરી ધન્ય કેમ ન બની શકે ? માત્ર કાયાને, મનુષ્ય જન્મને મળેલી ઉત્તમ તકને સફળ કરવાની ભાવના ભાવવાની જરૂર છે. જે સ્વાર્થી જીવ છે તે પોતાનું

પણ વર્તમાનમાં ભલું કરવા સમર્થ નથી. તો પછી ભવિષ્યમાં ક્યાંથી તેનું ભલું થશે ? ભલું કર્યા વગર કોઈનું ભલું થવાનું નથી.

દૂધમાં મીઠું (લુણ) કે તેવો નકામો પદાર્થ નાખો તો તે પોતાનું અને દૂધના ગૌરવને કલંકિત કરશે. બન્ને નકામા થશે. ન પી શકાય ન પીવડાવી શકાય. જ્યારે એજ દૂધમાં સાકર, બદામ, કેસર, ઈલાયચી વિ. ઉત્તમ દ્રવ્ય નાખશો તો પોતાની અને દૂધની શોભામાં વૃદ્ધિ કરશે. પોતે પીશે બીજાને પીવડાવશે. તે ઉપરથી એક જ સત્ય બહાર પડશે કે, જે મળેલી વસ્તુનો સદ્દુપયોગ કરે છે તે ધન્ય બને છે. બીજાને ધન્ય બનાવે છે. પરહિતની ચિંતા કરનાર ધર્મના તત્ત્વને જાણી પોતે તરી જાય છે.

**સુવાક્યો :**

★ શરીરની નિરોગીતા, મનની પ્રસન્નતા પરોપકારથી મળે.
★ અનંત શક્તિના સ્વામી થવા દેવ-ગુરુની કૃપા પ્રાપ્ત કરો.
★ પુણ્યથી મળેલી શક્તિને પરોપકારના પુણ્યમાં વાપરો.
★ અહં અને મમ્ના વમળમાં બધું ખોવાઈ જશે.
★ બીજાને હસાવનાર પરોપકારી, રડાવનાર સ્વાર્થી.
★ પરોપકારી ઘણું આપે, સ્વાર્થી બધું જ લઈ જાય.

**પદ :**

★ પ્રભુ ! તેં મને જે આપ્યું છે, તેનો બદલો હું શે વાળું ?

**ચિંતન :**

## તફાવત...

જગતમાં આજે નકલી ને અસલીમાં ખપાવવાની હરિફાઈ જાગી છે. કલચરને અસલની હરોળમાં મૂકવાની ભાવના થઈ છે. પણ... પરીક્ષકની સૂક્ષ્મ બુદ્ધિ આગળ સાચું ખોટું જૂદું દેખાઈ જ જાય છે. અંતે સાચું એ સાચું જ કહેવાશે.

કોઈએ પૂછ્યું, પૈસો અને પ્રેમમાં શું ફરક ? કઈ વસ્તુ મૂલ્યવાન ? કોના વિના ન ચાલે ? પ્રશ્ન નાના પણ ઘણાં વિચારો માગે. છતાં ટૂંકમાં બુદ્ધિના ત્રાજવે તોળીને જોઈ લઈએ.

| પૈસો | | પ્રેમ |
|---|---|---|
| સુધારેલાને બગાડી નાખે. | = | બગડેલાને સુધારી નાખે. |
| વિરોધી વસ્તુઓ ભેગી કરે. | = | વિરોધી વ્યક્તિઓને ભેગી કરે. |
| અંદરમાં રહેલા દોષો બહાર કાઢે. | = | અંદરમાં રહેલા ગુણોને બહાર કાઢે. |
| સંઘર્ષ વિના ફાવતું નથી. | = | સમાધાન વિના ચૈન પડતું નથી. |
| દીકરાને બાપથી જૂદા કરે. | = | જૂદા થયેલાને ભેગા કરે. |
| સમાજમાં માન મેળવવા વાપરે. | = | સમાજ આગ્રહપૂર્વક માન આપે. |

ઘણાં કહે છે કે, પૈસાદારને શેઠ કહેવા પડે ને સેવાભાવીને લાગણીથી હાથ જોડીને નમસ્કાર કરવા પડે. પૈસો હાથનો મેલ છે. આજે છે ને કાલે ચાલ્યો જશે, જ્યારે પ્રેમ રોજ વૃદ્ધિ પામે. સુખ-દુઃખમાં સર્વ રીતે કામ આપે. પારકાને પોતાના કરે.

આપણે તો પરહિતાર્થકારીની ચર્ચા કરવી છે. એ માટે સાચી દ્રષ્ટિ જોઈએ. મકાનમાંથી બહાર પડવા માટે દીવાલોનો સહારો લેવો જેટલો યોગ્ય છે. તેથી વધુ બારણાની શોધ-સહારો લેવો આવશ્યક છે. બારણું તમને ઈચ્છીત સ્થળે જવા દે. જ્યારે દીવાલ જતાં અટકાવી દે છે. આધ્યાત્મિક પુરુષોએ આત્મગુણને વિકસાવવા માટેની પદ્ધતિ ઘણી સરળ બતાવી છે. એ માર્ગે જનારા અનેકાનેક આત્માઓ ધ્યેય સુધી પહોંચી ગયા તેમાં શંકા નથી. તેથી થોડી એ પ્રક્રિયાને નજર સામે લાવીએ.

(૧) **બોધન :** આરાધકે પોતાની પરિણતિ કઠોર હોય તો સર્વપ્રથમ કોમળ પરિણતિ બનાવવી પડે. જીવનમાં સ્વાર્થ ભરેલો હોય તો પ્રયત્નો કરી તેને સુધારવો પડે તો જ બીજાની સેવા કરવામાં આનંદ મળે.

(૨) **શોધન :** પરિણતિમાં સુધારો કર્યા પછી વિષય–કષાયો રહિત આત્માની ધરતીમાં (હૃદય મંદિરમાં) આરાધનાના બીજનું બીજારોપણ કરવું. જો વાવેતર અશુદ્ધ ભૂમિમાં થાય તો તે જેમ નિષ્ફળ જાય તેમ અહીં પણ બીજરૂપી આરાધના કરવાની ભાવના સુવિશુદ્ધ હોવી જોઈએ.

(૩) **વપન :** પરિણતિ સુધરી બીજ પ્રાપ્ત થયું, હવે ખાસ પાત્રતા કેળવવી પડે. સામગ્રી અને તક મળ્યા પછી પાત્રતાનો તેમાં સુમેળ થાય તો નિશ્ચિત ઈચ્છીત ફળની પ્રાપ્તિ થવાની આશા બંધાય. કાળી ભૂમિ ફળદ્રુપ હોય છે. જ્યારે ઉખર ભૂમિ બીજ બાળી નાખે.

(૪) **રોધન :** ફળવંતિ ભૂમિમાં બીજ સમયસર જો રોપવામાં આવે તો ફળ મળે એ નિશ્ચિત છે. છતાં અન્ય કોઈ પશુ-પક્ષીના ઉપદ્રવો ન આવે તેથી જેમ વાડ બાંધી કાળજી રાખવી પડે તેમ અહીં પણ આરાધકે (૧) ઇન્દ્રિયોના વિષયો પાછળ પાગલ બની દોડવાનું નથી. (૨) કષાયોનું વિના કારણે કે કારણસર પણ સેવન કરવાનું નથી. (૩) પાપના નિમિત્તોથી દૂર-અલિપ્ત રહેવું. (૪) હલકું સાહિત્ય વાંચવું નહિં યા પાપ માર્ગે લઈ જનારા મિથ્યાત્વી મિત્રોની સોબત કરવી નહિં.

ટૂંકમાં આવી જાગૃતિ રાખનાર જ આત્મોન્નતિના માર્ગે આગળ વધી પરહિતકારી ભાવના ભાવી ધર્મમાં વૃદ્ધિ કરી શકે. પાપવૃત્તિથી નિવૃત્તિ લઈ શકે. સ્વ+અર્થી=સ્વાર્થી એટલે જીવનમાં બધા જ કાર્યો સ્વાર્થથી ભરેલા જે કરે તે. બીજા સ્વાર્થપુષ્ટી જીવો પણ છે. તે કોઈ પ્રસંગે પોતાની જાતને નીચોવી નાખવા કદાચ તૈયાર થઈ જાય. બાહ્ય રીતે એ ત્યાગ બતાડે પણ તેના પાછળ ભોગની-સ્વાર્થની વાત છૂપાઈ હોય છે. તેથી એ જીવોને મધ્યમ કહેવા પડે. જ્યારે પરહિતાર્થકારી જીવો તો આલોક

સંબંધી પરલોક સંબંધી કે ઉભયલોક સંબંધી હિતકાર્ય કરનાર ઉત્તમ હિતેચ્છુ હોય છે. તેની દરેક ક્ષણે એના જીવનની પરંપરાએ લાભદાઈ, ઉન્નતિકારક હોય છે.

આ જગતમાં દરેક જીવ પોતાના ખાવા-પિવા, જીવનનિર્વાહ કે સંસાર નિભાવવા માટે પુરુષાર્થ કરે જ છે. તેમાં તે તે જીવોનું સંયુક્ત પુણ્ય પૂર્વભવોનું મદદ કરે છે. માત્ર આવતા ભવે જો કાંઈક સારું કલ્યાણકારી કાર્ય કરવું હોય તો તે માટે વ્યક્તિગત તમારે જ પરહિતાર્થકારી થવું આવશ્યક છે. જો બીજાનું કંઈક સારું કરશો તો જ તમને મળશે. આ વાત ભૂલવા જેવી નથી. મૂડી ખાઈ જનારો દુઃખી જ થવાનો.

રાજા ભોજે એક દિવસ કવિ કાલિદાસને પૂછ્યું, કવિ ! મારા હાથ ઉપર ક્યારની માખી બેઠી બેઠી પાપણો સાફ કરે છે. આમ કેમ કરતી હશે। કવિએ સદ્ભાવે કહ્યું, એ માખી આપણને એજ કહે છે કે, મેં પૂર્વ ભવે કાંઈ સારું કામ કર્યું નથી એટલે પાપણો ઘસ્યા કરું છું. તમે પણ આ ભવે કાંઈ સારું નહિં કરો તો આજ તમારી દશા થશે. પુણ્ય મનને પ્રસન્ન રાખે છે, પાપ પશ્ચાતાપ કરી પવિત્ર થવા કહે છે.

ધર્મરત્ન પ્રકરણના રચયિતા ખાસ આ અવસરે પરજનહિતાર્થે ગુણ દ્વારા ઘણું કહેવા-સમજાવવા માગે છે. જીવન ધર્મમય કરવું હોય તો કાંઈક સંગ્રહિત કરવું પડશે. ધર્મ રત્ન છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર એના નામ છે. શ્રદ્ધા-જાણપણું અને આચરણ એનો સાર છે. આ ત્રણ રત્ન મેળવવા માટે, યોગ્ય થવા માટે, જીવનના પ્રવાસને સુરક્ષિત રાખવા માટે જ્ઞાનીઓએ પરજનહિત (પરહિતાર્થકારી ભાવના) હૃદયમાં વસાવવા કહ્યું છે. તીર્થંકર પરમાત્મા પૂર્વ ભવે સર્વ જીવોને શાસનના રસિક બનાવવાની ભાવના રાખે છે.★ તેથી તેઓને મહાગોપ, મહાસાર્થવાહ વિ. કહેવાય છે.

બૃહત્શાંતિસ્તોત્રમાં 'શ્રી શ્રમણ સંઘસ્ય...' આદિ ૮ પ્રકારે શાંતિની ઉદ્ઘોષણા કરી છે. એમાં જગતના સર્વ જીવોનો સમાવેશ એટલા માટે કર્યો છે કે, તમે જેને જુઓ છો, જે તમારી પાસે છે, જેને ખરેખર સાથ-સહકારની જરૂર છે, તે સર્વેનું શબ્દોથી હિત ઈચ્છો. આ હિતકારી ભાવના બીજું કાંઈ નહિં પરોપકારી પ્રવૃત્તિ છે. સુખ-શાંતિનો માર્ગ દર્શાવવો એ સૌનું કર્તવ્ય છે.

કોઈ દાતાર દાન આપે પણ જો તેનામાં અપેક્ષા છે તો સમજવું કે, હજી દાન આપતા આવડતું નથી. દાન તો છૂપું, જગડુશાહ જેવા દાનવીરે આપ્યું તેવું આપવું જોઈએ. બાકીના ત્રણ ધર્મમાં પણ શિયળ-તપ અને ભાવના માટે આજ વિચાર સમજવા. ધર્મનું એવી રીતે તમે આચરણ કરો કે જેથી વારંવાર પુણ્ય કાર્ય કરવાની ભાવના થાય.■

---

★ સ્નાત્રપૂજા.

■ ''યહ હૈ પાવન ભૂમિ, યહાં બાર બાર આના.''

પરહિતાર્થ ગુણને કોઈ ઉંમર નડતી નથી. કોઈ નાતજાત પણ અભડાવતી નથી. રાત-દિવસ પણ જોવાની કાંઈ જરૂર પડતી નથી. પ્રાપ્ત કરેલું જીવન આદર્શ રીતે જો જીવી લેવું હોય, વર્તમાન કરતાં ભાવિમાં આધ્યાત્મિક સુખ વધુ પ્રાપ્ત કરવું હોય, તો જીવનને ધર્મના શરણે ધરી દો. ધર્મના કથન-માર્ગદર્શન મુજબ તમે સુખી થશો ને તમારો પરિવાર પણ સુખનો અનુભવી થશે. એટલે એજ કે, અલ્પજ્ઞ એવા માનવીએ પૂર્ણ એવા જ્ઞાનીના વચન એટલા જ આદર ને ગંભીરતાથી સ્વીકારવા-આચરવા જોઈએ કે જેથી 'વન્સ મોર'ની ખોટી મોટાઈના શિકાર થવું ન પડે.

જે આત્માઓ પરહિતની ઉપેક્ષા કરે છે તે ખરી રીતે 'હું'માં અટવાઈ ગયા હોય છે. 'હું'ના વમળમાંથી નીકળવાની ચાવી જે 'હું' જાણતા નથી તે વાત વિજય શ્રેષ્ઠીના જીવન ઉપરથી સમજાશે.

વિજયવર્ધન નામના નગરમાં વિશાલ શ્રેષ્ઠીને વિજય નામનો એકનો એક પુત્ર હતો. એક દિવસ વિદ્યાભ્યાસ કરતાં વિજયે સંસ્કારનું સિંચન કરનાર ઉપાધ્યાય પાસેથી સાંભળ્યું કે, જે માનવી પાસે ક્ષમા અને પરોપકાર નામના બે ગુણ હોય તે ઘરમાં, ગામમાં કે જ્ઞાતીમાં સર્વત્ર સારી રીતે પૂજાય છે. તેનું બહુમાન થાય છે. ઉપરાંત આલોક અને પરલોકમાં સુખ-શાંતિ પામે છે.

ઉપાધ્યાયની આ હિતશિક્ષા તત્ત્વબુદ્ધિથી વિજયકુમારે ગ્રહણ કરી જીવનમાં ઉતારવાની દ્રઢભાવના કેળવી. રોજ એ આ બન્ને ગુણમાંથી કોઇ પણ તક મળે તો તેનો સદુપયોગ કરતો. તેથી તેને સારો અનુભવ પણ થવા લાગ્યો.

એક દિવસ વિજય શ્રેષ્ઠી પોતાના ધર્મપત્નીને તેડવા સાસરે ગયા હતા. એકાદ-બે દિવસ મહેમાનગતિ સ્વીકારી વહુ સાથે પોતાના ગામે જવા નીકળ્યા. વહુને સાસરે જવાની ઈચ્છા ન હોવાથી પતિદેવને કપટ કરી પીવા માટે કૂવામાંથી પાણી કાઢી આપવા કહ્યું. પરોપકારના ગુણથી જેનું જીવન સુવાસિત છે એવા વિજયકુમારે ઊંડા કૂવામાંથી પાણી કાઢવાનો પ્રયત્ન કર્યો. તેજ અવસરે પત્નીએ તક સાધી લીધી અને પતિદેવને કૂવામાં ધક્કો મારી પાડી નાખી છૂટકારાનો શ્વાસ લીધો. પોતાનું કામ પૂર્ણ થએલ જાણી ઉતાવળે પાછી પોતાના ઘરે જઈ માતા-પિતાને શુકન-અપશુકનની વાતો કરી-સમજાવી સુખપૂર્વક પિયરમાં રહેવા લાગી. એના મનમાં એજ કે પતિદેવના હાડકાં ભાંગી ગયા હશે. કૂવામાંથી કોઈપણ રીતે બહાર નીકળવાના જ નથી. એટલે મને કાંઈ વાંધો નહિં આવે.

આ બાજુ વિજયકુમાર કૂવામાં તો પડ્યો પણ પૂર્વના પુણ્યોદયે કૂવામાં ઉગેલી વડવાઈઓમાં કુદરતી રીતે તેના કપડાં ફસાઈ ગયા અને એ બચી ગયો. શાંતિથી હિંમત કરી ધીરે ધીરે કૂવાનો કાંઠો પકડી બહાર નીકળ્યો. આજુબાજુ નજર નાખી તો પત્નીના દર્શન ન થયા. મનમાં કપટ હતું એટલે જ તેણે મને કૂવામાં ધક્કો મારી પાડ્યો છે. એટલે મૃત્યુ ઈચ્છ્યું છે, આ વાત તરત જ તેની સમજમાં આવી ગઈ.

જે થવાનું હતું તે થયું. પત્નીને સાસરે આવવું નથી એટલે જ આ બધું કપટ કર્યું. એ વાત મગજમાં બેસી ગઈ. વિજયકુમારે ઘરે જઈ માતા-પિતાને શુકન-અપશુકનની વાતો કરી. જાણે કાંઈ જ ન થયું નથી તેમ સમય વિતાવવા લાગ્યો.

ટૂંકમાં વિજયકુમારે જીવનના મંત્રસમા ક્ષમા ને પરોપકારી ગુણ દ્વારા મૌન ધારણ કરી નિંદા-ટીકા આદિ દુર્ગુણો ગાવાની પ્રવૃત્તિથી નિવૃત્તિ લીધી હોવાથી આ પ્રસંગ પણ ભૂલી જઈ જીવનને ધન્ય કર્યું. દિવસો પછી જ્યારે માત-પિતાને પત્નીની દુર્ભાવનાની વાત જાણવા મળી ત્યારે વિજયકુમારના જીવનમાં ધર્મભાવના સારી એવી પરિણમિ છે એ સૌને સમજાઈ ગયું.

જેમના જીવનમાં બીજાનું હિત કરવાની ભાવના વણાઈ ગઈ હોય, એ જીવો સંસારમાં યશ મેળવે છે અને ધર્મમાં પુણ્ય બાંધી જન્મ-મરણ ઘટાડી ઈચ્છીત પદને અલ્પ સમયમાં પ્રાપ્ત કરે છે. માટે જ ચોવીશ કલાકના દિવસમાંથી થોડામાં થોડો સમય અવશ્ય પરોપકાર માટે કાઢી મનુષ્ય જન્મ સાર્થક કરવો...

**દાન આપનારની વિવેક દ્રષ્ટિ :** (શ્રુતસાગર)

- ★ દેશ = સુલભતા-દુર્લભતા વિચારીને આપવું.
- ★ કાળ = સુકાળ-દુકાળનો વિવેક કરીને આપવું.
- ★ શ્રદ્ધા = આપવું પડે છે એવી ભાવના ન રાખતાં મારી ફરજ છે, લાભ લેવો છે એ રીતે આપવું.
- ★ સત્કાર = આદરપૂર્વક, નિમંત્રણ આપીને બહુમાન સહિત આપવું.
- ★ ક્રમ = ઉત્તમ, જઘન્ય, મધ્યમ (સામાન્ય) એમ અનુક્રમ વિચારી આપવું.
- ★ કલ્પનીય = સાધુને માટે સંયમની વૃદ્ધિ અર્થે દોષ રહિત (નિર્દોષ) આપવું. શ્રાવક માટે અલ્પ પાપવાળું અને ધર્મવિધિ અર્થે નીતિપૂર્વક આપવું.
- ★ ક્ષેત્ર = જિનમૂર્તિ, મંદિર, જિનાગમ, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ઉપરાંત જીવદયા અનુકંપા.

ચરણ-એકવીસમું

# લબ્ધલક્ષ્ય...

**શ્લોક :**

**લક્ખેઈ લદ્ધલક્ખો સુહેણ સયલંપિ ધમ્મકરણિજ્જં ।**
**દક્ખો સુસાસણિજ્જો તુરિયં ચ સુસિક્ખિઓ હોઈ ॥૨૮॥**

**ભાવાર્થ :**

લબ્ધલક્ષ્ય પુરુષ સમગ્ર ધર્મકાર્યને સહેલાઈથી જાણી શકે છે. તેથી તે ધર્મકાર્યને શુદ્ધ રીતે કરનારો (જલદી શીખી લેનારો) બને છે. એટલું જ નહિં પણ શિક્ષાનો (ધર્મક્રિયાદિ) પારગામી થાય છે. (અનેક વર્ષ-દિવસો પછી પ્રાપ્ત થાય તેવું જ્ઞાન અલ્પ વર્ષ-દિવસમાં પામી જાય છે.) (૨૮)

**વિવેચન :**

જ્ઞાનાવરણીય કર્મ અલ્પ માત્રામાં પણ જેને ઉદયમાં હોય તે અધ્યયન કરવા માટે ઘણો લાયક છે. તેથી તે 'લક્ષ્ય ચતુર', પ્રાજ્ઞ કહેવાય. જ્યારે પ્રાપ્ત કરેલું જ્ઞાન (ઓછું ભણે ને વધુ જાણે) સારું પરિણામ લાવે. સમર્થ થાય છે ત્યારે તેને 'લબ્ધલક્ષ્ય' કહેવાય.

આવો જ્ઞાનપિપાસુ આત્મા સુખપૂર્વક શિઘ્રતાથી, અલ્પ સમયમાં સ્વ-પરના પક્ષે અધિક કષ્ટ કર્યા વગર, સરળતાથી વાચનાદિ પાંચે અધિકારોથી યુક્ત સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરે છે.★

'જ્ઞાન ક્રિયાભ્યાં મોક્ષઃ' એ ન્યાયે જ્ઞાન સાથે ક્રિયાનો સુમેળ જે કરે છે તે કર્મ ખપાવી મોક્ષ-મુક્તિ પામે છે. કર્મ ખપાવવાના સાધન સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર છે.卐 બીજી રીતે દર્શનમાં જ્ઞાન અને ચારિત્રના છાંટણા દેખાય છે. જ્ઞાનમાં દર્શન અને ચારિત્રના પડછાયા જોવા મળે છે જ્યારે ચારિત્ર, દર્શન અને જ્ઞાનથી સુશોભિત થાય છે. માની લઈએ કે સમ્યગ્ દર્શન મોક્ષ અપાવવા સમર્થ છે. પણ એ આત્માએ પ્રગટ યા અપ્રગટ રીતે જ્ઞાન-ચારિત્રનો સહારો લીધો છે અથવા લેવાઈ રહ્યો છે.

પૂ. વિજયશાંતિસૂરિ મ. આ એકવીસમાં પ્રકરણ (ગુણ) દ્વારા જીવનમાં પૂર્વના ૨૦ ગુણોનું અવાંતર રીતે અસ્તિત્વ સ્વીકાર્યું છે. ધર્મના પગથિયે ચઢેલો કે ચઢવાની પ્રવૃત્તિ કરનારા જીવની પાસે ઓછા કે વધુ અંશે ૨૦ ગુણ હોવા જોઈએ. છતાં

---

● વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપેક્ષા, ધર્મકથા.

卐 સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ – તત્ત્વાર્થ સૂત્ર.

★ વજસ્વામીએ ત્રણ વર્ષની ઉંમરે પારણામાં સૂતા સૂતા ૧૧ અંગ ભણ્યા.

તેની ચિંતા ન કરતાં લબ્ધ+લક્ષ્ય આ બન્ને શબ્દને ભેગા કરી નવી દ્રષ્ટિ આત્માર્થી જીવને આપી છે. ૨૦ ગુણથી જે જીવે લક્ષ્ય સુધી પહોંચવા પુરુષાર્થ કર્યો છે એ જીવ લબ્ધલક્ષ્યના સર્વોત્તમ ગુણના કારણે પોતાની મંઝીલ સુધી અવશ્ય પહોંચશે. પોતાનું બહુમૂલ્ય જીવન સફળ કરશે. બાણાવળીની પરીક્ષા આપનારને છેલ્લી ક્ષણે માત્ર લક્ષ્ય જ દેખાય છે અને તો જ એ લક્ષ્યને વિંધશે. વિજય મેળવશે.

ક્રિયા-દ્રવ્યથી પણ થાય છે ને ભાવથી પણ થાય છે. દ્રવ્યક્રિયા કરનાર જીવની પાસે ક્રિયાની આગળ–પાછળની ભૂમિકા જ્ઞાનસહિતની નથી જ્યારે ભાવક્રિયા કરનાર શુદ્ધતાથી, શાંતિથી, સમતાથી ક્રિયા કરશે. ક્રિયા કરતાં એને જે કર્મક્ષયના ફળની પ્રાપ્તિ થવી જોઈએ એ તેજ ક્ષણે થતી રહેશે. અમૃતક્રિયાના અધિકારમાં શાસ્ત્રોમાં સાત પ્રકારની શુદ્ધિ સહિત જો ક્રિયા થાય તો રોમરાજી વિકસ્વર થાય તેવી વાત લખી છે.*

અગણિત પુણ્યરાશી ભેગી કરી હોય ત્યારે જ્ઞાનીઓ કહે છે કે, મહાભાગ ! મનુષ્યગતિ, જૈનધર્મ, ઉત્તમકુળ, આર્યદેશ, દેવ-ગુરુ-ધર્મની નજીક સામગ્રી, ધર્મવાસિત માતા-પિતા, ધર્મ કરવાના સાનુકૂળ સંયોગો આદિ મળે છે. આવું દુર્લભ જીવન મળ્યા પછી જો લબ્ધલક્ષ્ય ગુણ જીવનમાં આવે તો બેડો પાર થયો સમજવો. આ જગતમાં સામાન્ય રીતે નીચે પ્રમાણે જીવોના પ્રાજ્ઞ પુરુષોએ વિભાગ પાડ્યા છે :

| | | | |
|---|---|---|---|
| ૧. સ્વ | પોતાનું જ વિચારનાર | અધમાધમ | એકલપેટો, સ્વાર્થી |
| ૨. સ્વજન | થોડું વર્તુળ મોટું કરનાર | અધમ | અનિચ્છાએ ખવડાવનાર |
| ૩. દુર્જન | હાથીના દાંત જેવી દ્રષ્ટિ | મધ્યમ | કોઈની સામે ન ખાનાર |
| ૪. સજ્જન | મિત્રભાવ રાખનાર | મધ્યમાધમ | સાથે બેસી ખાનાર |
| ૫. સર્વજન | જીવો સાથે મૈત્રી રાખનાર | ઉત્તમ | બીજાને ખવડાવી ખાનાર |
| ૬. સહધર્મી (સાધર્મિક) | જીવ માત્ર સાથે ક્ષમા રાખનાર | ઉત્તમોત્તમ | બીજાને ખવડાવી આનંદ પામનાર |

શાસ્ત્રમાં 'આહાર તેવો ઓડકાર', 'વાણી તેવું વર્તન', 'પરિણામ તેવો બંધ', 'ઉપયોગે ધર્મ:' જેવા ટૂંકા પણ ગંભીર અર્થવાળા સૂત્રો-વાક્યો વાંચવા મળે છે. એ વાક્યોની પૂર્વ ભૂમિકા એટલે જ જીવન જીવવાની કે કાંઈક મેળવી લેવાની ભૂમિકા. આ ભૂમિકા હસ્તગત થયા પછી તેમાં આગળ જો વધવામાં આવે તો લબ્ધલક્ષ્ય ગુણ જીવને સરળતાથી પ્રાપ્ત થાય. સામે ચાલીને આવે. જીવનની પ્રગતિ સામે ચડીને થાય. માત્ર આવકાર આપવાની પાત્રતા તમારામાં હોવી જોઈએ.

વ્યવહારમાં જ્ઞાની-કેવળજ્ઞાની, માનવ-મહામાનવ, આત્મા-પરમાત્મા, મુનિ-ગીતાર્થ જેવા જોડકાઓ સાંભળવા મળે છે. પ્રથમ શબ્દ કર્મના કારણે જીવ પ્રાપ્ત

★ ભ.વીરે અંબર પરિવ્રાજક દ્વારા સુલસાને ધર્મલાભ કહેવડાવેલો તે સાંભળી એ આત્મા નાચી ઉઠ્યો.

કરે જ્યારે બીજો શબ્દ પુરુષાર્થની ઉંડી અભિરુચિથી પ્રાપ્ત થાય. કૂવામાં હોય તો અવાડામાં આવે. એવી આ પ્રગતિની શ્રૃંખલા છે.

દરેક જીવ પ્રમાદને ટાળી લક્ષને પ્રાપ્ત કરે એજ શુભેચ્છા...

**સુવાક્યો :**

★ પ્રાજ્ઞપુરુષે સર્વપ્રથમ બીજાઓથી હળીમળીને રહેવું જોઈએ.

★ લક્ષ્યને પામવા અનુભવની વાણી યાદ કરો યા એવું કામ કરો.

★ પ્રાજ્ઞપુરુષનું કથન છે : ધર્મ માનવને મહામાનવ બનાવે છે, દાનવ નહિં.

★ કાચના વાસણ વસાવવા સહેલા, સાચવવા અઘરા હોય છે.

★ પરસેવો ઉતારતા શીખો તો જ લક્ષ્ય સુધી પહોંચશો.

★ કાચની જેમ દરેક મનુષ્યે પારદર્શકતા કેળવવી જોઈએ.

**પદ :**

★ "સમયં ગોયમ મા પમાએ."

**ચિંતન :**

## ટીપે ટીપે સરોવર ભરાય...

ધર્મરત્ન પ્રકરણના પ્રથમ વાચનાના આધારે પૂર્વાર્ધ રૂપે લખાતી વિચારધારાનું આ છેલ્લું પ્રકરણ છે.

બાળમંદિરના વિદ્યાર્થીનો પહેલો દિવસ વ્યવહારીક જ્ઞાન પ્રાપ્તિ માટે એકડો લખે છે. ત્યાર પછી પ્રાથમિક, હાઈસ્કૂલ, કોલેજ ને ડિગ્રીધારી સુધીના ઉંબરાઓ એજ વિદ્યાર્થી સમય અને શક્તિ વાપરી ૧૫/૧૭ વર્ષે પૂરા કરે છે. છેલ્લા દિવસે પ્રમાણપત્ર લઈ એ બહાર પડે છે. જો કે તેથી વિદ્યાપિપાસા પૂર્ણ થતી નથી. અધ્યયનની સીમા પૂરી થતી નથી. માત્ર એક વિષયના જ્ઞાતાપણું પ્રાપ્ત થાય. ટીપે ટીપે સરોવર ભરે છે. પ્રેક્ટીકલ અનુભવ જ્ઞાન માટે ૨/૫ વર્ષ બીજા તેમાં ઉમેરાશે.

બસ, એજ રીતે આધ્યાત્મિક ક્ષેત્રે પ્રવેશ કરનાર આત્મહિતેચ્છુ આત્મચિંતકની વાત છે. ક્રિયામાર્ગ માટે પાંચ પ્રતિક્રમણ ભણવું. કર્મશાસ્ત્ર માટે જીવવિચાર, પ્રકરણ, દંડક, ભાષ્ય, કર્મગ્રંથ આદિ ભણવા. જૈનદર્શનને જાણવા-સમજવા તત્ત્વાર્થાદિ ગ્રંથોનું જ્ઞાન મેળવવું. એ રીતે ઘણું ભણવાનું અને વાગોળવાનું બાકી છે. ૫/૧૦ વર્ષે માંડ અડધે સુધી પહોંચે. દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે. તેમ આ ક્ષેત્રમાં પૂર્ણ જ્ઞાની ન થાય ત્યાં સુધી વિવિધ રીતે આધ્યાત્મના ગ્રંથો જોવા-વાંચવા પડે.

એક વાત નિશ્ચિત છે કે, જે દિવસે ઘાતીકર્મનો સંપૂર્ણ ક્ષય થશે ત્યારે ત્રણે લોકનો, જીવમાત્રનો ત્રણે કાળનો એ આત્મા જ્ઞાતા થશે. હવે માત્ર અઘાતી કર્મનો

ક્ષય કરી પરમપદ-મોક્ષ-મુક્તિ મેળવવાની બાકી છે. આ નિશ્ચિત પ્રવાસ છે. એમાં કાંઈ પણ ઉણપ ઓછાસ રહેવાની નથી. પ્રવાસી મટી આત્મા સ્થિર, શાશ્વતા સ્થાને પહોંચી જશે.•

આનું જ નામ 'લબ્ધ્ય'માંથી 'લબ્ધલક્ષ્ય' થવું.

રસોઈ તૈયાર કરતાં જેટલી વાર લાગે તેનો ૧૦% સમય પણ વઘાર આપતાં લાગતો નથી. છતાં પૂર્ણતા માટે વઘાર આવશ્યક છે. મકાનને બાંધતા કે મનુષ્યને જીવવા જેટલો સમય લાગે છે તેનાથી અલ્પાતી અલ્પ સમય પૂર્ણતાના ક્ષેત્રે ઉદ્‌ઘાટન કે મૃત્યુ માટે વપરાય છે. છતાં પ્રારંભ સૌને વહાલો લાગે છે. નભાવીને યશ લેવામાં જ તકલીફ છે.

મુખ્ય પ્રશ્ન એજ છે કે, લક્ષ્ય નક્કી કયા-થયા વગર આગળ વધાય નહિં. તો 'લક્ષ્ય' કેમ કરાય ?

ચાર અનુયોગમાં એક કથાનુંયોગ છે. તેમાં પ્રગતિ કરનારા ને પતનની ખીણમાં પડનારાઓના ચારિત્રો છે. પાપી-પુણ્યવાન થયા તેમ પુણ્યવાન-પાપી થયાના ઉદાહરણ છે. જ્ઞાની-અજ્ઞાની થયા ને અજ્ઞાની-જ્ઞાની થયાના દ્રષ્ટાંતો છે. તેમાંથી એકાદ-બેનું અવલોકન કરી લઈએ.

એક નગરીમાં બે ભાઈ રહેતા હતા. ચારિત્રના અંતરાય તૂટતાં તેઓએ એક દિવસ ગુરુ પાસે સંયમ સ્વીકાર્યું. મોટાભાઈનો ક્ષયોપશમ ઉત્કૃષ્ટકોટીનો હોવાથી અલ્પ કાળમાં ૫૦૦ મુનિને વાચના આપવા માટે સમર્થ થયા. જ્યારે નાનાભાઈ ગાઢ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે માંડ જરૂર પડતું જ્ઞાન પ્રાપ્ત કરી શક્યા. કર્મે એક જ્ઞાની થયા તો બીજા અલ્પજ્ઞાની થયા.

એક દિવસ મોટાભાઈ સંથારો કરી રહ્યા હતા. ત્યાં વિદ્યાપિપાસુ મુનિએ નિદ્રામાં ખલેલ પાડી વાચનાના અમુક પ્રશ્નોનું સમાધાન કરવા માટે પૂછ્યું. આમ વારંવાર નિદ્રામાં ખલેલ પડવાથી એ જ્ઞાની આચાર્યશ્રીને પોતાનો ભાઈ કેવો સુખપૂર્વક નિદ્રા લે છે. જ્યારે મને શાંતિથી નિદ્રા પણ મળતી નથી એવો અશુભ વિચાર આવ્યો. ક્રોધાવેશમાં આવી બીજા દિવસથી શિષ્યોને પાઠ આપવાનું બંધ કરી દીધું. છતી શક્તિએ જ્ઞાન ન આપવાના કારણે જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. એ જમાનામાં લગભગ મૌલિક જ્ઞાન જ અપાતું. ગ્રંથો ન હતા. (વરદત્તનો પૂર્વભવ)

★ જેનું નામ સુપ્રસિદ્ધ છે તેવા ઢંઢણા રાણીના પુત્ર ઢંઢણ અણગાર હતા. ગોચરી નિત્ય લેવા માટે જતા. પણ તેઓને નિર્દોષ આહાર પૂર્વભવના લાભાંતરાયના કારણે મળતો નહિં. (આવું છ મહિના સુધી ચાલ્યું.)

★ રાજા શ્રેણિકની આજ્ઞાથી કપિલા દાસી રાજગૃહિ નગરીની દાનશાળામાં જઈ

---

• જ્ઞાનાવરણીય કર્મ જે ક્ષણે ખપી જાય તે પૂર્વે એ જીવ પાસે માત્ર અલ્પજ્ઞાન હોય તો પણ પૂર્ણજ્ઞાન થઈ જાય. (૧૫૦૦ તાપસોની જેમ)

અનેકાનેકને અન્નદાન આપ્યું. પણ ભાવ વગર અનિચ્છાએ દાન આપી આવી. તેથી પુણ્યમાં ઉણપ થઈ.

★ એક શ્રેષ્ઠીએ ઘેબર ખાવાની ઈચ્છાથી દુકાનેથી સિધુ (સામાન) ઘેબર બનાવવા ઘરે મોકલ્યું. શેઠાણીએ ઘેબર પણ બનાવ્યા પરંતુ જમાઈ આવી ઘેબર ખાઈ ગયા. લાભાંતરાયના ઉદયના કારણે શેઠ ઘેબર ખાવા ન પામ્યા.

જેમ છતે પૈસે કૃપણ દાન આપી ન શકે તેમ છતે સાધને ઉત્તમ વસ્તુનો ઉપયોગ (ઉપભોગ) જીવાત્મા કરી ન શકે. ડાયાબિટીશના કે અશાતા વેદનીયકર્મના ઉદયે ઘરના બધા ઉત્તમ દ્રવ્ય આરોગે પણ પોતે આરોગી ન શકે. માટે જ આ પ્રકરણ દ્વારા સર્વપ્રથમ લક્ષ્યને સમજવાનો આગ્રહ કરાયો છે.

ચૌદ ગુણસ્થાનકમાં જેમ અગિયારમા ગુણસ્થાનક પછી બારમું ગુણસ્થાનક આરાધક માટે વિઘ્નકર્તા કહ્યું છે. એ ઓળંગે તો બેડો પાર નહિં તો કર્મના બંધમાં એ જીવ અટવાઈ જાય. ભવભ્રમણ થોડા વધી જાય તેમ લક્ષ્ય અને લબ્ધલક્ષ્યની યોગ્યતા માટે સમજવું.

કર્મશાસ્ત્રમાં પ્રકૃતિ, સ્થિતિ, રસ, પ્રદેશબંધની ચર્ચા આવે છે. એક કર્મ જ્યારે આત્મા બાંધે ત્યારે તેની સાથે ૧૨/૧૩ પ્રકારે કર્મ ઓછા-વત્તા અંશે તે બાંધે. અને તેના ઉદય વખતે પણ આત્માને એ બધા નિમિત્તરૂપે ભોગવવા પડે. બીજા શબ્દમાં કર્મ તીવ્ર–તીવ્રતર–તીવ્રતમાદિ રીતે સુખ-દુઃખ આપે. તેથી આ એકવીસમું પ્રકરણ ઘણું વિશાળ શક્તિવાળું વર્ણવ્યું છે.

લક્ષ્ય–ચતુર થયેલો આત્મા ધર્મક્રિયાદિમાં પોતાના પુરુષાર્થે સુખરૂપ આગળ ધપવા ઈચ્છતો હોય પણ તેવા સમયે જીવનમાં જો અશ્રદ્ધા ઉત્પન્ન થાય તો ? અશાતા વેદનીયકર્મનો ઉદય આવે તો ? દર્શનાવરણીય કે જ્ઞાનાવરણીય કર્મના ઉદયે ચૌદ પૂર્વનું જ્ઞાન ધરાવતા મહાજ્ઞાની ભાનુદત્ત મુનિ જેમ પ્રમાદના નિમિત્તે ભૂલી ગયા તેમ ભૂલી જાય તો ?★ માટે જ આ સ્થાને પહોંચેલા આત્મા માટે ઘણાં પ્રકારે જોખમભર્યું છે. જેમ જેમ જ્ઞાનક્રિયામાં પ્રવિણતા આવતી જાય તેમ તેમ આત્માએ હંમેશાં જાગૃત રહેવું પડે. ક્યારે શ્રદ્ધા, ક્રિયા કે ધર્મધ્યાનની અભિરુચિની પરીક્ષા થાય તે કહી ન શકાય. આ પરીક્ષા જ લબ્ધલક્ષ્ય સુધી પહોંચવાની પગદંડી છે.

મહાજ્ઞાની પૂ. સ્થુલિભદ્ર મહારાજ પોતાના ગુરુદેવ શ્રી સંભૂતિવિજય પાસે દીર્ઘકાળ સુધી અખંડ વાચના લેનારા સર્વોત્તમ જ્ઞાનના આરાધક હતા. દિવસ દરમિયાન પાંચ વખત મોઢેથી વાચના લેતા અને ગુફામાં જઈ વાંચનાની ઉપર મનન ચિંતન કરી (વિચારો પાકા કરી) પાછા વાચના લેવા ગુરુચરણે આવી જતાં. આ રીતે તેઓ ૯/૧૦ પૂર્વના જ્ઞાતા થયા.

---

★ જ્ઞાનાવરણીય કર્મ–છટ્ઠી પૂજા.

એક દિવસની વાત. સ્થુલિભદ્રજીની● સાત બહેનોએ પૂ. સંભૂતિવિજયજી મ.ને પોતાના ભાઈને વંદન કરવા જવાની આજ્ઞા માગી. ગુરુદેવની આજ્ઞા મુજબ બહેનો ભાઈને ગુફામાં વંદન કરવા ગઈ. તે દરમિયાન ભાઈ સ્થુલિભદ્રજીએ જ્ઞાનથી આ વાત જાણી લીધી કે પોતાની બહેનો વંદન કરવા આવે છે. બહેનોને પોતે કેટલું ભણ્યા છે એ બતાડવા આનંદની ખાતર પોતાના આસન ઉપર સિંહનું રૂપ ધારણ કરી બેઠા. બહેનો હોંશથી વંદન કરવા આવેલી પણ ભાઈના બદલે સિંહને જોઈ ઘબરાઈ ગઈ. પાછી ફરી ગુરુદેવ પાસે જઈ નિવેદન કર્યું. ગુરુદેવે પણ આ બનાવ જ્ઞાનથી જાણી બહેનોને ફરી વંદન કરવા મોકલ્યા. તે વખતે સ્થુલીભદ્રજી મળ્યા. તેઓ ભાઈને વંદન કરી સુખશાતા પૂછી સ્વસ્થાને ગઈ.

જ્યારે મુનિ ગુરુ પાસે પાઠ લેવા માટે આવ્યા ત્યારે સ્થુલિભદ્રજીની કરેલી બાળચેષ્ટા અથવા મેળવેલા જ્ઞાનનું પ્રદર્શન કરવા રૂપ કરેલી પ્રવૃત્તિના કારણે ગુરુદેવે તેઓને પાઠ આપવાની ના પાડી. સ્થુલિભદ્રજી તરત પોતાની ભૂલ સમજી ગયા. પણ કાંઈ ન ચાલ્યું. શ્રી સંઘની આજ્ઞા રૂપ વિનંતીથી આગળનું ચાર પૂર્વનું જ્ઞાન ગુઢાર્થ સાથે આપવાનું બંધ કર્યું. મૂળ સૂત્ર રૂપે આપ્યું. આનું જ નામ લક્ષ્ય સુધી પહોંચેલા મુનિ લબ્ધલક્ષ્યને પામી ન શક્યા.

હકીકતમાં (૧) શીઘ્રપણે જ્ઞાન-વિદ્યા થોડા કાળમાં પ્રાપ્ત કરનાર, (૨) અલ્પ પ્રયત્ન (સુખપૂર્વક)થી જ્ઞાન પ્રાપ્તિને લાયક થનાર, (૩) સમયને વેડફ્યા વગર જલદીથી કાર્ય કરનાર, (૪) જ્ઞાનના પારગામી થનાર, (૫) જીવનમાં અશુભ યોગથી કરેલા અભ્યાસને શુભ યોગમાં પરિવર્તન કરનાર જીવને જ લબ્ધલક્ષ્ય ગુણ પ્રાપ્ત થવાની આશા રાખવી.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજા જ્ઞાનસાર અષ્ટકના પૂર્ણતા અષ્ટકમાં આ વાતને ચંદ્રની卐 સાથે અને કૃપણની સાથે સરખાવતા જણાવે છે કે, શુકલ પક્ષનો ચંદ્ર ૧ થી ૧૫ સુધીમાં કાળક્રમે પૂર્ણતાને પામે છે. પણ તરત જ કૃષ્ણ પક્ષના કારણે ક્ષીણ થતો જાય છે. તેજ રીતે કૃપણ માનસ પણ કૃપણતાના દુર્ગુણના કારણે જીવનમાં ધન જરૂર મેળવે છે પણ ભોગવી ન શકે. સંપૂર્ણ સુખ પામી ન શકે. ધનાદિની કાળક્રમે ઉપેક્ષા કરનાર જ પૂર્ણ સુખનો અધિકારી બની શકે છે એમ સમજવું.

લક્ષ્ય એ જીવનનું કપરું ચઢાણ છે. એકથી ૧૦૦ પગથિયા ચઢનારો જો ધ્યાન રાખે તો નિશ્ચિત પોતાના ધ્યેયને પહોંચી વળે પણ શ્રીપાળને મારવા માટે દુર્ભાવનાથી પ્રયત્ન કરનાર ધવલ શેઠ સાતમા માળે પહોંચે તે પહેલાં હર્ષના અતિરેકથી પગથિયું ચૂકે છે ને પોતાની જ કટારીથી પોતે મરણને શરણ થાય છે. જ્યારે એજ ધવલશેઠે સ્વાર્થી મિત્રોની ખુશામતીઓની સલાહથી શ્રીપાળને ધક્કો મારી સમુદ્રમાં પાડે છે

---

● "જક્ખાય જક્ખાદિન્ના ભૂઆ તહ ચેવ ભૂવદીન્નાય, સેના વેણા રેણા ભયણીઓ સ્થુલિભદ્દસ્સ."

卐 અપૂર્ણઃ પૂર્ણ તામેતિ.....

પણ પુણ્યના ઉદયે મગરમચ્છની પીઠ ઉપર પડી, બેસી સામાકિનારે નિર્વિઘ્ને પહોંચી જાય છે. ધ્યેય ખોટું તો આપત્તી ઘણી અને ધ્યેય સાચું તો સફળતા ઘણી.

'વિદ્યા કાળે ન પચ્યતે' વિદ્યા દીર્ઘ સમયે પચે છે. સફળતા આપે છે. નિષ્કલંક પાર ઉતારે છે. તેથી જ લક્ષ્ય નજીક આવતા ઉતાવળા ન થવું, ધીર ગંભીર બનવું. લબ્ધલક્ષ્યના સ્થાને પહોંચવા ઘણી ધીરજ રાખો. ચડ-ઉતાર નિરખવા પડશે. ધીરજના ફળ મીઠાની જેમ આશાના તોરણો બાંધવા પડશે. કર્મ વર્ગણાને છૂટા પાડતાં કર્મ બંધાઈ ન જાય તેની ચિંતા કરવી પડશે. ચૌદમા ગુણસ્થાનકનો કાળ (સમય) અઈઉઋૢ જેટલો અલ્પ હોય પણ તેમાં સફળ થવું અઘરું છે.

ક્રિયામાં અભિરુચિ ને ઉપયોગ રાખનાર એક મુનિ જયણાપૂર્વક ઉપાશ્રયમાં કાજો કાઢી પરઠવ્યા બાદ કાઉસ્સગ્ગ દ્વારા પાપની આલોચના* કરતા હતા. આ ક્રિયા કરતાં કરતાં તેઓને ભાવની વિશુદ્ધિના પરિણામે અવધિજ્ઞાન તો થયું પણ તે જ્ઞાનના સહારે સૌધર્મેન્દ્ર મોહવશ થઈ રીસાયેલા ઈન્દ્રાણીના પગ દબાવી મનાવતાં હતા. તે જોઈ હસવું આવ્યું અને આ હાસ્ય (મોહનીય)ના કારણે પ્રાપ્ત થયેલું અવધિજ્ઞાન પણ ચાલી ગયું. આનું જ નામ લબ્ધલક્ષ સુધી પહોંચે તે પૂર્વે જ કર્મના કારણે અટકી જવું પડે. માટે જ ગુણના સ્વામી થનારને ઘણી જ સાવધાની રાખવી પડે અને તો જ ક્રિયામાં પ્રવિણ થઈ આત્મશુદ્ધિ કરી શકે છે.

પ્રશ્ન સહેજે થઈ જાય કે, ગુણસ્થાનકે ચઢેલા આત્માનું પતન કેમ થાય ? જવાબ પણ એટલો જ સહેલો છે કે, જે સાવધાનપણે પ્રવૃત્તિ કરતો ન હોય, પ્રમાદનું સેવન કરતો હોય, મનને પટાવી શકતો ન હોય તેની નજીવા કારણે પડતી થાય જ. વ્યવહારમાં જો હૃદય મોટું થતું હોય તો જીવને ઘબરામણ થાય. મૃત્યુ નજીક દેખાય જ્યારે આધ્યાત્મિક ક્ષેત્રે આથી ઉલટું છે. હૃદય વિશાળ-મોટું થાય તો એ આત્મા સંસાર સમુદ્રને સહેલાઈથી તરી જાય. મનની અંદર જ યોગ્ય-અયોગ્યની અને મારા-પારકાની વિચારણા થાય છે. જે દિવસે શાશ્વતા આત્માને સ્વ-પરની વ્યાખ્યા બરાબર સમજાઈ જાય ત્યારે એના જીવનમાંથી વધુ ચર્ચાસ્પદ પ્રશ્નો કે વાદવિવાદ કરવાની ટેવ વિદાય લે છે.

રસોડામાં તૈયાર થઈ રહેલા 'વડા'એ આંખોમાં આંસુ લાવી તેની પોતાની રામકહાણી ભોજનના બીજા પદાર્થોને સંભળાવતાં કહ્યું, તમે મારા વખાણ ભલે કરો પણ આટલા સ્ટેજ સુધી પહોંચવા મને કેટલા કષ્ટો-દુઃખો વેઠવા પડ્યા તે જાણો તો ખબર પડે કે મોટા કમે થવાય.

સર્વપ્રથમ હું પુલિંગ (મગ) હતો. પછી બે પત્થરની વચ્ચે પીસાઈ સ્ત્રીલીંગી (મગની દાળ) થયો. કલાકો સુધી પાણીમાં સ્નાન કર્યા બાદ મારું અસ્તિત્વ પત્થરની

---

★ વક્કલચિરિ મુનિને પાત્રાની પડિલેહણા કરતાં અને ઢંઢણ અણગારને મોદક પરઠવતાં કેવળજ્ઞાન થયું.

પાટ અને લંબગોળ પત્થરના સહારે સદંતર ભૂંસી નાખ્યું. ખાવાના રસિયા બહેનોએ મારું નાની નાની લાહુલીનું રૂપ આપ્યું. બસ, હવે હું મુક્ત બન્યો એમ તમને લાગશે. પણ ના, એ નાની નાની લાહુલીને બહેનોએ ગરમા ગરમ તેલમાં તળી મારા કાચા દ્રવ્યરૂપ અણુ અણુને પાકા બનાવી ઝારાથી તેલમાંથી બહાર કાઢી થાળીમાં પછાડી દીધો. હજી અગ્નિ પરીક્ષા બાકી હતી એટલે મને પાછો પાણીમાં ઝબોળી દીધો.

રે રે વિધાતા ! તેં આ શું કર્યું ? હવે તો મને મુક્ત કર ! એવો પુકાર કરું ત્યાં વળી બે હાથની વચ્ચે મને દબાવી મારામાં રહેલું પાણી નિચોવી વળી ગરમ કરેલા દહીંમાં પધરાવી દીધો. જ્યારે હું ડિસમાં ખાવા માટે પીરસાયો-ગોઠવાયો ત્યારે મારા ઉપર બાકી હતું તો મારા નવા શરીર ઉપર મીઠું, મરચું, ચટણી વિગેરે નાખીને મનુષ્યની જીભડીને પ્રસન્ન કરી. તેઓએ મને ખાવાનું શરૂ કર્યું.

આ કથા વડાએ એટલા માટે ગાઈ કે, હે જીવ ! જો તારે લબ્ધલક્ષ્ય થવું હોય તો એક ક્ષણ મેં મારા જીવનનું અસ્તિત્વ બીજાના ક્ષણિક સુખ માટે ખોઈ નાખ્યું તેમ તું પણ તારા જીવનની સફળતા માટે તારામાં રહેલી ઉણપોને, ખામીઓને, ક્ષતિઓને તારાથી મુક્ત કર. આ જીવન બહુમૂલ્યવાન છે. તેની એક એક ક્ષણ કિંમતી છે. જે દિવસે ક્ષતિઓ તારાથી દૂર થશે તે દિવસથી તારા જીવનમાં પાપ શબ્દ ભૂંસાઈ જશે.

પાપ પ્રગતિરોધક છે. પાપ સંસારવર્ધક છે. પાપ દુઃખદાયક છે. એની શક્તિ પહોંચ તો તે સંસારીને ૩૩ કોડાકોડી સાગરોપમ સુધી નરકની વેદના અપાવવા સમર્થ છે. તારે ભોગવવી છે ? જોઈએ છે ? જો ન જોઈતી હોય તો સમજી જા. તારી સમજમાં જ બધું સમાયેલું—છૂપાયેલું છે. તારું શાશ્વતું અજરામર સ્વરૂપ આ એકવીસ ગુણ દ્વારા પ્રાપ્ત કર. ધર્મપ્રાસાદના મહેલમાં સમજી વિચારી પ્રવેશ કર. ત્યાં જીવનમાં જે દુર્ગુણો છે તેનો ત્યાગ કર તો જ તારી ઈચ્છા પૂર્ણ થશે. તો જ સ્વ-આત્માને સ્વના શાશ્વતા ધામમાં પહોંચાડી શકીશ. એ સ્થળે સત્વરે પહોંચી જા એજ મંગળકારી—કલ્યાણકારી ભાવના...

卐

# ઉપસંહાર...

**શ્લોક :**

**એ એ ઈગવીસગુણા સુયાણુસારેણ કિંચિ વક્ખાયા ।**
**અરિહંતિ ધમ્મરયણં ઘેત્તુ એએહિ સંપન્ના ॥૨૯॥**
**પાયદ્ધગુણ વિહિણા એએસિં મજ્ઝિમા વરા નેયા ।**
**એત્તો પરેણ હીણા દરિદ્દપાયા મુણેયવ્વા ॥૩૦॥**
**ધમ્મરયણત્થિણા તો પઢમં એમજ્જયમિ જઈયવ્વં ।**
**જં સુદ્ધભુમિગાએ રેહઈ ચિત્તં પવિત્તંપિ ॥૩૧॥**

**ભાવાર્થ :**

**શ્રુત(જ્ઞાન)ના અનુસારે આ રીતે ક્રમશઃ એકવીસ ગુણોને કાંઈક અલ્પ બુદ્ધિએ કહ્યાં-બતાડ્યાં છે. તેનું મુખ્ય કારણ એજ કે, આ ગુણોથી જે જીવ યુક્ત હોય તે જ (સંપૂર્ણ રીતે) ધર્મરત્નને જીવનમાં ગ્રહણ કરવા યોગ્ય છે. (૨૯)**

**આ ગુણોમાંથી જે જીવો ૨૫% ગુણોથી જો રહિત હોય તો તે મધ્યમ કક્ષાના અધિકારી જાણવા. ૫૦% ગુણોથી જો રહિત હોય તો તે જીવ જઘન્ય સમજવો અને અડધાથી પણ (અધિક) ઓછા ગુણવાન ભારેકર્મી દરિદ્રની શ્રેણિનો જાણવો. (૩૦)**

**આ કારણે જે ધર્મરૂપી રત્નનો અર્થી હોય તેવા ભવિજીવે સર્વપ્રથમ આ (સ્વ-પર ઉપકાર) ૨૧ ગુણોને ઉપાર્જન (મેળવવા માટે) કરવા યત્ન કરવો જોઈએ. કહ્યું પણ છે કે, આકર્ષક, પ્રેરણાત્મક ચિત્રનું આલેખન શુદ્ધ પાત્ર (ભૂમિ) ઉપર જ શોભા આપે છે. (૩૧)**

**વિવેચન :**

દીવો સ્વ–પર ઉપકારી છે.

શૂન્ય–સ્વને નુકસાનકારી પરને લાભ/નુકસાનકારી છે.

જગતમાં જેટલા દ્રવ્યો છે એ બધા અનેકાંતવાદની દ્રષ્ટિએ લાભદાઈ પણ છે ને નુકસાનકારક પણ છે. પ્રારંભ અને અંત (ક્ષય) તેમાં છૂપાયા છે.

'જે પોતાને જાણે છે તે બધાને સારી રીતે જાણે છે.' આ આગમસૂત્ર પણ કાંઈક સ્વ પરના ભેદ માટે ચિંતનની પગદંડીએ જવા કહે છે.

ગમે તે હોય આ એકવીસ ગુણો જીવનના પ્રથમ પગથિયારૂપ બિંદુસમાન છે. ત્યાર પછી જ માર્ગાનુસારી, સમકિતધારી, દેશવિરતિધર, સર્વવિરતિધર જેવા પગથિયે જીવને એક યા અનેક ભવોમાં ચઢવાનું છે. તો જ એ શૂન્યમાંથી સર્જનરૂપ

દ્રવ્ય શ્રાવકમાંથી ભાવ શ્રાવક અને ભાવ શ્રાવકમાંથી ભાવ સાધુની (શ્રેણિ) કક્ષાએ પહોંચશે.

'શ્રાવક' શબ્દનો પરિચય ચાર વિભાગો દ્વારા પણ અનેક ગ્રંથોમાં અપાયો છે. જેવો કે –

| | | |
|---|---|---|
| ૧. | નામ શ્રાવક | = સચેતન–અચેતન પદાર્થનું માત્ર નામ. |
| ૨. | સ્થાપના શ્રાવક | = રેખા, ચિત્ર, ફોટારૂપે, નામી-અનામી શ્રાવક કહેવાય તે. |
| ૩. | દ્રવ્ય શ્રાવક | = શ્રદ્ધારહિત યા શ્રદ્ધાસહિત હોય અથવા શ્રાવક થયો ન હોય અને હવે પછી થવાનો હોય તે. |
| ૪. | ભાવ શ્રાવક | = શ્રા–શ્રદ્ધાવાન હોય, શાસ્ત્રનું વચન શ્રવણ કર્યું હોય તે. વ–સમકિત પ્રાપ્ત કર્યું હોય, સાત ક્ષેત્રમાં ધન વાપર્યું હોય તે, ક–સંયમને પાળનાર, પાપકર્મને ખપાવનાર હોય તે. |

જૈન દર્શનમાં ૬ થી ૧૪માં ગુણસ્થાનક સુધી બિરાજમાન જીવને ભાવ સાધુની કક્ષાએ મૂક્યો છે. સામાન્ય રીતે એ જીવ (૧) પ્રાણાતિપાત (હિંસા ન કરવી), (૨) મૃષાવાદ (ખોટું ન બોલવું), (૩) અદત્તાદાન (બીજાએ જેની અનુમતિ પણ આપી ન હોય તે લેવું નહીં એટલે ચોરી ન કરવી), (૪) મૈથુન (બ્રહ્મચર્યનું પાલન કરવું) અને (૫) પરિગ્રહ (જરૂર કરતાં વધુ કોઈ પણ વસ્તુ ભેગી ન કરવી, ન રાખવી, ન લેવી). આમ પાંચ મહાવ્રતોને ભાવથી પાળે. તેજ રીતે શ્રાવકો માટે આજ પાંચ મહાવ્રતોને થોડી છૂટછાટવાળા પાંચ અનુવ્રતના નામે કહ્યા છે. ઉપરાંત ૩–ગુણવ્રત, ૪–શિક્ષાવ્રત તેમાં મેળવી શ્રાવક ૧૨ વ્રતધારી કહેવાય છે.

ચૌદ ગુણસ્થાનકમાં ચોથા-પાંચમા પગથિયે (ગુણસ્થાનકે) ત્યારે ચઢી શકાય જ્યારે જીવનમાં ત્રીજા પગથિયાના વિચાર પરીપક્વ થયા હોય. ત્રીજું પગથિયું એટલે બીજું કાંઈ નહિં માત્ર સમકિત. આ સમકિતની ઘણી કિંમત ચૂકવવી પડે છે. ત્રીજા પગથિયે તમે પહોંચ્યા એટલે જ્ઞાનીઓ કહે છે કે, અર્ધ પુદ્ગલ પરાવર્તનનો જન્મ-મરણના કાળ તમારો ઘટી ગયો જોઈ આ મૂલ્યવાન પગથિયાની શક્તિ ચિંતામણિ રત્ન કે કલ્પવૃક્ષથી પણ વધુ મૂલ્યવાન રત્ન તમારા હાથમાં આવી ગયું એટલે ઘણું બધું તમને મળી ગયું. મોક્ષ પ્રાપ્તિ માટે સંયમ ને સમકિત અત્યંત આવશ્યક છે.

હવે રહી પહેલા-બીજા પગથિયાની વાત. આ બન્ને પગથિયે ચઢવાની જીવે સર્વપ્રથમ તૈયારી કરવી પડે. સાથોસાથ જીવનમાં અનંતકાળથી જે કુટેવો ઘર કરી બેઠી છે તે કાઢી નાખવી પડે. એના વિના પોતાનું ધારેલું કાર્ય સિદ્ધ નહિં થાય. એટલા માટે જ ધર્મરત્નને અપાવનારા જીવનને સંસ્કારથી પુષ્ટ કરનારા ૨૧ ગુણોને સ્વ-પર ઉપકારી સમજી સ્વીકારવા પડશે.

આવા ઉત્તમ ગુણરૂપી અલંકારોથી જીવન જલદી સુશોભિત થાય એજ મંગળ કામના...

**સુવાક્યો :**

★ સૂર્યવિકાસી કમળ માટે સૂર્ય તેમ ધર્મરત્નની પ્રાપ્તિ માટે ૨૧ ગુણ.

★ શરીરમાં હાડકા, માંસ વિ. હોય તેમ ધર્મરત્નમાં ગુણ છે.

★ રત્ન સ્વયં પ્રકાશી છે, જ્યારે મનુષ્ય ગુણથી વિકાસ કરે.

**પદ :**

★ "ત્રણ રતન મુજ આપો તાતજી, જેમ નાવે રે સંતાપ."

**ચિંતન :**

## પતંગ અને દોરો...

મકર સંક્રાંતિનો દિવસ એટલે પતંગનો દિવસ.

પતંગ આકાશમાં ઉડે પણ દોર તમારા હાથમાં હોય છે. તેથી પતંગ અને દોર બન્ને પાછા તમને મળી જશે.

ગુણ—ગુણવાન, બુદ્ધિવાન, ધનવાન, ભાગ્યવાન બનાવે. આખા વિશ્વમાં ફરો પણ જીવને પાછા સંસ્કારના ઘરે આવવું પડશે. નિર્ગુણી-દુર્ગુણીનું ક્યાંક સ્વાગત ન થાય. આખા વિશ્વમાં—નગરમાં કે ગામડામાં ફરો મને, કમને ઘરે જ તમારું સ્વાગત થશે. માટે જ ગુણવાનના ગીત ગવાય છે. ગાવા જોઈએ.★

પતંગ આકાશમાં કેમ ઉડે છે ? હવા અને એની રચનાના કારણે પતંગ ગગન વિહારી હોય છે. પતંગ-દોરાના દોરી સંચારથી જમણે-ડાબે અથવા નીચે-ઉપર, લાંબે-ટૂંકે પોતાનો પ્રવાસ ચાલુ રાખે છે. દોરાનો સાથ ગયો કે તરત નિરાધાર બની પતંગ જમીન ઉપર આવી પડે છે. પતંગ કાપવાની જે કરામત છે તેમાં પણ મુખ્યત્વે દોરાની શક્તિ જ કામ કરે છે.

તે જ રીતે ભાદરવા સુદ-૪નો દિવસ એટલે ક્ષમાની આપ-લેનો દિવસ.

મન, વચન અને કાયા દ્વારા જીવનનો હિસાબ પૂર્ણ કરવાનો દિવસ.

સ્વપ્ન સૃષ્ટિમાં વિચરી રહેલા-કરાવેલા-અનુમોદેલા કષાયોને ક્ષમાના રંગથી રંગવાનો ભૂસી નાખવાનું મહાન પર્વ પર્યુષણા છે.

આવા સર્વોત્તમ દિવસે ક્યો આત્મા હિસાબ પતાવે ? ક્યો આત્મા પોતાનું નામ નાદારીમાં દેવાળીયા તરીકે નોંધાવે ? એ શોધવા પહેલા ધર્મરત્ન પ્રકરણના અંતર્ગત જે ૨૧ ગુણોના વિચારોનું મંથન કર્યું છે. તે કેટલું અસરકારક થયું ? એ જાણી સમજી લેવું જરૂરી છે. આ ગુણોને અલ્પ બુદ્ધિથી ત્રણ વિભાગમાં વહેંચી લઈએ.

---

★ સ્વદેશે પૂજ્યતે રાજા, વિદ્વાન સર્વત્ર પૂજ્યતે.

૧. સ્વ ઉપકારક ગુણો–૫

(૨) રૂપવાન, (૬) ભીરૂ (૯) લજ્જાળુ (૧૫) દીર્ઘદ્રષ્ટિ (૧૭) વૃદ્ધાનુજ.

મુખ્યત્વે ઉપર જણાવેલા પાંચ ગુણો પોતાના અંગત જીવનમાં ઉતારીશું તો તેનો ફાયદો પણ પોતાને જ મેળવવાનો છે.

૨. પર ઉપકારી ગુણો–૪

(૧૧) માધ્યસ્થ ભાવ (૧૩) સત્કથી (૧૯) કૃતજ્ઞ (૨૦) પરહિતાર્થકારી.

બીજાની ઉપર ખાસ ઉપકાર કરવાની બુદ્ધિને જ્યાં વેગ મળે છે. તેવા આ સ્વતંત્ર ચાર ગુણ છે. હકીકતમાં આ ગુણો પણ અવાંતર રીતે જીવનમાં સ્થિરતાની વૃદ્ધિ જ કરે. બીજાને ધર્માનુંરાગી બનાવવા કામ આવે છે.

૩. સ્વ–પર (બન્ને પક્ષે) ઉપકારી–૧૨

(૧) અક્ષુદ્ર (૩) પ્રકૃતિસૌમ્ય (૪) લોકપ્રિય (૫) અક્રુર (૭) અશઠ
(૮) સુદાક્ષિણ્ય (૧૦) દયાળુ (૧૨) ગુણાનુરાગી (૧૪) સત્પક્ષપાતી
(૧૬) વિશેષજ્ઞ (૧૮) વિનય (૨૧) લબ્ધલક્ષ્ય

સ્વ–પર ઉપકારી ૧૨ ગુણો પ્રાથમિક અવસ્થામાં જીવ પોતાનામાં ઉતારે ને પછી તેનો જાતિ અનુભવ કરી બીજાને તેવા ગુણવાન બનવા પ્રયત્ન કરે. આગ્રહ કરી પ્રેરણા આપી ગુણની અને ગુણીજનની વૃદ્ધિ કરે.

ગુણએ ગુલાબના ફૂલ જેવું સુંદર સ્વરૂપવાન, સુગંધીમય અને સુકોમળ છે. દા.ત. વિનયગુણનો ઉપાસક પોતે સંસ્કારી બને અને એ સંસ્કારની વેલ બીજાને સુગંધ આપે. નિર્મળ ભાવે જાણ્યા કે અજાણ્યા વ્યક્તિનો વિનય કરવા જીવ તૈયાર થઈ જાય. તેથી સૌ વિનયવાન પ્રત્યે સદ્‌ભાવ વ્યક્ત કરે.

વિનય ઝઘડાને શાંત કરે, કૃપાને પાત્ર બનાવે. ધારેલું કામ સિદ્ધ કરી આપે તેથી જ કહ્યું છે, 'નમે તે સૌને ગમે.'

પતંગ એ ગુણ સમજીશું તો દોરાને જીવ કહેવા પડશે. ગુણ દશે દિશામાં સુગંધ ફેલાવે છે. જોનારને આનંદ આપે છે. માત્ર જેમ પતંગનું પતન દોરાનો સંબંધ તૂટવાથી થાય તેમ ગુણ–ગુણીથી જો છૂટા થાય તો ગુણ અમૂલ્યના બદલે નિર્મૂલ્ય બની જાય છે. તેથી આ ગુણો સાથે જીવે નજીકનો સંબંધ જાળવવો જોઈએ. જીવનમાં તેનો સ્વીકાર કર્યા પછી ક્રમશઃ વધારો જ કરવો જોઈએ.

જીવ ગુણના કારણે ગુણિયલ થાય છે. એમાં પણ જો ઉંડાણથી વિચારીશું તો સત્કર્મ એટલે પુણ્યની તેમાં કરામત દેખાશે. ભારેકર્મી આત્માને ગુણનો સહવાસ ગમે જ નહિં. ગુલાબના છોડમાં જેમ કાંટા હોય તેમ એ કાંટાળો માર્ગ સમજે. પરંતુ વિવેકપૂર્વક કાળજીથી જે ગુલાબને પ્રાપ્ત કરવા પુરુષાર્થ કરે છે તેને કાંટા વાગવાના

જ નથી. તેમ પુણ્યવાન આત્મા ગુણની શોધ કર્યા જ કરે. ગુણની વૃદ્ધિમાં અશાંતિ–અસ્થિરતા મન કે ચિંતાતુર જીવન તેને સ્પર્શ કરતું નથી.

શાસ્ત્રમાં ચિંતામણિ રત્નને કાગડાને ઉડાડવા માટે વાપર્યુ તેવા અર્થગંભીર વિચાર આવે છે. ચિંતામણિ રત્ન મહામુશ્કેલીએ પુણ્યવાન જીવને જ પ્રાપ્ત થાય છે. ચિંતામણિ રત્ન એટલે મનની કોઈ પણ ઈચ્છા-ભાવના પૂર્ણ કરનારું રત્ન. ઈચ્છા માત્રથી એ દુઃખી હોય તો સુખી થાય. પ્રજ્ઞચક્ષુ હોય તો દેખતો થાય. અપુત્રીઓ કે વૃદ્ધ હોય તો પુત્ર પરિવારવાળો યુવાન થાય. ટૂંકમાં ચિંતામણિ રત્નમાં આટલી શક્તિ હોય તે વાત જે જાણતો નથી એ અજ્ઞાની જીવ બાળચેષ્ટા કરી કાગડાને ઉડાડવા ફેંકી દે તેમાં નવાઈ નથી.

એજ રીતે જે અજ્ઞાની મિથ્યાત્વી, સંસારના રસિયા જીવ પુણ્યના યોગે જો ક્રમશઃ સ્વ–પરના કલ્યાણ માટે ધર્મરત્નને કે ૨૧ ગુણોને પ્રાપ્ત કરે તો તે દુર્લભ મનુષ્ય ભવને સફળ કરે. તે માટે સમકિત–બોધીબીજ દ્રવ્ય શ્રાવકપણું અને ભાવ શ્રાવકપણું આ ગુણ ફળ સ્વરૂપ પ્રાપ્ત કરી ધન્ય બને છે. ટૂંકમાં જીવન સુધરે તો બધું સુધરે.

આ ગુણના આધારે ધર્મારાધના કરનારા આરાધકે ધર્મપ્રાસાદના દરેક પગથિયે ઉંડો વિચાર કરવો પડશે. આ ગુણ તેની દરેક ક્રિયામાં સોનામાં સુગંધરૂપ છે. જે દિવસે આત્મા આ ગુણનિધિથી ધનવાન થશે તે દિવસ તેના માટે ધન્ય હશે. ઈચ્છિત ફળ પ્રાપ્તિનો એ અધિકારી થઈ જશે.

૨૧ ગુણોની ઉપર ઉડતી નજરે જો વિચારણા કરીશું તો સમજાશે કે –

મુખ્યત્વે આ ૨૧ ગુણો અનંતકાળથી સંસાર અટવીમાં ભટકતા જીવને સર્વપ્રથમ પોતાના સ્વભાવને, માન્યતાને, અજ્ઞાનતાને દૂર કરવા પ્રેરે છે. જે ક્ષણે એ જીવ થોડા ઘણાં અંશે ગુણનો રાગી થાય છે ત્યારે આચાર, વિચાર, વર્તનને દ્રઢતાથી મન, વચન, કાયાથી શુદ્ધ કરવા માટે એ પ્રયત્ન કરે છે. ગુણની જીવનમાં જેમ જેમ વૃદ્ધિ થાય તેમ તેમ આ ગુણનો બીજાના ભલા માટે, ઉપકાર માટે પ્રયત્ન કરવા ભાવિત થાય અને છેલ્લે આ ગુણોના કારણે ધર્મરત્નની પ્રાપ્તિ તત્સ્વરૂપે એ હળુકર્મી થયેલા જીવને થાય. અંતે – આ ગુણો જ એ આત્માને પરમપદ–મોક્ષનો અધિકારી બનાવશે એ નિશ્ચિત છે.

જીવનમાં મુખ્ય પાયા સ્વરૂપ આ ગુણો જીવ માત્રને ઈચ્છીત ફળ આપવા સમર્થ બને એજ અભ્યર્થના...

# પરિશિષ્ટ – પ્રશ્નોત્તરી

★ **પાણી પહેલાં પાળ બાંધીએ...**

૧. સાધકે મુખ્ય ચાર વાત કઈ બતાડી ?
૨. સાધનામાં ઉપયોગી મુદ્દાઓ બતાડો.
૩. સાધના ક્યા સંજોગોમાં ન કરવી ?
૪. ચાર દુર્લભ વસ્તુ કઈ ?
૫. અઢી અક્ષરનો મંત્ર ક્યો ? ધર્મ

**૧. અખુદો** (ભાવિ ત્રણ વિદ્યાર્થીઓનું)

૧. ધર્મ ક્યાં હોય ? ક્યાં ન હોય ?
૨. ધર્મની પ્રારંભથી ફળ સુધીની પદ્ધતિ બતાડો.
૩. બે મુનિ કેવા હતા ? તેઓએ શું કહ્યું ?
૪. ક્ષીરકદંબક પંડિતે નરકગામી વિદ્યાર્થીને કેવી રીતે શોધ્યા ?
૫. ખોટા અર્થને સાચો કહેવાથી નુકસાન શું થયું ?

**૨. પ્રશસ્ત રૂપ** (સ્વરૂપ કે સ્વ-રૂપ ?)

૧. રૂપ – રૂપવાનના ભેદને બરાબર સમજાવો.
૨. શીલ, તપ અને ભાવનો સદુપયોગ પ્રશસ્ત રૂપ આપે.
૩. મુનિ કેવી ગોચરીની ગવેષણા કરે ? ધનગિરિને કેવી ગોચરી મળી ?
૪. રૂક્ષ્મણી, રોહિણી, સગરચક્રિ માટે તમે શું જાણો છો ?
૫. વર્તમાનમાં રૂપ પાછળ કરેલા પ્રયત્ન સફળ કેમ થતા નથી ?

**૩. સૌમ્ય-શાંત પ્રકૃતિ** (આજ્ઞાપાલક શિષ્ય)

૧. શાંત પ્રકૃતિવાળો આનંદ ક્યાં ન પામે ?
૨. અંગર્ષિનો સ્વભાવ કેવો હતો ?
૩. પ્રમાદી જીવો કેવી પ્રવૃત્તિ કરે ?
૪. અંગર્ષિએ પ્રતિક્રમણ દ્વારા શું મેળવ્યું ?
૫. ક્ષેત્રદેવતાએ કઈ ઉદ્‌ઘોષણા કરી ?

**૪. લોકપ્રિય** (લોકપ્રિયતા અત્તરની)

૧. લોકપ્રિય કોને કહેવાય ?
૨. સંસારી આત્મા કઈ પ્રવૃત્તિ કરે ?
૩. અત્તરને અત્તર થવું કેમ ન ગમ્યું ?
૪. સુજાત માટે તમે શું જાણો છો ?
૫. ચંદ્રધ્વજ સામંતે રાજાજ્ઞા કેમ ન માની ?

**૫. અક્રુર** (મન.... નિર્મળ-મલિન)

૧. અક્રુર અને ક્રુરમાં ફરક શો ?
૨. ધર્મ પાળનારા ક્યો ધર્મ પાળે ?
૩. દયાળુ અને ક્રુરનો ઉછેર કેવો હોય ?
૪. નોકરી, ચાકરી અને સેવામાં શો ફરક ?
૫. ભ. મહાવીરના વચનોએ શું અસર કરી ?

**૬. પાપભીરુ** (પાપના ભાગીદાર)

૧. પાપમય પ્રવૃત્તિ કોણ ન કરે ? શા માટે ?
૨. ધર્મી-અધર્મીમાં ફરક શું ?
૩. પાંચ આચાર માટે શું જાણો છો ?
૪. જિજ્ઞાસુ શિષ્યના પ્રશ્નનો જવાબ પ્રભુએ શું આપ્યો ?
૫. ધર્મ કેવો કરવો ? શા માટે ?

**૭. અશઠ** (શઠ-અશઠ)

૧. અશઠને યશ અને શઠને અપયશ કેમ મળે ?
૨. ધર્મસ્થાનકે જવા માટે કોને યોગ્ય સમજવો ?
૩. ભાવનાનું જીવનમાં મહત્વ શું ?
૪. સિદ્ધરાજ લેવા શું આવ્યો અને શું લઈ ગયો ?
૫. શઠ અને અશઠની કામગીરી સમજાવો.

**૮. દાક્ષિણ્ય** (પરોપકારી)

૧. દાક્ષિણ્યતા જીવ ક્યા કારણે સ્વીકારે ? તમને શું આપે ?
૨. વૃક્ષનો ઉપયોગ શું ?
૩. ઉત્તમ ફળ સંબંધી ગરીબ, અમીર અને મુનિમના વિચારો બતાડો.
૪. 'પરત્થકરણં ચ' શબ્દ તમને શું કહેવા માગે છે ?
૫. વડીલોના સહવાસથી શું ફાયદા થાય ?

**૯. લજ્જાળુ** (પાપ ઘટાડો, પુણ્ય વધારો)

૧. લજ્જાળુ સમાજમાં કેવી પ્રવૃત્તિ કરે ?
૨. નિર્લજ્જમાં કેવા દુર્ગુણો હોય ?
૩. કર્મ અને પિતાજીમાં શો ફરક ?
૪. લજ્જાના કારણે જીવન સુધારનારનો પરિચય આપો.
૫. શ્રાવકે મટકામાં પાણી પાછું કેમ નાખ્યું ?

**૧૦. દયાળુ (વ્યસન-અંજન)**

૧. સાધુના–શ્રાવકના જીવનમાં દયાના દર્શન ક્યાં થાય ?
૨. વિઘ્ન કોને આવે કોને ન આવે ?
૩. વૈર લેવાની ભાવના શા માટે થાય ?
૪. દયા વધારવા જીવનમાં શું કરવું જોઈએ ?
૫. ત્રણે છોકરાઓનો સ્વભાવ કેવો ?

**૧૧. મધ્યસ્થ (વચ્ચેનો માર્ગ)**

૧. મધ્યસ્થ ભાવ એટલે શું ? 'હા' કે 'ના' ?
૨. ધર્મીએ ધર્મસ્થાનકે જતાં પહેલાં ક્યું જ્ઞાન લેવું જોઈએ ?
૩. ધર્મ ન કરીએ તો શું નુકસાન થાય ?
૪. ઝઘડો–કષાય શા માટે થાય છે ?
૫. કર્મબંધ કરાવનાર તથા કર્મબંધથી બચાવનારના નામો આપો.

**૧૨. ગુણનો રાગી (બાદબાકી)**

૧. ગુણાનુરાગીના લક્ષણ બતાડો.
૨. જીવ, ગુણાનુરાગી અને ગુણોનો દ્વેષી ક્યારે થાય ?
૩. કર્મસત્તા ગુણને અપાવે કે ઝુટવી લે ?
૪. તાપસો ક્યા કારણે મોક્ષે ગયા ?
૫. ચર્મચક્ષુ અને જ્ઞાનચક્ષુનું કાર્ય બતાડો.

**૧૩. સત્કથી (કથાકાર)**

૧. વિકથાના પ્રકાર બતાડો.
૨. ચાર અનુયોગમાંથી ક્યો અનુયોગ કઈ રીતે કામ આવે ?
૩. મજૂરે માથા ઉપરનો ભાર રથમાં કેમ ન મૂક્યો ?
૪. સાહિત્ય જગતમાં સત્કથા માટે શું લખાયું છે ?
૫. પ્રભુની વાણી કેવી હોય ?

**૧૪. સુપક્ષ (એક વાક્યતા)**

૧. 'પક્ષ'ના અર્થ આપો.
૨. પ્રભવની શક્તિ કેમ કામ ન કરી ? જંબુસ્વામી સફળ કેમ થયા ?
૩. રાગના ઘરમાં રહી રાગ વિજેતા કેવી રીતે થવાય ?
૪. સુપક્ષીના મનમાં શું વસ્યું હોય ?
૫. પુણ્ય–પાપના ઉદયવાળા કેવી રીતે જીવે ?

## ૧૫. દીર્ઘદર્શી (ચશ્મા)

૧. વૃદ્ધના પ્રકારો શા માટે પડ્યા ? કારણ સાથે નામ આપો.
૨. લાભદાઈ ક્રિયા ઉત્તમ ફળદાઈ ક્યારે થાય ?
૩. ધર્મી અને સ્વાર્થીના જીવનની વ્યાખ્યા બતાડો.
૪. દીર્ઘદર્શીનો લાભ લેનારના ઉદાહરણો આપો.
૫. ટૂંકા વિચારોથી શું નુકસાન થાય ?

## ૧૬. વિશેષજ્ઞ (જ્ઞાની)

૧. વ્યવહારીક અને ધાર્મિક વિશેષજ્ઞ વિશે બરાબર સમજાવો.
૨. જ્ઞાન ઉંડાણવાળું થાય તો વિશેષજ્ઞતા દૂર નથી.
૩. વૈદ્યની ગોળીમાં કેવી શક્તિ છે ? તે કેવી રીતે આવે ?
૪. વિરતિધર્મ અને દેશવિરતિમાં ફરક શું ? સામ્ય શું ?
૫. લેનાર, આપનાર અને દવા એ ત્રણમાંથી શક્તિ કોનામાં છે ?

## ૧૭. વૃદ્ધાનુગ (પીપળાનું પાન)

૧. વૃદ્ધાનુગના અર્થ બતાડો.
૨. સંસારનો પ્રવાસ ઘટાડવા–વધારવા શું કરશો ?
૩. વૃદ્ધ પાસે કોણ જાય ? કોણ ન જાય ?
૪. વૃદ્ધાનુગની ઓળખ કેવી રીતે થાય ?
૫. કોયલ–કાગડો, બગીચા ઉપરથી તમને શું જાણવા મળ્યું ?

## ૧૮. વિનય (જીવનવૃક્ષ)

૧. પ્રશમરતિ અને આવશ્યક નિર્યુક્તિમાં શું કહ્યું છે ?
૨. જીવન ઉજ્જડ અને નંદનવન ક્યારે થાય ?
૩. દેવ, ગુરુ અને ધર્મના વિનયથી શું મળે ?
૪. વિનયથી જીવનમાં શું મળે ?
૫. વિનયના ફળ બતાડો.

## ૧૯. કૃતજ્ઞ (પસંદગી કરો)

૧. દાન ધર્મનું જ્ઞાન યુગલિક જીવને ક્યારે થયું ? ક્યા નિમિત્તે થયું ?
૨. 'જ્ઞ' અને 'ઘ્ન' અક્ષરો વચ્ચેનો ભેદ જણાવો.
૩. આ જીવને ઉપકારક કોણ કોણ છે ?
૪. માર્ગ કેટલા છે ? ઉપયોગી માર્ગ ક્યો ?
૫. ભિખારી ક્યા કારણે રાજા થયો ?

**૨૦. પરહિતાર્થકારી (તફાવત)**

૧. હિત, સ્વહિત અને પરહિતની વ્યાખ્યા કહો.
૨. પૈસો અને પ્રેમમાં શો ફરક ?
૩. બોધન વિગેરે ચારમાંથી બેનો પરિચય આપો.
૪. વિજયકુમારને બે ગુણ શા માટે ગમ્યા ?
૫. મધ્યમ અને ઉત્તમ જીવોની ભાવના કેવી હોય ?

**૨૧. લબ્ધલક્ષ્ય (ટીપે ટીપે સરોવર ભરાય)**

૧. લબ્ધલક્ષ્ય એટલે શું ?
૨. દ્રવ્ય ક્રિયામાંથી ભાવક્રિયા તરફ આગળ કેમ વધાય ?
૩. જીવોના સ્વભાવ અંગે તમે શું જાણો છો ?
૪. લબ્ધલક્ષ્ય ગુણના અધિકારીને છેલ્લે શું મળે ?
૫. સ્થુલિભદ્રજીને સંભૂતિવિજયજીએ પાઠ આપવાનું બંધ કેમ કર્યું ?

**ઉપસંહાર : (પતંગ અને દોરો)**

૧. સ્વ–પર ગુણના નામ આપો.
૨. શ્રાવક શબ્દનો પરિચય આપો.
૩. સમકિત માટે તમે શું જાણો છો ?
૪. ચિંતામણિ રત્નનો પરિચય આપો.
૫. ૨૧ ગુણથી પરંપરાએ જીવને શું મળે ?

-: પ્રવર્તક :-

## સાહિત્યોપાસક પૂ. મુનિરાજ
## શ્રી હરીશભદ્રવિજયજી મહારાજનું
## દેવગુરૂની કૃપાથી કલમની સહાયથી
## લખાયેલું સમ્પાદિય-સંગ્રહિત સાહિત્ય



૧. વીર જાવડશા
૨. પૂર્વભારતની પંચતીર્થિ
૩. અન્વેષણ હિન્દી
૪/૭. અન્વેષણ ગુજરાતી ભાગ-૧-૨-૩-૪
૮. અવલોકન સચિત્ર
૯. સચિત્ર નવકાર ગુજરાતી
૧૦. સચિત્ર નવકાર હિન્દી
૧૧. સચિત્ર નવકાર મરાઠી
૧૨. સચિત્ર નવકાર ઈંગ્લીશ
૧૩. સચિત્ર જીવવિચાર
૧૪. સચિત્ર નવતત્ત્વ
૧૫. સચિત્ર સામાયિક ચૈત્ય ગુજરાતી
૧૬. સચિત્ર સામાયિક ચૈત્ય મરાઠી
૧૭. સચિત્ર સામાયિક ચૈત્ય ઈંગ્લીશ
૧૮. બે પ્રતિક્રમણ ઈંગ્લીશ
૧૯. આરાધનાના બે માર્ગ ગુજરાતી
૨૦. આરાધનાના બે માર્ગ હિન્દી
૨૧. કથા બે ભાઈની (ઐતિહાસિક)
૨૨. ધર્મરત્નના અજવાળા
૨૩/૨૬. પૂર્ણતા (જ્ઞાનસાર) ભાગ-૧-૨-૩-૪
૨૭/૨૮. થોર પુરૂષ ભાગ-૧-૨ (મરાઠી કથા)
૨૯. જીવનાચી જડણ ઘડણ (પ્રેરણાત્મક)
૩૦. પ્રાતઃ સ્મરણ હિન્દી
૩૧. સચિત્ર ભક્તામર
૩૨. શ્રુત સાગરના રહસ્યો ભાગ-૧ (સંગ્રહ)
૩૩. શ્રુત સાગરના રહસ્યો ભાગ-૨ (સંગ્રહ)
૩૪. સયમં ગોયમ મા પયમાએ ભાગ-૧ થી ૭
૩૫. કામ બોલે છે
૩૬. ગુરૂકૃપા સ્મૃતિ અંક
૩૭. તીર્થંકર વંદના
૩૮. સહસ્ત્રકુટ
૩૯. દવા દુઃખ નિવારણની (પરીક્ષા-૬)
૪૦. જીવનનો સાચો સાથી (પરીક્ષા-૭)
૪૧. જિજ્ઞાસા (પ્રશ્નોત્તરી)
૪૨. પત્થરને પારસ કરનારા
૪૩. સુખ - સુખ - સુખ (ચિત્રવાર્તા)
૪૪. ચાંડાલ બન્યા મહામુનિ (ચિત્રવાર્તા)
૪૫. બાર ભાવના (પરીક્ષા-૮)
૪૬. કરમ ન રાખે શરમ (પરીક્ષા-૯)
૪૭. કરોળીયાની જાળ (પરીક્ષા-૧૦)
૪૮. કાલચક્ર (સંગ્રહ)
૪૯. મારો સોહામણો ધર્મ (પરીક્ષા-૧૧)
૫૦. આદર્શ શ્રાવક જીવન (સચિત્ર)
૫૧. આદર્શ શ્રાવક જીવન (પરીક્ષા-૧૨)
૫૨. પગલે પગલે પ્રગટે જ્ઞાન (સચિત્ર)
૫૩. સૂત્રકથા (સચિત્ર)
૫૪. આથમતી સંધ્યાએ (પરીક્ષા-૧૩)
૫૫. અરિહંત વંદનાવલી (સચિત્ર)
૫૬. ઉગમતી પ્રભાતે (પરીક્ષા-૧૪)
૫૭. જીવવિચાર-નવતત્ત્વ (પરીક્ષા-૧૫)
૫૮. જીવનનું સરવૈયું (પરીક્ષા-૧૬)
૫૯. બુદ્ધિ ચતુરાઈ (ભાગ ૧ થી ૪)
૬૦. ત્રિકાળ દેવવંદન
૬૧. નવકાર સચિત્ર મહિમા
૬૨. પાંચ પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૩. સંયમીનું જીવન ચરિત્ર
૬૪. પક્ખિ પ્રતિક્રમણ
૬૫. શાશ્વતા તીર્થના પાંચ ચૈત્યવંદન
૬૬. બે પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૭. સંવત્સરી પ્રતિક્રમણ - ઈંગ્લીશ
૬૮. પ્રભુ દર્શન - ઈંગ્લીશ